# હિંદુસ્તાનનો ઇતિહાસ

## ઉત્તરાર્ધ

२५
२३१

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી · અમદાવાદ

સૌ. દીવાળીબાઈ તે સ્વ. પ્રહ્‌લાદજી સેવકરામના પત્ની
સ્મારક ગ્રંથમાળા નં. ૪

વિન્સેન્ટ સ્મિથ રચિત

# હિંદુસ્તાનનો પ્રાચીન ઈતિહાસ

## ઉત્તરાર્ધ

ભાષાન્તરકર્તા
છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી, એમ.એ.

કિંમત એક રૂપિયો

આવૃત્તિ પહેલી • પ્રત ૧૫૦૦
સંવત ૧૯૯૧ • સન ૧૯૩૫

મુદ્રક • બચુભાઇ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી ૧૪૫૪ રાયપુર અમદાવાદ.

**સૌ. દીવાળીબાઈ તે સ્વ. પ્રહ્લાદજી સેવકરામના પત્ની સ્મારક ગ્રંથમાળા ફંડનો**

# ઉપોદ્ઘાત

**સ્વ.** પ્રહ્લાદજી સેવકરામના પુત્ર ઇન્દુપ્રસાદ વતી તેમનાં બહેન કમળાલક્ષ્મીએ રૂ. ૫૦૦૦)ની રકમ સોસાઇટીને એવી શરતે સોંપી છે કે તેના વ્યાજમાંથી સ્ત્રી ઉપયોગી પુસ્તક દર વર્ષે અથવા તેથી વધતાઓછા અંતરે સોસાઇટીએ છપાવી પ્રસિદ્ધ કરવું અને તે પુસ્તકમાં "સૌ. દીવાળીબાઇ તે સ્વ. પ્રહ્લાદજી સેવકરામના પત્ની સ્મારક ગ્રંથમાળા" એ નામ લખવું. તે પ્રમાણે સદરહુ ફંડમાંથી આજદિન સુધીમાં નીચેનાં પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છેઃ

| નં. | નામ | કિંમત |
|---|---|---|
| ૧ | ગ્રીક સાહિત્યનાં કરૂણરસ પ્રધાન નાટકોની કથાઓ | ૦-૧૦-૦ |
| ૨ | જગતનો સંક્ષિપ્ત ઇતિહાસ | ૦-૧૨-૦ |
| ૩ | હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ—પૂર્વાર્ધ | ૧—૦—૦ |
| ૪ | હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ—ઉત્તરાર્ધ | ૧—૦—૦ |

# અનુક્રમણિકા


| પ્રકરણ | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૧ | ગુપ્ત સામ્રાજ્ય અને પશ્ચિમના ક્ષત્રપો; ચંદ્રગુપ્ત પહેલાથી કુમારગુપ્ત પહેલો. ઇ.સ. ૪૫૫ | ૪ |
| ૧૨ | ગુપ્ત સામ્રાજ્ય (ચાલુ); અને સફેદ હૂનો ઇ.સ. ૪૫૫ થી ઇ.સ. ૬૦૬ | ૩૧ |
| | ગુપ્તવંશની સાલવારી | ૬૪ |
| | પરિશિષ્ટ ન | ૬૭ |
| ૧૩ | હર્ષનું રાજ્ય ઇ.સ. ૬૦૬ થી ઇ.સ. ૬૪૭ | ૬૯ |
| | સાતમા સૈકાની સાલવારી | ૯૯ |
| ૧૪ | ઉત્તર હિંદનાં મધ્યયુગીન રાજ્યો ઇ.સ. ૬૪૭ થી ઇ.સ. ૧૨૦૦ | ૧૦૧ |
| | પરિશિષ્ટ—સેનવંશની ઉત્પત્તિ અને સાલવારી | ૧૭૩ |
| ૧૫ | દક્ષિણનાં રાજ્ય | ૧૮૫ |
| | પરિશિષ્ટ | ૨૦૨ |
| ૧૬ | દક્ષિણનાં રાજ્ય વિભાગ ૧ | ૨૦૬ |
| | દક્ષિણનાં રાજ્ય વિભાગ ૨ | ૨૨૦ |
| | દક્ષિણનાં રાજ્ય વિભાગ ૩ | ૨૩૪ |
| | દક્ષિણનાં રાજ્ય વિભાગ ૪ | ૨૪૫ |
| | ઉપસંહાર | ૨૫૬ |

# પ્રસ્તાવના

લગભગ પા સદીની અવિશ્રાંત મહેનતના પરિણામ રૂપ 'અર્લી હિસ્ટરી ઑફ ઇંડિયા' એ નામનું હિંદના પ્રાચીન ઇતિહાસનું પુસ્તક ડૉ. વિન્સેંટ સ્મિથે રચી પ્રસિદ્ધ કર્યું છે. એના મરણ બાદ થએલી તે પુસ્તકની ચોથી આવૃત્તિનો આ અનુવાદ છે.

ડૉ. વિન્સેંટ સ્મિથ બહુ ખંતીલો, કાળજીવાળો તથા તલસ્પર્શી અભ્યાસી હતો. ઐતિહાસિક શોધખોળની વૈજ્ઞાનિક પદ્ધતિનો તે સિદ્ધહસ્ત જાણકાર હતો. હજારો મણ ધૂળ કચરામાં દટાઇ ગએલાં, તથા અભ્યાસીને અભાવે પટારામાં પડી રહેલાં અથવા તો બાંધી મૂકેલાં અને ઉધાઇના વિનાશકારક ઉદ્યોગથી બચવા પામેલાં પોથીઓનાં પાનીઆમાં સચવાઇ રહેલા પ્રાચીન હિંદનાં ઇતિહાસનાં સાધનો એકઠાં કરી તેનો મેળ બેસાડી, એ બધી આછી અને વીખરાઈ ગએલી સામગ્રીમાંથી પ્રાચીન હિંદનો ઇતિહાસ ઉપજાવી કાઢવો એ કાંઈ જેવી તેવી મહેનતનું કામ ન ગણાય. એ કઠણ છતાં ઉપયોગી કાર્ય ડૉ. વિન્સેંટ સ્મિથે બહુ સફળતાથી પાર પાડ્યું છે. હિંદના ઇતિહાસના સંશોધનના એ પરિશ્રમભર્યા કાર્ય માટે સૌ હિંદીઓ તેના ઋણી છે.

હિંદનો ઇતિહાસ તૈયાર કરવાનું કાર્ય હિંદીઓને હાથે થાય એ જ ઇષ્ટ છે. આપણાં પ્રાચીન ઇતિહાસનાં સાધનરૂપ લેખો સંસ્કૃત કે પાલી ભાષામાં તથા અહીંની પ્રચલિત લિપિમાં લખેલાં હોય છે એટલે તરજુમા દ્વારા કે શાસ્ત્રીઓની મદદથી તેનો અભ્યાસ કરનાર કરતાં એ લેખોનો સીધો અને સ્વતંત્ર અભ્યાસ કરનાર એનો વધારે યોગ્ય ઉપયોગ કરી શકે એમ છે. આપણા દેશની પ્રણાલી નહિ સમજનાર, તથા આપણી ભૂમિની આબોહવામાં તરબોળ નહિ થએલો પરદેશી ગમે તેવો સજ્જન હોય તો પણ તેના દેશની સંસ્કૃતિનાં ચશ્માંએ આપણી સંસ્કૃતિ ઉકેલે એટલે તેમાં જાણેઅજાણ્યે આપણને અન્યાય

થાય જ. તેમાં પણ તે પરદેશી અંગ્રેજ હોય અને સામ્રાજ્યવાદી હોય તો તો તેનાં લખાણ એ સામ્રાજ્યવાદનાં વલણથી દોરાયલાં જ થવાનાં. ડૉ. વિન્સેંટ સ્મિથ સમર્થ ઇતિહાસકાર હતો પણ સાથેસાથે સામ્રાજ્યવાદી હતો. અંગ્રેજ પ્રજાના સર્વ શ્રેષ્ઠ વર્ચસ્વમાં તથા દુનિયાની બીજી પ્રજાઓ પર સત્તા જમાવવાના તેના જન્મસિદ્ધ અધિકારમાં માનવાવાળો હતો. આથી તેના બધા નિર્ણયો એકસરખા માનને યોગ્ય નથી. એના આ પુસ્તકમાં કેટલાક એવા અગ્રાહ્ય મતાગ્રહો છે, જે વિવેકશીલ વાંચકે જોઈ ક્ષીરજલ ન્યાયે સ્વીકારવા એવી સૂચના છે.

ઇતિહાસકાર તરીકે પણ તેને હાથે કેટલીક ભૂલ થઈ છે. તે કેમ થવા પામી તે એક કોયડો જ છે. ડૉ. સ્મિથ પોતે લખે છે કે 'હાલના યુરોપીય લેખકો પુરાણોમાં આપેલી રાજવંશોની યાદીની પ્રામાણિકતાને જરા વધારેપડતા પ્રમાણમાં ઉતારી પાડવાનું વલણ બતાવે છે; પણ વધારે ઊંડા અભ્યાસથી જણાય છે કે તેમાં ઘણી પ્રમાણભૂત અને કિંમતી ઐતિહાસિક પ્રણાલી સમાએલી છે.' પુરાણોની બાબતમાં આવો મત ધરાવતાં છતાં ડૉ. સ્મિથે પોતાનું પુસ્તક લખતાં પહેલાં પુરાણોનો --ખાસ કરીને વાયુ, મત્સ્ય, વિષ્ણુ, ભાગવત વગેરે રાજવંશોની સૂચિઓ આપનારાં પુરાણોનો પાકો અભ્યાસ કેમ ન કર્યો એ સમજાતું નથી. એ પુરાણોનો અભ્યાસ તેણે કર્યો હોત તો ગુપ્તવંશની પહેલાં થઈ ગએલા નાગ તથા વાકાટકવંશોની હકીકત તે આપી શક્યો હોત. ડૉ. ફ્લીટે કરેલો ગુપ્તવંશના લેખોનો સંગ્રહ પણ તેણે જાતે ધ્યાનથી તપાસ્યો જણાતો નથી, પણ 'બાબા વાક્યં પ્રમાણમ્' એ ન્યાયે ડૉ. ફ્લીટના મતને મતું માર્યું જણાય છે. એણે એમ ન કર્યું હોત અને એ બધા લેખો જાતે કાળજીથી તપાસ્યા હોત તો ઇ.સ. ૧૫૦થી ઇ.સ. ૩૦૦ સુધીના દોઢસો વર્ષના ગાળાને તે હિંદના પ્રાચીન ઇતિહાસના 'અંધકારભર્યા યુગ' તરીકે વર્ણવત નહિ.

સદ્‌ભાગ્યે હવે હિંદમાં હિંદના ઇતિહાસના અભ્યાસીઓ સારા પ્રમાણમાં થવા લાગ્યા છે અને તેમની ધીરજ અને ખંતભરી મહે-

નતથી હિંદનો લુપ્ત ઇતિહાસ પાછો સજીવન થવાની આશા બંધાવા લાગી છે. ડૉ. સ્મિથ હિંદના પ્રાચીન ઇતિહાસનો ઉદ્દગમ ઈ.સ. પૂર્વે આશરે ૬૦૦માં થએલા શિશુનાગવંશથી કરે છે, પણ છેક મહાભારતના કાળ સુધી ઇતિહાસના ઝરણાંને અનુસરવાનું શકય થઇ શકે એટલી સામગ્રી એકઠી થએલી છે.

આ સંજોગોમાં એક હિંદી વિદ્વાન હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ લખવાનું કાર્ય ઉપાડી લે એમ અમે ઇચ્છીએ છીએ.

**છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી**

# હિંદુસ્તાનનો પ્રાચીન ઈતિહાસ

## ઉત્તરાર્ધ

# પ્રકરણ ૧૧ મું

## ગુપ્તસામ્રાજ્ય અને પશ્ચિમના ક્ષત્રપો ચંદ્રગુપ્ત ૧લાથી કુમારગુપ્ત ૧લો

### ઇ.સ. ૩૨૦ થી ૪૫૫

ચોથા સૈકામાં ભૂલાયેલા ઇતિહાસ પરનો અંધારપિછોડો ઊંચકાય છે. ઇતિહાસ પટ પર ફરી પ્રકાશ પડવા માંડે છે અને હિંદનો ઇતિહાસ નાનાંનાનાં રાજ્યોની નિરસ વિગતોની નોંધ મટી, એકચક્ર સત્તા નીચે રહેલા હિંદનો સળંગ ઇતિહાસ બની વાચકને રોચક થાય છે.

**ગુપ્તવંશની ઉત્પત્તિ ઈ.સ. ૩૦૮**

પાટલીપુત્ર કે તેની આસપાસના કોઈ શહેરમાં 'ચંદ્રગુપ્ત' એ મશહૂર પદ્દીધારી કોઈ સ્થાનિક રાજા રાજ્ય કરતો હતો. ઈ.સ. ૩૦૮-માં કે તેની આસપાસમાં પ્રાચીન લિચ્છવીવંશની કુમારદેવી નામની રાજકન્યા જોડે તેનું લગ્ન થયું. બૌદ્ધ સંપ્રદાયના શરૂઆતના ઇતિહાસમાં કેટલાય યુગો પૂર્વે એ વંશ બહુ પ્રખ્યાતિ પામેલો હતો. અજાતશત્રુના અમલથી માંડી કુમારદેવીના લગ્નના સમય સુધીના લગભગ આઠ સૈકાના લાંબા ગાળામાં લિચ્છવીવંશનો ઇતિહાસ મોટેભાગે લુપ્તપ્રાય થયેલો છે, જોકે ઈ.સ. ૧૧૧થી શરૂ થતા શકનો ઉપયોગ કરતો એક રાજવંશ નેપાલમાં તેણે સ્થાપન કર્યાની નોંધ છે. હવે આ લગ્નને કારણે એ વંશ અણચીંતવ્યો નજર આગળ ખડો થાય છે. ચંદ્રગુપ્ત અને કુમારદેવીનું લગ્ન એ મહાન રાજકીય અગત્યનો બનાવ નીવડયો, કારણકે તેનાથી મૌર્યવંશના યશની સ્પર્ધા કરે એવા નવા રાજવંશનો પાયો નંખાયો. એમ જણાય છે કે કુમારદેવીના સંબંધને લઈ ચંદ્રગુપ્તને જાણે પહેરામણીરૂપે લિચ્છવીવંશની અતિ કિંમતી કુમક મળી, જેને યોગે તે મગધ અને તેની આસપાસના પ્રદેશમાં સર્વોપરી સ્થાન ધરાવતો થયો. સંભવ છે કે આ યાદગાર લગ્ન વખતે લિચ્છવીઓ એ પ્રાચીન પાટનગરના સ્વામી હતા અને એ લગ્નને

કારણે, તેની પત્નીનાં સગાં જે સત્તા ભોગવતાં હતાં તેનો ચંદ્રગુપ્ત વારસ થયો. જૂના વખતમાં વૈશાલીના લિચ્છવીઓ પાટલીપુત્રના રાજાના પ્રતિસ્પર્ધીઓ હતા. તેમના અશાંત વેગને કાબૂમાં રાખવા માટે મગધના રાજાએ પાટલીપુત્ર વસાવ્યું હતું એટલું જ નહિ પણ તેને કિલ્લેબંદીથી મજબૂત કર્યું હતું. પુષ્યમિત્રના અમલ પછી પ્રસરેલી અંધાધૂંધીના સમય દરમિયાન પાટલીપુત્રનો કબજો લઈ લિચ્છવીઓએ મગધના રાજા જોડેનો પોતાનો જૂનો હિસાબ ચૂકતે કર્યો.

**ઇ.સ. ૩૨૦. લિચ્છવી લગ્નસંબંધ; ચંદ્રગુપ્ત ૧ લો.**

એ તો નક્કી જ છે કે આ લગ્નસંબંધને કારણે ચંદ્રગુપ્ત તેના પિતા અને પિતામહની જેમ માત્ર એક સ્થાનિક રાજ્યનો રાજા ન રહ્યો, પણ તેની સત્તામાં એટલી બધી વૃદ્ધિ થઈ કે સાર્વભૌમ સત્તાના હકદારને જ શોભે એવી 'મહારાજાધિરાજ'ની ઉપાધિ ધારણ કરવામાં તેને કાંઈ ગેરવ્યાજબીપણું ન જણાયું. પોતે, પોતાની રાણી તથા લિચ્છવીઓનાં નામ સાથેના તેણે સિક્કા પડાવ્યા. તેનો પુત્ર અને વારસ હમેશાં ગર્વ સાથે પોતાને લિચ્છવીવંશની કુમારીના પુત્ર તરીકે વર્ણવતો. તેના તેજ નામધારી પૌત્રથી ઓળખાવા માટે ચંદ્રગુપ્ત ૧લાની સંજ્ઞાથી ઓળખાતા આ રાજાએ હાલ જ્યાં અલ્લાહાબાદ છે તે ગંગા–યમુનાના સંગમ સુધીના ગંગાની ખીણના પ્રદેશ પર પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો અને પોતાના ટૂંકા અમલ દરમિયાન તિર્હુટ, દક્ષિણ બિહાર, અયોધ્યા તથા કેટલાક પડોશના પ્રદેશનો સમાવેશ કરતા, રસાળ અને વસ્તીવાળા મુલક પર રાજ્ય કર્યું. તેની સત્તા એટલી પ્રબળ હતી કે સર્વમાન્ય પ્રણાલી અનુસાર પાટલીપુત્રનો કબજો લઈ રાજ્યગાદી પર બેસતાં, તે મગધ મહારાજ્યની સત્તાનો વારસ જાહેર થયો ત્યારે પૌર્વાત્ય રૂઢિને અનુસરી પોતાના રાજ્યાધિરોહણની સાલથી નવો શક પ્રવર્તાવવામાં એને કાંઈ જ વાંધાભર્યું ન લાગ્યું. એકએકથી બહુ દૂર આવેલા ઘણા દેશોમાં કેટલાક સૈકાઓ સુધી પ્રવર્તેલા આ ગુપ્તશકનું પ્રથમ

વર્ષ ઈ.સ. ૩૨૦ના ફેબ્રુઆરીની ૨૬મી તારીખથી ૩૨૧ના માર્ચની ૧૩મી તારીખ સુધીનું હતું. એટલે આ બે સાલમાંની પહેલીને ચંદ્રગુપ્ત ૧લાના રાજ્યાધિરોહણની સાલ લેખી શકાય.

ગાદીએ બેઠા પછી દસ કે પંદર વર્ષે ચંદ્રગુપ્ત ૧લો મરણ પામ્યો તે પહેલાં પોતાની લિચ્છવીવંશની રાણીથી થએલા પુત્ર સમુદ્રગુપ્તને તેણે પોતાનો યુવરાજ અને વારસ નીમ્યો હતો.

**ઈ.સ. ૩૩૦ થી કે ૩૩૫ સમુદ્રગુપ્ત**

પિતાનાં પ્રેમપક્ષપાત અને પસંદગી તદ્દન વ્યાજબી હતાં એમ તે યુવાન રાજાએ બતાવી આપ્યું. યુદ્ધ તેમજ શાંતિ સમયની સૌ કળાઓમાં તેણે ખૂબ નિપુણતા બતાવી. તેના આવા ગુણોને લઈ હિંદના મહાન યશસ્વી રાજાઓમાં ઉચ્ચ સ્થાન પામવાનો પોતાનો હક્ક તેણે સિદ્ધ કર્યો.

ગાદીએ આવતાં વાર જ સમુદ્રગુપ્તે પોતાના પડોશી રાજાઓને જીતી લઈ પોતાના મુલકનો વિસ્તાર વધારવાની મહત્ત્વાકાંક્ષી અને

**તેની આક્રમણાત્મક પ્રકૃતિ**

આક્રમણાત્મક રાજાનો ભાગ ભજવવાની શરૂઆત કરી. પૂર્વના દેશોમાં જાહેરમત આક્રમણાત્મક વિગ્રહોનો વિરોધી નથી અને પોતાની પ્રતિષ્ઠા વધારવાની કાળજીવાળો કોઈ રાજા પોતાના રાજ્યની સીમાઓમાં શાંતિથી ઠરી બેસવાનું સાહસ ન કરે. 'રાજ્યો જીતવાં એ રાજાઓનો ધર્મ છે.' એ સિદ્ધાંત અનુસાર વર્તવા સમુદ્રગુપ્ત જરાયે અચકાયો નહિ અને ગાદીએ બેસતાં વાર જ તેણે વિગ્રહોમાં ઝોકાવ્યું અને તેના અસાધારણ લાંબા અમલ દરમિયાન તે તેમાં જ રોકાયેલો રહ્યો.

વિગ્રહોથી પરવારતાં પોતાનાં પરાક્રમોની પ્રશસ્તિઓ લખવા, સંસ્કૃત કાવ્યકળામાં કુશળ એક વિદ્વાન પંડિતને તેણે રોક્યો, અને છ

**લેખોમાંથી મળતી માહિતી**

સદી પહેલાં અશોકે ઊભા કરેલા અને તેનાં શાસનો જેની પર ખોદેલાં હતાં તેવા શિલાસ્તંભો પર તે પ્રશસ્તિઓ ખોદી લખાવી.

બ્રાહ્મણોની સર્વ વિદ્યા શીખેલો અને સનાતન હિંદુ ધર્માવલંબી સમુદ્રગુપ્ત, યુદ્ધનો રસીઓ મહત્વાકાંક્ષી યોદ્ધો હતો. યુવાવસ્થામાં તેના પિતાની આજ્ઞાને અનુસરી તે બૌદ્ધ સાધુ વસુબંધુની શિક્ષામાં રસ લેતો થયો હતો, છતાં ધર્મની જીતને 'પરમજય' ગણનાર અશોકના અતિ નમ્ર અને શાંત નીતિ ઉપદેશને પડખે, પોતાના લોહી વહાવતા વિગ્રહોની નિર્દય વડાઇઓ મૂકતાં એને જરા ય થડકો લાગ્યો નહિ.

પોતાના પરાક્રમોની યાદદાસ્ત ભવિષ્યમાં રહે એ બાબતની સમુદ્રગુપ્તની ચિંતા નિષ્ફળ ન થઈ. તેના રાજકવિએ રચેલી તેના પરાક્રમોની નોંધો આજે પણ લગભગ પૂર્ણપણે કાળચક્રના સપાટામાંથી બચી રહી છે અને બીજા અનેક હિંદી શિલાલેખો કરતાં વધારે ચઢીઆતી રીતે એના રાજ્યના બનાવોનો સમકાલીન વિગતવાર અહેવાલ પૂરો પાડે છે. કમનસીબે એ લેખી શિલાદસ્તાવેજ પર સંવત્ લખેલો મળ્યો નથી, છતાં પણ તેનો સમય લગભગ ઇ.સ. ૩૬૦ કે તેથી થોડોક મોડો હશે એમ નક્કી કરી શકાય છે અને તેથી ઐતિહાસિક દૃષ્ટિએ તેના મૂલ્ય કરતાં, ગદ્ય–પદ્યમાં લખાયેલા ચોકસ સમય, નિર્ણય તથા કર્તાની નોંધવાળી અગત્યની સંસ્કૃત કૃતિ તરીકે બહુ જ જાણવા જેવો છે. પુસ્તકાલયોમાં સચવાયેલાં પુસ્તકોનોજ મોટે ભાગે ઉપયોગ કરતા અભ્યાસીઓ ચોકસ સાલવારીવાળા મહાન ઐતિહાસિક લેખોની કિંમત પૂરી આંકતા થયા નથી, જોકે ઘણા વર્ષ પૂર્વે ડૉ. બુલ્હરે તો તે બાબત પર ખૂબ ભાર મેલ્યો હતો. પણ હરિસેનની એ પ્રખર કૃતિ જોડે અત્યારે તો એક ઐતિહાસિક લેખ તરીકે તેમાં સમાયેલી બાબતો પૂરતીજ આપણે લેવાદેવા છે. સંસ્કૃતના વિકાસમાં એનું સ્થાન, તેમજ ભાષા અને સાહિત્યના માર્ગદર્શ કસ્તંભ તરીકેની તેની અગત્યનું વિવરણ તે તે વિષયના ખાસ અભ્યાસી માટે જ છોડવું જોઇએ.

પ્રશસ્તિનો લેખક તેના સ્વામીની ચઢાઇઓના ભૂગોળની દૃષ્ટિએ ચાર વિભાગ કલ્પે છે: (૧) દક્ષિણના અગિયાર રાજાઓ સામે, (૨)

**તેના વિવિધ ચઢાઇઓ**

ગંગાની ખીણના પ્રદેશમાં અથવા આર્યાવર્તના નામનિર્દેશ સાથેના નવ રાજાઓ સામે તેમજ બીજા નામનિર્દેશ વગરના રાજાઓ સામે, (૩) જંગલોમાં વસતી જંગલી જાતોના નાયકો સામે. અને (૪) મોખરાનાં રાજ્યો તથા પ્રજાસત્તાક સ્વાધીન રાજ્યો સામે તેના બાહુબળની મર્યાદા બહારની અને અતિ દૂર આવેલી કેટલીક પરદેશી રાજસત્તાઓ સાથેના સમુદ્રગુપ્તના સંબંધની પણ તે સમજૂતિ આપે છે. એ કવિએ વર્ણવેલા દેશો, રાજાઓ અને લોકોમાંના દરેકની ચોકસ ઓળખ કરવાનું તો હાલમાં તદ્દન અસંભવિત છે, તેમજ કેટલીક પરચુરણ વિગતોની બાબતોના ખુલાસા માટે ભવિષ્યની શોધ અને તપાસ પર આધાર રાખવાનો રહે છે, તો પણ ગુપ્તસમ્રાટોમાં સૌથી ઉજ્જ્વલ કારકીર્દિવાળા આ સમ્રાટના મુલકનો વિસ્તાર તેમજ તેના વિવિધ રાજકીય સંબંધોની મર્યાદાઓ ઇતિહાસકારથી સમજી શકાય એટલું માહિતીભંડોળ તો મળી રહે છે. એ નોંધની વસ્તુ ઐતિહાસિક નહિ પણ સાહિત્યના સિદ્ધાંતોને અનુસરી ગોઠવાયેલી હોવાથી તેના અમલના બનાવોને ચોકસ સાલવારી ક્રમમાં આપવાનું બની શકે એમ નથી.

**ઉત્તર હિંદની જીત**

પણ આપણને એટલી તો ખાત્રી થાય છે જ કે આ હિંદી નેપોલિયને પ્રથમ પોતાની પાસે આવેલા રાજાઓ પર પોતાનું બાહુબળ અજમાવ્યું અને તેમ કરી તેણે પ્રથમ ગંગાની ખીણના 'હિંદુસ્તાન' નામથી ઓળખાતા પ્રદેશના રાજાઓને પોતાની સત્તા નીચે આણ્યા અને પછી દૂર દક્ષિણની ભયભરી ચઢાઇએ તે ચઢ્યો. ઉત્તરના રાજાઓ જોડેનો તેનો વર્તાવ કડક અને કઠોર હતો. આપણને એવી માહિતી મળે છે કે તેમને બળજબરીએ ઊખેડી નાખવામાં આવ્યા હતા. આનો અર્થ એ થાય કે તેમ કરતાં તેમના મુલકોને વિજેતાએ પોતાના મુલકોમાં ભેળવી દીધા. તેનાં આપેલાં નવ નામો પૈકી એકને તો

તદ્દન ખાત્રીથી ઓળખી શકાય છે. એ નામ ગણપતિનાગનું છે. તેની રાજધાની પદ્માવતી નગરી હતી. સીંધીઆ મહારાજયના રાજ્યમાં આવેલા હાલના જાણીતા શહેર નારવારની ઈશાને ૨૫ માઇલ પર આવેલું પદમપવાયા[૧] ગામડું એ પ્રાચીન પદ્માવતીનું સ્થાન બતાવે છે.

સમુદ્રગુપ્તે દક્ષિણનાં રાજ્યોની ચઢાઈ કરવાનું કામ હાથમાં લેવાની હિંમત કરી તે પહેલાં ઉત્તર પ્રદેશની જીતો મોટે ભાગે પૂરી થઈ ગઈ હશે અને જીતાયેલા મુલકો વિજેતાના રાજ્યમાં ભળી એકરસ થઈ ગયા હશે. અસાધારણ યોજનાશક્તિ તેમજ વ્યવસ્થા અને અમલબજામણીની પ્રભુતાભરી શક્તિઓ વિના દક્ષિણની જીતનું કામ પાર પડી શકે એમ નહોતું.

**દક્ષિણ કોસલ અને જંગલી જાતો પર જીત**

પોતાની રાજધાનીથી બરાબર દક્ષિણમાં છોટાનાગપુરમાંથી કૂચ કરી દક્ષિણ હિંદ પર ચઢાઈ કરનારા આ રાજાએ મહાનદીની ખીણના પ્રદેશમાં આવેલા દક્ષિણ કોસલના[૨] રાજ્ય પર હલ્લો કર્યો અને તેના રાજા મહેન્દ્રને ઊથલાવી પાડયો. ત્યાંથી આગળ વધતાં તેણે જંગલપ્રદેશના બધા નાયકોને જેર કર્યા. એ પ્રદેશો આજે પણ જંગલ છવાયેલા જ છે અને ઓરિસાના ખંડીઆ રાજ્યો તથા મધ્યપ્રાંતના વધારે પછાત ગણાતા ભાગ તેના જ બનેલા છે. એ નાયકોમાં સૌથી આગળપડતો નાયક વ્યાઘ્રરાજ તેના ગુણને અનુરૂપ નામ ધરાવતો હતો. એ સિવાય ઇતિહાસમાં એને લગતી

---

૧. પદમપવાયા સિંધુ અને પારાના સંગમના શિરોબિંદુએ આવેલું ગામડું છે. એ નામ પદ્માવતી ઉપરથી ઉપજેલું છે. અને સ્થાનિક પ્રણાલિકથા તે પદ્માવતી હોવાની શાખ પૂરે છે. નાગવંશના સિક્કા ત્યાંથી મળી આવેલા છે અને તે ઉપરાંત ઈ.સ. ના પહેલા કે બીજા સૈકાના લેખવાળો તાડપત્રનો સ્તંભકુંભ મળી આવેલો છે.

૨. દક્ષિણ કોસલ મહાનદીની ખીણમાં આવેલ હતો અને ઉત્તર કોસલને ઘોઘરાનદીની ઉત્તરે આવેલો હાલનો અયોધ્યાનો પ્રદેશ.

બીજી કશી માહિતી મળતી નથી. ચઢાઇને આ તબક્કે સેનાને ખાદ્ય-ખોરાકી પહોંચાડવાની તથા જોઇતો સરસામાન વહી જવાની મોટી અડચણ તેને નડી હશે. કારણકે અપૂર્ણ રીતે તેમજ જૂની જંગલી ઢબનાં હથિયારથી સજ્જ થયેલી એ જંગલી જાતોની સેના, સારી રીતે સજ્જ થયેલી સેનાનો લશ્કરી દૃષ્ટિએ સામનો કરવા ભાગ્યે જ શક્તિવાન થઈ હશે.

**દૂર દક્ષિણમાં જીત**

હિંદના પૂર્વ કિનારાને માર્ગે હજુ પણ વધારે દક્ષિણમાં કૂચ કરતાં સમુદ્રગુપ્તે કલિંગદેશની પ્રાચીન રાજ્યધાની પિષ્ટપુર જે હાલ ગોદાવરીના પ્રદેશમાં પીથાપુરમને નામે ઓળખાય છે, તેના રાજાને હરાવ્યો, તેમજ મહેન્દ્રગિરિ તથા ગંજામમાં આવેલા કોટ્ટુરના[3] પર્વત દૂર્ગો સર કર્યાં. કોલેરૂ સરોવરને કિનારે કિનારે આવેલા રાજા મંતરાજના મુલકને, તથા ગોદાવરી અને કૃષ્ણાનદી વચ્ચેના વેંગી પ્રદેશનો રાજા જે પલ્લવ હતો એમ માની શકાય, તેને તેણે વશ કર્યાં. મદ્રાસની નૈઋત્યે આવેલા કાંચી કે કાંજીવરમના રાજા વિષ્ણુગોપને તેણે જીત્યો અને તે તો પલ્લવ જ હતો. પછી પશ્ચિમ તરફ ચકરાઈ તેણે પાલક્કના ઉગ્રસેન નામના રાજાને તાબે કર્યો. આ પાલક્ક ઘણુંખરૂં હાલના નેલોર જિલ્લામાં કાંઇક આવેલું હશે.

**ખાનદેશમાં થઈ પાછા ફરવું**

દક્ષિણ પ્રદેશના પશ્ચિમ ભાગમાં થઈ તે પોતાના પાટનગર તરફ આવવા પાછો વળ્યો, અને તેમ કરતાં માર્ગમાં તેણે દેવરાષ્ટ્ર અથવા હાલના મહારાષ્ટ્રના દેશને તેમજ એરંડપાલ અથવા ખાનદેશને જીતી લીધા.

આ અદ્ભુત ચઢાઇ દરમિયાન વિકટ અને અજાણ્યા પ્રદેશોમાં

---

૩. કોટ્ટુર મહેન્દ્રગિરિથી દક્ષિણ તથા અગ્નિકોણ વચ્ચેના ખૂણામાં ૧૨ માઈલ પર આવેલું છે. પિષ્ટપુરના નિર્ણય માટે જુઓ ઇન્ડિયન એન્ટી. ૩૦ (૧૯૦૧) પૃષ્ટ ૨૬.

એથી ત્રણ હજાર માઇલની કૂચ કરવાની હતી અને તેમ કરતાં ઓછામાં ઓછાં બે વર્ષ લાગ્યાં હશે. એ ચઢાઈ લગભગ ઈ.સ. ૨૫૦માં પૂરી થઈ હશે એવો નિર્ણય કરી શકાય એમ છે.

**કિંમતી લૂંટ, મલેક કાફુરની જોડ**

આ દક્ષિણનાં રાજ્યોને જાથુકનાં ખાલસા કરવાનો આ પ્રયત્ન નહોતો. વિજયી વિજેતા ટૂંક મુદત માટે તેમને પોતાને વશ વર્તાવી, પોતાની આણ મનાવી પાછો વળી ગયો. પણ એ વાત તો નક્કી છે કે તેણે દક્ષિણના કિંમતી ખજાના ખાલી કર્યા અને તેના પછી એક હજાર વર્ષે તેના જેવું જ લશ્કરી પરાક્રમ કરનાર મુસલમાન સાહસવીર મલેક કાફુરની પેઠે સોનાચાંદીની લૂંટથી લદાયેલો પાછો ફર્યો. દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીના સરદાર મલેક કાફુરે ૧૩૦૯ થી ૧૩૧૧ના અરસામાં સમુદ્રગુપ્તના સાહસકાર્યની પુનરાવૃત્તિ કરી અને તેનો હિંદુ પૂર્વગામી દક્ષિણમાં જેટલો ધસી ગયો જણાય છે તેનાથી પણ વધારે દૂર તે ધપ્યો. મલેક કાફુરે ઈ.સ. ૧૩૧૧ના એપ્રિલ માસમાં મદુરાનો કબજો લીધો અને તે સ્થિર થાણાનો આશ્રય લઇને રામેશ્વર સુધી પહોંચવામાં તે સફળ થયો હતો. તે જગાએ તેણે એક મસીદ બાંધી. સોળમા સૈકામાં ફેરિસ્તાએ તેનો ઇતિહાસ લખ્યો ત્યારે તો એ મસીદ હયાત હતી.

**ખંડીઆ મોખરાનાં રાજ્યો**

યોગ્ય લાયકાતથી પ્રાપ્ત કરેલી સામ્રાટ્ પદ્દીધારી સમુદ્રગુપ્તની અધિપતિ તરીકેની સત્તા જે જે મોખરાનાં રાજ્ય તથા પ્રજાસત્તાક રાજ્યોના રાજાઓ સ્વીકારતા હતા તેની દરબારી પ્રશસ્તિકારે આપેલી યાદી ઉપરથી પૂરતી ચોકસાઇથી તેનાં રાજ્યની સીમાઓ નક્કી કરવાનું સાધન ઇતિહાસકારને મળે છે, અને સાથેસાથે ચોથા સૈકામાં હિંદના રાજકીય વિભાગોનો પ્રકાર સમજવાનું પણ બની આવે એમ છે.

ભરતખંડની પૂર્વ બાજુએ બ્રહ્મપુત્રાના દોઆબમાં સમતત, કામરૂપ

અથવા આસામ, અને દવાકનાં ખંડીઆ રાજ્યો હતાં. દવાક એ ખરૂં જોતાં વંગનો પર્યાયવાચી શબ્દ છે અને તે પશ્ચિમમાં કરતોવ, પૂર્વમાં મેઘના, દક્ષિણે ગંગા અથા ઉત્તરે ખાશિ ટેકરીઓની વચ્ચે આવેલો હતો, અને તેમાં ઢાકા તથા સુનારગામ એ બંનેનો સમાવેશ થતો હતો. એનાથી પશ્ચિમ તરફ આગળ વધતાં નેપાલનું પર્વતરાજ્ય આવતું હતું. હાલની પેઠે તે વખતે પણ તે સાર્વભૌમ સત્તાનું આધિપત્ય સ્વીકારતું હતું છતાં બીજી બધી વાતે પૂર્ણ સ્વાધીન હતું અને સમ્રાટ્નો સીધા અધિકારનો પ્રદેશ હિમાલયની તળેટીમાં જ પૂરો થતો હતો. પશ્ચિમ હિમાલયની નીચલી હારોમાં કરત્રીપુરનું[1] રાજ્ય આવેલું હતું અને તેમાં ઘણું કરીને કુમાઓન, અલમોડા, ગઢવાલ અને કાંગ્રાનો સમાવેશ થતો હતો.

**ગણ રાજ્યો**

પંજાબ, પૂર્વ રજપૂતાના, અને માળવા મોટે ભાગે સ્વાધીન પ્રજાતંત્ર[2] અથવા કાંઈ નહિ તો સંઘતંત્ર જેવી સંસ્થાની સત્તા નીચે હતાં. સતલજના બન્ને કિનારા પર યૌધેય ગણ વસેલો હતો જ્યારે મધ્ય પંજાબમાં માદ્રકોનો વાસ હતો. વાંચનારને યાદ હશે કે ઍલેક્ઝાંડરના સમયમાં એ પ્રદેશો એ જ રીતે તે વખતે મલૉઈ, કથૉઈ અને

---

૧ ફ્લીટ સૂચન કરે છે કે જલંધર જિલ્લાના 'કરતારપુર' એ નામમાં આ નામ હજુ હયાત છે. સી. એફ. ઓલ્ડહામ કુમાઉન, ગઢવાલ અને રોહિલખંડનાં કતુરીયા રાજનો ઉલ્લેખ કરે છે. (જે. આર. એ. એમ. ૧૯૧૮ પૃ. ૧૯૮) જુઓ ગુપ્ત સામ્રાજ્યનો નકશો.

૨ આ વિષય માટે જુઓ કાશીપ્રસાદ જય સ્વાલનું "રીપબ્લિકસ ઈન મહાભારત" (જે. એમ. બી. રીસ. સો. પુસ્તકમાં પૃ. ૧૭૩-૮); આર. સી. મુઝુમદારનું 'કોર્પોરેટ લાઈફ ઈન એન્શિયન્ટ ઇંડિયા' (કલકત્તા, સુરેન્દ્રનાથ સેન, ૧૯૧૮); આર. ડી. મુકરજી "લોકલ ગવર્મેન્ટ ઈન એન્શિયન્ટ ઇંડિયા (ઓક્ષફર્ડ યુનિવર્સિટી પ્રેસ ૧૯૧૯); અને ડી. આર ભાંડારકરનાં કાર્માઈકલ લેક્ચર્સ ૧૯૧૮ની સાલનાં–કલકત્તા યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરેલાં, ૧૯૧૯.

એવાં એવાં નામધારી સ્વાધીન ગણોને તાબે હતા. ઘણું કરીને યમુના નદી ગુપ્ત સામ્રાજ્યની વાયવ્ય સીમારૂપ હતી. પૂર્વ રજપૂતાના અને માળવામાં આર્જુનાયન, માલવ અને આભીરોની વસાહતો હતી. એ દિશામાં ચંબલ નદી ગુપ્તરાજ્યની હદ ગણી શકાય. ત્યાંથી સીમાખા પૂર્વ તરફ વળી કેટલાંક નાનાંનાનાં રાજ્યોના મુલકોની સરહદ સરતી જતી હતી. એ નાનાં રાજ્યોનો સ્થળનિર્ણય ચોકસપણે કરી શકાય એમ નથી. પછી ઘણુંખરૂં ભોપાલ રાજ્યમાંથી પસાર થઈ તે નર્મદા નદીને જઈ અડતી. એ નદી ગુપ્ત રાજ્યની દક્ષિણ સીમા બાંધતી હતી.

**સામ્રાજ્યની મર્યાદા**

આમ જોતાં ચોથા સૈકામાં સમુદ્રગુપ્તની સીધી સત્તા નીચેના મુલકમાં ઉત્તર હિંદના બધા સૌથી વધારે રસાળ અને વસ્તીવાળા પ્રદેશોનો સમાવેશ થઈ જતો હતો. તે પૂર્વમાં બ્રહ્મપુત્રાથી માંડી પશ્ચિમે યમુના તથા ચંબલ નદી સુધી અને ઉત્તરે હિમાલયની તળેટીથી દક્ષિણે નર્મદા નદી સુધી વીસ્તરતો હતો.

આ વિશાળ મર્યાદાની પેલી મેર આસામ અને ગંગાની ખીણનાં મોખરાં રાજ્યો, તેમજ હિમાલયના દક્ષિણ ઢાળ પરનાં રાજ્ય અને રજપૂતાના તથા માળવાનાં સ્વતંત્ર ગણ રાજ્યો, આ બધાં ગુપ્ત સામ્રાજ્યનું આધિપત્ય સ્વીકારતાં હતાં. એ ઉપરાંત દક્ષિણનાં તમામ રાજ્યો પર સમ્રાટ્નાં લશ્કર ફરી વળ્યાં હતાં અને તે રાજ્યોને તેના અમોઘ બળનો પરચો આપ્યો હતો.

**પરદેશી રાજ્યસત્તાઓ સાથે સંબંધ**

ઉપર જણાવેલી મર્યાદાઓવાળું સમુદ્રગુપ્તે ઊભું કરેલું સામ્રાજ્ય તેનાથી છ સૈકા પહેલાં થઈ ગયેલા અશોકે ઊભા કરેલા સામ્રાજ્યના સમયથી માંડી સમુદ્રગુપ્તના સમય સુધીમાં થયેલાં સૌ સામ્રાજ્યોમાં મોટામાં મોટું હતું. આવા મોટા સામ્રાજ્યના પ્રભુપણાને લીધે કુદરતી રીતે સમુદ્રગુપ્ત હિંદ પારનાં પરદેશી રાજ્યોના આદરને

પાત્ર બન્યો હતો. આથી જ્યારે આપણને ખબર પડે છે કે તે વાયવ્યનાં કુશાન રાજાઓ જોડે તેમજ લંકા તથા બીજા દૂરના દેશો જોડે રાજકીય સંબંધ બાંધતો, ત્યારે આપણને કશું આશ્ચર્ય થતું નથી. વાયવ્ય સરહદ પરના તમામ રાજાઓને તે સમયે 'શકરાજા' એવા એક સમૂહમાં જ ગણવામાં આવતા હતા.

**લંકાથી એલચીઓ**

લંકાના રાજા તથા સમુદ્રગુપ્ત વચ્ચે ઈ. સ. ૩૬૦ના અરસામાં અકસ્માત રીતે વ્યવહાર શરૂ થયો હતો. લંકાના બૌદ્ધ રાજા મેઘવર્ણે હીરકમંચનુ દર્શન કરવા તથા બુદ્ધગયાના પવિત્ર વૃક્ષની પૂર્વે અશોકે બાંધેલા મઠની યાત્રા કરવા બે સાધુઓ મોકલ્યા હતા. એ રાજાના ૨૭ વર્ષના રાજ્યનો સમય લગભગ ઈ.સ. ૩૫૨થી ૩૭૯નો ઠરાવવામાં આવે છે. લંકાથી હિંદમાં મોકલેલા એ સાધુઓમાંનો એક તો તે રાજાનો ભાઈ હતો. સાંપ્રદાયિક દ્વેશને કારણે એ પરદેશીઓનું કાંઈ રૂડું અતિથ્ય થયું નહિ અને પોતાના દેશમાં પાછા ફરતાં તેમણે પોતાના રાજાને ફરિયાદ કરી કે હિંદમાં આરામથી રહી શકાય એવું એકે સ્થાન તેમને મળી શક્યું નહિ. રાજા મેઘવર્ણને એ ફરિયાદ વ્યાજબી લાગી અને તેથી તેણે એ દુઃખ દૂર કરવા એક મઠ બાંધવાનો નિશ્ચય કર્યો, કે જ્યાં પવિત્ર ધર્મસ્થાનોની યાત્રાએ જતા તેના પ્રજાજનોને પૂરતી અને અનુકૂળ બધી સવડો મળી રહે. આથી તેણે હિંદના સમ્રાટ્ સમુદ્રગુપ્તના દરબારમાં એલચીઓ મોકલ્યા, અને પ્રાચીન કાળથી જે રત્નો માટે લંકા પ્રખ્યાત છે તે રત્નો તથા બીજી કિંમતી ભેટોનો જબરો જથ્થો તેમની જોડે સમ્રાટ્ના નજરાણા માટે મોકલી આપ્યો, અને હિંદની ભૂમિ પર મઠ બાંધવાની પરવાનગી આપવા પ્રાર્થના કરી. દૂર આવેલા એક રાજા તરફથી આવેલી આ પ્રકારની પ્રાર્થનાથી સમુદ્રગુપ્ત ફુલાઇ ગયો, ને એ નજરાણાંને ખંડણી તરીકે ગણી લઈ તેણે માગેલી પરવાનગી આપી. એલચી પોતાને દેશ પાછો ફર્યો અને પૂરા વિચારને અંતે રાજા મેઘવર્ણે તે પવિત્ર વૃક્ષની પાસે મઠ બાંધવાનું નક્કી કર્યું. તે વૃક્ષની

ઉત્તરે ભવ્ય મઠ બાંધીને, તામ્રપટ પર લખેલો પોતાનો મનોરથ તેણે પૂરો કર્યો. એ મકાન ત્રણ માળ ઊંચું હતું અને તેમાં છ મોટા ઓરડા હતા. ત્રણ મીનારાઓથી તેને શણગારવામાં આવ્યું હતું અને ૩૦થી ૪૦ ફીટ ચોમેર ફરતા મજબૂત કોટથી તે રક્ષાયેલું હતું. ઊંચામાં ઊંચી કળાનો ઉપયોગ કરી, મોંઘા મોંઘા ઉમદા રંગોથી તેના શણગાર રચવામાં આવ્યા હતા અને સોના તથા ચાંદીમાં ઢાળેલી બુદ્ધની મૂર્તિ પર ખીચોખીચ હીરા મઢવામાં આવ્યા હતા. ખુદ બુદ્ધ ભગવાનનાં અવશેષને સંઘરતા વધારાના સ્તૂપો પણ મઠની મુખ્ય ઇમારતને શોભે એવા હતા. સાતમા સૈકામાં જ્યારે હ્યુએન્ત્સાંગે એ મઠની મુલાકાત લીધી, ત્યારે એ ભવ્ય સ્થાનકમાં મહાયાન પંથની સ્થવિર શાખાના એક હજાર સાધુઓ રહેતા હતા, અને લંકાથી આવતા યાત્રીઓની તેઓ ખૂબ ખાતરબરદાસ કરતા હતા. એ મઠની જગા આજે એક મોટા ટીંબાથી ઓળખાય છે.[૧]

**અશ્વમેધ યજ્ઞ**

એમ માનવા કારણ છે કે દક્ષિણમાંથી પાછા ફર્યા બાદ, પોતાની અનેકવિધ જીતોની ઊજવણીનો જાહેર સમારંભ કરવા અને પોતાની સત્તાના સાર્વભૌમપણાની જાહેરાત આપવા, પુષ્યમિત્રના સમય પછી ઉત્તર હિંદમાં બંધ પડી ગયેલી અને લાંબો સમય નહિ કરવામાં આવેલી એવી અશ્વમેધ યજ્ઞની વિધિને ફરી ચાલુ કરવાનો સમુદ્રગુપ્તે નિશ્ચય કર્યો. આ સમારંભ ઘટતા દબદબા સાથે અને બ્રાહ્મણોને

---

૧ સમુદ્રગુપ્ત સાથે મેઘવાહનનું સમકાલીનપણું એક ચીની પુસ્તક ઉપરથી સીલ્વેઈન લેવિએ શોધી કાઢેલું છે અને આ પહેલાં ઉલ્લેખેલા ગુપ્ત સાલવારી પરના એક લેખમાં તેમજ "ધ ઈન્સ્ક્રિપ્શન્સ ઑફ મહાનામન એટ બોધ ગયા" એમાં તે લેખકે ચર્ચા કરેલી છે (ઇન્ડિ. એન્ટિ. ૧૯૦૨ પૃ. ૧૯૨) પણ એ લેખો લખાયા ત્યારે હું ધારતો હતો તેના કરતાં મેઘવર્ણે મોડું રાજ્ય કરેલું છે. ઈ.સ. ૩૫૨ અને ૩૭૯ (તરજૂમો મહાવંશ ૧૯૧૨ પૃ. ××××)એની ખરી સાલ કાંઈક વહેલી હશે.

મહાદક્ષિણાઓનાં દાન સાથે વિધિ પુરઃસર કરવામાં આવ્યો, અને એમ કહેવાય છે કે તેમાં દક્ષિણાને અંગે કરોડો સોનાના સિક્કા વહેંચવામાં આવ્યા હતા. આ કાર્યપ્રસંગે ખાસ પડાવેલા અને ઘટતાં લખાણ તથા હોમાવા માટે તૈયાર થઈ વેદી પાસે ઊભેલા યજ્ઞના ઘોડાની છાપવાળા સોનાના સિક્કા થોડીક સંખ્યામાં મળી આવ્યા છે. એ બનાવનું બીજું એક સ્મારક ઉત્તર અયોધ્યા પ્રાંતમાં જડી આવ્યું છે અને હાલ તે લખનૌના સંગ્રહસ્થાનમાં ઊભું છે. એ સ્મારક પથ્થરમાંથી કોરી કાઢેલા ઘોડાની ખડબચડી કોરી કાઢેલી આકૃતિ છે. તેની ઉપર ખોદેલા ટુંકા દાનાલેખનાં નિશાન છે. દેખીતી રીતે તે સમુદ્રગુપ્તને ઉદ્દેશીને હશે એમ લાગે છે.

**સમુદ્રગુપ્તની અંગત નિપુણતાઓ**

દરબારી પ્રશસ્તિકારનાં રાજકચેરીને છાજે એવાં કથનોને કાંઈક ટકા બાદ કર્યા વગર ભાગ્યે જ સ્વીકારી શકાય, તો પણ એ તો સ્પષ્ટ જ છે કે સમુદ્રગુપ્ત વિરલ કાર્યશક્તિ તથા અસાધારણ વિવિધ કુદરતી શક્તિઓ વાળો રાજ્યકર્તા હતો. રાજકવિએ પોતાના નાયકે ગીતવાદ્યની કલામાં મેળવેલી નિપુણતાને યાદગાર કર્યાં છે. કેટલાક વિરલ સોનાના સિક્કા મળી આવેલા છે, જેમાં સમ્રાટ એક ઊંચી પીઠવાળા આસન પર નિશ્ચિંતપણે બેસી વીણા વગાડતો બતાવેલો છે. આ હકીકત રાજકવિએ તેનાં કરેલાં કીર્તિગાનનું સમર્થન કરે છે. આ વિવિધ શક્તિ ધરાવતા રાજાની વિવિધ નિપુણતાઓમાં સંગીતને મળતી કાવ્યકલાની પણ ગણત્રી કરવામાં આવી છે તેને પોતાને વિખ્યાત કવિરાજ તરીકે વર્ણવવામાં આવેલો છે અને ધંધાદારી કાવ્યના રચનાર કવિને યશ આપે એવાં અનેક કાવ્યો તેણે રચ્યાનું કહેલું છે. વળી આપણને એમ પણ કહેવામાં આવે છે કે રાજાને પંડિતોની સોબત બહુ પ્રિય હતી, અને તે પોતાની ઝીણી તથા કસાયેલી અને ઓપચઢી બુદ્ધિનો ઉપયોગ પવિત્ર ધર્મશાસ્ત્રનાં અધ્યયનમાં તથા સમર્થનમાં કરતો. યુવાનીમાં પ્રખ્યાત બૌદ્ધ સાધુલેખક

વસુબંધુ તેનો કૃપાપાત્ર હતો. રાજકવિએ સમુદ્રગુપ્તનુંજે ચરિત્રાલેખન કર્યું છે, તે જોતાં તેનાથી ય ચઢે એવા પક્ષપાતી અબુલફઝલે કરેલા અકબરના ચરિત્રાલેખનની યાદ આવે છે.

ધમાલીઆ જીવનમાંથી જે થોડો અવકાશ તેને મળતો હશે તેને દીપાવનારી આવી આવી કલાઓમાં સમુદ્રગુપ્તની કુશલતા વધારે હો કે ઓછી હો પણ એ તો સ્પષ્ટ જ છે કે તેની ઈશ્વિરદત્ત શક્તિઓ કાંઈ સાધારણ નહોતી કે બહુ સારી રીતે તે હિંદી નેપોલિયન બિરૂદનો હકદાર થાય એવો પ્રતિભાશાલી નર તે હતો. કમનશીબે એના સમયના સિક્કા પરની એના મ્હોરાંની છાપ તેના મોંના સિક્કાનો ખ્યાલ આપે એટલી સાફ નથી.

**તેના ઇતિહાસની પુનઃ પ્રાપ્તિ**

દૈવની અકળ ગતિથી જેણે લગભગ આખું હિંદ પોતાની એક-ચક્ર સત્તા નીચે આણ્યું હતું અને જેના રાજકીય સંબંધોનો વિસ્તાર દક્ષિણમાં લંકાદ્વીપથી માંડી ઉત્તરમાં ઓકસસ નદી સુધી પહોંચેલો હતો, એવા સંગીતવિશારદ, કવિ તથા યુદ્ધવીર આ મહાન રાજાનું નામ સુદ્ધાં હિંદના ઇતિહાસકારો આ પુસ્તકની પ્રસિદ્ધિ પૂર્વે જાણતા નહોતા. છેલ્લાં વીશ વર્ષ દરમિયાન થયેલા શિલાલેખ તથા સિક્કાઓના બારીક અને મહેનતુ અભ્યાસને પરિણામે એની લુપ્ત થયેલી કીર્તિનું ફરી જનતા સમક્ષ સ્થાપન કરી શકાયું છે. એની યાદગાર કારકિર્દીની વિગતવાર કથની હાલમાં આપવાનું બની શક્યું છે તે ધીરજભરી શોધખોળનાં પરિણામ રૂપ છૂટીછવાઈ હકીકતને એકસૂત્રમાં પરોવી લુપ્ત ઇતિહાસને પાછો મેળવવામાં પુરાતત્ત્વના પ્રયત્નોની સફળતાના સુંદર દૃષ્ટાંતરૂપ છે. આ જ રીતે ટુકડેટુકડે મળતી માહિતીના નકશા ઉપરથી જ હિંદનો યથાર્થ પ્રાચીન ઇતિહાસ ઉપજાવી શકાય એમ છે.

સમુદ્રગુપ્તના મરણની ચોકસ સાલ જણાયેલી નથી, પણ એ તો નક્કી છે કે તે મોટી ઉમર સુધી જીવ્યો હતો અને લગભગ અર્ધી

સદીનું આબાદ રાજ્ય ભોગવવા ભાગ્યશાળી

**ઈ. સ. ૩૭૫**

થયો હશે. પોતાના મરણ પહેલાં, પોતાનું રાજ્ય શાંતિથી પોતાના વારસને પ્રાપ્ત થાય તેટલા માટે તેનાથી બનતા બધા યત્ન તેણે કર્યાં અને તે હેતુની સિદ્ધિને અર્થે, પોતાના અનેક પુત્રોમાંથી દત્તદેવી રાણીથી થયેલા પુત્રને તેણે યુવરાજ નીમી પોતાનો વારસ ઠરાવ્યો. તેને તેણે આ ભવ્ય સામ્રાજ્યનો વારસ બનવા યોગ્ય માન્યો એ તદ્દન વ્યાજબી હતું.

આવી રીતે વારસ તરીકે પસંદ કરવામાં આવેલો પુત્ર, તેની હયાતીમાં જ ઘણું કરીને યુવરાજ તરીકે રાજકારભારની ચિંતાઓમાં તેનો ભાગીદાર બન્યો હશે જ. તેણે ગાદી પર

**ચંદ્રગુપ્ત ૨જો**

આવતાં હિંદુ રિવાજને અનુસરી પોતાના દાદાનું નામ ધારણ કર્યું. વંશાવલિમાં તેના દાદાથી તેને ઓળખવા માટે તે ચંદ્રગુપ્ત બીજા તરીકે લખાયો. તેણે વળી 'વિક્રમાદિત્ય'નું બિરૂદ ધારણ કર્યું. હિંદની દંતકથાઓમાં ખૂબ જાણીતા થયેલા વિક્રમાદિત્યની કલ્પનાના આધારરૂપ જો કોઈ પણ રાજા હોય તો આ. તેને માટે બીજા બધાઓ કરતાં વધારે હક્કદાર છે. તેના એ રાજ્યાધિરોહણની ચોકસ સાલ નોંધાયેલી મળતી નથી, પણ તે ઈ. સ. ૩૭૫ની લગભગમાં જ હોવી જોઈએ. તે બાબતનો આખરી નિર્ણય કરનાર કોઈ સિક્કો કે લેખ જડે ત્યાં સુધી એ સાલને તેના રાજ્યાધિરોહણની લગભગ ખરી સાલ તરીકે સ્વીકારવી જોઈએ. મળેલી માહિતીને આધારે તો એમ જ જણાય છે કે, કોઈ પણ જાતના વિરોધ કે ટંટાફિસાદ વગર તેને તેના પિતાની ગાદીનો વારસો મળ્યો હતો.. નવો સમ્રાટ્ ગાદીએ બેઠો ત્યારે પુખ્ત ઉમરનો અને તેના નિત્યવિજયી પિતાએ તેને વારસામાં આપેલા વિશાળ રાજ્યનો વિસ્તાર કરવાની સ્થિતિમાં હતો. તેણે તેના પિતાનું દક્ષિણપથના વિજયનું સાહસ ચાલુ ન રાખ્યું, પણ તેને સ્થાને નૈઋત્ય દિશામાં[1] રાજ્ય-

૧ લોહસ્તંભનો ચંદ્ર તે ચોથા સૈકામાં સમુદ્રગુપ્તનો સમકાલીન અને નર-

વિસ્તાર કરવાનું પસંદ કર્યું.

**માળવા, ગૂજરાત અને કાઠીઆવાડની જીત**

વિક્રમાદિત્ય ચંદ્રગુપ્તનું મોટામાં મોટું લશ્કરી પરાક્રમ, માળવા તથા ગૂજરાતમાં થઈ, અરબી સમુદ્ર સુધી તેણે કરેલો રાજ્યવિસ્તાર છે. વળી કેટલાય સૈકાથી શકરાજાઓની સત્તા નીચે રહેલો સૌરાષ્ટ્ર નામથી ઓળખાતો કાઠીઆવાડનો દ્વીપકલ્પ પણ તેણે જીતી લીધો. કાઠીઆવાડમાં રાજ્ય કરતા એ શકોને યુરોપીય અભ્યાસીઓ 'પાશ્ચાત્ય ક્ષત્રપો'ના નામથી ઓળખે છે. આ દૂરના દેશોનો પોતાના મુલકમાં ઉમેરો કરનારી ચઢાઈ કેટલાંક વર્ષ ચાલુ રહેલી હોવી જોઇએ. તે ઈ. સ. ૩૮૮ થી ૪૦૧ સુધીમાં થયાનું જણાય છે. ૩૯૫ની સાલ એ જીત પૂરી થયાના સમયાંતરનું સરાસરી મધ્ય વર્ષ હશે. એ જીતને અંતે સમુદ્રગુપ્તના રાજ્યની મર્યાદા બહાર રહેલાં માલવ તથા બીજી જાતિઓના મુલકો, તેના સામ્રાજ્યમાં દાખલ થઈ ગયા. સૌરાષ્ટ્ર અને માળવા ખાલસા થવાથી, રાજ્યમાં અસાધારણ રસાળ અને ધનાઢ્ય મુલકો ઉમેરાયા એટલું જ નહિ, પણ એથી સાર્વભૌમ સત્તાનો પશ્ચિમ કિનારા પરનાં બંદરોએ પહોંચવાનો માર્ગ ખુલ્લો અને બેદખલ થયો. આથી ચંદ્રગુપ્ત ૨ જો મિસર દેશની મારફત યુરોપ જોડે ચાલતા દરિયાઇ

---

વર્માનો ભાઈ રજપૂતાનાના પુષ્કરણનો રાજા ચંદ્રવર્મા હતો એવો નિર્ણય કરવામાં એમ.એમ. હરપ્રસાદ શાસ્ત્રી ખરા જણાય છે. (મંડસોર લેખ વિક્રમ સંવત ૪૬૧=૪૦૪-૫) તે ભાઇઓ માળવાના રાજા હતા (એપિ. ઇન્ડિ. XII ૩૧૭) પુષ્કરણ (પોખરણ અથવા પોકુરણ) જે ઉત્તર અક્ષાંશ ૨૬°.૫૫' અને પૂ. રેખાંશ ૭૦°૫૫'માં આવેલું છે. તે એક જાણીતું શહેર છે અને છેક ટોડના સમયમાં પણ તે મારવાડનું એક સૌથી સમૃદ્ધ અને સત્તા ધરાવતું રાજ્ય હતું (ઇન્ડિ. એન્ટિ. ૧૯૧૩૫. ૨૧૭-૯) પોખરણના ઠાકોરો તેમના પ્રાચીન રાજ્યપદની યાદ દેવડાવનારા અપવાદરૂપ ખાસ હક હજુ ધરાવે છે.

વેપારના સીધા સંબંધમાં આવ્યો, અને પરિણામે અલેગ્ઝાંડ્રીઆના વેપારીઓના માલ જોડે આવતા યુરોપીય ખ્યાલોની અસર નીચે તેનો દરબાર તથા પ્રજા આવ્યાં. ગુપ્તયુગનાં સાહિત્ય, કળા તથા વિજ્ઞાન પર થયેલી પરદેશી અસરની સંક્ષિપ્ત ચર્ચા આગલા પ્રકરણમાં કરવામાં આવશે.

**પશ્ચિમના ક્ષત્રપો**

'પાશ્ચાત્ય ક્ષત્રપો'માં બે તદ્દન ભિન્ન તથા એકએકથી ખૂબ અલગ પ્રદેશોમાં રાજ્ય કરતા વંશોનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના 'ક્ષહરાટ' ક્ષત્રપોનું પાટનગર પશ્ચિમ ઘાટોમાં ઘણું કરીને નાશક આગળ હતું. ઇ.સ.ની પહેલી સદીમાં કોઈક સમયે તેમણે તેમની સત્તા જમાવી હતી, અને આશરે ઈ.સ. ૧૧૯માં કે તેની આસપાસ આંધ્રરાજા ગૌતમી પુત્રે તેમનો નાશ કરી, તેમના મુલકને પોતાના રાજ્યમાં ભેળવી દીધો હતો. શકરાજા ચષ્ટાને માળવામાં ઉજ્જયિનીમાં ઈશુ પછીના પહેલા સૈકાના અંત ભાગમાં બીજા 'ક્ષત્રપ' વંશની સ્થાપના કરી હતી. ચષ્ટાનના રાજ્યનો તેના પૌત્ર પુત્ર રૂદ્રદામાએ ખૂબ વિસ્તાર કર્યો હતો. એ રૂદ્રદામા ૧લાએ ઇ.સ. ૧૨૮ અને ૧૫૦ ની વચમાં ઘણું કરીને ઈ.સ. ૧૩૦ પહેલાં ગૌતમીપુત્રના પુત્ર પુલુમાયી રાજા પાસેથી થોડાં વર્ષ પહેલાં ગૌતમીપુત્રે 'ક્ષહરાટ' ક્ષત્રપો પાસેથી જીતી લીધેલો તમામ અથવા લગભગ તમામ મુલક પોતાને કબજે કર્યો. આથી રૂદ્રદામા પહેલાની સત્તા માત્ર સૌરાષ્ટ્રના દ્વીપકલ્પ ઉપર જ નહિ, પણ માળવા, કચ્છ, સિંધ અને કોકણ તેમજ બીજા પ્રદેશો–ટુંકામાં આખા પશ્ચિમ હિંદ પર જામી. ચષ્ટાન તથા તેની પાછળ થનારા રાજાઓનું પાટનગર ઉજ્જયિની હતું. તે બહુ પ્રાચીન નગરી હતી અને પશ્ચિમ કિનારાનાં બંદર તથા હિંદની અંદરના ભાગ વચ્ચેના વેપારના કેન્દ્રરૂપ હતી. તે વિદ્યા અને સંસ્કૃતિના ધામ તરીકે પ્રખ્યાતિ પામેલી હતી અને વિલાયતના ગ્રીનીચની જેમ તેનાથી હિંદનાં રેખાંશો મપાતાં હતા. એ નગરી આજ પણ મોટું સરખું શહેર છે અને તેમાં તેની

ભૂતકાળની મહત્તાનાં ઘણાં સ્મારકો છે. એ નગરીનું પ્રાચીન નામ કાયમ રહેલું છે અને કેટલાક સમય સુધી તે સિંધીઆ મહારાજની રાજ્યધાની પણ હતી.

**છેલ્લા ક્ષત્રપનું પતન**

સમુદ્રગુપ્ત જાતે પશ્ચિમ હિંદની જીતનું કામ માથે લેવા શક્તિવાન થયો નહોતો. પણ આખા દેશને ચીરી તેણે કરેલી વિજયી કૂચથી ખૂબ પ્રભાવિત થયેલા બીજા એક રૂદ્રદામાના પુત્ર ક્ષત્રપ રૂદ્રસેન તરફથી આવેલા એલચીમંડળને તેણે સત્કાર્યું હતું. પિતાએ પ્રાપ્ત કરેલા રાજ્ય અને ધનભંડારના કબજાથી બળવાન બનેલા ચંદ્રગુપ્ત બીજાએ પોતાના એ પશ્ચિમ હિંદમાં વસતા પ્રતિસ્પર્ધીને કચરી નાંખી, તે ક્ષત્રપની સત્તા નીચેના કિંમતી મુલકને પોતાના રાજ્યમાં ખાલસા કરવાનો નિશ્ચય કર્યો. કોઇ મહત્વાકાંક્ષી રાજા પોતાના ધનાઢ્ય પડોશી જોડે આક્રમણાત્મક યુદ્ધ આદરે છે, ત્યારે તેના હેતુઓ શોધવા બહુ લાંબે જવું પડે એવું હોતું નથી; પણ આપણને એટલી તો ખાત્રી થાય છે જ કે જાતિ, ધર્મ, અને આચારભેદને લીધે આ ગુપ્ત સમ્રાટને પશ્ચિમના એ અશુદ્ધ, પરદેશી રાજ્યકર્તાઓને દબાવી દેવાની ખાસ અને પ્રબળ ઇચ્છા થઈ હતી. બૌદ્ધ અને જૈન સંપ્રદાયો તરફ સહિષ્ણુ આ વિક્રમાદિત્ય ચંદ્રગુપ્ત પોતે સનાતની હિંદુ હતો અને વૈષ્ણવ સંપ્રદાય પ્રત્યે અનુરાગ ધરાવતો હતો. આ કારણોને લઇ વર્ણવ્યવસ્થામાં નહિ માનનારા તેમજ તેની બહુ પરવા ન કરનારા પરદેશી રાજાઓનો બળજબરીએ ઉચ્છેદ કરવામાં તેને ખરેખર ખૂબ સંતોષ અને આનંદ થયાં હશે. રૂદ્રસેન પર ચઢાઇ કરવામાં તેના હેતુ ગમે તે હો, પણ સત્યસિંહના પુત્ર ક્ષત્રપ રૂદ્રસિંહ પર ચઢાઇ તેણે કરી તેને પદભ્રષ્ટ કરી કતલ કર્યો, અને તેનો તમામ મુલક ખાલસા કરી નાખ્યો. નિંદક પ્રણાલી કથા કથે છે કે 'શત્રુના શહેરમાં પરસ્ત્રી જોડે પ્રીત કરવામાં રોકાયેલા શકરાજાને તેની પ્રેમપાત્રના વેશમાં સજ્જ થયેલા ચંદ્રગુપ્તે મારી નાખ્યો.' પણ આ પ્રણાલીકથા યથાર્થ ઐતિહાસિક

ઘટના હોય એમ જણાતું નથી. ક્ષત્રપોનો છેલ્લો ઉલ્લેખ ઈ.સ. ૩૮૮ની સાલના સંબંધમાં આવે છે; એ સાલ પછી થોડા જ સમયમાં તેનો મુલક ગુપ્ત સામ્રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યો હશે.

ઘણા પાછળથી સ્થપાએલા મોગલવંશના રાજાઓ પેઠે, ગુપ્તવંશના આદ્ય સંસ્થાપક સિવાયના બીજા બધા સમ્રાટો લાંબાં રાજ્ય ભોગવવા ભાગ્યશાળી થયા હતા. ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે લગભગ ચાલીશ વર્ષ રાજ્ય કર્યું અને ઈ.સ. ૪૧૩ સુધી જીવતો રહ્યો હતો. તેના અંગત ચારિત્ર વિષે નહિ જેવી જ માહિતી છે. પણ તેની કારકિર્દિની ખાત્રીદાર બીનાઓ પરથી સાબિત થાય છે કે તે એક મજબૂત અને જોશીલો રાજ્યકર્તા હતો અને વિશાળ મુલક પર સત્તા ચલાવવા તથા તેની વૃદ્ધિ કરવાની પૂરી લાયકાત ધરાવતો હતો. પોતાનાં યુદ્ધપરાક્રમોની જાહેરાત આપતાં મોટાં મોટાં પદો અને મહત્તા બતાવનારા ઇલ્કાબોનો તેને બહુ પ્રેમ હતો. સિક્કાઓ પર પોતાની જાતને ઇરાનના આચાર મુજબ સિંહ જોડે લડતો અને તેમાં સફળ થતો ચીતરાવવાનું તેને બહુ ગમતું.

**બીજા ચંદ્રગુપ્તનું ચારિત્ર**

એવાં સૂચનો છે કે પાટલીપુત્ર જોકે હજુએ જાહેર રીતે પાટનગર ગણાતું હતું. તો પણ સમુદ્રગુપ્તની મોટા વિસ્તાર પરની જીતો પછી તે ગુપ્ત સમ્રાટોનું સામાન્ય નિવાસસ્થાન નહોતું રહ્યું. એ વાત ખરી છે કે મૌર્ય સમ્રાટો, ગુપ્તોના કરતાં મોટા વિસ્તારવાળાં રાજ્યની વ્યવસ્થા એ પ્રાચીન પાટનગરથી કરવામાં સફળ થયા હતા, તેમના સમયમાં પણ પાટનગર રાજ્યના છેક પૂર્વ છેડા તરફ આવવાને કારણે અગવડતો પડતી જ હશે અને રાજદરબાર માટે કોઇ વધારે મધ્યસ્થ જગાના લાભ તો દેખીતા જ હતા. લોકકથાના નાયક રામચંદ્રની નગરી અયોધ્યા, જેના ખંડેરમાંથી દક્ષિણ અયોધ્યા જિલ્લામાં આવેલા હાલના ફૈઝાબાદ શહેર બાંધવનો કાટ-

**પાટનગર**

માલ મળેલો છે તે પાટલીપુત્ર કરતાં વધારે અનુકૂળ સ્થાન હતું, અને એમ જણાય છે કે વખતો વખત એ નગરને સમુદ્રગુપ્ત તથા તેના પુત્રે રાજદરબારના મથક તરીકે પસંદ કર્યું હતું. સમુદ્રગુપ્તના પુત્રે તો ઘણું કરીને એ નગરમાં ત્રાંબાના નાણાં પાડવાની ટંકશાળ ઊભી કરી હતી. એમ માનવાને કારણ છે કે પાંચમાં સૈકામાં પાટલીપુત્રને સ્થાને અયોધ્યા ગુપ્ત સામ્રાજ્યનું મુખ્ય નગર હતું.

જે અશોકના સ્તંભ પર સમુદ્રગુપ્તે પોતાના રાજ્યના ઇતિહાસની નોંધ કોતરાવી લખાવી છે તે મૂળ પ્રખ્યાત કૌશાંબી નગરી આગળ ઊભો કરવામાં આવ્યો હતો, એમ મનાય છે.

**કૌશાંબી**

એ કૌશાંબી નગરી ઉજ્જેનથી ઉત્તર હિંદ જતા ધોરી માર્ગ પર આવેલી હતી, અને એ તો નિઃસંદેહ વાત છે કે સમ્રાટ્‌ના નિવાસસ્થાન થવાનું માન તેને ઘણી યે વાર મળ્યું હતું. પૂર્વના શાહી અમલ નીચે રહેતા દેશોમાં જે સ્થાન અમુક સમયે રાજાના દરબારનું સ્થાન હોય તે જ રાજ્યનું તે સમય માટે પાટનગર ગણાય.

સમુદ્રગુપ્ત તથા વિક્રમાદિત્ય જેવા યુદ્ધવીરોથી સારીપેઠે અવગણના પામેલું છતાં પાટલીપુત્ર, એમાંના બીજાના આખા અમલ દરમિયાન એક ભવ્ય અને આબાદ વસ્તીવાળું શહેર બન્યું

**પાટલીપુત્ર**

રહ્યું હતું, અને છઠ્ઠા સૈકામાં હુનોનો હુમલો થયો ત્યાં સુધી તેનું ગૌરવ નષ્ટ થયું નહોતું. ચીની યાત્રી હ્યુએન્ત્સાંગ ઈ. સ. ૬૪૦ માં તેની પાડોશમાં રહેતો હતો, ત્યારે તે શહેરની પ્રાચીન જગા સેંકડો ખંડિયેરોથી ઢંકાયેલી તેણે જોઈ હતી. તે આપણને કહે છે કે ગંગા કિનારે આશરે ૧૦૦૦ રહેવાસીઓ-વાળા કોટબંધી નાના ગામના ભાગ સિવાયનો, આ શહેરનો ઘણોખરો ભાગ વેરાન પડેલો છે. ઈ. સ. ૬૧૨ થી ૬૪૭ સુધીમાં જ્યારે હર્ષ સાર્વભૌમ રાજા તરીકે ઉત્તર હિંદ પર રાજ્ય કરતો હતો, ત્યારે તેણે એ પ્રાચીન પાટનગરની મરામત કરવાનો કાંઈ પ્રયત્ન કરવાને બદલે

ગંગા તથા જમના વચ્ચે આવેલા કનોજને પોતાના દરબારની બેઠક તરીકે પસંદ કર્યું. બંગાલા અને બિહારના પાલ રાજાઓમાં સૌથી વધારે સત્તાશાળી અને વંશાવળીને અનુક્રમે બીજા પાલ રાજા ધર્મપાલે, પાટલીપુત્રના પ્રાચીન યશને ફરી સજીવ કરવા કાંઈ પગલાં ભર્યાં દેખાય છે, કારણકે આપણે જાણીએ છીએ કે તેના રાજ્યના ૩૨મા વર્ષમાં ઈ. સ. ૮૧૧ના અરસામાં તે પોતાનો દરબાર તે ગામમાં ભરતો હતો. એ પ્રાચીન શહેરના તે ઉલ્લેખ બાદ, તે પાછું આપણી નજર આગળથી ખસી જાય છે. આખરે ઈ. સ. ૧૫૪૧માં સરકારી મથક બિહાર પર નભતા એક નાના ગામની દશામાં પડેલું તેને આપણે જોઇએ છીએ. લશ્કરી દૃષ્ટિથી તેની અગત્યનું ભાન થતાં શેરશાહે તેની જગાએ પાંચ લાખ રૂપિયાને ખર્ચે એક મોટો કિલ્લો બંધાવ્યો. તે દિવસથી બિહાર લજાયું અને તેનું પતન થયું અને પટના તે પ્રાંતના મોટાં શહેરોમાંનું એક બની ગયું. શેરશાહે તેને અર્પેલી એ મહત્તા ત્યાર પછી તેણે કદી ગુમાવી નથી.

૧૯૧૨ માં નવા રચેલા બિહાર–ઓરિસાના પ્રાંતની સરકારના મથક તરીકે પટના ફરીવાર એ પ્રાંતનું પાટનગર બન્યું. હાલના પટનાના પરારૂપ બાંકીપુર, જૂના પાટલીપુત્રના સ્થાનના એક ભાગ પર આવી ગયેલું છે.

આપણે સદ્‌ભાગ્યે હિંદમાં સૌથી વહેલા આવેલા ચીની યાત્રી ફા–હીયાનનું પુસ્તક હયાત છે. તેમાં ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના સમયમાં એટલેકે પાંચમાં સૈકાની શરૂઆતમાં એક બુદ્ધિશાળી પરદેશીની નજરે લખાયેલો તે રાજાના રાજ્યવહીવટનો સમકાલીન અહેવાલ મળી આવે છે. એ વાત ખરી છે કે એ લાયક યાત્રી બૌદ્ધ સંપ્રદાયનાં પુસ્તકો, તથા લોકકથા અને ચમત્કારની કથાઓનાં શોધ તથા સંગ્રહ કરવામાં એટલો તો તલ્લીન થઈ ગયેલો હતો કે તેને આ દુનિયાની બાબતોની કાંઇ દરકાર નહોતી. અભ્યાસ માટે તેના છ

**ઇ. સ. ૪૦૫ થી ૧૧**
**ફા-હીઆન**

વર્ષના વસવાટનો સમય જે સત્તાશાળી સમ્રાટ્‌ના મુલકમાં તેણે ગાળ્યો તેના નામનો ઉલ્લેખ કરવા જેટલી કાળજી પણ તેણે લીધી નથી. પણ લખાણમાં વચ્ચે વચ્ચે તેણે પોતાની કલમને તે સમયના સાધારણ જીવનની બીનાઓની નોંધ કરવા દીધી છે અને એક કરતાં વધારે ફકરાઓમાં તેણે વિગતો પણ નોંધી છે. એ બધી માહિતી જો કે વીસમી સદીની જિજ્ઞાસા સંતોષવા પૂરતી નથી તોપણ તે સમયના દેશની સ્થિતિનો સાધારણ ઠીકઠીક તાદશ ચિતાર આપે એવી છે. એ ચિતાર એકંદર રીતે આનંદ આપે એવો છે અને એનાથી એ પૂરવાર થાય છે કે પ્રજા શાંતિમાં રહી સમૃદ્ધ તથા સારી પેઠે આબાદ થાય એવા સુવ્યવસ્થિત રાજ્યતંત્રનો લાભ આપવાની શક્તિ રાજા વિક્રમાદિત્ય ધરાવતો હતો.

પાટલીપુત્રની પહેલી મુલાકાત વખતે, એ મુસાફર પર અશોકના મહેલની બહુ જબરી છાપ પડી હતી. એ મહેલ તે સમયે હયાતીમાં હતો અને તેમાં પથ્થર પરની કારીગીરી એવી તો હેરત પમાડે એવી હતી કે તે માનુષી કુશળતાની મર્યાદા બહારની જણાતી હતી અને તે કારણે તે સમ્રાટ્‌ની સેવામાં રહેતાં સત્વોથી કરાયેલી મનાતી હતી. અશોકે ઊભા કરેલા મનાતા એક સ્તૂપ પાસે બે મઠ ઊભા હતા જેમાંના એકમાં મહાયાન પંથના અને બીજામાં હીનયાન પંથના સાધુ રહેતા હતા. એ બંને સંસ્થાઓમાં મળીને છસોથી સાતસો સાધુઓ રહેતા હતા. એ સાધુઓ તેમની વિદ્વત્તા માટે એટલા બધા પ્રખ્યાત હતા કે દશે દિશામાંથી જિજ્ઞાસુઓ અને વિદ્યાર્થીઓ તેમનાં વ્યાખ્યાન સાંભળવા આવતા હતા. સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરતો ફા-હીઆન અહીં ત્રણ વર્ષ રહ્યો. જુદાજુદા સંપ્રદાયોનાં મઠજીવનની શિસ્તનાં જે પુસ્તકો મેળવવા એણે બીજાં ઘણાં સ્થળોએ વ્યર્થ ફાંફાં માર્યાં હતાં તે અહીં મળી જવાથી તેના મનમાં બહુ સંતોષ ઉપજ્યો હતો. પ્રતિવર્ષ, વર્ષના બીજા માસની આઠમે ગવૈયા તથા બજવૈયા સાથે મોટો વરઘોડો

**પાટલિપુત્રની રોનક**

નીકળતો અને તેમાં કિંમતી વસ્ત્રાલંકારોથી શણગારેલી મોટી વીસ મૂર્તિઓ રથોમાં પધરાવવામાં આવતી. ફા-હીઆન અતિશય આદર સાથે આ મૂર્તિઓના ભવ્ય વાર્ષિક વરઘોડાનું વર્ણન કરે છે. તેણે વળી નોંધ કરેલી છે કે દેશના જુદા જુદા ભાગમાં આવા વરઘોડા નીકળતા હતા.

ગંગાના મેદાનપ્રદેશમાં મગધ દેશનાં શહેર મોટામાં મોટાં હતાં. ફા-હીઆન એ પ્રદેશને 'મધ્ય દેશ' એટલે મધ્ય હિંદ એવા નામથી ઓળખે છે. એ પ્રદેશના લોકો સમૃદ્ધ અને આબાદ હતા અને તેની નજરે તે એક એક જોડે ધર્મના આચારમાં સ્પર્ધા કરતા જણાયા હતા. ધર્માદા સંસ્થાઓ દેશમાં સંખ્યાબંધ હતી. યાત્રીઓ માટે રાજમાર્ગો પર ધર્મશાળાઓ બાંધવામાં આવી હતી અને પાટનગરમાં પરગજુ અને સુશિક્ષિત નાગરિકોના દાનથી ચાલતું એક ઉત્તમ મફત દવાખાનું હતું.

**મફત દવાખાનાં**

આપણને એમ કહેવામાં આવે છે કે 'અહીં જાતજાતના રોગોથી પીડાતા તમામ ગરીબ અને લાચાર દર્દીઓ આવે છે. અહીં તેમની ખૂબ માવજત કરવામાં આવે છે, અને તેમની જરૂરિયાત મુજબ તેમને અન્ન તથા દવા આપવામાં આવે છે. આ પ્રમાણે તેમને સુખ-સગવડનાં સાધન પૂરાં પાડવામાં આવે છે. સાજા થયે તેઓ ત્યાંથી પોતાને સ્થાને જઈ શકે છે.'

તે સમયે દુનિયાના બીજા કોઈપણ ભાગમાં આના જેવી કાર્ય-સાધક સંસ્થા હશે કે કેમ તે બહુ શંકાસ્પદ છે. હાલનાં ખ્રિસ્તસંઘના દાન કર્મોનું તે સમયમાં થયેલું પૂર્વાચરણ તે સમયના તે સંસ્થાને પોષનારા નાગરિકોના ચારિત્ર માટે તથા જેના મરણ પછી પણ ઘણી સદી સુધી આવાં સુંદર ફળ ધારણ કરતા ધર્મોપદેશની પ્રથા પાડનાર સમ્રાટ્ મહાન અશોકની પ્રતિભા માટે આપણા દિલમાં ખૂબ આદર ઉત્પન્ન કરે છે.

સિંધુથી જમના નદી પર આવેલી મથુરા નગરી સુધીની ૫૦૦ માઈલની યાત્રા દરમિયાન, ફા-હીઆને એક પછી એક કેટલા ય બૌદ્ધ

**બૌદ્ધ સંપ્રદાય**

મઠોની મુલાકાત લીધી. એ મઠોમાં હજારો સાધુઓ રહેતા હતા મથુરાની સમીપમાં તો તેણે એવા વીશેક મઠ દીઠા જેમાં કુલે ૩૦૦૦ સાધુઓ રહેતા હતા. દેશના આ ભાગમાં બૌદ્ધ સંપ્રદાય તરફ લોકોની રૂચિ વધતી જતી હતી.

મથુરાની દક્ષિણે આવેલો પ્રદેશ એટલેકે માળવા જોઈ આ મુસાફરના મનમાં આશ્ચર્ય તથા આદરનો મિશ્ર ભાવ પેદા થયો હતો.

**માળવાની આબાદી**

તે પ્રદેશના કુદરત દત્ત લાભો તથા લોકોના સ્વભાવ તેમજ રાજ્યના વહીવટનો સંયમી વ્યવહાર જોઈ તેને બહુ આનંદ થયો હતો. એને એ પ્રદેશનાં હવાપાણી બહુ અનુકૂળ લાગ્યાં, કારણકે પોતાના મુલકમાં તેમજ યાત્રા દરમિયાન તેનાં પરિચિત થયેલાં હિમઠાર તથા બરફનાં તોફાનોનાં દુઃખથી આ મુલક તદન મુક્ત હતો. એ મુલકની મોટી વસ્તી, સમજુ સરકારના અમલ નીચે સુખમાં રહેતી હતી અને સરકાર તરફથી નકામો ઘોંચપરોણો કે કનડગત કરવામાં આવતાં નહોતાં. ચીની સંસ્થાઓ જોડે સરખામણી કરતાં 'પોતાના ઘરોની નોંધામણીથી મુક્ત રહેવા માટે તેમજ કોઈ ન્યાયાધીશ કે ખાસ નિયમોને આધીન રહેવાની ફરજથી મુક્ત રહેવા માટે' ફા–હીઅન હિંદીઓને અભિનંદન આપે છે. તેમને પરવાનાના નિયમોનો ત્રાસ નહોતો અથવાતો એ યાત્રી સાફસાફ કહે છે તેમ 'જેમને જવું હોય તે જઇ શકે છે અને રહેવું હોય તે રહે છે.' ચીનાઈ તંત્રની સરખામણીમાં ફોજદારી કાયદાનો અમલ તેને પ્રમાણમાં ઓછો કડક જણાયો. ઘણાખરા ગુનાઓનો તો માત્ર દંડ જ કરવામાં આવતો અને તેનું પ્રમાણ ગુનાની ગંભીરતા મુજબ ઓછું કે વધારે રહેતું. વધની શિક્ષાને તો કોઇ જાણતું જ નહોતું એમ દેખાય છે. ઉપરાચાપરી બળવો કરનાર ગુનેગારોનો જમણો હાથ કાપી નાખવામાં આવતો. આ શબ્દસમૂહથી દર્શાવાતા ગુનેગારોના વર્ગમાં લૂંટારા અને ધાડપાડુઓનો સમાવેશ

થાય છે. પણ આવી શિક્ષા અપવાદરૂપ હતી અને કાયદેસર શરીર-વ્યથા કરવાનો પ્રચાર નહોતો. રાજ્યની મહેસૂલ મોટેભાગે સરકારી જમીનની વિઘોટી દ્વારા ઊઘરાવવામાં આવતી અને રાજ્યના અમલદારોને બાંધ્યો પગાર મળતો હોવાથી લોકો પાસેથી મારી ખાવાનો પ્રસંગ મળતો નહિ.

**બૌદ્ધોની જીવનચર્યા**

બૌદ્ધોની જીવનચર્યાનું મોટે ભાગે પાલન કરવામાં આવતું. આપણને કહેવામાં આવે છે કે 'દેશભરમાં, કોઈ કોઈ જીવતા પ્રાણીની હત્યા કરતું નથી તેમજ ડુંગળી કે લસણ ખાતું નથી. . . . . તેઓ ડુક્કર કે મરઘાં પાળતા નથી. ઢોરોના સોદા થતા નથી તેમજ તેમના ચૌટામાં દારૂ ગાળવાની ભઠ્ઠિઓ હોતી નથી.' ચંડાલો અથવા અંતેવાસીઓ રગતપીતીઆંની પેઠે ગામથી અલગ જગાએ રહેતા. શહેર કે બજારમાં દાખલ થતાં તેમના આગમનની ખબર બીજા લોકોને આપવા લાકડાના ટુકડા એકએક પર પછાડી અવાજ કરવાનું તેમને માટે ફરજિયાત હતું, જેથી બીજા લોકો તેમને અડકવાથી અભડાય નહિ. આ ચંડાલો જ ધર્મના ગુનેગાર હતા અને તેઓ જ શિકારી, માછી અને ખાટકીનું કામ કરતા. કોડીઓ એ સાધારણ ચલણી નાણું હતું. બૌદ્ધ મઠોને ઉદાર હાથે રાજ્ય તરફથી દાન મળતાં અને સાધુઓને પ્રજા તરફથી ઘરોનાં, પથારીઓનાં, ચટાઇઓનાં તેમજ અન્ન તથા વસ્ત્રનાં દાનની કદી ખોટ પડતી નહિ.

**સુરાજ્ય**

હિંદમાં સૌથી વહેલા આવેલા ચીની મુસાફરે એકત્ર કરેલી અને નોંધેલી આ વિગતો પરથી એ તો નિઃસંદેહ જણાય છે કે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના રાજ્યનો વહીવટ સુવ્યવસ્થિત હતો. સત્તાવાળાઓ પ્રજાના જીવનમાં બની શકે તેટલા ઓછા આડે આવતા અને તેને પોતાને ફાવે તેવી રીતે ધનસંચય કરવા તથા આબાદ થવા દેતા હતા. આ ભક્તયાત્રીએ કોઇપણ જાતની ડખલ વગર પાટલીપુત્રમાં ત્રણ વર્ષ

સંસ્કૃતનો અને બે વર્ષ તામ્રલિપિ (તામલુક) બંદરમાં અભ્યાસ કર્યો. અને એ તો ચોખ્ખું જ છે કે મુસાફરો માટે રસ્તા તદ્દન સહિ-સલામત હતા. તેના પછી આવનાર હ્યુએન્ત્સાંગને સાતમા સૈકામાં અનેકવાર અનુભવવાં પડેલાં, લૂંટારાને હાથે લૂંટાવાના દુઃખની ફરિ-યાદ કરવાનો આ યાત્રીને પ્રસંગ ઊભો નહોતો થયો. ઘણું કરીને પૌર્વાત્ય દૃષ્ટિએ વિક્રમાદિત્યના અમલના જેવું સુરાજ્ય હિંદે ત્યાર બાદ ભોગવ્યું નથી. સરકાર બધું જ કરવાનો યત્ન નહિ કરતી, તથા પ્રજાની વાતમાં માથું મારતી નહિ અને તેથી તે બહુ લોકપ્રિય હતી. અતિશય પતિતના વર્ગ સિવાય બીજા બધા વર્ગના જીવન પર બૌદ્ધ સંપ્રદાયની દયાપ્રધાન શિક્ષાનો પ્રબળ પ્રભાવ પડેલો હતો. રાજા સનાતની બ્રાહ્મણ ધર્મનો હોવાથી બૌદ્ધ કે જૈન સરકાર બીજા સંપ્રદાયોને કનડવાનું વલણ દેખાડે તેવી વૃત્તિ પર દાબ મુકાતો હતો અને તેથી ધાર્મિક માન્યતાની બાબતમાં પૂરી છૂટ મળવાની ખાત્રી હતી. એક ધર્મનિષ્ઠ ભક્ત તરીકે ફા-હીઆન બધી બાબતો બૌદ્ધસંપ્રદાયના ચશ્માંમાંથી જોતો, પણ એ તો દેખીતું છે કે સર્વોપરી સત્તા બ્રાહ્મણ ધર્માવલંબી હોય, ત્યારે સનાતન ધર્મ એ યાત્રીના લખાણ જોતાં જણાય છે તેથી વધારે આગળપડતો હોવો જોઇએ તથા યજ્ઞો કરવાની છૂટ પણ હોવી જોઇએ. ખરું જોતાં બૌદ્ધો સામેનું બ્રાહ્મણોનું પ્રતિકાર્ય તો ફા-હીઅનની મુસાફરી કરતાં ઘણું વહેલું શરૂ થઈ ચુકેલું હતું અને હિંદમાં બૌદ્ધ સંપ્રદાય તો અવનતિને પંથે વળી ચૂકેલો હતો જોકે એ યાત્રીને અવનતિનાં ચિહ્નો પારખી શક્યો નહોતો.

**કેટલાક પ્રદેશો આબાદ નહોતા**

ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના અમલ દરમિયાન તેના મુલકની સામાન્ય આબાદી તથા શાંતિના પુષ્કળ પૂરાવા તેની સીધી સાહેદીથી તેમજ ઘણાં વર્ષ સુધી બધી દિશામાં તેણે કરેલી મુશીબત કે હરકત વિનાની યાત્રાઓથી મળે છે, છતાં કેટલાક પ્રદેશ દેશની સામાન્ય આબા-દીના ભાગીદાર નહોતા અને સંપત્તિ તથા

વસ્તીની બાબતમાં પાછાં પડ્યાં હતાં. આપણને કહેવામાં આવે છે કે 'ગયા શહેર ખાલી અને વેરાન હતું. તેનાથી દક્ષિણે છ માઇલ પર આવેલાં બોધિ–ગયાનાં પવિત્ર સ્થાનોની આસપાસ જંગલ ઊગી નીકળ્યાં હતાં. હિમાલયની તળેટીનો વિસ્તીર્ણ પ્રદેશ જે ઈ.સ. પૂર્વે પાંચમા સૈકામાં મોટી વસ્તીથી ભરચક ભરેલો હતો તે આ સમયે આછી વસ્તીવાળો થઈ ગયો હતો. રાપ્ટિ નદીના મૂળ તરફના ભાગ આગળ આવેલી મોટી શ્રવસ્તી નગરીમાં આજે માત્ર બસો ઘરની વસ્તી હતી, અને કપિલવસ્તુ તથા કુશિનગરનાં પવિત્ર સ્થાનકો વેરાન અને ત્યજાયેલાં હતાં. માત્ર થોડા સાધુઓ તથા તેમના સંઘની બહારના પરિચારકો એ પવિત્ર સ્થાનોને વળગી રહ્યા હતા અને કદીકદી આવતા યાત્રીઓના દાન પર જેમતેમ કરી કથાવટીએ નભી રહેતા હતા. આ પડતીનાં કારણોની કાંઈ જાણ પડતી નથી.

**ઇ.સ. ૪૧૩ કુમારગુપ્ત ૧લો.**

વિક્રમાદિત્યની રાણીઓમાંની ધ્રુવદેવી નામની રાણીનો પુત્ર યુવાન કુમારગુપ્ત ઇ.સ. ૪૧૩માં ગાદીએ આવ્યો. તેણે ચાલીસ કરતાં વધારે વર્ષ રાજ્ય કર્યું. તેના તેજ નામના પ્રપૌત્રથી ઓળખાવવા માટે ઇતિહાસમાં તે કુમારગુપ્ત૧લાના નામથી ઓળખાય છે. આ રાજાના અમલનાં બનાવોની વિગતોની કંઈ માહિતી નથી પણ આખા સામ્રાજ્યમાં ઠામઠામથી મળી આવતા સંખ્યાબંધ સમકાલિન લેખો અને સિક્કાઓથી એટલું તો નિઃસંદેહ નક્કી થાય છે કે તેના અસાધારણ લંબાયેલા રાજ્યના ઘણાખરા સમય દરમિયાન તેના મુલકના વિસ્તારમાં કાંઈ ઘટાડો થયો નહોતો. એથી ઊલટું તેમાં કાંઈક વધારો થયો હતો, કારણકે પોતાની સાર્વભૌમ સત્તાની જાહેરાત માટે કુમારગુપ્તે તેના દાદાની પેઠે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. સફળ યુદ્ધ કરવાની શક્તિ વગર તેણે આવી બડાશભરી હીલચાલ કરી હોય એ બનવાજોગ નથી. પણ જે નોંધો મળી આવે છે તેમાં ચોકકસ બનાવોની કાંઈ માહિતી નથી, સિવાય કે તેના રાજ્યના અંત ભાગમાં એટલે **પાંચમા**

સૈકાની અધવચમાં કુમારના રાજ્યને વાયવ્ય ઘાટોમાંથી ઊભરાઇ આવી આખા ઉત્તર હિંદ પર એક વિનાશક પૂરની પેઠે પથરાતાં હુનનાં ટોળાંઓથી ખૂબ ખમવું પડ્યું હતું. એ હુનની ચઢાઇની તેમજ તેને પરિણામે ગુપ્ત સામ્રાજ્યના છિન્નભિન્ન થવાની વિગતોમાં ઊતરતાં પહેલાં હિંદી ભાષા, સાહિત્ય, કલા, વિજ્ઞાન તથા ધર્મ એ બધાના ક્રમવિકાસમાં મહાન ગુપ્ત રાજ્યકર્તાઓના અમલની કેવી અસર થઈ હતી તે બાબતની થોડીક ટૂંકી ટીકા કરવા રોકાવું ઇષ્ટ છે.

# પ્રકરણ ૧૨ મું

## ગુપ્તસામ્રાજ્ય (ચાલુ) અને સફેદ હુનો

### ઇ.સ. ૪૫૫ થી ૬૦૬

ઇ.સ. પૂર્વેની બે સદી તથા ત્યાર પછીની બે સદીના સમયમાં કાશ્મીર, અફઘાનિસ્તાન તથા સુયાત સાથેના આખા ઉત્તર હિંદમાં બૌદ્ધ સંપ્રદાયનો બહુ બહોળો પ્રસાર હતો એનો સાદો અને સીધો પૂરાવો તે સમયમાં બંધાયેલા સંખ્યાબંધ બૌદ્ધ મકાનોના અવશેષો તથા જથ્થાબંધ લેખો છે, જેમાંના ઘણાખરા બૌદ્ધ કે જૈન સંપ્રદાયના છે. બૌદ્ધ સંપ્રદાયને બહુ મળતો જૈન સંપ્રદાય એના જેટલી વિશાળ લોકપ્રિયતા પામેલો જણાતો નથી, જોકે કેટલાંક સ્થાનોમાં અતિશય ભક્તિથી તે પાળવામાં આવતો હતો. એ સ્થાનોમાંનું એક મથુરા હતું.

**ઈ.સ. પૂર્વે ૨૦૦ થી ઈ.સ. ૨૦૦ સુધીમાં બૌદ્ધ સંપ્રદાયનો બહોળો પ્રચાર**

બ્રાહ્મણોની દોરવણી નીચે ચલાવવામાં આવતી સનાતન હિંદુ પૂજા પદ્ધતિ, જેમાં જૈનો તથા બૌદ્ધોને અતિશય નાપસંદ એવા યજ્ઞયાગાદિકનો સમાવેશ થતો હતો, તેનો એ સમય દરમિયાન કદી પણ પૂરેપૂરો લોપ નહોતો થયો એટલું જ નહિ પણ તે એ બધા સમય દરમિયાન પ્રજા તેમજ રાજાના આદરનું પાત્ર બની રહી હતી. કુશાન વિજેતા કડફીસિસ બીજો તેના બંદીવાન હિંદથી જીતાયો હતો અને પોતાની નવી પ્રજામાં પ્રચલિત શિવપૂજા તે એટલા તો ઉત્સાહથી કરવા મંડ્યો કે તે હમેશાં પોતાના સિક્કાઓ ઉપર હિંદુ દેવની છબી છાપતો અને પોતાની જાતને તેનો ભક્ત કહાવતો. જે ગાળામાં બૌદ્ધ સંપ્રદાય કોઇ પણ જાતના પ્રશ્ન વિના સૌથી વધારે લોકપ્રિય અને સર્વત્ર સામાન્ય રીતે સ્વીકારાયેલો પંથ હતો. તે સમયમાં પણ જૂના હિંદુ દેવતાઓની પૂજા ચાલુ હતી

**હિંદુધર્મનો લોપ નહોતો થયો**

એ વાતની સાબિતી આપવામાં ઘણી બીનાઓ એકમત થાય છે.

કેટલીક બાબતોમાં બૌદ્ધ સંપ્રદાયનો મહાયાન વિભાગ, બ્રાહ્મણ સંપ્રદાય કરતાં વર્ણ વગરના પરદેશી સરદારોના આદરભાવને આકર્ષવા વધારે લાયક હતો; અને બ્રાહ્મણધર્મ કરતાં બૌદ્ધ સંપ્રદાય તરફ પક્ષપાત બતાવવાનું સ્પષ્ટ વલણ તેમણે બતાવ્યું હશે એમ ધારવું જરા ય ગેરવ્યાજબી નહિ ગણાય. પણ આપણી પાસે પડેલી હકીકતો ઉપરથી તો પરદેશીઓએ બૌદ્ધ સંપ્રદાય તરફ આંખે ચઢે એવો સાધારણ પક્ષપાત બતાવ્યાનું સૂચન થતું નથી. કનિષ્કે પાડેલા અને હાલ દુર્મિલ એવા સિક્કા જ સ્પષ્ટ રીતે બૌદ્ધ છાપવાળા છે. એ વાતનો નિઃસંદેહ છે કે તેના પાછલા જીવનમાં કનિષ્કે બૌદ્ધ-સંઘને ખૂબ ઉદાર આશ્રય આપ્યો હતો, અને તેના પુત્ર હુવિષ્કે પણ તેમ જ કર્યું હતું. પણ તેના પછીનો રાજા વાસુદેવ, કડફીસિસ બીજાની પેઠે શિવભક્તિ તરફ વળ્યો. તેવી જ રીતે સૌરાષ્ટ્રના પાછલા શક ક્ષત્રપોએ બૌદ્ધ સંપ્રદાય કરતાં બ્રાહ્મણધર્મ તરફ વધારે અંગત વલણ બતાવેલ છે અને એ તો નક્કી છે કે પ્રાકૃત સાહિત્ય કરતાં બ્રાહ્મણોના સંસ્કૃત સાહિત્યને તેમણે વધારે આશ્રય આપેલો છે.

**પરદેશી રાજાઓનો ધર્મ**

બીજા સૈકાની શરૂઆતમાં કનિષ્કના સમયથી આગળપડતી અને લોકગમ્ય થયેલી બૌદ્ધ સંપ્રદાયની મહાયાન શાખાની અભિવૃદ્ધિ બ્રાહ્મણોના હિંદુધર્મની સત્તા સજીવન થયાની સાક્ષીરૂપ છે. બૌદ્ધ સંપ્રદાયના આ નવા રૂપ અને હિંદુધર્મ વચ્ચે ઘણી સમાનતા હતી. અને એ બે વચ્ચેનો સંબંધ એટલો તો નિકટ છે કે અમુક મૂર્તિને કયા ખાસ સંપ્રદાયની ગણવી એ બાબતમાં નિષ્ણાતો પણ ઘણી વાર ગુંચવાઈ જાય છે.

**મહાયાન તથા હિંદુત્વ વચ્ચે સંબંધ**

બ્રાહ્મણોનો હિંદુ ધર્મ એ પંડિતોનો ધર્મ હતો. તેમની પવિત્ર ભાષા સંસ્કૃત હતી. પંજાબમાં પ્રચલિતપ્રાકૃત ભાષાના એક બહુ જ

**સંસ્કૃતનું પુનરુ-જ્જીવન**

કૃત્રિમ, સાહિત્યને અનુકૂલ રૂપાંતર રૂપ તે હતી. ધર્મ તથા સામાજિક આચારની બાબતમાં રાજા તથા પ્રજા પર જેમજેમ પંડિતોનો પ્રભાવ વધતો ગયો તેમતેમ તેમના વિચારોના વાહન રૂપ ખાસ ભાષાનો ઉપયોગ વધારે વિસ્તૃત થયો અને દરબારી તથા વિધિપૂર્વકનાં બધાં દસ્તાવેજોમાં ધીમેધીમે પ્રાકૃતનું સ્થાન તેણે લીધું. ઈ.સ. પૂર્વેના ત્રીજા સૈકામાં પ્રાકૃત લોકો સમજે એવી સહેલી લોક-ભાષામાં પોતાનાં શાસનો સંબોધી અશોકે સંતોષ માન્યો હતો; પણ ઈ.સ. પછીના બીજા સૈકાની અધવચમાં ક્ષત્રપ રુદ્રદામાને એમ લાગ્યું કે પોતાનાં પરાક્રમોને પ્રૌઢ સંસ્કૃત ભાષામાં લખ્યે જ પૂરતી રીતે ભવિષ્યની પ્રજા માટે જીવતાં રાખી શકાય. આ પુસ્તકમાં એ વિષયમાં બહુ ઊંડા ઊતરવાનું અસંભવિત છે અને અહીં તો એટલું જ જણાવવું બસ છે કે બ્રાહ્મણધર્મના પુનરુજ્જીવનની સાથેસાથે બ્રાહ્મણોની પવિત્ર ભાષા સંસ્કૃતનો બહુ જ બહોળા વિસ્તારમાં પ્રચાર થયો.

કારણો ગમે તે હોય પણ એટલું તો પૂરતું પૂરવાર થયું છે કે બીજા સૈકામાં જોવામાં આવતી બ્રાહ્મણધર્મનાં લોકરુચિને પુનઃ

**ગુપ્તયુગમાં હિંદુ પ્રતિકાર્ય**

પ્રાપ્ત થવાની બાબત તેમજ તેની સાથેસાથે થયેલા સંસ્કૃત ભાષાના પુનરુજ્જીવનને ત્રીજા સૈકામાં ગૂજરાત તથા સૌરાષ્ટ્રના ક્ષત્રપોએ ખૂબ ઉત્તેજન આપ્યું, અને ચોથા તથા પાંચમા સૈકામાં ગુપ્ત સમ્રાટોએ એને માથે વિજયનો કળશ ચઢાવ્યો. એ રાજાઓ બૌદ્ધ અને જૈન સંપ્રદાયો પ્રત્યે સહિષ્ણુ હતા અને ત્રણેક પ્રસંગોમાં તો અંગત રીતે બૌદ્ધ સંપ્રદાયમાં રુચિ ધરાવતા હતા, છતાં તેઓ પોતે જાહેર રીતે સનાતની હિંદુ હતા અને સામાન્ય રીતે પંડિતોની ભાષા સંસ્કૃતમાં અતિ કુશળ બ્રાહ્મણ સલાહકારોની સલાહ મુજબ વર્તનારા હતા એમાં જરા યે શંકા જેવું નથી. બૌદ્ધોએ

યજ્ઞયાગોનો તુચ્છકાર કર્યો. તેની સામેના પ્રતિકાર્યના બહુ વહેલા ચિહ્નરૂપે બીજા સૈકાના અંતમાં પુષ્યમિત્રે કરેલો અશ્વમેધ યજ્ઞ ગણી શકાય. ચોથા સૈકામાં સમુદ્રગુપ્તે વધારે દમામથી એ જ પ્રાચીન ક્રિયાને સજીવન કરી અને પાંચમા સૈકામાં એના પૌત્રે એ જ ગંભીર ધાર્મિક ક્રિયાની પુનરાવૃત્તિ કરી. વધારે વિગતોમાં ઊતર્યા વગર આ બાબતને એક જ ટીકામાં દર્શાવી શકાય એમ છે અને તે એવી છે કે, સિક્કાઓ, લેખો તથા બાંધકામોની પુષ્કળ સાબિતીઓ એમ પૂરવાર કરવામાં સંમત થાય છે. ગુપ્ત યુગમાં બૌદ્ધ સંપ્રદાયને ભોગે બ્રાહ્મણોના હિંદુધર્મની જ્યોત ફરી પ્રકટી અને આંધ્ર રાજાઓનો આશ્રય પામેલી લોકોને ગમતી અને સામાન્ય રીતે બોલાતી પ્રાકૃત સાહિત્યની ભાષાના ભોગે રાજાઓએ સંસ્કૃત ભાષાને પોતાનો આશ્રય આપવા માંડ્યો હતો.

ઇ. સ. પૂર્વે ૫૮થી શરૂ થતા વિક્રમ સંવતના પ્રવર્તક મનાતા લોકકથાના જાણીતા નાયક ઉજ્જેનના રાજા વિક્રમની વાર્તાઓ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યની યશગાથાઓની સ્મૃતિઓની ઝાંખી ઝળકથી રંગાયેલી છે. ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે ઈ.સ.ના ચોથા સૈકાની આખરમાં ઉજ્જેન નગરી જીતી લીધી હતી એ તો નિઃશંક વાત છે. લોકકથા રાજા વિક્રમના દરબારમાં નવ રત્ન હતાં એમ કહે છે. એ સૌના શિરોમણિરૂપ કાલિદાસ કવિ હતો. બધા ચર્ચકો તેને સર્વ સંસ્કૃત કવિ તથા નાટ્યકારોના રાજા તરીકે સ્વીકારે છે. મારો તો એવો નિર્ણય છે કે કાલિદાસ પાંચમા સૈકામાં થઈ ગયો અને તેનાં કાવ્યો લખી ગયો તથા તેનું સાહિત્યજીવન લાંબું એટલે કે ત્રીસ વર્ષથી કાંઇક વધારે હતું એ વાત તો હવે સિદ્ધ થઈ ચૂકી ગણાય. જોકે એ મહાકવિની કારકીર્દિનો સાલવારી અહેવાલ ચોકસાઇથી મુકરર કરવાનું કામ મુશ્કેલ છે, તોપણ એટલું તો સંભવિત જણાય છે કે તેણે કાં તો ચંદ્રગુપ્ત બીજાના અમલના છેલ્લા ભાગમાં કે કુમારગુપ્ત પહેલાના અમલની શરૂઆતમાં લખવા માંડ્યું હશે. ઉજ્જેનના રાજા વિક્રમ જોડે

**વિક્રમાદિત્ય અને કાલિદાસ**

કવિ કાલિદાસનું[1] નામ લોકકથામાં હમેશ જોડવામાં આવેલું જોવામાં આવે છે એ હકીકતને ઠરેલ ચર્ચા ઉપર જણાવેલી રીતે વ્યાજબી ઠરાવે છે.

**ગુપ્તયુગની બુદ્ધિપ્રવૃત્તિ**

વિશાળ અર્થમાં સમજતાં ગુપ્તવંશ ઈ. સ. ૩૦૦થી ઈ. સ. ૬૫૦ સુધીનો ગણાય. વધારે ખાસ અર્થ કરતાં તેની સમયમર્યાદા ચોથો અને પાંચમો સૈકો ગણાય. આ યુગ અનેક ક્ષેત્રોમાં અસાધારણ બુદ્ધિપ્રવૃત્તિનો યુગ હતો. ઇંગ્લૅંડના ઇતિહાસમાં એ યુગને કાંઇક અંશે મળતો યુગ હોય તો તે ઇલિઝાબેથ તથા સ્ટુઅર્ટ રાજાઓનો યુગ ગણી શકાય. ઈંગ્લૅંડમાં જેમ બીજા બધા નાના દીવાઓની સરખામણીમાં શેક્સ્પીઅર એક મહાન ઝગઝગતા દીવા જેવો ચમકી રહ્યો હતો, તેમ આ યુગમાં કાલિદાસના પ્રખર તેજ આગળ બીજા બધા સાહિત્યદીવડા ઝાંખા થઇ ગયા હતા. શેક્સ્પીઅરે તેનાં

---

૧ કાલિદાસ પશ્ચિમ માળવાની નાની નદીઓ અને બીજી વિગતોની એટલી બધી વિગતવાર અંગત માહિતી ધરાવતો જણાય છે કે મોટે ભાગે તે મંડસોરનો (દાસપુર) અથવા તો તેની પડોશના કોઈ સ્થાનનો રહેવાસી હશે એમ જણાય છે. આ જ કારણે તે ઉજ્જેનનો દરબાર તેમજ તે પાટનગરમાં કેંદ્રિત થયેલા ધમાલભર્યાં જીવનના નિકટ પરિચયમાં આવ્યો હતો. (એમ. એમ. હરપ્રસાદ શાસ્ત્રી. જે. બી. ઓ. રીસ. સો. પુસ્તક ૫. ૧૯૭–૨૧૨).

કાલિદાસનો સમય હાલના જમાનામાં બહુ ચર્ચાનો વિષય થઈ પડેલ છે અને ૧૯૧૧ના નવેમ્બર સુધીની ચર્ચાનું એકીકરણ અને ઉપસંહાર બી. લીબીકે 'ડાસડેટમ ડેસ કાલિદાસ' નામના લેખમાં કરેલું છે. (ઇન્ડોજર્મન ફોરશુંગન, સ્ટ્રાસબર્ગ, બાન્ડ × × × (૧૯૧૨) પૃ. ૧૯૮ થી ૨૦૩). તે પહેલાના ઉલ્લેખો નીચે મુજબ છે: મૅકડોનલ્ડ; 'હિસ્ટરી ઑફ સંસ્કૃત લિટરેચર. (૧૯૦૦). પૃ. ૩૨૪. જેમાં કાલિદાસને પાંચમા સૈકાના પ્રારંભમાં મૂકેલો છે. કીથ (જે. આર. એ. એસ., ૧૯૦૯ પૃ. ૪૩૩–૯) એને ચંદ્રગુપ્ત બીજાના રાજ્યમાં મૂકે છે. જો કે રઘુવંશમાં આવતો હુનોનો ઉલ્લેખ એ

અમર નાટકો ન લખ્યાં હોત તોપણ ઇલિઝાબેથના યુગનું સાહિત્ય સારી રીતે સમૃદ્ધ રહેત તે જ રીતે જો કાલિદાસની કૃતિઓ કાળ-ચક્રમાંથી બચવા ન પામી હોત તોપણ સાહિત્યની અભિવૃદ્ધિમાં એ યુગ અસાધારણ રીતે ફળદ્રુપ હતો એવું પૂરવાર કરે એવી બીજા ઘણા લેખકોની કૃતિઓ પૂરતા પ્રમાણમાં રહી હોત.

**સાહિત્ય**

હિંદી નાટકોમાંના અતિ રોચક નાટકો પૈકીનું એક જાણવા જેવું નાટક 'મૃચ્છકટિક' છે. એ નાટકની રચનાનો સમય હાલમાં પાંચમો કે છઠ્ઠો સૈકો ગણાય છે અને કદાચ તેથી પણ તે કાંઇક વહેલો હોય. તેના જેવું જ બીજું એક ધ્યાન ખેંચે એવું નાટક 'મુદ્રા રાક્ષસ' છે. તેમાં ચંદ્રગુપ્ત મૌર્યે નંદ રાજાની પાસેથી રાજ્યસત્તા બળજબરીએ બથાવી પાડવાની વાત આવે છે. એ નાટક પણ કદાચ ઉપલા જેટલું જ પ્રાચીન હશે. પ્રો. હિડલબ્રેન્ટ ઇ.સ. ૪૦૦ના અરસામાં બીજા ચંદ્રગુપ્તના

---

પુસ્તકને તેટલા વહેલા સમયમાં મૂકવાનું કામ અઘરૂં કરે છે. (જુઓ જે. આર. એ. એસ., ૧૯૦૯ પૃ. ૭૩૧–૯; અને ઇન્ડિ. એન્ટિ. ૧૯૧૨ પૃ. ૨૬૫). હૉર્નલેનો વાદ કાલિદાસના સક્રિય જીવનને છઠ્ઠા સૈકાના પહેલા અર્ધ ભાગમાં મૂકે છે (જે. આર. એ. એસ., ૧૯૦૯ પૃ. ૧૧૨) પણ તેને કોઇનો ટેકો નથી અને મને તે ભૂલભરેલા અનુમાનના પાયા પર ઊભો કરેલો જણાય છે. કાલિદાસના કવિજીવનની શરૂઆતનાં વર્ણનાત્મક કાવ્ય 'ઋતુસંહાર' અને 'મેઘદૂત' ઈ.સ. ૪૧૩ પહેલાં એટલે કે ચંદ્રગુપ્ત બીજો ગાદીએ હતો તે અરસામાં લખાયાં હોય એ અસંભવિત નથી, પણ મને એમ માનવાનું મન થાય છે કે ઈ.સ. ૪૧૩ થી ૫૫ સુધીનું કુમારગુપ્ત પહેલાનું રાજ્ય તેની પાછળની કૃતિઓનો સમય હશે અને તેની આખી કવિ કારકીર્દિ તે રાજ્યની મર્યાદાની અંદર આવી ગઈ હશે. સંભવ છે કે સ્કંધગુપ્તના રાજ્યારોહણ પછી પણ એનું કાવ્યો રચવાનું કામચાલુ રહ્યું હોય; પણ ગુપ્ત સત્તા તેના પૂરબહા-રમાં હતી તે અરસામાં પાંચમા સૈકામાં તે થઈ ગયો એ વાતમાં તો મને જરા-પણ શંકા નથી. કાલિદાસની કૃતિઓના સાલવારી ક્રમ માટે જુઓ. એમ. એમ. હરપ્રસાદ શાસ્ત્રી જે.બી. ઓ. રીસ. સો. પુસ્તક ii પૃ. ૫૭૯–૮૯માં).

સમયમાં એનો નિર્માણકાલ હશે એમ માનવાનું વલણ બતાવે છે.

અઢાર પુરાણોમાંના સૌથી જૂના પુરાણો પૈકીનું 'વાયુપુરાણ' તેના હાલના રૂપમાં ચોથા સૈકાના પહેલા અર્ધ ભાગમાં નિર્માણ થયું હશે એવો સાફ નિર્ણય થઇ શકે એમ છે; અને આપણે હાલ જે મનુસ્મૃતિથી પરિચિત છીએ તે પણ ગુપ્તયુગની શરૂઆતમાં જ મૂકી શકાય એમ છે. આથી વધારે વિગતોમાં ઊતરી સંસ્કૃત સાહિત્યના ઇતિહાસકારના પ્રદેશમાં બળજબરીએ પ્રવેશ ન કરતાં પ્રો. ભાંડારકરની ટીકાનું અવતરણ આપવું બસ છે. તે કહે છે કે 'એ વ્યાપક સાહિત્ય "સર્જનપ્રેરણા" રૂપી વિશિષ્ટ લક્ષણવાળો યુગ હતો અને તેની અસર કાવ્યકૃતિઓમાં તેમજ સ્મૃતિગ્રંથો અને સાહિત્યની બીજા પ્રકારની કૃતિઓ પર પણ જોવામાં આવે છે.'

**વિજ્ઞાન**

ગણિત અને જ્યોતિર્વિજ્ઞાનના ક્ષેત્રમાં ગુપ્તયુગ આર્યભટ્ટ (જન્મ ઇ.સ. ૪૭૬) અને વરાહમિહિર (મરણ ઈ.સ. ૫૮૦) જેવાં યશસ્વી નામોથી અલંકૃત છે. મિ. કાયે નામના એક પ્રખર પ્રમાણભૂત લેખકનો એવો મત છે કે ગણિત-વિદ્યાના ઉત્કર્ષનો યુગ આશરે ઈ. સ. ૪૦૦ની આસપાસમાં શરૂ થયો અને આશરે ઇ.સ. ૬૫૦માં પૂરો થયો, અને ત્યાર પછી તો તેની પડતી જ થયેલી છે.

**કળાઓ: શિલ્પકળા**

સમુદ્રગુપ્ત જાતે સંગીતનો કેવો રસિયો હતો તથા જાતે તે કળાનો કેવો કરવૈયો હતો તેમજ તે કળાને કેવું ઉત્તેજન આપતો હતો તે તો આપણે જોયું છે. બીજી કળાઓ પણ ગુપ્ત રાજાઓની કૃપાપાત્ર બની હતી અને તેમના બુદ્ધિશાળી આશ્રય નીચે આબાદ થઇ હતી. લગભગ આખા ગુપ્ત રાજ્ય પર મુસલમાન લશ્કરો અનેકવાર ફરી વળ્યાં હતાં તેમજ તેમાં જાથુકનાં વસવાટ કરી રહ્યાં હતાં, અને તેઓ ભાગ્યે જ કોઇપણ હિંદુ ઇમારતનો નાશ કરવા ચૂકતા—આ અકસ્માત ગુપ્ત યુગનાં લગભગ બધાં મોટાં બાંધકામોના નાશની સમજૂતિ

આપે છે. પરંતુ હાલની શોધખોળોને પરિણામે પાંચમા તથા છઠ્ઠા સૈકામાં બંધાયેલાં બૌદ્ધ તેમજ બ્રાહ્મણ સંપ્રદાયનાં સંખ્યાબંધ ભવ્ય મકાનોની હયાતીના પુષ્કળ પુરાવા મળ્યા છે. ઇસ્લામી ટોળાંઓની આવજાના માર્ગથી દૂર આવેલી, ઓતાડી જગાઓમાં મોટા પાયા પર રચાયેલાં શિલ્પકામોના થોડા નમૂના આજ પણ જોવામાં આવે છે. વળી તે યુગનાં બચી રહેલાં નાનાંનાનાં મંદિરો તો સાધારણ સારી સંખ્યામાં મળી આવે છે. તે યુગમાં શિલ્પકળાનો ખૂબ સફળતાથી મોટા પાયા પર ઉપયોગ કરવામાં આવતો હતો એ કથનને વ્યાજબી ઠરાવવા પૂરતી માહિતી અત્યારે આપણને છે.

**પ્રતિમાવિધાન, ચિત્રકળા અને પંચીગરની કળા**

હિંદમાં શિલ્પકળાની આનુષંગિક કળા તરીકેનું સ્થાન લેતી તથા તેની સાથે નિકટ સંબંધ ધરાવતી પ્રતિમાવિધાનની કળા ઘણી પૂર્ણતાની સ્થિતિએ પહોંચી હતી, પણ એ બીના અત્યાર પહેલાં કોઈના લક્ષમાં આવી નથી. તેના ઉત્તમ નમૂના ખરેખર એટલા બધા સારા છે કે હિંદી શિલ્પીઓના પ્રયત્નોમાં તે ઊંચામાં ઊંચું સ્થાન લે એવા છે. અજંતાની ભીંત પરનાં ઝાલર-ચિત્રોમાંના કેટલાક ઉત્તમ નમૂના અને તેને મળતા લંકામાં સિગિરીયના કળાનમૂના (ઇ.સ. ૪૭૯થી૯૭)ના દૃષ્ટાંતવાળી ચિત્રકળાનો, શિલ્પકળાના જેટલી જ અથવા તેથી પણ વધારે સફળતાથી ઉપયોગ કરવામાં આવતો હતો. હિંદુ રાજાઓએ પાડેલા સિક્કાઓમાં કેટલાક સોનાના ગુપ્તસિક્કાઓ જ કળાની કૃતિઓ ગણાવા લાયકના છે.

**ગુપ્તયુગના સજીવ-પણાનાં કારણ**

ત્યારે એ તો દેખીતું જ છે કે ગુપ્તવંશના શક્તિશાળી અને લાંબી કારકીર્દિવાળા સમ્રાટોના અમલમાં બધાં ક્ષેત્રોમાં અસાધારણ બુદ્ધિ-પ્રવૃત્તિનો ઉછાળો આવી ગયો હતો. રાજાઓના અંગત આશ્રયની બેશક ઘણી અસર હતી પણ આવાં પરિણામો લાવવાને માટે વધારે ઊંડાં કારણ પણ કાર્ય કરતાં હશે જ. અનુભવ એમ

સિદ્ધ કરે છે કે, જુદીજુદી ઢબની સંસ્કૃતિઓનો સંપર્ક અથવા સંઘર્ષણ એ બુદ્ધિ કે કળાની પ્રગતિનું અતિ પ્રબળ પ્રેરક બળ છે, અને ગુપ્ત યુગમાં થયેલી આગળપડતી અને ધ્યાન ખેંચે એવી સિદ્ધિઓ, મુખ્યત્વે, તેના મુલકની પૂર્વ તથા પશ્ચિમે આવેલી પરદેશી સંસ્કૃતિઓના સંપર્કને પરિણામે થયેલી છે એવો મારો મત છે. ચીન દેશ જોડે સતત વ્યવહાર ચાલુ હતો એ બાબતના પુરાવા પુષ્કળ છે, રોમન સામ્રાજ્ય જોડેના વ્યવહારના સ્વતંત્ર અને સીધા પુરાવા જોકે પ્રમાણમાં એટલા બધા નથી. તો પણ એવો વ્યવહાર હતો એ વાતની તકરાર ઉઠાવી શકાય એમ નથી. ચંદ્રગુપ્ત બીજા વિક્રમાદિત્યે ચોથા સૈકાના અંત ભાગમાં માળવા અને સૌરાષ્ટ્ર કે કાઠીઆવાડ જીતી લીધાં તેથી પશ્ચિમ હિંદના પ્રદેશ અને ઉત્તર હિંદ વચ્ચેનો વ્યવહારનો માર્ગ મોકળો થયો, અને યુરોપીય ખ્યાલોના સંસર્ગમાં આવવાની સારી સવડ મળી. આર્યભટ્ટના જ્યોતિષ ઉપર અલ્ઝાંડ્રિયાના વિદ્યામઠોની અસર હતી એ નિઃસંદેહ વાત છે અને ગુપ્ત રાજાઓએ રોમન સિક્કાઓની નકલ કરી હતી એ પણ એટલું જ દેખીતું છે. સાહિત્ય અને કળાની બાબતમાં, પરદેશી અસરના કાર્યનો પુરાવો જડવો જરૂર વધારે મુશ્કેલ છે, પણ મારા મતમાં તો એવા કાર્યનું ખરાપણું સારી રીતે સિદ્ધ થયેલું છે. દાખલા તરીકે દેવગઢ આગળના શેષશાયી વિષ્ણુનાં શિલ્પવિધાન અને સ્ટોકહોમમાં એન્ડીમીયન જેવી ગ્રીક-રોમન કૃત્તિઓના વર્ગ વચ્ચેનો સંબંધ ઇન્કારવો એ અઘરૂં છે. આ જગાએ એ વિષયનું વધારે અન્વેષણ કરવું અશક્ય છે, પણ ગુપ્તયુગમાં થયેલો જાણવાજોગો બુદ્ધિ અને કળાનો આવિર્ભાવ મોટે ભાગે હિંદ તથા રોમન સામ્રાજ્યની સંસ્કૃતિઓના પરસ્પર સંસર્ગને લીધે થયો હતો. એના જમા થયેલા પુરાવા, એ વિષયના શોધકને બતાવી આપવા અમારી નોંધોમાંના ઉલ્લેખો જરૂર શક્તિવાન થશે. કેટલાક ચર્ચકોની એવી ધારણા છે કે અજંતાના ભીત્તિ ઝાલર ચિત્રોમાં ચીની ખ્યાલોના અંશ દેખાય છે અને તે કદાચ ખરા પણ હોય.[1]

---

૧ 'મચ્છકટિક'ની સાલ નક્કી થઈ નથી. પ્રો. સીલ્વેન લેવિ અટકળ કરે

પાંચમા સૈકાની શરૂઆતમાં આવેલા પહેલા ચીની યાત્રી ફા–હિઆને તથા સાતમા સૈકાના પહેલા અર્ધ ભાગમાં તેના મહાન અનુગામી હ્યુએન્ત્સાંગે લખેલી નોંધોની સરખામણી નિઃસંદેહરીતે સિદ્ધ કરે છે કે ગુપ્તયુગમાં બૌદ્ધ સંપ્રદાયમાં ધીમેધીમે સડો પેસતો ગયો હતો. પણ એ સમયમાં રહેતા લોકોની નજરે એ સડો ભાગ્યે જ ચઢ્યો હશે કારણકે તેમની નજર આગળ તો ભવ્ય મઠોમાં રહેતો, અને અતિશય પ્રભાવશાળી, ધનવાન અને સત્તાશાળી સંઘ હમેશાં ખડો દેખાતો હતો. ગુપ્તયુગના ભવ્ય બૌદ્ધ મઠોનાં સંખ્યાબંધ અવશેષોની શોધ પુરાતત્ત્વના અન્વેષણ કાર્યની આશ્ચર્ય ઉપજાવે એવી બીના છે. ગુપ્ત રાજાઓ જો કે જાહેર રીતે બ્રાહ્મણોના હિંદુ ધર્મના, ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હતા, છતાં પ્રાચીન હિંદની આચાર રૂઢિને અનુસરી હિંદી ધર્મના વિવિધ સંપ્રદાયોને તેઓ અનુગ્રહભરી નજરે જોતા. પહેલો ચંદ્રગુપ્ત સાંખ્ય દર્શનનો અનુયાયી હતો. પણ પાછળથી તેણે બૌદ્ધ સાધુ

---

છે કે તે કૃતિ કાલિદાસના સમય પછીની હશે. એ જૂના લેખકોને અનુસરી મને એ કૃતિને એથી વહેલી ગણવાનું મન થાય છે. હાર્વર્ડ, ઑ. સરમાં જુઓ રાઈડરનો તરજૂમો. 'મુદ્રા રાક્ષસ'ની સાલ માટે જુઓ હાસ પૃ. ૩૯ (કોલંબીઆ. યુનિ. પ્રેસ એનવાઈ., ૧૯૧૨;) હિલ્બ્રાન્ટ 'ઉબરડાસ કૌટિલ્યશાસ્ત્ર ઉન્ડવર્વાન્ડટઝ' (૮૬, જાહૅસબર ડર સ્લેશીશન ગેઝલશાફ્ટ ફ્યુરવાટર્લૅ, કલ્ટુર, જુલાઇ ૧૯૦૮; પ. ૨૯; ટૉની જે. આર. એ. એસ. ૧૯૦૮ પૃ. ૯૧૦; ૧૯૦૯ પ. ૧૪૯; પુરાણોના યુગ માટે જુઓ પાર્જીટરની વિગતવાર ચર્ચા 'ડીનેસ્ટીઝ ઑફ કલિએજ' એ પુસ્તકમાં.

હિંદી અને ગ્રીક ગણિતશાસ્ત્ર વચ્ચેના સંબંધ વિષેની મિ. કાયેની ટીકાઓ જે. આર. એ. એસ. ૧૯૧૦ના પૃ. ૭૫૯ પર અને જે. પ્રો. એ. એસ. બી. ૧૯૧૧ના પૃષ્ઠ ૮૧૩ પર મળશે.

કળા અને સ્થાપત્યને લગતા પ્રશ્નોની બાબતમાં જુઓ 'એ હિસ્ટરી ઑફ ફાઇન આર્ટસ ઈન ઇંડિયા ઍન્ડ સીલોન' તથા તે પુસ્તકમાં આપેલા ઉલ્લેખો. અને આ લેખકનો લેખ 'ઇન્ડિયન સ્કલ્પચર ઈન ગુપ્ત પીરિયડ' (ઓસ્ટાસ ઝાઈટલ, એપ્રિલ-જુનિ ૧૯૧૪)

ગુપ્ત સિક્કાઓ પર થયેલી રોમની અસર મારા 'કૉઇનેજ ઑફ

વસુબંધુના ઉપદેશનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કર્યું હતું અને પોતાના પુત્ર અને વારસ સમુદ્રગુપ્તને તેની પાસે શીખવા મૂક્યો હતો. એના પછી કેટલોક સમય વીત્યા બાદ બૌદ્ધ સંઘના પાટનગરરૂપ નાલંદા આગળ સુંદર મકાનો ઊભાં કરનાર નરગુપ્ત બાલાદિત્યને હ્યુએન્ત્સાંગ શ્રદ્ધાળુ બૌદ્ધ લેખે છે.[2]

**પુષ્યમિત્રનો વિગ્રહ**

ગુપ્તોનો સુવર્ણ યુગ ઇ.સ. ૩૩૦ થી ૪૫૫ સુધીનો એટલે લગભગ સવા સદીનો હતો અને તેમાં અસાધારણ લંબાઈના ત્રણ રાજ્ય અમલો આવી જતા હતા. કુમારગુપ્તના મરણનો સમય ચોક્કસ રીતે ઇ.સ. ૪૫૫ની સાલની શરૂઆતમાં મૂકી શકાય છે. એના મરણથી ગુપ્ત સામ્રાજ્યની અવનતિ અને પડતીની શરૂઆત થાય છે. તેના મરણ પહેલાં પણ ઇ.સ. ૪૫૦ના અરસામાં ઇતિહાસમાં બીજી કોઈ

---

અર્લીઓર ઈમ્પીરીયલ ગુપ્ત ડીનેસ્ટી'માં ચર્ચવામાં આવ્યો છે. જે. આર. એ. એસ. ૧૮૮૯; વળી જુઓ સેવેલ 'રોમન કૉઈન્સ ફાઉન્ડ ઈન ઇંડિયા ૧૯૦૪ પ. ૫૯૧થી ૬૩૭. ગુપ્ત સમયના સારનાથ અને કસીઆ વગેરે આગળના બૌદ્ધ મઠોનાં વર્ણન ૧૯૦૨–૩ પછીનાં આર્કીઑલૉજીકલ સર્વેના વાર્ષિક રીપોર્ટોમાં આપેલાં છે.

હિંદ અને ચીન વચ્ચેના સવ્યવહાર વિષેના ઉલ્લેખો ડફે 'ક્રોનોલૉજી ઑફ ઇંડિયા; ૧૮૯૯માં એકઠા કર્યા છે. કાપિલિ દેશના રાજાએ ઈ.સ. ૪૨૮માં એક દૂતમંડળ મોકલ્યું (વૅટર્સ જે. આર. એ. એસ. ૧૮૯૮ પ, ૫૪૦) દૂતમંડળો જેમાંનાં કેટલાંક માત્ર વ્યાપારી સાહસો હતાં, તેવાં ૫૦૨થી ૫૧૫ સુધીમાં છ આવી ગયાં હતાં. તે ઉપરાંત યાત્રીઓ અને પ્રચારક મંડળીઓની ઘણી મુસાફરીઓ થઈ હતી.

રોમન સામ્રાજ્ય સાથેના સંબંધ માટે જુઓ પ્રાયલો, ઇન્ડિયન એમ્બસીઝ ટુ રોમ જે એપોલોનિયસ ઑફટ્યાના સાથે બાંધેલું છે. કવોરિચ ૧૮૭૩; રીનૉર્ડ રીલેશન્સ પૉલીટિકસ. એટ કોમર્શીએલીસ ડલએમ્પાયર રોમેન અવકલ એશિ ઓરિયન્ટલ; અને ડફ.

૨ જુઓ પરિશિષ્ટ એન. 'વસુબંધુ અને ગુપ્તો.'

રીતે જાણીતી નહિ થયેલી એવી પુષ્યમિત્ર[3] નામની પડોશી, સમૃદ્ધ અને બળવાન પ્રજા જોડેના વિગ્રહના ગંભીર સંકટમાં તેનું રાજ્ય આવી પડ્યું હતું. સમ્રાટની સેનાએ હાર ખાધી હતી, અને એ હારની લશ્કરી થાપટથી એના વંશની સ્થિરતા ભયમાં આવી પડી હતી; પણ એટલામાં કુમારગુપ્તના યુવરાજ સ્કંધગુપ્તે હોશિયારી તથા સાહસથી દુશ્મનને ઉથલાવી પાડી, ડગુમગુ થઈ વિનાશ પંથે વળેલા પોતાના વંશની રાજ્યલક્ષ્મીને ટકાવી રાખી. તે સમયના સમકાલીન લેખમાં નોંધેલી એક નાનીશી વિગતથી એ વિગ્રહની કઠોરતાનું સૂચન થાય છે; કારણકે આપણને કહેવામાં આવે છે કે આવી પડેલી આફતમાંથી પોતાના વંશને બચાવવા મથતા યુવરાજને એક રાત કોઇપણ જાતની શય્યા વગર ખુલ્લી જમીન પર સૂઇને ગાળવી પડી હતી.

**હુનોની હાર**

૪૫૫ની વસંતમાં સ્કંધગુપ્ત ગાદીએ આવ્યો ત્યારે તેને માથે આફતનું વાદળ તૂટી પડ્યું. પુષ્યમિત્રનો ભય તો દૂર થયો હતો, પણ તેને પગલે જ તેનાથી વધારે ભયંકર આફત આવી પડી. મધ્ય એશિયાનાં ઘાસ ઢંકાયેલાં મેદાનોમાંથી ઊભરાઈ વાયવ્ય ઘાટો દ્વારા હિંદમાં ઘૂસી તેના હસતાં, ખુશનુમાં રસાળ મેદાનો અને ભરચક વસ્તીવાળાં શહેરો પર વિનાશ વરસાવતાં જંગલી હુનોનાં ટોળાં ઊતરી પડ્યાં હતાં. સ્કંધગુપ્ત તે વખતે પુખ્ત ઉમરનો અને પાકટ અનુભવનો રાજા હશે. ઊભી થયેલી જરૂરિયાતને તે પહોંચી વળ્યો અને તે જંગલીઓનાં ટોળાંને તેણે એવી તો સખત અને નિશ્ચયાત્મક હાર આપી

---

૩ ફ્લીટ અટકળ કરે છે કે એ નર્મદાના પ્રદેશનો હશે (ઈન્ડિ. એન્ટિ.xviii, ૨૨૦) પણ વધારે સંભવિત એ છે કે તે ઉત્તરમાં થઈ ગયો હતો. હોર્નલે પુષ્યમિત્રો તે વલ્લભિ વંશના સ્થાપનાર ભટ્ટાર્કના હાથ નીચેના મૈત્રકો હતા એમ કહે છે અને તે ખરૂં હોય એમ લાગે છે. પુરાણો પરચુરણ વંશોમાં પુષ્યમિત્ર અને પટુમિત્રોને ગણાવે છે. તેઓ દેખીતી રીતે પરદેશી હતા. (પાર્જીટર–ડીનેસ્ટીઝ ઑફ ધ 'કલિએજ' પૃ. ૭૩.)

કે થોડા સમય માટે તો હિંદ તેના હુમલાના ભયથી મુક્ત બન્યું. તેની મા તે વખતે જીવતી હતી અને 'શ્રીકૃષ્ણ પોતાના શત્રુઓનો સંહાર કરી પોતાની માતા દેવકી પાસે ગયા હતા' તેમ પોતાની જીતના સમાચાર સાથે આપણો નાયક જલદી તેની માતા પાસે ગયો. પોતાનાં માબાપમાંથી જે હયાત હતાં તેના તરફનો પોતાનો ધર્મ બજાવી, ટોચ પર વિષ્ણુની મૂર્તિવાળો કીર્તિસ્તંભ ઊભો કરી તેણે પોતાના મૃત પિતાના પુણ્યમાં વૃદ્ધિ કરી, અને દેવતાઓના રક્ષણથી પોતાના દેશને જંગલીઓના જુલ્મથી મુક્ત કરવાનો અહેવાલ તેણે તે સ્તંભ પર કોતરાવ્યો.

એ તો દેખીતું જ છે કે હુનો પરનો આ મહાન વિજય, નવા રાજ્યના પ્રારંભમાં થયો હશે, કારણકે ઈ.સ. ૪૫૮માં તૈયાર થયેલો એક બીજો લેખ સ્કંધગુપ્તે જંગલીઓને આપેલી હાર વર્ણવે છે અને તેના રાજ્યને પશ્ચિમ છેડે આવેલા સૌરાષ્ટ્રના દ્વીપકલ્પ પરનું તેનું કોઈ પણ જાતના વિવાદ વગરના આધિપત્યનાં સ્વીકાર અને જાહેરાત કરે છે. રાજકવિના કથનાનુસાર સર્વ ગુણસંપન્ન પર્ણદત્ત નામના અમલદારને રાજાએ પશ્ચિમ પ્રદેશોનો સર સૂબો નીમ્યો હતો. તે સૂબાએ સૌરાષ્ટ્રના પાટનગર જુનાગઢના સૂબાની જવાબદાર જગા પોતાના પુત્રને આપી હતી. પોતાના અમલ દરમિયાન ગિરનારની તળેટીમાં આવેલા અને સ્કંધગુપ્તના રાજ્યારોહણના વર્ષમાં બહુ વિનાશ કરી તે ફાટેલા તળાવની પાળ દુરસ્ત કરી તેણે પોતાનો અમલ દીપાવ્યો. બીજા વર્ષમાં એ પરોપકારનું કાર્ય પૂરૂં થયું એટલે એક કિંમતી વિષ્ણુનું મંદિર બંધાવી તેનું એક વર્ષ પછી વાસ્તુ કરવામાં આવ્યું.

**પશ્ચિમ પ્રાંતો**

ત્રણ વર્ષ બાદ, પટણાથી આશરે ૯૦ માઈલના અંતર પર, ગોરખપુર જિલ્લાની પૂર્વમાં આવેલા એક ગામમાં એક જૈન દાતાએ એક કોતરાવેલો સ્તંભ અર્પણ કર્યો એ સાબિત કરે છે કે તેના રાજ્યના આ શરૂઆતના સમયમાં પણ સ્કંધગુપ્તના મુલકમાં પશ્ચિમ તેમજ પૂર્વના

**પૂર્વના પ્રાંતો**

પ્રાંતોનો સમાવેશ થતો હતો.

પાંચ વર્ષ પછી ઈ.સ. ૪૬૫માં હાલમાં બુલંદશહેર જિલ્લાના નામથી જાણીતા થયેલા ગંગા તથા યમુનાની વચ્ચે આવેલા પ્રદેશમાં,

**મધ્ય પ્રાંતો**

સ્કંધગુપ્તના અમલ દરમિયાન એક ધર્મનિષ્ઠ બ્રાહ્મણે સૂર્યદેવને મંદિર અર્પણ કર્યું. પ્રચલિત ભાષામાં તે 'વૃદ્ધિકર અને જયને આપવાવાળું' એમ વર્ણવાયું છે. તે બતાવે છે કે રાજ્યના મધ્યપ્રાંતો પણ સુવ્યવસ્થિત રાજ્યતંત્રનો લાભ ભોગવતા હતા. આ ઉપરથી એવું અનુમાન વ્યાજબી રીતે કરી શકાય કે જંગલીઓ પરની જીત તેના અમલના પ્રારંભ કાળમાં કરવામાં આવી હશે અને ત્યાર પછી કેટલાં ય વર્ષો સુધી સામ્રાજ્યના બધા ભાગોમાં સામાન્ય શાંતિ સ્થાપવા જેટલી તે જીત નિર્ણયાત્મક હશે.

પણ ઈ.સ. ૪૬૫ના અરસામાં ભટકતી જાતોનું એક નવું ટોળું હિંદના મોખરાના હાંસેટ ઊતરી પડયું અને તેણે ગાંધાર એટલેકે

**ઈ.સ. ૪૬૫-૭૦ ફરી ચાલુ થયેલી હુન ચઢાઇઓ**

વાયવ્ય પંજાબમાં વસવાટ કર્યો. ત્યાં એક 'ક્રૂર અને ખારીલા' સરદારે કુશાનની રાજ્યગાદી બથાવી પાડી અને 'અતિશય જંગલી અત્યાચારો' કર્યા. આની પછી થોડા સમય બાદ આશરે ઈ.સ. ૪૭૦માં એ હુનો હિંદના અંદરના ભાગ તરફ ધપ્યા અને સ્કંધગુપ્ત પર તેના પોતાના મુલકમાં જ હુમલો કર્યો. પોતાના અમલની શરૂઆતમાં કર્યો હતો તેવો સફળ વિરોધ કરવામાં તે આ વખત નિષ્ફળ થયો. અને આખરે ઉપરાછાપરી થતા પરદેશીઓના હલ્લાથી તે હારી બેઠો. હિંદમાંથી મળતી લૂંટ લેવાની આતુરતાથી આવતાં નવાંનવાં ટોળાંઓથી એ હુનોની સંખ્યામાં બેશક ચાલુ વધારો થયા કરતો હશે જ.

તેના અમલના પાછલા સમયમાં સિક્કાને પહેલાં કરતાં હલકો કરી તેની કિંમત ઘટાડવી પડી એ સ્કંધગુપ્તના રાજ્યવહીવટ પર આવી

**ચલણને હલકું કરવું**

પડેલી નાણાંની ભીડ સ્પષ્ટ રીતે બતાવી આપે છે. તેના અમલની શરૂઆતના અને આબાદીના દિવસોમાં પાડેલા સોનાના સિક્કા વજન અને કારીગીરીમાં તેના પૂર્વજોના સિક્કાઓને મળતા છે; પણ સોનાના પ્રાચીન હિંદી ધોરણને અનુકૂળ થવાના હેતુથી, પાછળથી પાડેલા સિક્કાનું વજન જો કે વધારવામાં આવ્યું હતું, છતાં તે દરેકમાં ચોખ્ખા સોનાનું પ્રમાણ ૧૦૮ ગ્રેનથી ઘટાડી ૭૩ ગ્રેનનું રાખવામાં આવ્યું હતું. ચલણી નાણાંની શુદ્ધતામાં કરેલા આ ઝટ આંખે ચઢે એવા ઘટાડાની જોડે જોડે તેના પરની કારીગીરી અને ઢાળાની બનાવટ પણ હલકી થઈ ગઈ હતી. હુનો જોડેના વિગ્રહનો ખર્ચ પૂરો કરતાં રાજ્યની તિજોરીને ખમવી પડતી મુશીબતોનો આ બીનાથી સ્પષ્ટ ખ્યાલ આવે છે.

બીજા ઘણા હિંદી રાજાઓની પેઠે 'વિક્રમાદિત્ય'ની ઉપાધિ ધારણ કરતા સ્કંધગુપ્તનું મરણ આપણે ઈ.સ. ૪૬૭ની આસપાસમાં થયેલું

**ઈ. સ. ૪૬૭ પુરગુપ્ત**

માની શકીએ. તે મરણ પામતાં, ગુપ્તસામ્રાજ્ય પણ મરણ પામ્યું, પણ તે વંશ કેટલીક પેઢી સુધી પૂર્વના પ્રાંતોમાં ચાલુ રહ્યો. આવા મુશીબતના સમયમાં રાજ્યને સમાલી શકે એવો કોઈ પુરુષ વારસ સ્કંધગુપ્તે પોતાની પાછળ મૂકયો નહોતો, એટલે તેની પાછળ કુમારગુપ્ત પહેલાની રાણી આનંદથી થયેલો સ્કંધગુપ્તનો ભાઇ પુરગુપ્ત, મગધ તથા તેની પાસેના મુલકની ગાદીએ આવ્યો.

આ રાજા સ્કંધગુપ્તની સાથેસાથે ઘણું કરીને મગધમાં રાજ્ય કરતો હતો. તેના ભાઈના મરણ બાદ તે બહુ થોડા સમય સુધી

**ચલણમાં સુધારો**

જ જીવતો રહ્યો. ચલણી નાણાંની શુદ્ધતા પહેલાનાં જેવી કરવાનો તેણે કરેલો હિંમતભર્યો યત્ન એ એક જ એના અમલમાં થયેલો બનાવ ગણાવી શકાય એમ છે. પાછલી બાજુ 'પ્રકાશાદિત્ય'ની ઉપાધિવાળા, દુર્મિલ

સોનાના સિક્કા, જે સાધારણ રીતે પુરગુપ્તના ગણાય છે, તેમાં 'સુવર્ણ'નું મૂળ વજન રહ્યા છતાં, ૬૨ સિક્કામાં ચોખ્ખું સોનું ૧૨૧ ગ્રેન હતું. આ બધું જોતાં એ સિક્કા ઑગસ્ટસના 'ઓરાઇ' જેટલી કિંમતના અને ઉત્તમોત્તમ કુશાન અથવા વહેલા ગુપ્ત સિક્કાઓની યથાર્થ કિંમત કરતાં ચઢિયાતા છે.

**ઇ.સ. ૪૬૭ થી ૪૭૩ નરસિંહગુપ્ત બાલાદિત્ય**

આશરે ઈ.સ. ૪૬૭માં પુરગુપ્ત પછી તેનો પુત્ર નરસિંહગુપ્ત ગાદીએ આવ્યો. ઉત્તર હિંદમાં, મગધમાં બૌદ્ધોના મુખ્ય વિદ્યાપીઠના મથક રૂપ નાલંદામાં હ્યુએન્ત્સાંગના મત મુજબ ૩૦૦ ફીટ કરતાં પણ વધારે ઊંચું એક ઈંટોરી મંદિર તેણે બંધાવ્યું, અને તેમ કરી બૌદ્ધ સંપ્રદાય પ્રત્યેના પોતાના પક્ષપાતની જાહેર સાબિતી આપી. એ મંદિર તેના શણગારની નાજુકાઈ માટે તેમજ તેનાં રાચરચીલામાં સોના તથા કિંમતી ઝવેરાતના છૂટે હાથે કરેલા ઉપયોગને કારણે બહુ ધ્યાન ખેંચે એવું હતું. હુનોના જુલમાટનો વિરોધ કરવા બાલાદિત્યે લીધેલાં મજબૂત અને સફળ પગલાંઓનું વર્ણન થોડા સમયમાં આપવામાં આવશે.

**ઈ.સ. ૪૭૩ કુમારગુપ્ત બીજો**

નરસિંહગુપ્ત પછી તેનો પુત્ર કુમારગુપ્ત બીજો ગાદીએ આવ્યો. ગાઝિપુર જીલ્લામાં ભિતારી આગળ મળી આવેલી ચાંદીની મિશ્ર ધાતુની સુંદર કારીગીરીવાળી મહોરછાપ તેના સમયની છે. અહીં સ્વીકારેલી સાલવારી મુજબ ગાદીએ આવ્યો ત્યારે કુમારગુપ્ત બીજો બહુ નાની વયનો હોવો જોઇએ. વળી તેણે બે કે ત્રણ સાલથી વધારે રાજ્ય કરેલું હશે નહિ, કારણકે સારનાથની મૂર્તિના એક લેખમાં બુદ્ધગુપ્ત નામના એક રાજાને ઈ.સ. ૪૭૬માં રાજ્ય કરતા રાજા તરીકે સ્વીકારવામાં આવ્યો છે. વળી એમ દેખાઈ આવે છે કે તેના પિતા અને દાદાની પેઠે કુમારગુપ્ત બીજાનું રાજ્ય તેના પહેલા પૂર્વજોના સામ્રાજ્યના પૂર્વ ભાગ જેટલું જ મર્યાદિત હતું.

બુદ્ધગુપ્ત તે કોણ એનો ચોક્કસ નિર્ણય હજુ સુધી થઈ શક્યો નથી. કદાચ ઘણું કરીને તે સ્કંધગુપ્તના હાથ નીચે માળવાનો સૂબો પણ હોય. નરસિંહગુપ્ત બીજાનું આધિપત્ય ઉલાળી નાંખી આખરે કુમારગુપ્ત બીજાની સત્તાથી તે તદ્દન સ્વતંત્ર થઈ ગયો હશે. એ તો નિઃસંદેહ વાત છે કે નરસિંહગુપ્ત તથા કુમારગુપ્ત બીજાનો માળવા પરનો કાબૂ ઘણો શિથિલ હશે. એ તો લગભગ નક્કી જેવું જ છે કે તેનો પગદંડો માળવામાં હતો અને તેની સત્તા ત્યાં વધારે નહિ તો ઈ.સ. ૪૯૪ સુધી બની રહી હતી અને ઈ.સ. ૪૭૬ના અરસામાં વારાણસી તેના કબ્જામાં હતી.

**ઇ.સ. ૪૭૩ થી ૫૦૦ બુદ્ધગુપ્ત**

અણજીતી સંક્રાંતિથી ગુપ્ત સમ્રાટોનો વંશવેલો, અગિયાર ગુપ્ત રાજાઓના બનેલા એક વંશવેલામાં પસાર થઈ જાય છે. મોટેભાગે તેઓ માત્ર મગધના જ સ્થાનિક રાજાઓ હતા એમ દેખાય છે. પુરાતત્વવાદીઓ જેને 'મગધના પાછલા ગુપ્તો' એ નામે ઓળખે છે, તે બધા 'વર્મન' અંત્યપદધારી રાજાઓના એક વંશ જોડે મગધની ગાદીના ભાગીદાર હતા. એ રાજાઓ 'મૌખરી' જાતિના હતા. એ બે વંશો વચ્ચે રાજ્યની વહેંચણી કેવા પ્રકારની હતી તેનો ચોક્કસ નિર્ણય કરી શકાતો નથી, પણ છઠ્ઠા સૈકાના મધ્ય ભાગમાં મૌખરીઓના મુલકમાં અયોધ્યાનો સમાવેશ થતો હતો. તેમનો પરસ્પર સંબંધ કોઈકવાર મૈત્રીભર્યો અને કોઈકવાર શત્રુતા ભર્યો રહેતો, પણ જે કાંઈ થોડી વિગતો મળે છે તે ઝાઝી અગત્યની નથી.

**મગધના પાછલા ગુપ્તો મૌખરીઓ**

મગધની રાજકીય પડતી થઈ પણ તેથી રાજ્યનાં બૌદ્ધ વિદ્યાના કેન્દ્ર અને મુખ્ય મથક તરીકેની તેની પ્રતિષ્ઠાને કાંઈ ધોકો લાગ્યો નહિ. બારમા સૈકાના અંત ભાગમાં મુસલમાનોની જીત થઇ તે સમય સુધી પાલ રાજાઓના આશ્રય નીચે નાલંદા તેમજ બીજાં સ્થાનોએ બહુ કાળજીપૂર્વક તેની ખેડ કરવામાં

**ચીની બૌદ્ધ પ્રચાર મંડળ**

આવી હતી; તે સમયે મોટા પુસ્તકભંડારોથી ભરેલા બૌદ્ધ મઠોને બાળી ભસ્મ કરવામાં આવ્યા. ગુપ્તવંશના પાછલા સમયમાં ગૌતમના સિધ્ધાંતોને માનવાવાળા પરદેશી અભ્યાસીઓ, આ પવિત્ર બૌદ્ધભૂમિને કેટલા આદરની નજરે જોતા એનું સારૂં દૃષ્ટાંત તો એ જ છે કે ઇ. સ. ૫૩૯ માં ચીનનો પહેલો લિઆંગ સમ્રાટ વુટિ અથવા હસિઆઓ યેન, જે પોતે બહુ ચુસ્ત બૌદ્ધ હતો તેણે મહાયાન શાખાનાં મૂળ પુસ્તકો મેળવી એકઠાં કરવાં માટે તેમજ તેનું ભાષાંતર કરી શકે એવા લાયક પંડિતની સેવા મેળવવા માટે મગધ તરફ એક પ્રચારક મંડળ મોકલ્યું હતું. તે સમયનો મગધનો સ્થાનિક રાજા, ઘણું કરીને જીવગુપ્ત પહેલો કે કુમારગુપ્ત બહુ ખુશીની સાથે એ રાજવંશી પત્રલેખકની ઇચ્છાને અનુકૂળ થયો અને તે પ્રચારક મંડળની સેવામાં વિદ્વાન બૌદ્ધ પંડિત પરમાર્થને સોંપ્યો. એમ દેખાય છે કે એ પ્રચારક મંડળ ત્યારબાદ હિંદમાં કેટલાં ય વર્ષ સુધી રહ્યું. પછી પરમાર્થ ચીન ગયો અને પોતાની જોડે હસ્તલિખિત પુસ્તકોનો મોટો સંગ્રહ લેતો ગયો. એમાંનાં ઘણાં-ખરાંનો તેણે તરજૂમો કર્યો છે. ઇ. સ. ૫૪૬માં તે કંટાનની પાસે પહોંચી ગયો. ઇ. સ. ૫૪૮માં તેને ચીનના સમ્રાટની આગળ રજૂ કરવામાં આવ્યો અને આખરે ઇ. સ. ૫૬૯માં સિત્તેર વર્ષની વયે તે ચીનમાં જ મરણ પામ્યો. એ જ સમ્રાટના અમલ દરમિયાન (૫૦૨ થી ૪૯) દક્ષિણ હિંદના એક રાજાનો પુત્ર બોધિધર્મ અઠ્ઠાવીસમો હિંદી અને પહેલો ચીની રાજવંશ સ્થાપક ગણાય છે તે ઇ.સ. ૫૨૦માં ચીન ગયો અને થોડો સમય કંટાનમાં રહ્યા બાદ લો-યાંગ આગળ કાયમનો વસ્યો. એનાં દૈવીચમત્કાર, ચીની કળાકારોના માનીતા વિષય થઇ પડેલા છે.

**આદિત્યસેન; જીવ-ગુપ્ત બીજો**

પાછલા ગુપ્તવંશના સભ્યો પૈકી સૌથી જાણવાજોગો આદિત્યસેન હતો. ઇ.સ. ૬૪૭માં સાર્વભૌમ રાજા હર્ષના મરણ પછી તે સ્વતંત્ર થઇ બેઠો એટલું જ નહિ પણ રાજાધિરાજના પદનો પોતાનો હક્ક સાબિત કરવા, અશ્વમેધ યજ્ઞ કરવાની હામ તેણે ભીડી. એ વંશનો સૌથી છેલ્લો ઇતિહાસને જાણીતો રાજા જીવગુપ્ત બીજો.

આઠમા સૈકાના શરૂઆતના ભાગમાં રાજ્ય કરતો હતો. એ સૈકાના અંતમાં કે નવમા સૈકાની શરૂઆતમાં મગધ બંગાળાના પાલ રાજાઓના હાથમાં ગયું. એ પાલવંશનો ઇતિહાસ આગળના પ્રકરણોમાં આપવામાં આવશે.

**ઇ.સ. ૫૧૦ બંધુગુપ્ત**

ઉત્તર પ્રાંતો પર પોતાની આણ વર્તાવનાર બુદ્ધગુપ્ત ગુપ્ત સમ્રાટોના વંશનો જણાય છે. એ બુદ્ધગુપ્તની નોંધો ઉપરાંત પશ્ચિમ પ્રાંત માળવામાં ભાનુગુપ્ત નામના એક રાજાની નોંધો પણ મળી આવી છે. ઘણું કરીને એ રાજા છઠ્ઠા સૈકાની શરૂઆતમાં કોઈ સર્વોપરી સત્તાના તાબામાં હતો, અને એમ માનવા કારણ છે કે તે હુન સરદારોની સત્તાને વશ હતો.

**વલ્લભીવંશ; ઇ.સ. ૪૯૦ થી ૭૭૦**

પાંચમા સૈકાના અંત ભાગમાં મૈત્રક નામની જાતિનો ભટ્ટાર્ક નામનો સરદાર કે જે ઘણુંખરૂં પરદેશી હતો તે સૌરાષ્ટ્ર દ્વીપકલ્પની પૂર્વમાં આવેલા વલ્લભી ગામમાં વસ્યો. ત્યાં તેણે એક નવો રાજવંશ સ્થાપ્યો. એ વંશ આશરે ઈ. સ. ૭૭૦ સુધી ચાલુ રહ્યો. આશરે ૭૭૦માં સિંધમાંથી ચઢી આવેલા આરબોને હાથે એ વંશનો વિનાશ થયો મનાય છે. વલ્લભીના પહેલાના રાજાઓ સ્વતંત્ર હોય એમ જણાતું નથી. એ તો નિઃસંદેહ વાત છે કે તેઓ કોઈ હુન સરદારને ખંડણી ભરતા હતા. પણ હુનોની સત્તાનો ધ્વંસ થતાં, વલ્લભીના રાજાઓ સ્વતંત્ર થઈ ગયા અને હિંદના પશ્ચિમ ભાગમાં સૌરાષ્ટ્રના દ્વીપકલ્પમાં તેમજ તેની જોડેની હિંદની ભૂમિના પ્રદેશમાં પ્રબળ સત્તાધીશ થયા. સાતમા સૈકામાં હ્યુએન્ત્સાંગની મુલાકાત વખતે એ શહેર બહુ સમૃદ્ધ હતું, અને બૌદ્ધસંઘના ઇતિહાસમાં, છઠ્ઠા સૈકામા થઇ ગયેલા ગુણમતિ તથા સ્થિરમતિ નામના બે વિખ્યાત ગુરુઓના નિવાસસ્થાન તરીકે પંકાતું હતું. હ્યુએન્ત્સાંગનો નાનો સમકાલીન યાત્રી ઇત્સિંગ આપણને કહે છે કે તેના સમયમાં દક્ષિણ

બિહારમાં નાલંદા તેમજ વલ્લભી એ ચીનનાં સૌથી વધારે વિખ્યાત વિદ્યાધામો જોડે સરખાવી શકાય એવાં હિંદમાં સ્થાન હતાં. ત્યાં વિદ્યા ભણવા ઉત્સુક વિદ્યાર્થીઓનાં ટોળાં આવ્યાં જ કરતાં. એ વિદ્યાર્થીઓ બે થી ત્રણ વર્ષ બૌદ્ધ દર્શન પર અપાતાં વ્યાખ્યાનોમાં હાજરી આપતા. હિંદમાં મો-લા-પો એટલે પશ્ચિમ માળવા અને મગધ એ બે દેશોમાં વિદ્યાનું માન છે એવી હ્યુએન્ત્સાંગની ટીકા ઇત્સિંગના ઉપલા નિવેદનથી બરાબર સમજાય છે, કારણ કે તે વખતે રાજકીય દૃષ્ટિએ મો-લા-પો અને વલ્લભી એક જ હતાં, અને ઉત્તર હિંદના રાજાધિરાજ હર્ષ રાજાના જમાઇ ધ્રુવભટ્ટની સત્તા એ બંને પર હતી એમ જણાય છે. વલ્લભી પડયા પછી, પશ્ચિમ હિંદનાં મુખ્ય શહેર તરીકેનું તેનું સ્થાન અણહિલવાડે લીધું, અને તે માન તેણે પંદરમા સૈકાના અંત સુધી જાળવી રાખ્યું. આખરે તે સમયે તેની જગા અમદાવાદે લીધી. ગુપ્તસામ્રાજ્યના કેટલાક ટુકડા જુદાજુદા સ્થાનિક રાજવંશોના હાથમાં કેવી રીતે આવ્યા તે વાચકને સમજાવવા માટે ઉપર આપેલી હકીકત પૂરતી થશે.

**હુનોના ભ્રમણનાં બે વહેણ**

પણ એ ગુપ્તવંશનો ધ્વંસ કરનાર તથા તેના સામ્રાજ્યને અનેક કકડાઓમાં ખંડિત કરનાર, અને ટૂંક મુદત સુધી તેના મોટા ભાગ પર સત્તા જમાવી બેસનાર પરદેશી જંગલી હુન લોકોની વધારે સ્પષ્ટ માહિતી આપવાની જરૂર છે. 'હુન' નામથી ઓળખાતી ભટકતા લોકોની જાતિઓ, એશિયાનાં ઘાસ છવાયેલાં મેદાનોમાંથી તેનાં ભૂખ્યાં ટોળાંઓનાં નિર્વાહના સાધનની શોધમાં જુદી આબોહવાવાળા પ્રદેશોમાં પશ્ચિમ તરફ ખસી, ત્યારે તે બે મુખ્ય પ્રવાહોમાં વહેંચાઇ ગઇ. તેમાંનો એક પ્રવાહ ઓક્ષસ નદીની અને બીજો વોલ્ગા નદીની ખીણ તરફ વળ્યો.

બીજો પ્રવાહ ઇ.સ. ૩૭૫માં પૂર્વ યુરોપ પર રેલાયો, અને તેણે ગોથ લોકોને દાન્યુબ નદીની દક્ષિણે હડસેલી નાખ્યા અને એ રીતે

**યુરોપમાં હુનો; અત્તિલા**

આડકતરી રીતે ખૂનખાર ગોથિક વિગ્રહને જન્મ આપ્યો. એ વિગ્રહમાં ઇ.સ. ૩૭૮માં સમ્રાટ વેલન્સે પોતાનો જાન ગુમાવ્યો. એ હુનો બહુ ઝડપથી ડાન્યુબ તથા વોલ્ગા વચ્ચેના પ્રદેશ પર ફેલાઇ ગયા, પણ લાંબા સમયથી ચાલુ જીર્ણ કુસંપને લીધે તેમજ કોઈ મહાન નેતાને અભાવે તેઓ તેમની લાભકારક સ્થિતિનો પૂરતો લાભ ઉઠાવવામાં નિષ્ફળ થયા. આખરે તેમનામાં અટ્ટિલા નામનો એક સરદાર પાક્યો. થોડાં વર્ષ સુધી એ જંગલીઓના સમૂહનું સંગઠન કરી, તેણે એવું તો પ્રબળ સત્તાનું શસ્ત્ર તૈયાર કર્યું કે 'રેવેના તથા કોન્સ્ટેન્ટીનોપલનાં દરબારોમાં તે એકસરખું અવગણનાભર્યું આવ્હાન મોકલવા શક્તિવાન થયો હતો.'

એ ટોળાંના પરસ્પર ઇર્ષ્યાળુ પક્ષોને જેમતેમ કરી સંગઠિત રાખનાર એક જ ગ્રંથિરૂપ એ સરદારનું ઇ.સ. ૪૫૩માં મરણ થયું.

**ઇ. સ. ૪૭૦**

એ બનાવ પછી વીસ વર્ષથી પણ ઓછા ગાળામાં ઉત્તર એશિયામાંથી પૂર પેઠે ધસી આવતા નવા જંગલીઓના પ્રબળ પ્રવાહના પૂરમાં યુરોપમાંનું એ જૂનું હુનસામ્રાજ્ય ઘસડાઇ ગયું.

એશિયામાં હુનોનું પ્રભુત્વ વધારે લાંબો સમય ટક્યું. હુનોના ટોળાંનો એ વિભાગ ઓક્ષસ નદીની ખીણમાં વસ્યો અને કદાચ તેમનો

**ઇ.સ. ૪૫૫ થી ૬૪; ઓક્ષસ નદીની ખીણના સફેદ હુનો**

જાતિસંઘ જુદો હોવાથી તેઓ ઇફેલાઇટ અથવા સફેદ હુનો કહેવાવા લાગ્યા. તેમણે રફતે રફતે ઇરાનના વિરોધનો સફળ સામનો કર્યો. ઇ.સ. ૪૮૪ માં રાજા ફીરોજ માર્યો ગયો ત્યારે ઇરાનનો એ વિરોધ સાવ ટળી ગયો. આ સફેદ હુનોનાં ટોળાંએ કાબુલના કુશાન રાજ્ય પર આક્રમણ કર્યું, અને ત્યાંથી તેઓ હિંદમાં રેલાઇ આવ્યા. ઇ.સ. ૪૫૫ માં સ્કંધગુપ્તે પાછો વાળેલો હુમલો પ્રમાણમાં કાંઈક નબળી ટુકડીએ કરેલો હશે. હિંદ પર ચઢી આવેલી હુનોની

ટોળીઓ પૈકીની આ શરૂઆતની ટોળી હશે અને તે હિંદના અંદરના ભાગમાં પગપેસારો કરી વસવાટ કરવામાં નિષ્ફળ થઇ હશે.

દસ વર્ષ બાદ એ ભટકતી ટોળીના લોકોએ વધારે મોટી સંખ્યામાં દેખા દીધી. ગાંધાર અથવા પેશાવરના રાજ્યને તેણે ઊથલાવી નાંખ્યું અને તે મુખ્ય મથકેથી નીકળી અત્યાર પહેલાં જણાવ્યું છે તેમ તેઓ ગંગાની ખીણના પ્રદેશમાં ઘૂસ્યા અને ગુપ્તસામ્રાજ્યને ઊથલાવી નાખ્યું.

**ઈ.સ. ૫૦૦ તોરમાણ**

ઇ. સ. ૪૦૪ માં ઇરાન તરફથી તેમની ગતિમાં થતો અટકાવ દૂર થતાં તેમની પૂર્વ તરફની ગતિને ઘણી સહાય મળી હશે અને ઘણી મોટી સંખ્યામાં તેમનાં ટોળાં હિંદી સરહદ ઓળંગવા પામ્યાં હશે. હિંદ પરનું આ આક્રમણ કેટલાં ય વર્ષો સુધી ચાલુ રહ્યું હશે એમાં કાંઇ જ સંદેહ નથી. એ આક્રમણકારી ટોળાંઓનો નેતા તોરમાણ[૧]નામનો એક સરદાર હતો અને તે ઇ. સ. ૫૦૦ની પૂર્વે મધ્ય હિંદમાં, માળવાના રાજા તરીકે જામ્યો જણાય છે. તેણે હિદીઓના 'મહારાજાધિરાજ'નાં બિરુદો અને ઠાઠ ધારણ કરેલાં જણાય છે અને ભાનુગુપ્ત તેમજ વલ્લભીનો રાજા તથા બીજા ઘણા સ્થાનિક રાજાઓ તેના ખંડિયા રાજા હશે.

આશરે ઈ.સ. ૫૦૨માં તોરમાણ મરી ગયો ત્યારે તેણે હિંદમાં

---

૧. તોરમાણના નામ વાળા ત્રણ શિલાલેખો જાણમાં છે. (૧) મધ્ય પ્રાંતના સાગર જિલ્લામાં એરન આગળ, જે એના અમલના પ્રથમ વર્ષની સાલ ધારણ કરે છે. (ફ્લીટ, ગુપ્ત ઇન્સ્કિ. નં ૩૬); (૨) મીઠાના પહાડોમાં કુરા આગળ. તેના પરની સાલ મળતી નથી (એપિ. ઇન્ડિ. I ૨૩૮) અને (૩) મધ્ય હિંદમાં ગ્વાલિયર આગળ જે તોરમાણના પુત્ર મિહિરગુલના પંદરમા વર્ષની સાલ ધારણ કરે છે. (ફ્લીટ નં ૩૭). પાશ્ચાત્ય ક્ષત્રપ અને ગુપ્તોના સૌરાષ્ટ્ર સિક્કાઓની નકલ કરતા તોરમાણના ચાંદીના સિક્કાની ઉપર 'પર'સાલ છે, જે દેખીતી રીતે કોઈ ખાસ હુન સંવતની સાલ જણાય છે. તે ઘણું કરીને ઈ. સ. ૪૪૮ માં શરૂ થયો હશે (જે. એ. એસ. બી. પુસ્તક IXIII ભાગ ૧ (૧૮૯૪), પૃ. ૧૯૫.)

સ્થાપેલું રાજ્ય તેના પુત્ર મિહિરગુલને વારસામાં મળે એટલું સંગઠિત થયેલું હતું. એ મિહિરગુલે પંજાબમાં સાકલ જે હાલ શીઆલકોટ નામે જાણીતું છે તેને પોતાનું હિંદનું પાટનગર સ્થાપ્યું હતું.

**ઈ. સ. ૫૦૨ મિહિરગુલ**

એ સમયે હિંદ, આખા હુન સામ્રાજ્યના એક પ્રાંત રૂપ જ હતું. એ ટોળાનાં મથકમાંનું એક હેરાત પાસે બાધગિમાં બામીન હતું અને પ્રાચીન શહેર બલ્ખ બીજું પાટનગર હતું.

**એશિયામાં હુન-સામ્રાજ્યનો વિસ્તાર**

ચીની યાત્રી–એલચી સોંગયુન જેના દરબારમાં ઈ.સ. ૫૧૯માં ગયો હતો તે બામીનમાં હતો કે હેરાતમાં તે નક્કી કરી શકાયું નથી, પણ તે હુનસમ્રાટ બહુ પ્રબળ સત્તા ધરાવનારો હતો અને પશ્ચિમમાં ઈરાનના મોખરાથી માંડી પૂર્વમાં ચીનની સરહદ પર આવેલા ખોતાન સુધીના વિશાળ પ્રદેશના ચાલિસ રાજાઓ પાસે ખંડણી ઊઘરાવતો હતો. એ સમ્રાટ કાં તો મિહિરગુલ હોય કે વધારે સંભવિત એ છે તે તેનો સમકાલીન ઉપરી રાજા હોય. ઈ.સ. ૫૧૯ પછીની ઈ. સ. ૫૨૦ની સાલમાં સોંગ-યુને ગાંધારના જે સ્થાનિક હુન રાજાને આદર આપ્યો તે મિહિરગુલ જ હશે એવો નિર્ણય આપણે કરવો પડશે. તે તે સમયે કાશ્મીરના રાજા સાથે યુદ્ધ કરવામાં રોકાયો હતો અને કાશ્મીર સાથેના એ વિગ્રહને તે સમયે શરૂ થયે ત્રણ સાલ થઈ હતી.

લગભગ તે જ સાલના અરસાના ઉલ્લેખમાં ઈ.સ. ૫૪૭માં એક વિચિત્ર પુસ્તક લખનાર ખ્રિસ્તી સાધુ કોસ્માસ ઇંડિકોપ્લુસ્ટીસ એક સફેદ હુન રાજાનું વર્ણન કરે છે. તે તેનું નામ ગોલાસ આપે છે. તે હિંદનો રાજા હતો, અને તે દેશ પાસેથી જોરજુલમથી ખંડણી ઊઘરાવતો હતો અને બે હજાર યુદ્ધના હાથી અને જબરા ઘોડેસ્વાર લશ્કરની મદદથી તે બળજબરીએ પોતાનું માગણું વસૂલ લેતો હતો એમ લખે છે. આ ગોલાસ રાજા જરૂર મિહિરગુલ જ હોવો જોઇએ.

**ગોલાસ**

હિંદની બધી પ્રણાલી કથાઓ મિહિરગુલને લોહીતરસ્યો સીતમગર તરીકે વર્ણવવામાં સંમત થાય છે. એ 'હિંદનો એટ્ટિલા' ઇતિહાસકારોએ વર્ણવેલી હુન સ્વભાવની લાક્ષણિક 'કઠોર ક્રૂરતા'થી તે સાધારણ કરતાં વધારે પ્રમાણમાં રંગાયેલો હતો. લગભગ પોણા સૈકા સુધી દયાહીન રીતે તેમના દેશ પર સીતમનો અગ્નિ વરસાવનાર જંગલી આક્રમણકારીઓનાં વિગતવાર વર્ણન આપવાનું હિંદી લેખકોએ પડતું મૂક્યું છે તેથી તે ઝનુની જંગલીઓએ કરેલા વિનાશનો તથા કાયમનો વસવાટ કરી રહેલી વસ્તીમાં તેમણે ઉપજાવેલા ત્રાસનો ખ્યાલ આપવા માટે આપણે યુરોપીય લેખકોનો આશ્રય લેવો પડશે.

**મિહિરગુલનો જુલમ**

મૂળ અહેવાલોનો ગિબને બહુ સારો ઉપસંહાર કરેલો છેઃ 'પોતાનાં ખેતર અને ગામડાં આગથી બળતાં અને કોઇપણ જાતના વિવેક વગરની કતલેઆમથી લોહીથી રેલાયેલાં જોતા ભયવિસ્મિત થયેલા ગોથ લોકોને એ હુનોનાં સંખ્યા, બળ, ઝડપી ગતિ તથા નિવારી ન શકાય એવી ક્રૂરતાનો અનુભવ થયો, તેનો ત્રાસ વ્યાપ્યો અને પરિણામે તેમને તેનું પરિમાણ હતું તેનાથી બહુ જ મોટું ભાસ્યું. આ બધા ખરા ભયોમાં તેમના તીણા અવાજ, જંગલી ચાળા તથા ઇસારાઓ અને તેમના વિચિત્ર બેડોળપણાથી નીપજતાં વિસ્મય અને તીવ્ર અણગમાની લાગણીથી ઉમેરો થતો હતો. બાકીની મનુષ્ય જાતિથી તેઓ તેમના પહોળા ખભા, ચપટાં નાક તથા માથામાં ઊંડી ઊતરી ગયેલી નાની કાળી આંખોથી જુદા પડતા હતા અને લગભગ નહિ જેવી દાઢી હોવાથી, તેમનામાં જુવાનીની મર્દાનગીભરી શોભા કે ઘડપણનો આદરણીય દેખાવ નહોતો જોવામાં આવતો.'

**હુનોનાં વર્ણન**

ગોથોની પેઠે હિંદીઓએ પણ એ જંગલીઓ જોડેના વિગ્રહનાં દુઃખો પૂરાં અનુભવ્યાં. વિધિનિષેધમાં શ્રદ્ધાવાળા વર્ણ ધર્મ પાળનારા

હિંદુઓને જેને મન પવિત્ર જેવું કાંઇ છે જ નહિ એવા આ જંગલીઓને જોતાં ચીતરી ચઢે એવી તેમની ટેવોથી થતા ખાસ અણગમાને કારણે યુરોપીયનો કરતાં ય એ જંગલીઓથી વધારે ત્રાસ થયો.

મિહિરગુલે કરેલો જુલમ એવો તો અસહ્ય થઇ પડ્યો કે હિંદના દેશી રાજાઓ મધ્ય હિંદના યશોધર્મા નામના રાજાની સરદારી નીચે આ પરદેશી જુલમગારની સામે થવા સંગઠિત થયા. આશરે ઈ. સ. ૫૨૮માં મિહિરગુલને નિર્ણયાત્મક હાર આપીને, તેમણે તેના જુલમમાંથી દેશને છોડાવ્યો.

**ઈ. સ. ૫૨૮. મિહિરગુલની હાર**

આ સમય દરમિયાન હ્યુએન્ત્સાંગના કથન અનુસાર, પોતાના કુટુંબના વડા પર આવી પડેલી આફતનો લાભ લઇ મિહિરગુલનો નાનો ભાઈ સાકળની ગાદી બથાવી પડ્યો, કારણકે તે પોતાના મોટા ભાઇને સોંપી દેવા રાજી નહોતો. થોડો સમય ગુપ્ત રહ્યા બાદ મિહિરગુલે કાશ્મીરનો આશરો લીધો. ત્યાંના રાજાએ તેનો માયાળુ રીતે સત્કાર કર્યો અને એક નાનો પ્રદેશ તેને હવાલે સોંપ્યો. દેશવટે નીકળેલો મિહિરગુલ થોડાં વર્ષ માથે આવી પડેલ આ ગુપ્ત કારાવાસમાં રહ્યો અને પછી તેણે પોતા પર ઉપકાર કરનાર સામે બળવો કરી તેની ગાદી હાથ કરવાનો લાગ સાધ્યો. એ સાહસમાં ફતેહમંદ થતાં તેણે પડોશના ગાંધાર રાજ્ય પર હુમલો કર્યો. ત્યાંનો રાજા જે ઘણું કરીને હુન જ હતો તેને દગાથી ઓચિંતો હુમલો કરી મારી નાખવામાં આવ્યો. તેના રાજકુટુંબનો ઉચ્છેદ કરવામાં આવ્યો અને સિંધુના કિનારા પરના લોકોનાં ટોળેટોળાંને કતલ કરવામાં આવ્યાં. આ જંગલી ચઢી આવનાર, જે પોતાના ઇષ્ટદેવ તરીકે શિવને ભજતો હતો, તેને શાંતિપ્રિય બૌદ્ધ સંપ્રદાય પ્રત્યે ઝનુની વેરવૃત્તિ બતાવી અને કોઇપણ જાતના પશ્ચાત્તાપ કે થડકા વગર તેણે તેમના સ્તૂપો અને મઠો તોડી પાડી નાખ્યાં અને તેમાંના ખજાના લૂંટી લીધા.

**મિહિરગુલ કાશ્મીરમાં**

પણ અનિતિએ મેળવેલું ધન ભોગવવા એ ઝાઝું જીવ્યો નહિ. એ વર્ષ પૂરૂં થતાં પહેલાં તો એ મરી ગયો અને 'તેના મરણકાળે ગાજવીજના તોફાન સાથ કરાની વૃષ્ટિ થઇ, ઘોર અંધકાર બધે વ્યાપી ગયો, પૃથ્વી કંપી ઊઠી અને ભયકર ઉલ્કાપાત મચી રહ્યો. અને સાધુઓ દયાળુભાવે બોલી ઊઠ્યા કે 'અસંખ્ય લોકોના વધને તેમજ બૌદ્ધ ધર્મને ઉથાપવાને કારણે તે અંધતમ નર્કમાં પડ્યો છે જ્યાં તે કર્મની ઘટમાળમાં અનંત યુગો સુધી રહેશે.' આવી રીતે આ જુલમગારને આ લોકમાં નહિ તો પરલોકમાં તેનાં ભૂંડાં કૃત્યોનો યોગ્ય બદલો મળ્યો. તેના મરણની સાલ ચોક્કસપણે જણાઇ નથી, પણ એ બનાવ ઇ.સ. ની ૫૪૨ની આસપાસમાં અને હ્યુએન્ત્સાંગ તેની યાત્રાએ નીકળ્યો તે પહેલાં બરાબર એક સૈકાના સમયમાં બન્યો હશે. તેના મરણ સમયે થયેલા ઉત્પાતની લોકકથા બૌદ્ધોના તેના તરફના તીવ્ર વિરોધને કારણે બહુ ઝડપી પ્રસાર પામી, છતાં તેની જંગલી ક્રૂરતાની પડેલી ઊંડી છાપની તે ભારપૂર્વક શાખ પૂરે છે. પર્વતોની ધારો પરથી નીચેની ઊંડી ખોમાં હાથીઓને ગબડાવી દેવામાં તેને એક પ્રકારનો રાક્ષસી આનંદ મળતો હતો એવી માન્યતાવાળી કાશ્મીરની વાતોથી તેને વધારે ટેકો મળે છે.

**મિહિરગુલનું મરણ**

મિહિરગુલના જુલમમાંથી મુક્તિ મેળવવા માટે રચાયેલા મનાતા મિત્રસંઘમાં આગળપડતો ભાગ લેનારા તરીકે જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મધ્ય હિંદના રાજા યશોધર્માની માહિતી આપણને માત્ર ત્રણ શિલાલેખો પરથી મળે છે. હ્યુએન્ત્સાંગ તેને વિષે કાંઇ ઉલ્લેખ કરતો નથી. તે તો હુનો પરના વિજયનો બધો યશ મગધના રાજા બાલાદિત્યને આપે છે, પણ તે યથાર્થ નથી. પરદેશી આક્રમણકારીઓના પરાજયની યાદગીરી કાયમ રાખનારા લેખોવાળા બે કીર્તિસ્થંભ યશો-ધર્માએ ઊભા કર્યા. એ લેખોમાં ગુપ્તો અને હુનોએ નહિ જીતેલા

**યશોધર્મા**

દેશોને પોતાની સત્તા નીચે આણવાનો તેમજ બ્રહ્મપુત્રાથી પશ્ચિમ સમુદ્ર સુધી અને હિમાલયથી મહેન્દ્રગિરિ સુધીના ઉત્તર હિંદના સ્વામી હોવાનો તે દાવો કરે છે. આ મહેન્દ્રગિરિ ઘણું કરીને ત્રાવણકોર ઘાટની પર્વતમાળાની વધારેમાં વધારે દક્ષિણમાં આવેલું શિખર હશે એમ આપણે સમજવું જોઇએ. પણ સામાન્ય પ્રચલિત અનિશ્ચિત અતિસ્તુતિની વાણી સૂચવે છે કે યશોધર્માં પોતે મેળવેલા વિજય માટે જોઇએ તે કરતાં વધારે ગાજ્યો જણાય છે. અને તેનો રાજકવિ પૌર્વાત્ય અતિશયોક્તિથી અજાણ્યો જણાતો નથી. તેના પૂર્વજો વિષે તેમજ તેના અનુગામીઓ વિષે કાંઇ જ માહિતી નથી. તેનું નામ એકલું અને કોઇપણ જાતના આગળપાછળના સંબંધ વગર આપેલું જણાય છે. અડસટ્ટે તેના રાજ્યનો અમલ છઠ્ઠા સૈકાના પહેલા અર્ધ ભાગમાં હશે એમ જણાય છે, જોકે તેનો ચોક્કસ ગાળો કેટલો તે જણાયું નથી. તેણે કરેલા યશના દાવા માટે તેના બહુ ગાજતા લેખો સિવાય બીજો કાંઇ આધાર નથી.

હિંદમાં મિહિરગુલના પરાજ્ય અને મરણ પછી ઓક્ષસ નદીની ખીણમાં સફેદ હુનોનું રાજ્ય બહુ લાંબો વખત ટક્યું નહિ. છઠ્ઠા સૈકાની અધવચમાં તુર્કોના આગમનથી, પરિસ્થિતિ તદ્દન ફરી ગઇ. જોન-જોન નામથી ઓળખાતી એક હરીફ ટોળીને હરાવી તુર્કી ટોળીઓએ ઇ. સ. ૪૮૪માં હુનોને હાથે માર્યા ગયેલા શાહ ફિરોજના પૌત્ર, ઇરાનના શાહ ખુશરૂ અનુશિર્વાન જોડે મૈત્રી બાંધી અને પછી એ મિત્રોએ ભેગા મળી ઈ. સ. ૫૬૩ થી ૫૬૭ ની વચ્ચેની કોઈ સાલમાં સફેદ હુનોની જડ કાઢી નાખી. થોડા સમય માટે ઇરાનીઓએ બલ્ખ અને હુન મુલકના બીજા કેટલાક ભાગો પર અધિકાર જમાવ્યો પણ ક્રમેક્રમે સસાનીયન સત્તા નબળી પડતાં, તુર્કો દક્ષિણમાં કપિસા સુધી પોતાની સત્તાનો વિસ્તાર કરવા સમર્થ થયા અને પહેલાં હુન સામ્રાજ્યમાં હતા તે બધા મુલકોને પોતાના રાજ્યમાં ખાલસા કરવામાં સફળ થયા.

**ઇ.સ.૫૬૫. એશિયામાં હુન સામ્રાજ્યનું પતન**

પ્રાચીન સમયમાં 'યવન' શબ્દ તથા હાલના સમયમાં 'વિલાયતી' શબ્દ જે અર્થમાં વપરાય છે તેવા અનિશ્ચિત અર્થમાં વાયવ્ય ખૂણામાંથી આવતા કોઈ પણ પરદેશીને માટે 'હુન' શબ્દ પાછલા સંસ્કૃત સાહિત્યમાં વાપરવામાં આવે છે. છત્રીસ રાજકુલ ગણાતી રજપૂત જાતિઓમાંની એકને તો 'હુન' એ જ સંજ્ઞા આપવામાં આવી હતી. અર્થની આવી અનિશ્ચિતતાને લીધે, થાણેશ્વરનો રાજા હર્ષ અને તેનો પિતા છટ્ઠા સૈકાની આખરમાં અને સાતમા સૈકાની શરૂઆતમાં વાયવ્ય મોખરા પરની જે હુન જાતિઓ સામે સતત વિગ્રહ કરવામાં રોકાયો હતો તે કઈ હશે એવી શંકા ઊભી થાય છે. પણ મિહિરગુલના પરાજય પછી માત્ર પચાસ વર્ષમાં જ 'હુન' શબ્દનો ખરો અર્થ ભૂલી જવામાં આવે એ બહુ સંભવિત નથી. હર્ષની સામે બાઝનારાને આપણે હિંદના મોખરા પરની ટેકરીઓમાં વસેલા હુનોના સીમાંત સંસ્થાન વાસીઓ ગણી શકીએ.

**'હુન' શબ્દની વ્યાખ્યા**

વાયવ્ય હિંદમાં પહોળી પથરાયેલી હાલની ગુર્જર જાતિના શેષરૂપ ગુર્જરોના સંબંધમાં હુનોનો અનેકવાર પુસ્તકોમાં અને લેખોમાં નિર્દેશ થયેલો જણાય છે. પહેલાંના ગુર્જરો, હિંદ બહારથી આવેલા જણાય છે. સફેદ હુનોના તે ગાઢ સહચારી હતા અને કદાચ સફેદ હુનો સાથે તેમને લોહીનો સંબંધ હશે. તેમણે રજપૂતાનામાં એક પ્રબળ રાજ્યની સ્થાપના કરી. તેની રાજધાની આબુ પર્વતની વાયવ્યે ૫૦ માઇલ પર આવેલા ભિન્નમાલ અથવા શ્રીમાળ નગરમાં હતી. સમય જતાં ભિલમાલના ગુર્જર–પ્રતિહાર રાજાઓએ કનોજ જીતી લીધું *અને ઉત્તર હિંદમાં પ્રબળ સત્તાધીશ બન્યા. એમની હકીકત ચૌદમા* પ્રકરણમાં આપવામાં આવશે. ભરૂચનો નાનો ગુર્જર રાજવંશ, ભિલમાલ રાજવંશની એક શાખા માત્ર હતી.

**ગુર્જરો**

આ સ્થળે હું એ તથ્ય હકીકત તરફ ધ્યાન ખેંચવા માગું છું

કે રજપૂતાના તથા ઉપલા ગંગાના પ્રદેશોમાં આવીને વસેલા પરદેશીઓ હિંદના મૂળ વતનીઓ સાથેના વિગ્રહોમાં કાંઈ જડમૂળથી નાશ પામ્યા નહોતા. આ બાબતમાં ઘણા સમયથી શંકા તો હતી જ, પણ હવે એ સારાં પ્રમાણથી સિદ્ધ થયેલી છે. એ લઢાઈઓમાં ઘણા મરી ગયા એ વાત ખરી, પણ ઘણા બચી પણ જવા પામ્યા. એમ બચેલા સામાન્ય વસ્તીમાં ભળી ગયા અને તેમના વંશજો, હાલની સામાન્ય વસ્તીનો કાંઈ નાનોસૂનો ભાગ નથી બની રહ્યો. તેમના પૂર્વગામી શક તથા યૌચીની પેઠે આ પરદેશીઓ પણ હિંદુત્વની અજાયબીભરી બીનાને પોતામાં સમાવી દેવાની અને એકરસ કરવાની શક્તિને સર્વત્ર વશ થયા અને બહુ જલદીથી 'હિંદુ' બની ગયા. જે જે કૂલ-clans અથવા કુટુંબો સરદારી મેળવવામાં સફળ થયા તેમને હિંદુ સમાજમાં સહેલથી ક્ષત્રિય અથવા રજપૂત તરીકે લઈ લેવામાં આવ્યા અને એ તો નિઃસંદેહ વાત છે કે પરિહાર અને બીજાં ઘણાં પ્રખ્યાત ઉત્તર હિંદનાં રજપૂત કૂલો, પાંચમા તથા છઠ્ઠા સૈકા દરમિયાન હિંદમાં રેલાઈ આવેલાં જંગલીઓનાં ટોળામાંથી ઉત્પન્ન થયેલાં છે. એ પરદેશીઓનાં સાધારણ પંક્તિમાંના મનુષ્યોમાંથી ગુર્જર અને બીજી જાતિઓ ઉત્પન્ન થઈ. સમાજમાં શ્રેષ્ઠત્વની દૃષ્ટિએ તેમનું સ્થાન રજપૂતો કરતાં ઊતરતું ગણાતું હતું. વધારે દક્ષિણમાં હિંદના મૂળ જંગલી વતનીઓની ઘણી જાતો અને કૂળો પણ એ જ હિંદુ બની શ્રેષ્ઠત્વ પામવાની વિધિના પ્રભાવ નીચે આવ્યાં અને પરિણામે ગોંડ, ભાર તથા ખરવાડ વગેરે જાતો ચંદેલ, રાઠોડ, ગહરવાળ તથા બીજી જાણીતી રજપૂત જાતિઓ રૂપે જણીતી થઈ અને તેમનાં વંશના આદિ સ્થાપક સૂર્ય તથા ચંદ્ર સાથે તેમનાં વંશવૃક્ષો પણ તૈયાર કરવામાં આવ્યાં. ઉત્તરના મધ્યયુગીન વંશોની હકીકત આપતાં આ વિધિની હું વધારે વિગતવાર ચર્ચા કરીશ અને તેનાં દૃષ્ટાંતો આપીશ.

**રજપૂત જાતિઓનું મૂળ**

ઓક્ષસ પરની ઇફ્લાઈટ સત્તાના ધ્વંસને કારણે, હિંદમાં આવતી

પરદેશી ઝોલાંઓની રેલ બંધ થઈ ગઈ અથવા બહુ જ ક્ષીણ થઈ ગઈ અને મિહિરગુલની હાર પછી લગભગ પાંચ સૈકા સુધી હિંદે પરદેશી આક્રમણોથી લગભગ સંપૂર્ણ મુક્તિ અનુભવી. પરદેશીઓના આક્રમણના અંતરાય વગર દેશની અંદરની અભિવૃદ્ધિ માટે મળેલી તકનો શો સદુપયોગ કે દુરૂપયોગ હિંદે કર્યો તે હવે પછીનાં પ્રકરણોમાં કહેવામાં આવશે.

**પરદેશી હુમલામાંથી હિંદનું બચી જવું**

છઠ્ઠા સૈકાના પાછલા અર્ધા ભાગના હિંદના ઇતિહાસની આપણને બહુ થોડી માહિતી છે. એ તો નક્કી જ છે કે તે વખતે કોઈ સર્વોપરી સત્તા નહોતી અને ગંગાની ખીણના પ્રદેશમાંના રાજ્યોને હુન તથા તેને મળતી જાતોના રંજાડથી બહુ ખમવું પડયું હતું. પણ કેટલીક સ્થાનિક વંશાવળીઓમાંનાં નામોની સૂચિ સિવાય સામાન્ય જિજ્ઞાસાને સંતોષે એવી બહુ થોડી હકીકતો નોંધવામાં આવેલી છે.

**છઠ્ઠા સૈકાનો બીજો અર્ધો ભાગ લગભગ કોરો**

એ ઊથલપાથલના સમયમાં હિંદ અનેક નાનાંનાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયો હતો. એમાંના એકની ખાસ નોંધ લેવાની જરૂર છે, કારણકે હ્યુએન્ત્સાંગે તેના મામલા વિષે કરેલા સંક્ષિપ્ત ઉલ્લેખે ઘણી ચર્ચા તથા કેટલીક ગેરસમજૂતિઓને જન્મ આપેલો છે. ઇ.સ. ૬૪૧ કે ૬૪૨ની શરૂઆતમાં ભરૂચ છોડયા પછી એ યાત્રીએ વાયવ્ય દિશામાં ઘણા લાંબા અંતર સુધી મુસાફરી કરી અને આખરે મોલાપો અથવા ઉચ્ચારમાં માળવાને મળતા દેશમાં તે પહોંચ્યો. ચીની પાઠમાં એ મુસાફરીની લંબાઈ અતિશયોક્તિ ભરી લાગે છે. એક મોટી નદીને, બીજા પાઠ મુજબ મહીસાગરને અગ્નિખૂણે આવેલી એ પ્રદેશની નામ વગરની રાજ્યધાની હતી તે કયું શહેર એ નક્કી થઇ શક્યું નથી. એ મોટી નદી જો 'સાબરમતી' હોય તો એ રાજ્યધાની હાલના અમદાવાદની

**મો.-લા-પો.**

જગ્યાએ અથવા એટલામાં જ કાંઈ હશે. એ યાત્રીનાં પુસ્તકમાં આપેલી તમામ હકીકતોનો મેળ બેસાડવો અશક્ય છે અને કેટલીક વિગતો હજુ ચર્ચાસ્પદ છે છતાં એટલું તો ચોખ્ખું જ છે કે મોલાપોના રાજ્યમાં અથવા તો એ પ્રદેશમાં મોટેભાગે મહી નદીના પાત્રનો પ્રદેશ તેમજ સાબરમતીની પૂર્વનો પ્રદેશ અને પૂર્વમાં રતલામ સુધી વિસ્તરતા દક્ષિણ રજપૂતાનાના પહાડી પ્રદેશનો સમાવેશ થાય છે. મો-લા-પોની ઉત્તર સરહદ ભિન્નમાળના ગુર્જર રાજ્યથી બંધાતી હતી, વાયવ્યમાં સાબરમતીની પશ્ચિમે આવેલા બીજા આનંદપુરી (વડનગર) પ્રાંતથી તેની હદ બંધાતી હતી. એની પૂર્વે જે રાજ્ય હતું તેની રાજ્યધાની ઉજ્જેની હતી. આનંદપુર ઉપરાંત કિતા અથવા કિચા અને સુલચ અથવા સુલથ એવાં મોલાપોના બીજા બે તાબાના પ્રાંત હતા. આ બે પૈકી બીજો તાબાનો પ્રાંત સોરઠ અથવા દક્ષિણ કાઠીઆવાડનો પ્રદેશ હશે એમ નિર્ણય કરી શકાય છે. પહેલો પ્રાંત કયો પ્રદેશ હશે તે વિવાદગ્રસ્ત બાબત છે. કેટલાક સારા પ્રમાણભૂત ગણાતા વિદ્વાન એ ચીની શબ્દનો અર્થ ખેડા (ખેડા અથવા ખેટક) જિલ્લો કહે છે જ્યારે બીજા તે કચ્છ હશે એમ માને છે.

મોલાપો તથા સૌરાષ્ટ્રની વચ્ચે આવેલો પૂર્વ કાઠીઆવાડનો વલ્લભીના મુલકનો પોતાનો સ્વતંત્ર રાજા હતો. તેનું નામ ધ્રુવભટ્ટ હતું.

**ધ્રુવભટ્ટ**

અને તે ઉત્તર હિંદના સર્વોપરી રાજા હર્ષનો જમાઈ થતો હતો. આ યાત્રીના આવ્યા પહેલાં કેટલાંક વર્ષ પર ધ્રુવભટ્ટને હર્ષે હરાવ્યો હતો અને તે બંનેની વચ્ચે સુલેહ જાહેર થયા બાદ પરસ્પર સમજૂતિથી જે જે વ્યવસ્થાઓ થઈ તે પૈકીની એક આ લગ્નસંબંધ હતો. ઈ.સ. ૬૪૩માં હર્ષે કનોજ અને પ્રયાગ મુકામે અગત્યની ધર્મપરિષદો ભરી. તેમાં હ્યુએન્-સાંગે ભાગ લીધો હતો. એ ધર્મપરિષદમાં તેના સસરાના દરબારમાં વલ્લભીનો રાજા ધ્રુવભટ્ટ એક ખંડિયા રાજા તરીકે હાજર થયો હતો. મોલાપો તથા તેના તાબાના ત્રણ પ્રાંત આનંદપુર, સૌરાષ્ટ્ર

તથા કચ્છના રાજ્યવહીવટના પ્રકાર બાબત એ યાત્રી એક શબ્દ પણ ઉચ્ચારતો નથી. એનું દેખીતું કારણ એ જણાય છે કે એ પ્રાંતોનો વહીવટ શ્રીહર્ષના વતીનો કરવામાં આવતો હતો અને છઠ્ઠા સૈકાની આખરમાં એ જ હર્ષનો પિતા માળવાના રાજા સાથે લઢ્યો હતો. મોલાપો તથા તેના બીજા પ્રાંત સૌરાષ્ટ્રની વચ્ચે આવેલા વલ્લભી મુલકના રાજા તરીકે ધ્રુવભટ્ટનો નિર્દેશ કરવામાં આવે છે. તેની સમજૂતિ એવી આપી શકાય એમ છે કે હર્ષે (શિલાદિત્યે) તેના જમાઇને અર્ધ સ્વતંત્રપદ ભોગવવા દીધું હતું અને માત્ર વલ્લભી ઉપર જ નહિ પણ મોલાપો અને તેના તાબાના પ્રાંતો ઉપર પણ તેનો અધિકાર હતો.

સ્થાનિક નોંધોના અભ્યાસ ઉપરથી હ્યુએન્ત્સાંગનું ધ્યાન ધ્રુવભટ્ટ-ના કાકા શિલાદિત્યના ઇતિહાસ તરફ ખેંચાયું. સાઠ વર્ષ પહેલાં એ મોલાપોનો રાજા હતો. એ રાજા તેનાં ડહાપણ તથા ઝીણી બુદ્ધિ માટે બહુ જાણીતો હતો. એ ચુસ્ત બૌદ્ધ હતો. જીવરક્ષા માટે તેને એટલી બધી કાળજી હતી કે પોતાના ઘોડા તથા હાથીને પીવાનું પાણી તે ગાળી નંખાવતો કે રખેને તે પાણીમાં રહેતાં કોઇ જીવતા જંતુની જીવહાનિ થાય. પોતાના મહેલની જોડે જ તેણે એક બૌદ્ધમંદિર બાંધ્યું હતું. એ મંદિર તેના કલામય શિલ્પનકશા માટે તેમજ કિંમતી શણગાર માટે જોવા જેવું હતું. એમાં સાત બુદ્ધોની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. દર વર્ષે સાધુઓની એક ભવ્ય સભા ભરવાનો તથા તેમાં સાધુઓને ઉદાર હાથે ધર્મભાગ તથા બક્ષિસો આપવાનો તેનો રિવાજ હતો. હ્યુએન્ત્સાંગની મુલાકાતના સમય સુધીની એક પછી એક આવતી પેઢી સુધી એ ધાર્મિક પ્રથા ચાલુ રાખવામાં આવી હતી.

**મોલાપોનો રાજા શિલાદિત્ય**

આ ધર્મનિષ્ઠ રાજા બૌદ્ધોનો 'ધર્માદિત્ય' એવા બિરૂદને ધારણ કરવાવાળો વલ્લભીવંશનો શિલાદિત્ય પહેલો હતો. એમ નિર્ણય કર-

**મોલાપોનો શિલાદિત્ય ધર્માદિત્ય**

વામાં મ. લેવી ખરો છે. એ રાજા ઈ.સ. ૫૯૫ થી ૬૧૦-૫ના અરસામાં રાજ્ય કરતો હતો. હ્યુએન્ત્સાંગે આપેલી બધી હકીકત જોડે ઉપર જણાવેલા સમયનો મેળ બેસતો નથી. તો પણ એટલું તો નક્કી છે કે તેના સમયમાં રાજ્ય કરતો વલ્લભીનો રાજા ધ્રુવભટ્ટ શિલાદિત્ય ધર્માદિત્યનો ભત્રીજો હતો; પણ હ્યુએન્ત્સાંગ એમ કહે છે કે તે મોલાપોના પહેલાં થઈ ગયેલા એક ધર્મનિષ્ઠ શિલાદિત્ય રાજાનો ભત્રીજો હતો. આ હકીકત ઉપરથી એવું અનુમાન જરૂરી થાય છે કે પોતાના પિતૃગત વલ્લભીના રાજ્ય ઉપરાંત શિલાદિત્ય ધર્માદિત્યે, મોલાપોના મુલક પર જીતને કારણે અધિકાર મેળવ્યો હશે. પાછળથી એ બંને દેશો હર્ષ રાજાએ જીતી લીધા હતા અને ઉપરી સત્તા તરીકે તે તેનું આધિપત્ય સ્વીકારતા થયા હતા.

ઉપરની વાર્તાઓમાં ઉલ્લેખાયેલી ગંભીર ગેરસમજૂતિનું કારણ એ હતું કે બીલ અને બીજા કેટલાક લેખકો મોલાપો અથવા પશ્ચિમ

**મોલાપો ઉજ્જેનથી જુદું છે**

માળવા અને અવન્તી અથવા પૂર્વ માળવા તરીકે ઓળખાતા ઉજ્જેની રાજ્ય એક જ હતાં એમ માનતા હતા. બીબેને મોલાપાના શિલાદિત્યને ઉજ્જેનનો શિલાદિત્ય કહેલો છે. એમ કરતાં તે એ વાત ભૂલી ગયો છે કે હ્યુએન્ત્સાંગે ઉજ્જેનના મુલકને કદમાં મોલાપા જેવડો પણ તેનાથી જુદો અને તેના સમયમાં એક બ્રાહ્મણ રાજાના અમલ તળે હોવાનું વર્ણન કરેલું છે. વલ્લભી અને મોલાપોનો અગાઉનો રાજા શિલાદિત્ય ક્ષત્રિય હતો એમ ધારવામાં આવે છે અને ઉજ્જેન જોડે તેને કાંઈ લેવાદેવા હોય એવું માનવા કાંઈ કારણ નથી.

કનોજના હર્ષને તેના મિત્ર હ્યુએન્ત્સાંગે વૈશ્ય વર્ણનો વર્ણવેલો છે જોકે તેણે ક્ષત્રિયપદ લીધાનું જણાય છે. ભૂલભરેલી રીતે મોલાપાના રાજ્યને ઉજ્જયિનીના રાજ્ય તરીકે સમજી લેવાને કારણે હર્ષના

સમયના ઇતિહાસની વ્યવસ્થામાં બહુ ગોટાળો થયેલો છે, અને આ પુસ્તકની પહેલી આવૃત્તિમાં કરેલી ટીકાઓનો મુખ્ય હેતુ એ ગોટાળામાં નાખતી ભૂલને સુધારવાનો હતો. એ ટીકાઓ જે પોતે કેટલીક બાબતોમાં ભૂલભરેલી હતી તે પાછળથી થયેલી ચર્ચા અને વિવાદથી પડેલા પ્રકાશથી હવે સુધારી લેવામાં આવી છે.

| ઇ. સ. | | બનાવ | ટીપણી |
|---|---|---|---|
| આશરે | ૨૭૧ | ગુપ્ત | ગુપ્તવંશના પ્રારંભની જૈન સાલ. |
| ,, | ૨૯૦ | ઘટોત્કચ્છ | |
| ,, | ૩૦૮ | ચંદ્રગુપ્ત પહેલાનું લિચ્છવી લગ્ન | |
| ,, | ૩૨૦ | ચંદ્રગુપ્ત પહેલો સ્વતંત્ર સત્તાધીશ થયો. | ગુપ્તસંવતની સ્થાપના. તેનું પહેલું વર્ષ ૩૨૦ના ફેબ્રુઆરીની ૨૬ મી તારીખે શરૂ થયું. |
| ,, | ૩૩૦ | સમુદ્રગુપ્તનું રાજ્યાધિરોહણ | |
| ,, | ૩૩૦–૬ | ઉત્તર હિંદમાંનાં સમુદ્રગુપ્તનાં યુદ્ધ સત્રો | |
| ,, | ૩૪૭–૫૦ | દક્ષિણ હિંદમાંનાં તેનાં યુદ્ધ સત્રો | |
| ,, | ૩૫૧ | અશ્વમેધ યજ્ઞ | |
| ,, | ૩૬૦ | લંકાના રાજા મેઘવર્માં તરફથી દૂતમંડળ | |
| ,, | ૩૮૦ | ચંદ્રગુપ્ત રાજાનું રાજ્યાધિરોહણ | |
| ,, | ૩૯૫ | પશ્ચિમ હિંદની જીત | |
| | ૪૦૧ | ઉદયગિરિનો શિલાલેખ | ગુપ્તસંવત ૮૨ |
| | ૪૦૫–૧૧ | ગુપ્તસામ્રાજ્યમાં ફા–હીઆનની મુસાફરી | ,, ૮૬ થી ૯૨ |
| | ૪૦૭ | ગર્વાહનો શિલાલેખ | ,, ૮૮ |
| | ૪૦૯ | પશ્ચિમના નમૂનાના ચાંદીના સિક્કા | ,, ૯૦ |
| | ૪૧૨ | સાંચીનો શિલાલેખ | ,, ૯૩ |

| | | | |
|---|---|---|---|
| | ૪૧૫ | કુમારગુપ્ત પહેલાનું રાજ્યાધિરોહણ | ,, ૯૪ |
| | ૪૧૫ | બિલસરનો શિલાલેખ | ,, ૯૬ |
| | ૪૧૭ | ગર્વાહનો શિલાલેખ | ,, ૯૮ |
| | ૪૩૨ | ઉત્તર બંગાળના શિલાલેખોમાં મથુરા અને નટોર | ,, ૧૧૩ |
| | ૪૩૬ | મંડસોરનો શિલાલેખ | ,, ૧૧૭ |
| | ૪૩૬ | ભરડિ શિલાલેખ | ,, ૧૧૭ |
| | ૪૪૦ | ચાંદીના સિક્કા | ,, ૧૨૧ |
| | ૪૪૩ | ચાંદીના સિક્કા | ,, ૧૨૪ |
| | ૪૪૭ | ચાંદીના સિક્કા | ,, ૧૨૮ |
| | ૪૪૮ | ચાંદીના સિક્કા અને માનકુંવારનો શિલાલેખ. ઓક્ષસના પાત્રમાં હુનોનું સ્થિર થવું અને હુનયુગ | ,, ૧૨૯ |
| | ૪૪૯ | ચાંદીના સિક્કા | ,, ૧૩૦ |
| આશરે | ૪૫૦ | પુષ્યમિત્રો જોડેનો વિગ્રહ | ,, ૧૩૧ |
| | ૪૫૪ | ચાંદીના સિક્કા | ,, ૧૩૫ |
| | ૪૫૫ | ચાંદીના સિક્કા | ,, ૧૩૬ |
| | ૪૫૫ | સ્કંધગુપ્તનું રાજ્યાધિરોહણ; પહેલો હુન વિગ્રહ | ,, ૧૩૬ |
| | ૪૫૬ | ગિરનાર પાસેના તળાવની પાળ ફરી બંધાઈ | ,, ૧૩૭ |
| | ૪૫૭ | ત્યાં એક મંદિરની સ્થાપના | ,, ૧૩૮ |
| | ૪૬૦ | કાહાઓન શિલાલેખ (ગોરખપુર જિલ્લો) | ,, ૧૪૧ |
| | ૪૬૩ | ચાંદીના સિક્કા | ,, ૧૪૪ |
| | ૪૬૪ | ચાંદીના સિક્કા | ,, ૧૪૫ |
| | ૪૬૫ | ઈંદોરનો શિલાલેખ (બુલંદ શહેર જિલ્લો) | ,, ૧૪૬ |
| | ૪૬૭ | ચાંદીના સિક્કા—પુરગુપ્ત ? નરસિંહગુપ્તનું રાજ્યાધિરોહણ | ,, ૧૪૮ |
| આશરે | ૪૭૦-૮૦ | બીજો હુન વિગ્રહ | ,, ૧૫૧–૬૧ |

| | | |
|---|---|---|
| ૪૭૩ | મંડસોરનો શિલાલેખ | ૫૨૯ માલવ સંવત પૂરો થયો |
| ૪૭૩ | કુમારગુપ્ત બીજાનું રાજ્યાધિરોહણ | ગુપ્ત સંવત ૧૫૪ |
| ૪૭૬ | બુદ્ધગુપ્ત; ખગોળશાસ્ત્રી આર્યભટ્ટનો જન્મ | ,, ૧૫૭ |
| ૪૭૭ | પાલી શિલાલેખ | ,, ૧૫૮ |
| આશરે ૪૮૦-૯૦ | ગુપ્તસામ્રાજ્યનો અંશતઃધ્વંસ | |
| ૪૮૪ | ઈરાનનો શાહ ફિરોજ હુનોને હાથે માર્યો ગયો | |
| ૪૯૦ થી ૭૭૦ | વલ્લભીવંશ | |
| ૫૦૦-૨ | માળવામાં તોરમાણ | |
| ૫૦૨-૪૨ | મિહિરગુલ | |
| ૫૨૦ | ગંધારના સફેદ હુન રાજાની સોંગ-યુને મુલાકાત લીધી | |
| આશરે ૫૨૮ | યશોવર્માએ મિહિરગુલને આપેલી હાર | |
| ,, ૫૩૫-૭૨૦ | મગધનો પાછલો ગુપ્તવંશ | |
| ,, ૫૯૫-૬૧૫ | મોલાપો અને વલ્લભીનો શિલાદિત્ય | |

# પરિશિષ્ટ ન

## વસુબંધુ અને ગુપ્તો

પ્રખ્યાત બૌદ્ધ લેખક વસુબંધુના સમયનિર્ણયનો વિકટ પ્રશ્ન તેમજ તેની સાથે સંબંધ ધરાવતા, વસુબંધુને જે ગુપ્ત રાજાઓ જોડે ગાઢો સંબંધ હતો તેની સ્પષ્ટ ઓળખના પ્રશ્ને

**પુસ્તકસૂચિ**

ઘણી લંબાણ ચર્ચા તથા વિશાળ મતભેદને જન્મ આપ્યો છે.

વસુબંધુના મોટાભાઇએ આ પ્રસંગે રચેલા 'યોગાચાર્ય ભૂમિશાસ્ત્ર'નો ઇ.સ. ૪૧૪ થી ૪૨૧ ની વચ્ચે ધર્મરક્ષે કરેલા થોડા ભાગના તરજૂમાના, તેમજ કુમારજીવેજેનો તરજૂમો કરેલો છે તે હરિવર્માની મહાન કૃતિના સમયનિર્ણય પર મસ્યુ નૉયલ પેરિએ સંખ્યાબંધ ચીની પુસ્તકોને આધારે આપેલી દલીલો તેમજ બીજા પુરાવા બતાવી આપે છે કે વસુબંધુ એંશી વર્ષની વયના થયા હતા. તે ચોથા સૈકામાં થઇ ગયા હશે અને એ સૈકાનો પહેલો અર્ધ ભાગ પૂરો થતાં મરણ પામ્યા હશે. મસ્યુપેરિનની માન્યતા ખરી છે અને એમાં કાંઇ પ્રશ્ન જેવું નથી.

ગુપ્તો જોડેના વસુબંધુના સંબંધની બાબતમાં ઈ.સ. ૫૪૬ થી ૫૬૯ સુધીમાં પુસ્તકો લખનાર વામન પરમાર્થની તથા ઘણું કરીને ઇ.સ. ૬૩૧માં વસુબંધુના જન્મસ્થાન પેશાવરમાં પોતાની નોંધો લખવા માંડી ઇ.સ. ૬૪૮માં પોતાનું પુસ્તક પુરૂં કરનાર હ્યુએન્ત્સાંગ એમ બે જણની સાહેદી મોજૂદ છે. આ પુસ્તકની ત્રીજી આવૃત્તિમાં મેં એ પ્રશ્નની પૂરી ચર્ચા કરી છે.

આ સાહેદી ઉપરથી એ હકીકત તરી આવે છે કે જે ગુપ્ત રાજાનો આશ્રય તેને હતો તે વિદ્વાન અને કલાસંપન્ન રાજા સમુદ્રગુપ્ત હતો. ચોક્કસ રીતે 'વિક્રમાદિત્ય' તરીકે જાણીતા થયેલા ચંદ્રગુપ્ત પહેલાનો એ પુત્ર અને વારસ હતો. ચંદ્રગુપ્ત પહેલાએ એ ઉપાધિ ખરેખર ધારણ નહિ કરેલી હોય તોપણ પ્રણાલીએ તેને તે લગાડી

હશે, કારણકે એ કોઈ પણ ગુપ્ત રાજાને લગાડવા યોગ્ય ગણાતી હતી. અયોધ્યા અને શ્રવસ્તિ બંને સમુદ્રગુપ્તને તાબે હતાં એમાં કાંઇ શંકા નથી અને ઘણું કરીને એની પેઠે એ બે નગરીઓ એના પિતાને કબજે પણ હશે. વસુબંધુનો કોઈ ગુપ્તરાજા જોડે સંબંધ સાંધતી લેખી પ્રણાલી કથા જો સારી પાયાદાર હોય તો તે ઉપરથી એવું અનુમાન નિપજે છે કે યુવાવસ્થામાં સમુદ્રગુપ્તે ચંદ્રપ્રકાશ અને બાલાદિત્ય અથવા પરાદિત્ય એમ બે ઉપાધિઓ ધારણ કરી હશે.

ટુંકામાં આપણે એવો નિર્ણય કરવાનો પ્રાપ્ત થાય છે કે તેના પિતા ચંદ્રગુપ્ત પહેલાની સંમતિ તથા પસંદગીથી બૌદ્ધ લેખક અને આચાર્ય વસુબંધુને સમુદ્રગુપ્તે પોતાના દરબારમાં મંત્રી તથા અંગત સલાહકાર તરીકે સત્કાર્યો હશે અને વધારામાં સમુદ્રગુપ્ત જાતે જાહેર રીતે બ્રાહ્મણધર્મનો અનુયાયી હોવા છતાં, યુવાનીમાં તેણે રસ અને પક્ષપાતથી બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો હશે.

# પ્રકરણ ૧૩ મું

## હર્ષનું રાજ્ય ઈ.સ. ૬૦૬ થી ૬૪૭

છઠ્ઠા સૈકાના બીજા અર્ધા ભાગને વિષે લખતાં ઇતિહાસકારને સાધનોની અપૂર્ણતાથી મુંઝવણ થાય છે તે સાતમા સૈકામાં દાખલ થતાં તેને અનુભવવી પડતી નથી. આ સમયાંતરને માટે સાધારણ શિલાલેખ તથા સિક્કાઓનાં સાધન ઉપરાંત, ચાલીસ વર્ષ કરતાં વધારે સમય માટે ઉત્તર હિંદ પર સર્વોપરી રાજા તરીકે રાજ્ય કરતા રાજા હર્ષના અમલની પુષ્કળ અને વિશ્વાસપાત્ર માહિતી પૂરી પાડતાં અને તે સમયના હિંદની રાજકીય સ્થિતિ પર સારો પ્રકાશ પાડતાં બે સમકાલીન પુસ્તકો સદ્‌ભાગ્યે તેને મળી રહે છે. આ બે પુસ્તકોમાંનું એક ચીની યાત્રી હ્યુએન્ત્સાંગના પ્રવાસનું અતિ કિંમતી પુસ્તક છે. એ યાત્રીએ ઈ.સ. ૬૩૦ થી ૬૪૪ સુધીમાં હિંદના લગભગ દરેક ભાગની મુલાકાત લીધી હતી અને દરેક રાજ્ય તથા પ્રાંતનાં વધારે કે ઓછાં ઝીણવટવાળાં અવલોકનોની નોંધ કરેલી છે. એ 'પ્રવાસ'માં આપેલી કથાની પૂરવણી એ યાત્રીની જીવનકથા લખનાર એનો મિત્ર હવુઈ-લી પૂરી પાડે છે એટલું જ નહિ, પણ બીજી ઘણી વધારાની વિગતો પણ તે પૂરી પાડે છે. ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવે છે તે બે પુસ્તકોમાંનું બીજું 'હર્ષચરિત્ર' છે. એ બ્રાહ્મણ કવિ બાણભટ્ટે લખેલું છે. એ કવિ એ વાર્તાના નાયકના દરબારમાં અને તેનો આશ્રય અનુભવતો રહેતો હતો. ચીનના સરકારી ઇતિહાસોમાં પણ ઘણી અગત્યની અને રસિક માહિતી આપવામાં આવે છે. આ બધાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે હર્ષ રાજાના અમલના બનાવોની આપણી માહિતી, ચંદ્રગુપ્ત, મૌર્ય અને અશોક સિવાયના કોઈ પણ પહેલાં થઈ ગયેલા હિંદી રાજા વિષેની માહિતી ને ચોકસાઈની બાબતમાં ઘણી ટપી જાય છે.

**સાતમા સૈકાના ઇતિહાસનાં સાધન**

અતિ પ્રાચીન સમયથી થાણેશ્વરની આસપાસ આવેલો પ્રદેશ પવિત્ર મનાયો છે. તે 'કુરૂભૂમિ'ને નામે જાણીતો છે અને પૌરાણિક વીરોની યુદ્ધભૂમિ તરીકે પ્રખ્યાત છે. છઠ્ઠા સૈકાના પાછલા અર્ધ ભાગમાં થાણેશ્વરનો પ્રભાકરવર્ધન નામનો રાજા તેના પડોશી રાજ્યો જોડેના સફળ વિગ્રહોથી સારી પેઠે આગળ પડતો થયેલો હતો. એ પડોશી રાજ્યોમાં માલવો, વાયવ્ય પંજાબમાં આવેલી હુન વસાહતો અને ગૂર્જરોનો સમાવેશ થતો હતો. એ ગૂર્જરો ઘણું કરીને રજપૂતાનાના હતા, પણ હાલના પંજાબના ગૂજરાત તથા ગૂજરાંવાલા જિલ્લાના પ્રદેશમાં ગૂર્જર રાજ્યના ગૂર્જરો પણ તે હોય એ સંભવિત છે. એતો નિઃસંદેહ વાત છે કે તેની મા ગુપ્તવંશની કુંવરી હતી એ કારણે તેની મહત્વાકાંક્ષા ઉત્તેજાઈ હતી એટલું નહિ, પણ તેને સફળ કરવામાં પણ તે સહાયભૂત થઈ હતી.

**થાણેશ્વરનો રાજા પ્રભાકરવર્ધન**

ઇ.સ. ૬૦૪ની સાલમાં આ ઉત્સાહભર્યા રાજાએ પુખ્ત વયમાં પ્રવેશતા તેના રાજ્યવર્ધન નામના મોટા કુંવરને એક મોટી સેના સાથે વાયવ્ય મોખરા પર આવેલી હુન વસાહતો પર હુમલો કરવા મોકલ્યો. યુવરાજથી ચાર વર્ષે નાનો તેનો માનીતો કુંવર હર્ષ તેના મોટા ભાઈના ગયા પછી ઘણે સમયે ઘોડેસવાર લશ્કર સાથે તેની પાછળ ગયો. મોટો ભાઈ દુશ્મનની શોધમાં પર્વત પ્રદેશમાં ઘૂસ્યો એટલે નાનો કુંવર એ પર્વતોની તળેટીમાં આવેલાં જંગલોમાં પુષ્કળ થતાં વિવિધ મૃગયાનાં પ્રાણીઓના શિકારની મજા માણતો રસળતો રહ્યો.

**હુનો સાથેનો તેનો વિગ્રહ**

આમ મોજમજામાં મશગુલ હતો તેવામાં પંદર વર્ષના યુવાન હર્ષને ખબર મળી કે તેનો પિતા સખત તાવની બીમારીથી ગંભીર માંદગીને બિછાને પડ્યો છે. આથી બનતી ત્વરાએ એ પાટનગર તરફ ફર્યો, પણ ત્યાં આવતાં તેને જણાયું કે તેના પિતાની સ્થિતિ ગંભીર હતી અને

**ઇ. સ. ૬૦૫ રાજ્યવર્ધન**

તેના જીવવાની કાંઈ આશા નહોતી. રોગની અવધિ જલદી પૂરી થઈ, અને ગાદી પરના જન્મસિદ્ધ હક્કનો દાવો કરવા માટે હુનો પરની ચઢાઈમાં વિજયી થયેલો તેનો મોટો ભાઈ આવી પહોંચે તે પહેલાં ખેલ ખલાસ થઇ ગયો હતો. એવાં સૂચન મળી આવે છે કે દરબારમાં નાના કુંવરને ગાદીએ બેસાડવાની તરફદારી કરનાર એક પક્ષ હતો. પણ રાજ્યવર્ધન પાછો આવતાં બધી ખટપટો પડી ભાંગી અને યોગ્ય સમયે તે ગાદીએ બેઠો. તે ભાગ્યે જ ગાદીએ બેઠો હશે, એટલામાં એવી ખબર આવી કે જેથી તેને તુરત જ રણમેદાને ચઢવું પડ્યું.

**માળવા સાથેનો વિગ્રહ**

એક દૂત એવા દુઃખદ સમાચાર લઇને આવ્યો કે રાજકુમારોની બેન રાજ્યશ્રીના પતિ ગ્રહવર્મા મૌખરી માળવાના રાજાને હાથે યુદ્ધમાં માર્યો ગયો છે અને 'પગે લોઢાની બેડીઓ સાથે એક ધાડપાડુની પત્નીની જેમ કેદ કરી' તેણે રાજકુમારી જોડે કનોજમાં બહુ ક્રૂર વર્તાવ ચલાવ્યો છે. પોતાની બેનના અપમાનનું વેર લેવાનો નિશ્ચય કરી, પોતાના હાથી તથા ભારે લશ્કરને ભાઇના હવાલામાં સોંપીને, રાજ્યવર્ધન ૧૦,૦૦૦ ઘોડેસવારની ઝડપી કૂચ કરતી સેના એકઠી કરી નીકળી પડ્યો. માળવાના રાજાને તો તેણે બહુ ઝડપથી હાર આપી. હારેલા રાજાના મિત્ર મધ્ય બંગાળના રાજા શશાંકે મીઠાં મીઠાં વચનથી ભોળવી રાજ્યવર્ધનને બેઠકમાં બોલાવી, તેની અસાવધતાનો લાભ લઇ તેનું ખૂન કર્યું. આ ખબર મળતાં વિજયનો આનંદ શોકમાં ફેરવાઇ ગયો. વળી હર્ષને એવી પણ ખબર મળી કે તેની વિધવા બેને કેદખાનામાંથી નાશી છૂટી વિંધ્યાચળના જંગલોનો આશરો લીધો છે. કમનસીબે તેના સંતાવાની જગાનો કાંઇ ચોક્કસ પત્તો તે મેળવી શક્યો નહિ.

માર્યા ગયેલા રાજા રાજ્યવર્ધનની ઉમર ઘણી નાની હતી અને રાજ્યકારભારનો ભાર વહી શકે એવો પુત્ર તેને થયો નહતો,

**ઈ.સ. ૬૦૬ હર્ષ**

છતાં રાજ્યના સામંતો તેના યુવાન નાના ભાઇને રાજમુકુટ આપતાં આચકો ખાતા હતા એમ જણાય છે; પણ વચલા સમયમાં દેશમાં પ્રસરેલાં અવ્યવસ્થા તથા અંધાધૂંધીએ રાજ્યમંત્રીઓને રાજ્યનો વારસ નીમવાની બાબતમાં કોઇ એક નિશ્ચય પર આવવાની ફરજ પાડી. બંને કુંવરોથી ઉમરમાં કાંઇક મોટા તેમના એક પીતરાઇ ભાઇ ભંડીની સલાહને અનુસરી, રાજ્યની જવાબદારી પોતાને શિર લેવા હર્ષને નિમંત્રણ કરવાનો મંત્રીઓએ આખરે નિશ્ચય કર્યો. આ ભંડીને એ રાજ્યકુમારોની સાથે જ શિક્ષણ આપવામાં આવ્યું હતું. ઇતિહાસનાં પૃષ્ટપર નહિ લખાયેલા કોઇ કારણસર તે એ નિમંત્રણને સંમત થતાં અચકાયો અને એમ કહેવાય છે કે એ નિમંત્રણ સ્વીકારતાં પહેલાં તેણે કોઈ બૌદ્ધ દેવવાણી મેળવવાનો માર્ગ લીધો. તેનો રાજ્યગાદીએ બેસવાનો આ અણગમો ખરા દિલનો હોય કે દંભભર્યો હોય છતાં રાજ્યગાદી સ્વીકારવાની તરફેણ કરતી દેવવાણી મળવાથી તેને કાંઈ સ્થાન રહ્યું નહિ. તો પણ ભાગ્યદેવીને સંતોષવા શરૂઆતમાં તેણે રાજત્વનાં નિશાનો ધારણ ન કર્યાં અને નમ્રપણે પોતાની જાતને રાજપુત્ર શિલાદિત્ય તરીકે જાહેરમાં ઓળખાવવાનું રાખ્યું.

આ વિચિત્ર વિગતો સાફ બતાવી આપે છે કે હર્ષના રાજ્યાધિરોહણની બાબતમાં કાંઈક અજાણ્યા અંતરાયો આવી પડ્યા હતા અને

**હર્ષનો યુગ**

ગાદી મેળવવા માટે પોતાના પરંપરા પ્રાપ્ત હક્કને બદલે સામંતોની પસંદગી પર આધાર રાખવાની તેને ફરજ પડી હતી. 'ફાંગ–ચી' નામનું ચીની પુસ્તક 'પોતાની વિધવા બેનની સાથે રહી રાજ્ય ચલાવતો' તેને વર્ણવે છે. આ કથન પરથી એવું સૂચન થાય છે કે શરૂઆતમાં તે પોતાની જાતને પોતાની બેન અથવા તો સંભવે છે કે તેના સ્વર્ગસ્થ ભાઈના બાળપુત્રના રક્ષક તરીકે રાજ્ય કરતો માનતો હતો. એમ માનવાને કારણ છે કે ઇ.સ. ૬૧૨સુધી હર્ષ હિંમતથી રીતસર જાહેર થયેલા

રાજા તરીકે આગળ પડી શક્યો નહિ. તે ગાદી પર સાડાપાંચ કે ૭ હર્ષ રહ્યો ત્યાર પછી ઉપર જણાવેલી સાલમાં તેનો વિધિપૂર્વક રાજ્યાભિષેક થયો. તેના નામથી જાણીતો થયેલો સંવત કે જેનું પહેલું વર્ષ ઈ.સ. ૬૦૬–૭ હતું તે ઈ.સ. ૬૦૬ના ઑક્ટોબર માસમાં તેના રાજ્યાધિરોહણથી શરૂ થયો હતો.

થાણેશ્વરના સામંતોનો યુવાન હર્ષનું આધિપત્ય સ્વીકારવાની બાબતમાં અચકાવાનો હેતુ ગમે તે હોય, તો પણ ભંડીએ આપેલી સલાહનું વ્યાજબીપણું તેણે સૂચવેલી વ્યક્તિએ સારી પેઠે સિદ્ધ કરી આપ્યું અને થોડા જ સમયમાં રાજ્ય કરવાનો પોતાનો હક્ક તેણે સાબિત કર્યો.

**રાજ્યશ્રીનું પુનઃમિલન**

દેખીતી રીતે હર્ષ પર આવેલી તુરતની ફરજો, તેના ભાઇના ખૂનીનો પીછો પકડવાની તથા પોતાની વિધવા બેનને શોધી કાઢવાની હતી. આ બે કામો પૈકી બીજું વધારે જરૂરી હોવાથી ખૂબ ત્વરાથી હાથ ધરવામાં આવ્યું અને તેમ કરતાં રાજ્યવર્ધનનો ખૂની નાશી છૂટવા પામે તેની પણ પરવા કરવામાં આવી નહોતી. હર્ષે એ બાબતમાં કરેલી ત્વરા જરા પણ વધારે પડતી ન હતી, કારણકે છૂટકારાની બાબતમાં નિરાશ થયેલી કુંવરી, પોતાની દાસીઓ સાથે જીવતી ચિતાએ ચઢી બળી મરવાની તૈયારીમાં હતી એટલામાં જંગલમાં વસતી જાતિઓના નાયકોની દોરવણીથી, તેનો ભાઈ વિંધ્યાટવીના ઊંડાણમાં તેનો પત્તો મેળવવામાં સફળ થયો. શશાંક સામેની ચઢાઇની વિગતો નોંધેલી મળતી નથી અને એટલું તો સાફ જણાય છે કે તે નહિ જેવું નુકશાન ખમી નાશી છૂટ્યો હશે. ઇ.સ. ૬૧૯ની સાલ સુધી તો તે સત્તાવાન હોવાનું જણાય છે, પણ કદાચ ત્યાર પછીથી તેનો મુલક હર્ષને હાથ ગયો હોય.

બૌદ્ધ સંપ્રદાયની સમ્મિતીય શાખાના તત્ત્વમાં પારંગત તથા અદ્વિતીય બુદ્ધિમતિ પોતાની બેન રાજ્યશ્રીને પાછી મેળવ્યા બાદ

**હર્ષની નવા મુલકો જીતવાની યોજના**

હર્ષે નવા મુલકો જીતવાની પદ્ધતિસર યોજનાનો અમલ કરવામાં પોતાનાં અસાધારણ કુશળતા અને શક્તિને કામે લગાડ્યાં. આખા હિંદને 'એક છત્ર' નીચે લાવવાનો તેનો ઇરાદાપૂર્વક હેતુ હતો. એની કારકિર્દી ને એ તબક્કે તેની પાસે ૫,૦૦૦ હાથી, ૨૦,૦૦૦ ઘોડેસવાર અને ૫૦,૦૦૦ પાયદળનું લશ્કરી બળ હતું. પ્રાચીન પ્રણાલી અનુસાર પદ્ધતિસર વ્યવસ્થિત થયેલી ચતુરંગિણી સેનાનું ચોથું અંગ'રથ' ગણાતા, પણ હર્ષે એ અંગને નકામા ગણી કાઢ્યા હોય એમ જણાય છે, જોકે તે સમયે પણ દેશના કેટલાક ભાગોમાં તેનો ઉપયોગ થઈ રહ્યો હતો.

**પાંચ વર્ષનો વિગ્રહ**

આવી જંગમ મહા સેના સાથે હર્ષ આખા ઉત્તર હિંદ પર ફરી વળ્યો. તેના સમકાલીન ચીની યાત્રીની રસીલી વાણીમાં 'તેની સામા થનાર બધાને વશ કરતો તે પૂર્વથી પશ્ચિમ સુધી ગયો; તેના હાથી પર માંડેલાં જીન માંડ્યાં ને માંડ્યાં રહ્યાં અને યોદ્ધાઓનાં માથાં પરથી શિરટોપ એ સમય દરમિયાન કદીએ ઊતર્યાં નહોતા.' સાડાપાંચ વર્ષને અંતે વાયવ્યના પ્રાંતો અને ઘણું કરીને બંગાળાના મોટા ભાગની જીત પૂરી થઈ હતી, અને તેનું લશ્કરી બળ એટલું બધું વધી ગયું હતું, કે તે રણભૂમિ પર ૬૦,૦૦૦ યુદ્ધના હાથી તથા ૧૦૦,૦૦૦ ઘોડેસવારનું લશ્કર મૂકી શકે એમ હતું. પછીથી એણે પાંત્રીસ વર્ષ સુખે રાજ્ય કર્યું અને એ સમય દરમિયાન તેની ઉત્કટ શક્તિનો ઉપયોગ તેણે પોતાના વિશાળ મુલકનો વહીવટ કરવામાં કર્યો. બંગાળાના ઉપસાગરને કિનારે આવેલા ગંજામના ખડતલ વતનીઓ પરનો હુમલો એ તેની છેલ્લી નોંધાયલી ચઢાઈ છે અને તે ઇ.સ. ૬૪૩માં થઈ હતી.

એની જયપરંપરાની લાંબી કારકિર્દી એક નિષ્ફળતાથી ખંડિત થયેલી છે. ચૌલુક્ય વંશનો મોટામાં મોટો પુરુષ પુલકેશી બીજો,

**ચૌલુક્ય પુલકેશી બીજાને હાથે હાર ઈ.સ. ૬૨૦**

જીતોના વિસ્તારમાં હર્ષની સ્પર્ધા કરતો હતો અને હર્ષ જેમ ઉત્તર હિંદમાં સર્વોપરી રાજા હતો તેવી રીતે દક્ષિણના સર્વોપરી રાજાના પદે તે પહોંચ્યો હતો. હવે પછીનાં પ્રકરણમાં તેનાં પરાક્રમોની નોંધ લેવામાં આવશે. ઉત્તરનો સમ્રાટ રાજીખુશીથી આવા બળવાન પ્રતિસ્પર્ધીની હયાતી સાંખી શક્યો નહિ. તેણે તેને ઊથલાવી નાખવાનો યત્ન કર્યો. આથી બધા દેશોમાંના ઉત્તમ સરદારો સાથે અને પાંચ હિંદ[1]ની સેના સાથે તે જાતે તેની પર હુમલો કરવા આગળ વધ્યો. પણ તેનો યત્ન નિષ્ફળ થયો. દક્ષિણના રાજાએ નર્મદાના ઘાટોની એવી તો ખબરદારીથી ચોકી કરી કે હર્ષને હારી નિરાશ થઇ પાછા ફરવાની અને તે નદીને પોતાની સરહદ તરીકે સ્વીકારવાની ફરજ પડી. આ ચઢાઇનો સમય આશરે ઈ.સ. ૬૨૦નો નક્કી કરી શકાય.

વલ્લભી સાથેનો વિગ્રહ ઈ.સ. ૬૩૩ કરતાં મોડો અને ઈ.સ. ૬૪૧ કે ૬૪૨માં હ્યુએન્ત્સાંગે પશ્ચિમ હિંદની મુલાકાત લીધી તે પહેલાં થયો જણાય છે. એ વિગ્રહના પરિણામમાં ધ્રુવસેન (ધ્રુવભટ્ટ) બીજાની સંપૂર્ણ હાર થઈ અને તે ભરૂચના રાજાના મુલકમાં નાશી ભરાયો. એ ભરૂચનો રાજા ઘણું કરીને ચૌલુક્ય સમ્રાટની બળવાન સહાય પર આધાર રાખતો હતો. આગળ કહ્યું છે તેમ

**વલ્લભી સાથેનો વિગ્રહ**

---

૧ 'પંચગૌડ' અથવા 'પંચહિંદ' એટલેકે સારસ્વત (પંજાબ), કાન્યકુબ્જ (કનોજ), ગૌડ (બંગાળા), મિથિલ (દરભંગા) અને ઉત્કલ (ઓરિસ્સા) એ પાંચ હાલના કરતાં તે સમયે એક એક જોડે વધારે નિકટ સંબંધ ધરાવતા હતા. બંગાલીઓ આર્યાવર્તના બીજા ભાગોના લોકો જોડે બહુ ગાઢ સંબંધ ધરાવતા હતા એમ જણાય છે. જૂનાં બંગાલી કાવ્યો 'પાંચાલી'ના સામાન્ય નામથી ઓળખાય છે. આ શબ્દ બતાવી આપે છે કે જૂનાં બંગાલી કાવ્યોના કેટલાક છંદ માટે તો આપણે પાંચાલ કે કનોજના ઋણી છીએ. સારસ્વત

ધ્રુવભટ્ટને સુલેહની માંગણી કરવાની, વિજેતાની પુત્રીનો હાથ સ્વીકારવાની અને તેના ખંડીઆ રાજાની સ્થિતિમાં રહી સંતોષ માનવાની ફરજ પડી હતી. એજ ચઢાઈમાં આનંદપુર, કિચ અથવા કચ્છ અને સોરઠ અથવા દક્ષિણ કાઠીઆવાડના મુલક અથવા રાજ્યોને તેણે વશ કર્યાનું માની શકાય એમ છે. ઇ.સ. ૬૪૧માં તો એ બધાં મોલાપો અથવા પશ્ચિમ માળવા જે પહેલાં વલ્લભીને તાબે હતું તેનાં પેટા રાજ્યો હતાં.

**હર્ષના રાજ્યનો વિસ્તાર**

તેના અમલનાં પાછલાં વર્ષોમાં હર્ષની આણ નેપાલ સાથેના ગંગાના આખા પાત્ર પર, હિમાલયથી નર્મદા સુધી, તેમજ માળવા, ગૂજરાત અને સૌરાષ્ટ્ર પર નિષ્કંટક પ્રવર્તતી હતી. અલબત્ત રાજ્યવહીવટની વિગતો સ્થાનિક રાજાઓના હાથમાં રહેતી હતી, પણ પૂર્વમાં છેક દૂર આવેલા આસામ અથવા કામરૂપનો રાજા પણ એ અધિરાજની આજ્ઞાને વશ વર્તતો હતો અને છેક પશ્ચિમમાં આવેલા વલ્લભીનો રાજા, અને તેનો જમાઈ પણ શાહી રસાલામાં હાજર રહેતો હતો.

---

અથવા પંજાબે આપણને તેનો શક સંવત્ આપ્યો અને હિંદના બીજા ભાગોની પેઠે બંગાલીઓએ તે સ્વીકાર્યો. બંગાળાની શિષ્ટતા–નવી વિદ્યા–ખાસ કરીને ન્યાય કે જેનાથી નદીઆના 'તોલો' આખા હિંદમાં પંકાતાં થયાં તે મગધના યશસ્વી દિનો પૂરા થતાં, અને તે પૂર્વ હિંદને પ્રકાશ આપતું બંધ થયું તે જમાનામાં મિથિલામાંથી આવ્યાં. કલિંગ અથવા ઓરિસ્સા જોડે તો બંગાલા ભૂતકાલમાં છોડયું વછૂટે નહિ એવા સંબંધથી જોડાયેલું હતું. આપણા અવતારી પુરુષ ચૈતન્યદેવના ભક્તો બંગાળા કરતાં ઓરિસ્સામાં વધારે છે. આથી આપણને જણાય છે કે તે સમયે આર્યાવર્તના પાંચ વગવાળા પ્રાંતો 'પાંચગૌડ' તે નામે ઓળખાતા હતા અને જૂના જમાનામાં તેઓ એક એકના ખૂબ ગાઢા સંસર્ગમાં આવેલા હતા અને હાલના કરતાં વધારે છૂટથી વિચારો અને આદર્શોનો વિનિમય કરતા હતા (દિનેશચંદ્ર સેન હિસ્ટરીઑફ બેંગાલ લેંગવેજ એન્ડ લિટરેચર કલકત્તા યુનિવ., ૧૯૧૧.)

પોતાના વિશાળ રાજ્યના સંયમન માટે કેળવાયેલી નોકરશાહીની સેવા કરતાં, અવિશ્રાંત શક્તિ તથા ઉત્સાહથી રખાતી પોતાની અંગત દેખરેખ પર તે આધાર રાખતો હતો. ચો-

**તેની પ્રગતિઓ**

માસાની મોસમમાં મોટા રસાલા સાથે કૂચ કરવાનું કામ અશક્ય હતું તેમજ બૌદ્ધ નિયમની વિરુદ્ધ હતું, એટલે તે મોસમ સિવાય તે સતત તેના મુલકમાં પ્રવાસ કરતો રહેતો, પાપીઓને દંડ દેતો અને પુણ્યશાળીઓને અથવા સારાં કર્મ કરનારને ઇનામો આપતો હતો. મોગલ બાદશાહો વાપરતા હતા તથા હાલમાં ઊંચા દરજ્જાના ઍંગ્લો–ઈંડિયન અમલદારોનાં જંગમ ઘર બને છે તેવા આરામભર્યા તંબૂઓની તે સમયમાં શોધ થઇ ન હતી અને હર્ષને ઝાડનાં ડાળાં અને નેતરના બનેલા 'ફરતા મહેલ'થી સંતોષ માનવો પડતો હતો. દરેક મુકામની જગાએ એ મહેલ ઊભો કરવામાં આવતો હતો અને તેના ગયા બાદ બાળી નાંખવામાં આવતો હતો. એને બહુ ઠાઠથી ફરવાની આદત હતી તેથી તે જ્યાં જતો ત્યાં સેંકડો ઢોલીઓ તેની સાથે જતા અને તેના પ્રત્યેક પગલે તેઓ સોનાના ઢોલ પર તાલ વગાડતા. આવાં 'સંગીત-પદ ઢોલ' બીજા કોઇ રાજાને વાપરવા દેવામાં આવતાં નહોતાં.

તેના બે સૈકા પહેલાંના પૂર્વગામી ફા-હિયાનની પેઠે હ્યુએન્ત્સાંગ પર પણ તેના સમયના હિંદના દીવાની વહીવટની બહુ સારી છાપ પડી હતી. તેને એ વહીવટ પ્રજાના ભલાના

**દીવાની વહીવટ**

સિદ્ધાંતના પાયા પર રચાયેલો જણાયો હતો. સરકારી જમીનની મહેસૂલ એજ રાજ્યની આમદાનીનું મુખ્ય સાધન હતું અને નિયમાનુસાર તો તે કુલ પેદાશના છઠ્ઠા ભાગ જેટલું હતું. અમલદારોને તેમની સેવાના બદલામાં જમીનોનાં પસાયતાં મળતાં. જાહેર કામ માટે વેઠે આણેલા મજૂરોને મજૂરી આપવામાં આવતી. કરો બહુ હળવા હતા. પ્રજા પાસેથી અંગત મહેનત બહુજ માફકસર લેવામાં આવતી અને વિવિધ ધાર્મિક સંપ્રદાયોને ઉદાર

હાથે દાન દેવાની વ્યવસ્થા કરવામાં આવતી હતી.

ભયંકર અત્યાચારોવાળા ગુના વિરલ બનતા પણ રસ્તા તથા નદીઓના ઘાટ દેખીતી રીતે ફા-હિયાનના સમય કરતાં ઓછા સહી-સલામત હતા. હ્યુએન્ત્સાંગને પોતાને એક કરતાં વધારે વાર લૂંટારાઓએ રોકી લૂંટયો હતો. તે સમયે કેદ એ દંડનો બહુ સાધારણ પ્રકાર હતો

**પોલીસ અને ગુના**

અને તે કેદ ક્રૂરતાભરી અને ટિબેટમાં ચાલતી પ્રથાને મળતી હતી. આપણને એમ કહેવામાં આવે છે કે કેદીઓ 'જીવે કે મરે તેની કાંઇ પરવા કરવામાં આવતી નહોતી અને તેમની માણસમાં ગણત્રી જ કરવામાં આવતી નહોતી.' ગુપ્તોના સમય કરતાં આ જમાનાની સજાઓ વધારે સખત હતી. ગંભીર ગુનાઓ માટે અને સંતાન ધર્મ બજાવવામાં નિષ્ફળ જનારને નાક, કાન, હાથ કે પગના છેદની સજા કરવામાં આવતી હતી, પણ ઘણીવાર એ સજાને બદલે દેશવટાની સજા કરવામાં આવતી હતી. નાના ગુના માટે દંડ કરવામાં આવતા હતા.સત્યના નિર્ણય માટે, પાણી, અગ્નિ, ઝેર કે વજનની પરીક્ષા કાર્યસાધક સાધનો તરીકે બહુમાન્ય ગણાતાં હતાં અને ચીની યાત્રીએ પણ પોતાની પસંદગી તથા સંમતિ સાથે તેનાં વર્ણન કર્યાં છે.

જાહેર બનાવોની નોંધ માટે ખાસ નીમેલા અમલદારોએ લીધેલી જાહેર બનાવોની સરકારી નોંધો દરેક પ્રાંતમાં રાખવામાં આવતી હતી. સારા તેમજ માઠા બનાવો તથા સંકટો અને શુભ બનાવોની નોંધ લેવી એ તેમનું કામ હતું. મોટા ઐતિહાસિક લેખોના લખનારા એ

**સરકારી નોંધો**

નોંધોને જોઈ લખતા હતા એ તો નિઃસંદેહ વાત છે, પણ તેમાંનો એક પણ નમૂનો બચવા પામ્યો નથી.

કેળવણીનો બહુ બહોળો પ્રસાર હતો એમ દેખાય છે. ખાસ કરીને બ્રાહ્મણોમાં તથા બૌદ્ધ સાધુઓમાં તેનો બહુ પ્રસાર થયો હતો,

**કેળવણી અને સાહિત્ય**

અને રાજદરબારમાં પણ વિદ્વાને માન આપવામાં આવતું હતું. રાજા હર્ષ સાહિત્યનો ઉદાર આશ્રયદાતા હતો એટલું જ નહિ પણ એ પોતે એક નિપુણ લહીઓ અને સારો પ્રતિષ્ઠિત લેખક હતો. એક વ્યાકરણના પુસ્તક ઉપરાંત ત્રણ હયાત સંસ્કૃત નાટક અને બીજાં કેટલાંક પરચુરણ કાવ્ય તેની કલમની પ્રસાદી રૂપ ગણાય છે. એ ગ્રંથોની રચનામાં કાંઈ નહિ તો તેનો મોટો હિસ્સો હતો એ વાત માનવા માટે આંચકો ખાવાને કાંઈ કારણ નથી, કારણકે પ્રાચીન હિંદમાં રાજલેખકો કાંઈ વિરલ નહોતા. એમાંનું એક નાટક 'નાગાનંદ' જેનો વિષય સંસ્કારી બૌદ્ધ પુરાણકથા છે તેની, હિંદી નાટકોમાંની ઉત્તમ કૃતિઓમાં ગણના થાય છે; અને બીજાં નાટકો 'રત્નાવલી' તથા 'પ્રિયદર્શિકા'-માં જોકે નવસર્જન નથી તો પણ વિચાર અને ભાષાની સાદાઈ માટે તે ખૂબ પ્રશંસા પામેલાં છે.

**બાણ**

હર્ષના દરબારમાંની વિદ્વાનોની માળાનો મેર હતો બ્રાહ્મણ કવિ બાણ. તેના આશ્રયદાતાનાં પરાક્રમોનો પ્રશસ્તિમય અહેવાલ આપતી ઐતિહાસિક નવલિકાનો તે લેખક હતો. એ નવલિકા ઘણી જ કુશળતા ભરી છતાં અણખત ઉત્પન્ન કરે એવી કૃતિ છે. એ ઘણી ખરાબ રૂચિને અનુસરીને રચાયેલી છે છતાં તેમાં વચ્ચે વચ્ચે વખાણવા જેવા અને તાદૃશ વર્ણનના ફકરા આવેલા છે. જે માણસ સેનાપતિ સ્કંધગુપ્તને 'તેના રાજાની વંશાવલિ જેવું લાંબું નાક' હોવાનું લખે છે તેની પર આખા સાહિત્યના ક્ષેત્રમાં એક બહુ અણછાજતી ઉપમા આપનારનો આરોપ બહુ વ્યાજબી રીતે ચઢાવી શકાય એમ છે. પણ એ જ માણસ વધારે સારી કૃતિ પણ કરી શકતો હતો અને રાજાના મરણકાળની વેદનાનું ચિત્ર આપતાં તે જરાય શક્તિની ઉણપ બતાવતો નથી. 'અનાથતાએ તેને પોતાના હાથમાં લીધો હતો, દુઃખે તેને પોતાનું ક્ષેત્ર બનાવ્યો હતો, ક્ષયે તેમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું અને અશક્તિએ તેમાં

પોતાની બોડ રાખી હતી. . . . . . . તે મૃત્યુની મર્યાદામાં હતો, છેલ્લાં ડચકાંની તૈયારીમાં હતો, લાંબી નિદ્રાને દરવાજે, મહાકર્મની તૈયારીમાં, મૃત્યુને જીહ્વાગ્રે હતો; ભાંગીતુટી વાચાવાળો, જેનું મન ચળી ગયું હતું, જેનું શરીર દુઃખમાં રિબાઈ રહ્યું હતું, જેનું જીવન ઓસરી રહ્યું હતું. જેમતેમ લવરી કરી રહ્યો હતો અને સતત નિસાસા નાંખી રહ્યો હતો. બગાસાંએ તેને જીતી લીધો હતો, દુઃખથી તે આમતેમ ઝુલતો હતો અને દિલના ચુરા કરી નાંખે એવી વેદનાને વશ હતો. આવું લખાણ જોકે પૂર્ણ સુરૂચિભર્યું તો નથી તો પણ તેની પર સમર્થતાની ન ભૂલાય એવી છાપમહોર છે.

**હર્ષના પાછલા દિવસો**

એક વિગ્રહે અશોકની લોહીની તરસ છીપાવી હતી, પણ હર્ષ સંતુષ્ટ થઈ પોતાની તલવાર મ્યાન કરે તેને માટે છ વર્ષના સતત અને બાકીના વર્ષોમાં તૂટક તૂટક એમ મળી કુલ સાડત્રીસ વર્ષના વિગ્રહની જરૂર જણાઈ હતી. એનો છેલ્લો વિગ્રહ ઇ.સ. ૬૪૩માં ગંજામના લોકો સામે હતો અને પછી આખરે અનેક વિગ્રહ કરનારા આ રાજાએ પોતાનું બખ્તર ઉતાર્યું અને પોતાના જીવનનાં જે થોડાં વર્ષો રહ્યાં હતાં તે હિંદી સર્વસત્તાધીશની સમજણ મુજબની શાંતિની કળાઓ તથા ધર્મનાં કૃત્યોમાં ગાળ્યાં. તેણે અશોકનું અનુકરણ કરવાનો નિશ્ચય કર્યો હોય એમ જણાય છે અને પરિણામે તેનાં રાજ્યનાં પાછલાં વર્ષનાં કૃત્યોની કથની તેના પૂર્વગામી મહાન મૌર્યના ઇતિહાસની નકલ જેવી વંચાય છે.

**તેની ધર્મભક્તિ**

આ સમયાંતરમાં રાજાએ બૌદ્ધ ધર્મના શાંતિભર્યા ઉપદેશ તરફ પ્રથમ હીનયાન અને પાછળથી મહાયાનની શાખા તરફ ધ્યાન ખેંચે એવો પક્ષપાત બતાવવા માંડ્યો. તેણે ભક્તનું જીવન ગાળવા માંડ્યું, અને જીવહિંસા વિરુદ્ધના બૌદ્ધ ધર્મના નિષેધોનો બહુ કડકાઈથી અમલ કરવા માંડ્યો અને તેમ કરવામાં માનવજીવનની પવિત્રતાનો

નહિ જેવો ખ્યાલ તેણે રાખ્યો હતો. આપણને કહેવામાં આવે છે કે 'પુણ્યના વૃક્ષને તેણે એવા તો વિસ્તારથી ઉછેરવાનો યત્ન કર્યો કે તેણે અન્ન અને નિદ્રાને પણ વિસારે મૂક્યાં,' અને પાંચે હિંદમાં કોઈ પણ જીવની હિંસા કરવાની તેમ જ ખોરાક તરીકે માંસનો ઉપયોગ કરવાની મના કરી અને તેમ કરનારને માટે માફીની આશા વગર દેહાંતદંડની સજા નક્કી કરી.

**પરોપકારની અને ધર્મની સંસ્થાઓ**

અશોકે સ્થાપેલી સંસ્થાઓના નમૂના ઉપર મુસાફર, ગરીબ તથા દર્દીઓના ઉપયોગ માટે આખા રાજ્યમાં ધર્માદા સંસ્થાઓ સ્થાપવામાં આવી હતી. શહેરોમાં તેમજ ગામડાંઓમાં ધર્મશાળાઓ બાંધવામાં આવી હતી. ત્યાં અનાજ પાણી પૂરા પાડવામાં આવતાં અને આપત્તિમાં આવી પડેલાંઓને ઉદાર હાથે દવા પૂરી પાડવા વૈદો રાખવામાં આવ્યા હતા. પોતાના આદર્શરૂપ પૂર્વગામીનાં અનુકરણમાં તેણે હિંદુ દેવતાઓની પૂજા તેમજ બૌદ્ધ પૂજાવિધિ માટે સંખ્યાબંધ ધાર્મિક સંસ્થાઓ સ્થિર કરી. તેના જીવનના અંત ભાગમાં રાજ્યકૃપા મોટે ભાગે બૌદ્ધસંસ્થાઓ ઉપર ઊતરી હતી, અને પવિત્ર ગંગાને કિનારે સંખ્યાબંધ મઠ તથા સો સો ફીટ ઊંચા સંખ્યાબંધ સ્તૂપો બાંધવામાં આવ્યા. હતા. આ બે બાંધકામો પૈકીનાં બીજાં બહુ તકલેદી હતાં એમાં કાંઈ જ શંકા નથી. તે મુખ્યત્વે લાકડાં તથા વાંસના બનાવેલા હોવાથી તેમનાં કાંઇ જ અવશેષ કે નિશાન રહ્યાં નથી. પણ સ્તૂપો ગમેતેવા તકલેદી હોય તો પણ 'જેમ તેની સંખ્યા વધારે તેમ તેનું પુણ્ય વધારે' એવું હતું. જોકે હર્ષ અને હ્યુએન્ત્સાંગના સમયમાં બૌદ્ધ સંપ્રદાયનું બળ દેખીતી રીતે ઘટતું જતું હતું છતાં તે સંપ્રદાયના સાધુઓ તે સમયે હજુ મોટી સંખ્યામાં હતા અને એ મઠોમાં વસતા સાધુઓ તે યાત્રીની ગણત્રી મુજબ લગભગ બે લાખ જેટલા હતા. આવા મોટા પ્રમાણની બૌદ્ધ સંઘની આબાદી હોવાથી રાજાને તેના પ્રત્યે ઉદારતા બતાવવાની પુષ્કળ તક મળતી હતી.

સાતમા સૈકામાં હિંદમાં ધર્મના વિચાર અને આચારનું સમકાલીન લેખકોએ દોરેલું ચિત્ર ઘણી વિચિત્ર અને રસિક વિગતોથી ભરેલું છે. હર્ષના રાજકુટુંબની જુદીજુદી વ્યક્તિઓ ધર્મની બાબતમાં તેમના પોતાના અંગત પક્ષપાતો અને પસંદગીઓ અનુસાર છૂટથી વર્તતી હતી. તેનો દૂરનો પૂર્વજ પુષ્યભૂતિ નાનપણથી જ શિવનો પરમ ભક્ત હતો તથા બીજા બધા દેવોથી વિમુખ હતો એવી નોંધ છે. હર્ષનો પિતા એવો જ ચુસ્ત સૂર્યભક્ત હતો અને તે રોજ તે પ્રકાશમાન દેવને 'પોતાના હૃદયના જ રંગે રંગેલા શુદ્ધ લાલ માણેકના વાસણમાં મૂકેલા લાલક મળના ગુચ્છાનો અર્ઘ્ય આપતો. 'હર્ષનાં મોટાભાઇ તથા બેનને બૌદ્ધ ધર્મમાં પરમ શ્રદ્ધા હતી, જ્યારે હર્ષની ભક્તિ તેના કૂળના ત્રણે દેવ, શિવ, સૂર્ય અને બુદ્ધમાં વહેંચાઇ ગયેલી હતી. એ ત્રણેની પૂજા માટે તેણે કિંમતી મંદિરો ઉભાં કરેલાં છે. એના જીવનનાં પાછલાં વર્ષોમાં બૌદ્ધ સંપ્રદાય તેનો વધારે પ્રીતિપાત્ર બન્યો હતો, અને ચીની ધર્મગુરૂની વાક્છટાથી બૌદ્ધ ધર્મની મહાયાન શાખાના આગળ વધેલા શિક્ષણને સમિત્તીય સંપ્રદાયના હીનયાનના સિદ્ધાંતો કરતાં વધારે પસંદગી આપવાનું વલણ ધરાવતો તે થયો હતો, જોકે તે પોતે તો પહેલાં હીનયાનના સિદ્ધાંતોથી જ પરિચિત હતો.

**ધર્મની સ્થિતિ**

ધર્મની બાબતમાં રાજકુટુંબની સર્વસારસંગ્રાહ વૃત્તિ તે સમયના લોકગમ્ય ધર્મની સામાન્ય સ્થિતિનાં પરિણામ તેમજ પ્રતિબિંબરૂપ હતી. ગંગા નદીના મેદાન પ્રદેશમાં બૌદ્ધ સંપ્રદાયે તેનું એકવારનું આગળ પડતું સ્થાન ચોક્કસ રીતે ગુમાવ્યું હતું છતાં તે હજુ એક પ્રબળ બળ હતું અને લોકોના મન પર તેનો હજુ ભારે પ્રભાવ હતો. જૈન સંપ્રદાય ઉત્તર હિંદમાં કદી યે બહુ પ્રસર્યો નહોતો તેમજ આક્રમણાત્મક થયો નહોતો, અને જોકે કેટલાંક સ્થાનોમાં ખાસ કરીને વૈશાલી અને પૂર્વ બંગાળામાં તેનો કાબૂ હતો છતાં તે બૌદ્ધ

**રાજાની સર્વસાર સંગ્રાહ વૃત્તિ**

અને પૌરાણિક હિંદુ સંપ્રદાયની સામાન્ય લોકપ્રિયતાની સ્પર્ધા કરવાનો દાવો કરી શકતો નહોતો. હિંદુ ધર્મનો છેલ્લો ગણાવેલો પ્રકાર હવે બહુ દઢ રીતે સ્થપાઇ ચૂક્યો હતો અને પહેલાંનાં પુરાણો પ્રાચીન અને પવિત્ર લખાણો તરીકે આદર પામવા માંડ્યાં હતાં. ઘણાખરા પ્રાંતોમાં વસ્તીનો મોટો ભાગ જેમ હાલ છે તેમ પુરાણના દેવોની ભક્તિમાં લાગેલો હતો અને સ્ત્રી તથા પુરુષ પોતાની રૂચિ અનુસાર પોતાના ઇષ્ટદેવ તરીકે શિવ, સૂર્ય, વિષ્ણુ કે બીજા કોઇ દેવને ખાસ ભક્તિ માટે પસંદ કરવા તદ્દન સ્વતંત્ર હતાં. એક સામાન્ય નિયમ તરીકે જુદાજુદા ધર્મોના અનુયાયીઓ બહુ શાંતિથી અને હળીમળીને રહેતા. રાજા ઉપરાંત બીજા લોકો પણ જાહેર પૂજાના મુખ્ય ઇષ્ટ-દેવોની વારાફરતી ભક્તિ કરી કોઇપણ રીતે દેવોની કૃપા મેળવવાની ખાત્રી કરી લેતા એમાં કાંઈ જ શંકા નથી.

જોકે મતાંતરસહિષ્ણુતા અને પરસ્પર મેળ એ નિયમરૂપ હતાં, છતાં અપવાદો પણ નહોતા એમ નહિ. મધ્ય બંગાળનો રાજા શશાંક જેનો હર્ષના ભાઇના દગાખોર ખૂની તરીકે ઉલ્લેખ આગળ કરવામાં આવ્યો છે અને જે ઘણું કરીને ગુપ્તવંશનો નબીરો હતો, તે શિવ-ભક્ત હતો અને બૌદ્ધ ધર્મને ધિક્કારનારો હતો. તેને જડમૂળથી ઉખાડી નાખવા પોતાનાથી બનતું તેણે કર્યું હતું. બૌદ્ધ પુરાણકથા મુજબ બૌદ્ધ ગયા આગળના જે પવિત્ર બોધિવૃક્ષ પર અશોકે હદ બહારની ભક્તિ રેલાવી હતી તે વૃક્ષને એણે ખોદી કાઢી બાળી નાખ્યું. પાટલીપુત્ર આગળનો બુદ્ધનાં પગલાંના નિશાનવાળો પથ્થર તેણે તોડી નાખ્યો. તેણે મઠોનો નાશ કર્યો. તેમાં રહેતા સાધુઓને વીખેરી નાખ્યા. નેપાલની ટેકરીઓની તળેટી સુધી એના જુલમનો જુવાળ પહોંચવા પામ્યો હતો. આ બનાવો પછી ત્રીસ કે ચાળીસ વર્ષે તે સ્થાનોની મુલાકાત લેનાર ચીની યાત્રી હ્યુએન્ત્સાંગનાં લખાણો તેની પૂરતી શાખ પૂરે છે. એ બનાવો ઈ.સ. ૬૦૦ની આસપાસમાં થયેલા હોવા જોઇએ.

**શશાંકનો જુલમ**

અશોકના છેલ્લા વંશજ તરીકે વર્ણવાયેલા મગધના પૂર્ણવર્મા નામના એક સ્થાનિક રાજાએ થોડા સમય પછી એ બોધિવૃક્ષ ફરીથી વાવ્યું કારણકે અશોકના વંશજ હોવાને કારણે તેના મહાન પૂર્વજના અતિ આદરને પામેલી વસ્તુને માન આપવા તે ખાસ બંધાયેલો હતો.

**સાંપ્રદાયિક વેરઝેર**

હ્યુએન્ત્સાંગ અને તેની જીવનકથા લખનારે આપેલી વિગતો સાબિત કરે છે કે કોઇ કોઇ વાર બૌદ્ધ સંપ્રદાયની બંને શાખાઓ વચ્ચેનો સંબંધ બહુ કડવાં વેરઝેરનો હતો. વળી પોતાના બૌદ્ધ હરીફો પર રાજકૃપા વરસતી જોઇ પૌરાણિક હિંદુઓના દિલમાં પણ એવી જ ભૂંડી લાગણી ભભૂકી ઊઠતી હતી. પ્રાચીન હિંદમાં ધર્મની બાબતમાં સંપૂર્ણ મતાંતરસહિષ્ણુતા પ્રવર્તતી હતી, એવી મતલબનાં સાધારણ કથનો કાંઈક સાવચેતીથી સ્વીકારી શકાય એમ છે એ વાત તો આથી તદ્દન સાફ સમજાઇ આવે છે. સરકાર તરફથી સંપ્રદાયો ઉપર થતા જુલમો તેમજ સાંપ્રદાયિક કડવાશનાં લોકોમાં ચઢી આવતાં ઊભરણો વખતોવખત થઈ આવતાં હતાં, જોકે તે બહુ વારંવાર થતાં નહિ.

**ધર્મ-વિવાદો**

સંપૂર્ણ ધાર્મિક સહિષ્ણુતા તથા સમતાના સિદ્ધાંતનો હર્ષે જાતે કેટલીક વાર ભંગ કરેલો છે. અકબર અને બીજા હિંદી સમ્રાટો પેઠે તેને પણ હરીફ ધર્માચાર્યોના ઉપદેશ અને વાદ સાંભળવા ગમતા અને બૌદ્ધ સંપ્રદાયની મહાયાન શાખાની પુષ્ટિમાં તે વિદ્વાન ચીની મુસાફરની દલીલો તે બહુ આનંદથી સાંભળતો. એ શાખાના સિદ્ધાંતોથી તે પરિચિત નહોતો એમ જણાય છે. સ્ત્રીઓને પુરુષોથી એલાહેદી રાખવાની મુસલમાનોના પક્ષપાતને પામેલી પદ્ધતિની સાંકળથી પ્રાચીન હિંદી સમાજ સરખામણીમાં મુક્ત હતો. એના જાણવાજોગા દૃષ્ટાંત તરીકે એ તથ્ય છે કે ચીની ધર્મગુરુનાં વ્યાખ્યાન સાંભળવા રાજાની બાજુમાં તેની વિધવા બહેન બેસતી હતી અને એ વિવાદથી નીપજતો આનંદ ખુલ્લા દિલથી બતાવતી હતી. આગળ જણાવી ગયા છીએ

તેમ એક ચીની પ્રમાણ તો એમ જાહેર કરે છે કે હર્ષ તેની બહેનની સાથે મળીને રાજ્યવહીવટ ચલાવતો હતો.

**હર્ષનો ઢંઢેરો**

રાજાએ એવો નિશ્ચય કર્યો હતો કે તેનો માનીતો ચીની યાત્રી વાદમાં હારવો ન જોઇએ, અને તેથી જ્યારે એ ચીની વિદ્વાનના સિદ્ધાંતોની બાબતમાં શાસ્ત્રાર્થ કરવા માટે વિરોધીઓને નિમંત્રવામાં આવતા ત્યારે વાદની શરતો તદ્દન વ્યાજબી રાખવામાં આવતી નહોતી. જ્યારે હર્ષના સાંભળવામાં આવ્યું કે સાંપ્રદાયિક વિરોધીઓને હાથે હ્યુએન્ત્સાંગનો ઘાત થવાનો ભય છે, ત્યારે તેણે એક ઢંઢેરો બહાર પાડ્યો. એ ઢંઢેરાનો અંતભાગ નીચે મુજબ હતો:

'જો કોઈ એ ધર્મગુરુને અડકશે અથવા ઈજા કરશે તો તેનો તુરત જ શિરચ્છેદ કરવામાં આવશે; અને જે કોઇ તેની વિરુદ્ધ બોલશે તેની જીભ કાપી નાખવામાં આવશે; પણ જે કોઈ એના ઉપદેશથી લાભ ઉઠાવવા માગતા હશે તેણે મારી ભલાઈ પર વિશ્વાસ રાખવો. એવાઓને આ જાહેરનામાથી ડરવાની જરૂર નથી.'

એ યાત્રીની જીવનકથા લખનાર સાદાઈથી ઉમેરે છે કે 'આ સમયથી ઊંધે માર્ગે ચઢેલા પાછા હઠી નજર બાહર થઈ ગયા અને પરિણામે અઢાર દિવસ પસાર થયા ત્યારે તેની સામે વિવાદ કરનાર કોઈ રહ્યું નહિ.'[1]

**કનોજની ધર્મસભા**

રાજા હર્ષ બંગાળામાં પ્રવાસે નીકળ્યો હતો ત્યારે છાવણીમાં તેને હ્યુએન્ત્સાંગનો મેળાપ થયો હતો. તેના વ્યાખ્યાનથી તે એવો તો પ્રસન્ન થયો હતો કે તે શિક્ષાગુરુના ઉપદેશને બને તેટલી વધારે જાહેરાત આપવાના હેતુથી તેના તે સમયના પાટનગર કનોજમાં એક ખાસ સભા ભરવાનો તેણે ઠરાવ કર્યો. પ્રચંડ માનવમેદનીથી અનુસરાયેલો રાજા હર્ષ ગંગાને દક્ષિણ કિનારેકિનારે કૂચ કરતો હતો અને તેનો મિત્ર કામરૂપનો રાજા કુમાર ગંગાને સામે કિનારે તેની જોડેજોડે કૂચ

કરી રહ્યો હતો. આમ ધીરેધીરે આગળ વધતાં નેવું દિવસમાં રાજા હર્ષ, કુમાર તથા તેમની સાથમાં કૂચ કરતા લોકો કનોજ આવી પહોંચ્યા અને ઇ.સ. ૬૪૩ના ફેબ્રુઆરી કે માર્ચમાં તેમણે ત્યાં મુકામ કર્યો. ત્યાં સમ્રાટ હર્ષનો કૂચ દરમિયાનના તેના સાથી કામરૂપના રાજા કુમારે તથા લગ્નસંબંધથી તેના સંબંધી થયેલા પશ્ચિમ હિંદમાં આવેલા વલ્લભીના રાજાએ તથા બીજા અઢાર ખંડિયા રાજાઓએ જાહેર સત્કાર કર્યો. એ સત્કારની વિધિમાં ચાર હજાર વિદ્વાન બૌદ્ધ સાધુઓ સામેલ હતા. એ સાધુઓમાં બિહારમાંના નાલંદા મઠના એક હજાર સાધુઓ તેમજ ત્રણ હજાર જૈન તથા બીજા સનાતની બ્રાહ્મણો પણ હતા.

**વિધિઓ**

આ સ્થળે આકર્ષણનાં કેંદ્ર ખાસ આ પ્રસંગ માટે ગંગાના કિનારા ઉપર ઊભો કરેલો મોટો મઠ અને મંદિર હતાં. અહીં એકસો ફીટ ઊંચા મિનારામાં રાજા જેટલા કદની બુદ્ધની સોનાની પ્રતિમા રાખવામાં આવી હતી. એના જેવી જ પણ એથી નાની ત્રણ ફીટ ઊંચી એક પ્રતિમાનો રોજ દબદબાભર્યો વરઘોડો કાઢવામાં આવતો. તેના સાથમાં વીસ રાજાઓ અને ત્રણસો હાથીની સવારી કાઢવામાં આવતી હતી. મૂર્તિ પરનું છત્ર શક્રનો વેષ ધારણ કરી હર્ષ પોતે ધરતો, જ્યારે બધા હાજર રહેલા રાજાઓમાં સૌથી વધારે અગત્યનું સ્થાન ભોગવતો તેનો મિત્ર રાજા કુમાર બ્રહ્માનો વેશ ધારણ કરતો અને સફેદ ચમરી ઉરાડવાનું માન તેને મળતું. આમ સરઘસમાં ફરતો સમ્રાટ ચોમેર મોતી, સોનાનાં ફૂલ, અને બીજાં કિંમતી દ્રવ્યો બુદ્ધ, ધર્મ અને સંઘ એ ત્રણ રત્નોના માનમાં વેરતો. પછી આ પ્રસંગે સ્નાનને માટે ખાસ તૈયાર કરેલી વેદી આગળ મૂર્તિને પોતાને હાથે સ્નાન કરાવી, પોતાના ખભા પર ઊંચકી પશ્ચિમ મિનારા આગળ લઈ જતો અને ત્યાં તેને રત્નજડિત હજારો રેશમી વસ્ત્રો ચઢાવતો. ભોજન પછી અગાઉ વર્ણવી ગયા છીએ એવો એક તરફી જાહેર શાસ્ત્રાર્થ રાખવામાં આવતો, અને સાંજે એક માઇલ દૂર આવેલી પોતાની 'ચલ–શિબિરે' સમ્રાટ

પાછો ફરતો.

ઘણા દિવસ સુધી ચાલુ રહેલી આ વિધિને અંતે ચોંકાવનારા બનાવ બન્યા. ઘણે મોટે ખર્ચે ઊભા કરેલા કામચલાઉ મઠમાં આગ લાગી અને તેનો ઘણોખરો ભાગ તેનાથી નાશ પામ્યો; પણ જ્યારે રાજા પંડે આગ ઓલવવા વચ્ચે પડયો ત્યારે આગની ઝાળ વધતી અટકી અને તેમ થતાં ધર્મિષ્ઠ વ્યક્તિઓએ તેને ચમત્કાર જાણ્યો.

**હર્ષનો જાન લેવાના યત્ન**

ખંડિયા રાજાઓના રસાલાથી અનુસરાયેલો હર્ષ આગના ભયંકર દૃશ્યનો વિસ્તાર જોવા એક ઊંચા સ્તૂપ પર ચઢયો હતો. એ સ્તૂપનાં પગથિયાં પરથી તે ઊતરતો હતો તેવામાં ખંજરથી સજ્જ થયેલા કોઈ ધર્માંધ પુરુષે તેના અંગ પર ધસીજઈ તેના શરીરમાં ખંજર હુલાવી દેવાનો યત્ન કર્યો. ખૂનીને તરત જ પકડી લેવામાં આવ્યો અને રાજાએ પોતે તેને ખૂબ ઝીણા પ્રશ્નો પૂછ્યા. તેના જવાબમાં તે ખૂનીએ કબૂલ કર્યું કે બૌદ્ધોને બતાવેલી હદ પારની રાજકૃપાથી રૂઠેલા કેટલાક વિધર્મીઓએ તેને આ ગુનો કરવા ઉશ્કેર્યો હતો. આ ઉપરથી પાંચસો પંકાતા અને આગળ પડતા બ્રાહ્મણોને કેદ પકડવામાં આવ્યા હતા. ‘સીધા પ્રશ્નો’ પૂછતાં તેમની પાસે કબૂલ કરાવવામાં આવ્યું હતું, કે તેમની ઈર્ષ્યા સંતોષવા માટે સળગતાં તીરો ફેંકી તેમણે મિનારાને આગ લગાડી હતી અને એ આગને અંગે થતા ગોટાળાનો લાભ લઈ તેમણે રાજાને મારી નાંખવાની આશા રાખી હતી. એ તો નિઃસંદેહ વાત છે કે આ કબુલાત તેમને ખૂબ રંજાડીને બળજબરીએ કરાવવામાં આવી હતી અને ઘણું કરીને તે તદ્દન ખોટી હતી. એ કબુલાત ખરી હોય કે ખોટી છતાં પણ સ્વીકારવામાં આવી હતી અને તેને આધારે એ તરકટમાં મુખ્ય ગણાતા કેટલાક લોકોને ગરદન મારવામાં આવ્યા હતા અને બીજા આશરે ૫૦૦ બ્રાહ્મણોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

કનોજ આગળનો કાર્યક્રમ પૂરો થતાં હર્ષે ચીની પરોણાને પોતાની જોડે ગંગા અને જમનાના સંગમ પર આવેલા પ્રયાગતીર્થ આગળ બીજો એક દબદબા ભર્યો સમારંભ જોવાનું નિમંત્રણ આપ્યું. એ ધર્મગુરુ પોતાના વતન તરફની અઘરી મુસાફરીએ નીકળવા અતિ આતુર છતાં તે આ નિમંત્રણ પાછું ઠેલી ન શક્યો અને એ નિર્ધાર કરેલા સમારંભનું દશ્ય જોવા તેના રાજ યજમાનની સાથે ગયો. હર્ષે તેને સમજણ પાડી કે છેલ્લાં ત્રીસ વર્ષથી તેના પૂર્વજોના રિવાજને અનુસરી, ગંગા તથા યમુનાનો સંગમ થાય છે તે જગાના રેતાળ ભાઠામાં પાંચ પાંચ વર્ષે મોટી સભા ભરી ત્યાં ગરીબગુરબાં તથા ધર્મસંસ્થાઓમાં પોતાની એકઠી થયેલી દોલત વહેંચી નાંખવાની પ્રથા તેણે રાખી હતી. હાલનો પ્રસંગ (ઈ.સ. ૬૪૩) એ પંચ વર્ષીય મેળાનો છઠ્ઠો પ્રસંગ હતો. ઉત્તરમાં હર્ષની સત્તા પૂરેપૂરી સંગીન થતાં સુધી આ પ્રથા શરૂ કરવામાં નહિ આવી હોય એ તો દેખીતું જ છે.

**ઇ.સ. ૬૪૩ પ્રયાગ આગળ કરેલું દાન**

આ સમારંભમાં બધા ખંડિયા રાજા અને અસંખ્ય સામાન્ય લોકોએ હાજરી આપી હતી અને ગરીબ, અનાથ અને નિરાધાર લોકો તેમજ ઉત્તર હિંદના તમામ ભાગોમાંથી ખાસ નોંતરેલા દરેક પંથ અને સંપ્રદાયના બ્રાહ્મણો અને યતિઓ મળી તેમની સંખ્યા પાંચ લાખ જેટલી અડસટવામાં આવી હતી. આ સમારંભ લગભગ પંચોતેર દિવસ ચાલ્યો હતો. એપ્રિલ માસની આખરમાં તેની પૂર્ણાહુતિ થઈ જણાય છે. પોતાના રસાલા તથા તમામ ખંડિયા રાજાઓના દબ-દબા ભર્યા સરઘસ સાથે એ સમારંભ શરૂ કરવામાં આવ્યો હતો. તે સમયની વિશિષ્ટ સર્વસારસંગ્રહની વિચિત્ર પ્રથાને અનુસરી ધાર્મિક પૂજાવિધિઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. પહેલે દિવસે ભાઠામાં ઊભા કરેલા એક કામચલાઉ છાજેલા મકાનમાં બુદ્ધની પ્રતિમાનું

**સમારંભનો કાર્યક્રમ**

સ્થાપન કરવામાં આવ્યું હતું અને કિંમતી વાગા તથા બીજી મૂલ્યવાન ચીજોનો મહાન જથ્થો વહેંચી નાંખવા માટે કાઢવામાં આવ્યો હતો. બીજે અને ત્રીજે દિવસે તેજ મુજબ શિવ અને સૂર્યની મૂર્તિઓનું તે જ રીતે સન્માન કરવામાં આવ્યું હતું પણ તે પ્રસંગે બુદ્ધની પૂજાને અંગે કરેલા દાનથી અર્ધું દાન કરવામાં આવ્યું હતું. બૌદ્ધસંઘના દસ હજાર પસંદ કરેલા ધર્મનિષ્ઠ પુરુષોને દાન આપવા માટે ચોથો દહાડો રાખવામાં આવ્યો હતો. તે દરેકને સો સો સોના મહોર, એક મોતી અને એક સુતરાઉ કપડું અને તે ઉપરાંત સારાં અન્ન, પાન, ફૂલ તથા સુગંધિ દ્રવ્યો મળ્યાં હતાં. ત્યાર પછીના બાકીના વીસ દિવસોમાં સમારંભને અંગે આવેલા બ્રાહ્મણો રાજાનાં દાનના પાત્ર બન્યા હતા. તેમની પછી ચીની લેખક જેને 'ધર્મવિરોધી' કહે છે તે લોકોનો વારો આવ્યો, એટલે કે જૈન તથા બીજા કેટલાક પંથના લોકોને દસ દિવસ સુધી દાન આપવામાં આવ્યાં. દૂર દૂર દેશોથી આવેલા માંગણોને દાન આપવા માટે પણ એટલો જ સમય મુકરર કરવામાં આવ્યો હતો. અને ગરીબ, અનાથ તથા અપંગોને દાન આપવામાં એક મહિના જેટલો સમય ગયો હતો.

**દાનનું પરિમાણ**

'આ સમય સુધીમાં પાંચ વર્ષમાં એકઠો થયેલો ધનસંચય ખૂટી ગયો. રાજ્યમાં વ્યવસ્થા જાળવવા માટે તથા રાજ્યના રક્ષણ માટે જરૂરના હાથી, ઘોડા તથા લશ્કરી સરંજામ સિવાય કાંઈ જ પાછળ રહ્યું નહિ. એ ઉપરાંત રાજાએ ઘણી છૂટથી પોતાનાં ઝવેરાત તથા બીજી ચીજો, પોતાના પોષાક, માળાઓ, કુંડળો, કંકણો, પોંચીઓ, હારો, અને પ્રકાશિત શિરપેચ–આવી બધી વસ્તુઓ મોકળે હાથે આપી દીધાં. આમ પોતાની બધી વસ્તુઓનું દાન અપાઈ જતાં તેણે પોતાની બેનની પાસેથી એક સાધારણ વપરાયેલાં કપડાંની ભિક્ષા માગી અને તે પહેરીને તેણે "દસે દિશાના બુદ્ધ"ની પૂજા કરી અને પોતાનો ખજાનો ધર્મમાર્ગે દાનમાં અપાયો તેથી તેને ઘણો

આનંદ થયો.'

સામાન્ય દેખાવમાં એ જ સ્થાને હાલમાં પણ દર વર્ષે ભરાતા મોટા મેળાને મળતી એ વિચિત્ર સભા પછી ખતમ થઈ, અને ત્યાર પછી બીજા દસ દિવસના રોકાણ બાદ હ્યુએન્ત્સાંગને જવાની રજા આપવામાં આવી. રાજા હર્ષ તથા કુમાર રાજે પુષ્કળ સોનામહોરો તથા બીજી કિંમતી ચીજો તેના આગળ ધરી, પણ કુમારની બક્ષીસરૂપ રૂંવાટીવાળા એક ઝભ્ભા સિવાય તેણે તેમાંની એક પણ ચીજ લીધી નહિ. જોકે તે ધર્મગુરુએ તેના અંગત ઉપયોગી ચીજોમાંની એકે સ્વીકારવાની એકસરખી રીતે ના પાડી છતાં જમીનમાર્ગે ચીન જવાના પોતાના વિકટ પ્રવાસના જરૂરી ખર્ચનાં નાણાં લેવામાં તેને કાંઈ હીણપત લાગી નહિ. એક હાથી પર લદાયેલા દસ હજાર ચાંદીના તથા ત્રણ હજાર સોનાના સિક્કા આપીને તેના ખર્ચની ઉદાર જોગવાઈ કરી આપવામાં આવી. તેના રક્ષણ માટેના વળાવા ઘોડેસવાર રસાલાની સરદારી ઉધિત નામના રાજાને આપવામાં આવી અને એ યાત્રીને સહીસલામત રીતે રાજાની સરહદ સુધી પહોંચાડવાની જવાબદારી તેની પર મૂકવામાં આવી. આરામથી મુસાફરી કરતાં તથા થોડે થોડે અંતરે મુકામ કરતાં કરતાં એ રાજાએ પોતાને સોંપેલું કામ છએક માસમાં પૂરું કર્યું અને પંજાબના પૂર્વ ભાગમાં આવેલા જલંધર સુધી રાજઅતિથિને તેણે સહી સલામત રીતે પહોંચાડી આપ્યો. અહીં હ્યુએન્ત્સાંગ એક મહિનો રહ્યો. ત્યાંથી નવા વળાવા લશ્કર સાથે તેણે પોતાનો પ્રવાસ શરૂ કર્યો અને કથાવટીએ મીઠાના પહાડનાં ખીણ કોતરોને ભેદી તેણે સિંધુ નદી પાર કરી અને પામીર વટાવીને ખોતાનમાંથી પસાર થઇને દૂર ચીનમાં આવેલા તેના વતનમાં તે ઈ.સ. ૬૪૫ની વસંત ઋતુમાં દાખલ થયો.

**હ્યુએન્ત્સાંગનું ગમન**

એ યાત્રી કાંઈ પોતાને વતન ખાલી હાથે પાછો ફર્યો નહોતો. અકસ્માત કે લૂંટને કારણે એક કરતાં વધારે પ્રસંગે નુકસાન ખમવા

**તેનું મરણ**

છતાં તે બુદ્ધના શરીરનાં ૧૫૦ જેટલાં અવશેષો સહીસલામત રીતે લાવવામાં સફળ થયો. તે ઉપરાંત તે ગુરુની સુખડ, ચાંદી તથા સોનાની કેટલીક પ્રતિમાઓ અને વીસ ઘોડાઓ પર લગભગ ૬૫૭થી ઓછાં જેટલાં છૂટાં હસ્તલેખી પુસ્તકો તે પોતાની જોડે લઇ જઇ શક્યો હતો. એની જિંદગીનો બાકી રહેલો ભાગ તેણે તે પુસ્તકોના તરજૂમામાં ગાળ્યો અને ૭૪ છૂટાં છૂટાં પુસ્તકોનો તરજૂમો પૂરો કર્યા બાદ તેણે પોતાની સાહિત્ય-કારકિર્દી ઇ.સ. ૬૬૧માં સમાપ્ત કરી. ત્યારપછી ત્રણ વર્ષ સુધી તે શાંતિ અને પ્રતિષ્ઠા ભોગવતો રહ્યો અને ત્યારબાદ કોઇપણ બૌદ્ધ પંડિતના કરતાં વિદ્યા અને ધર્મનિષ્ઠાની બાબતમાં ચઢિયાતી ખ્યાતિ પોતાની પાછળ મૂકી તેણે શાંતિથી આ દુનિયા છોડી.

હ્યુએન્ત્સાંગ તથા તેની જીવનકથા લખનાર એ બંને હર્ષ રાજાની છેલ્લામાં છેલ્લી માહિતી આપે છે. તેના માનવંતા અતિથિના ગમન

**ઇ.સ. ૬૪૭ હર્ષનું મરણ**

પછી થોડા જ સમયમાં ઇ. સ. ૬૪૬ના અંતમાં કે ઈ.સ. ૬૪૭ની શરૂઆતમાં તે મરણ પામ્યો.

તેના જીવન દરમિયાન તેણે ચીન સામ્રાજ્ય જોડે રાજકીય સંબંધ રાખ્યો હતો. ઈ.સ. ૬૪૧માં ચીનના સમ્રાટ પાસે તેણે મોકલેલો બ્રાહ્મણ

**ચીન સાથેનો સંબંધ**

રાજદૂત ઈ. સ. ૬૪૩માં ત્યાંથી પાછો ફર્યો. તેની જોડે રાજા હર્ષે મોકલેલા પત્રનો ઉત્તર લઈ આવેલું એક દૂતમંડળ હતું. એ દૂતમંડળ લાંબા સમય સુધી હિંદમાં રહ્યું અને ઇ.સ. ૬૪૫ સુધી તે ચીન પાછું નહોતું ફર્યું. બીજે વર્ષે પહેલા ગયેલા દૂતમંડળના મુખીના હાથ નીચે કામ કરતો અને તેનાથી બીજી સંખ્યાના વાંગ-હ્યુએન્ત્સીનને તેના સમ્રાટે એક નવા હિંદી દૂતમંડળના ઉપરી તરીકે ત્રીસ ઘોડેસવારના વળાવા લશ્કર સાથે હિંદ તરફ મોકલી આપ્યો. ઇ.સ. ૬૪૭ની શરૂઆતમાં કે ઇ.સ. ૬૪૬ના અંતમાં રાજા હર્ષ મરણ

પામ્યો અને તેની પાછળ કોઈ વારસ નહિ હોવાથી, તેની મજબૂત ભૂજા પાછી ખેંચાતાં આખો દેશ અવ્યવસ્થામાં ડૂબ્યો. તે સમયે પડેલા દુકાળથી એ ગેરવ્યવસ્થામાં વળી ઓર વધારો થયો.

સ્વર્ગસ્થ રાજાનો અર્જુન કે અર્જુનાશ્વ નામનો એક મંત્રી ગાદી બથાવી પડ્યો અને જંગલીઓના લશ્કર સાથે એ ચીની દૂતમંડળની સાથે લઢવા ગયો. એ મંડળના વળાવા ઘોડેસવારોને કતલ કરવામાં કે કેદ કરવામાં આવ્યા અને તેમની તમામ મિલ્કત જેમાં હિંદી રાજાઓએ આપેલી ચીજોનો પણ સમાવેશ થતો હતો તે બધી લૂંટી લેવામાં આવી; પણ વાંગહ્યુએન્ત્સી તથા તેનો સહકારી એ બંને દૂતો રતોવાઇ નેપાળમાં નાસી જવા ભાગ્યશાળી થયા.

**ચીની દૂતોએ એ સત્તા બથાવી પાડનારને આપેલી હાર**

ચીનની રાજકુંવરીને પરણેલો પ્રખ્યાત સ્રોનત્સાન ગંપો તે વખતે તિબેટમાં રાજ્ય કરતો હતો. તે એ નાસેલ દૂતોની વહારે ધાયો. તેણે તેમને ૧૨૦૦ ચુનંદા સિપાઇ પૂરા પાડ્યા અને તે સિપાઇઓની સહાયમાં નેપાલના સાત હજાર ઘોડેસવાર મૂકી આપ્યા, કારણકે નેપાલ તે વખતે તિબેટને તાબે હતું. આ નાના લશ્કર સાથે વાંગહ્યુએન્ત્સી હિંદના મેદાનમાં ઊતરી આવ્યો અને ત્રણ દિવસના ઘેરા પછી નિકટના મુખ્ય શહેરને હુમલો કરી હાથ કરવામાં તે સફળ થયો. એ શહેરનું રક્ષણ કરનારા લશ્કરમાંના ત્રણ હજાર સિપાઇઓને ગરદન મારવામાં આવ્યા અને દસ હજારને પાસેની નદીમાં—ઘણું કરીને બાગમતીમાં ડૂબાડી દેવામાં આવ્યા. અર્જુન નાસી ગયો, પણ નવું લશ્કર ઊભું કરી ફરીથી સામો થયો. ફરીથી તેની બહુ વિનાશભરી હાર થઇ અને તે પોતે કેદ પકડાયો. વિજેતાએ તુરત જ હજાર કેદીઓને ગરદન માર્યા અને પછીથી થયેલા યુદ્ધમાં આખા રાજકુટુંબને કેદ કર્યું અને ત્રીસ હજારથી વધારે ઘોડા અને ઢોર તેને હાથ આવ્યાં. આ ચઢાઇ દરમિયાન ૫૮૦ કોટવાળાં ગામ તેને તાબે થયાં અને થોડાં જ

વર્ષ પહેલાં હર્ષના સમારંભોમાં હાજરી આપનાર પૂર્વ હિંદના રાજા કુમારે વિજેતાના લશ્કરના ઉપયોગ માટે પુષ્કળ ઢોર અને યુદ્ધસામગ્રી મોકલી આપ્યાં. વાંગહ્યુએન્ત્સી હર્ષના રાજ્યને અથાવી પાડનારને કેદી તરીકે ચીન લઇ ગયો અને તેની આ સેવા માટે તેને યોગ્ય બઢતી મળી. પછીથી ઇ.સ. ૬૫૦માં જ્યારે બાદશાહ ટાઇટ્સુંગ મરી ગયો અને તેનો રોજો બાંધવામાં આવ્યો ત્યારે તે રોજાના મુખદ્વાર આગળનો રસ્તો બાવલાંથી શણગારવામાં આવ્યો. તે બાવલાંઓમાં તિબેટના રાજા સ્રોંગત્સાન ગંપો અને અર્જુનનાં (?) બાવલાં પણ હતાં. થોડોક સમય તિર્હુટ તિબેટને તાબે રહ્યું હોય એમ દેખાય છે. તે સમયે તિબેટ ચીનાઇ સામ્રાજ્યની સામે થાય એવું બળવાન રાજ્ય હતું. આ પ્રમાણે આ આડકથા પૂરી થાય છે. પુરાતત્ત્વના અભ્યાસીઓને ઘણાં વર્ષોથી જાણીતી હોવા છતાં હિંદનો ઇતિહાસ લખનારની નજર બહાર એ અત્યારસુધી રહી ગયેલી છે.

**વાંગ હ્યુએન્ત્સીની ત્રીજી મુલાકાત**

ઈ.સ. ૬૫૭માં બૌદ્ધ તીર્થસ્થાનોએ વાઘા ચઢાવવા, ચીનના શાહના હુકમથી હિંદમાં મોકલાયાથી વાંગહ્યુએન્ત્સીએ પોતાનાં પરાક્રમોની રંગભૂમિરૂપ દેશની ફરી મુલાકાત લીધી. લ્હાસાને રસ્તે નેપાલમાં થઇ તે હિંદમાં દાખલ થયો. એ વાટ તે સમયે ખુલ્લી હતી અને ઘણા બૌદ્ધ યાત્રીઓ તેનો ઉપયોગ કરતા હતા. વૈશાલિ, બૌદ્ધગયા તથા બીજાં પવિત્ર સ્થળોની જાત્રા કરી હિંદુકુશ તથા પામિર રસ્તે ઉત્તર અફઘાનિસ્તાન અથવા કપિસામાં થઇ તે પોતાને વતન પાછો ફર્યો.

**સાતમા સૈકામાં કાશ્મીર**

સાતમા સૈકામાં હર્ષના તાબા નીચેના મુલકની મર્યાદા બહાર આવેલા હિંદના પ્રદેશોની રાજકીય વ્યવસ્થાની બાબતમા હ્યુએન્ત્સાંગની ટીકાઓથી બહુ સારો પ્રકાશ પડે છે. ઉત્તરમાં કાશ્મીર એક આગળ પડતું રાજ્ય થયું હતું અને તેણે તક્ષિલા તથા મીઠાના પહાડના (સિંહપુર) પ્રદેશ તેમજ નીચલા ટેકરીઆળ પ્રદેશમાંનાં

નાનાં નાનાં રાજ્યોને પોતાના તાબા નીચે આણી આશ્રિત રાજ્યો બનાવ્યાં હતાં.

સિંધુ તથા બિઆસ વચ્ચેનો પંજાબનો મોટો ભાગ એ યાત્રી જેને ટસેહકીઆ અથવા ચેહકા કહે છે તે પ્રદેશમાં આવી જતો હતો.

**પંજાબ**

જુલમગાર મિહિરગુલ પોતાનો દરબાર ભરતો હતો તે સાકલ (શિયાલકોટ) પાસેનું એક નગર જેનું નામ આપવામાં આવેલું નથી તે એ પ્રદેશની રાજ્યધાની હતું. સૂર્યદેવની ભક્તિનો જ્યાં બહુ પ્રચાર હતો તે મુલતાનનો પ્રાંત અને તેની ઈશાને આવેલો પો-ફા-ટો નામનો પ્રદેશ જે ઘણુંકરીને જમુ હશે તે એ રાજ્યના તાબાના પ્રાંત હતા.

સિંધ શુદ્ર વર્ણના એક બૌદ્ધ રાજાના અમલ નીચે હોવા માટે તથા તે દેશ મોટી સંખ્યામાં બૌદ્ધ સાધુઓને પોષતો હતો તે એ વાત

**સિંધ**

માટે જાણીતો હતો. એ સાધુઓની સંખ્યા દસ હજારની અડસટવામાં આવતી હતી. તે સાધુ-સંખ્યા આટલી બધી મોટી હતી પણ સંખ્યાના પ્રમાણમાં તેમની પ્રત બહુ ઊંચી નહોતી. એ દસ હજારમાંના મોટા ભાગના સાધુઓ આળસુ, દરિદ્રી તથા ભોગવિલાસ અને વ્યભિચારમાં ગરકાવ થઈ ગયેલા હોવાથી તિરસ્કાર પામેલા હતા. સિંધનો મુખ-પ્રદેશ જેને યાત્રી 'ઓટિએનપોચિલો' એવું નામ આપે છે તે સિંધના રાજ્યનો એક પ્રાંત હતો.

બીજાં સાધનો પરથી આપણને ખબર મળે છે કે તે દિવસોમાં સિંધનું રાજ્ય સમૃદ્ધ અને બળવાન હતું અને હાલના કરતાં વધારે

**પાટનગર અલોર**

વસ્તીવાળું અને ફળદ્રુપ હતું અને બલુચિસ્તાન તેના તાબાનું રાજ્ય હતું. મીઠાના પહાડોની નજીકથી માંડી દરિયા સુધીનો સિંધુની ખીણનો આખો પ્રદેશ તેમાં સમાઇ જતો હતો અને હ્યુએન્ત્સાંગ જેને 'સિન્ટુ' કહે છે તે હકા અથવા વાહિન્દા નામની 'લુપ્ત નદી'થી ખાસ હિંદના

પ્રદેશથી છૂટો પડતો હતો. તેની રાજ્યધાની અરોર કે અલોર હતું. તેને એ યાત્રી પિશન-પો-પુ-લોનું નામ આપે છે તે હકા નદીના પશ્ચિમ કિનારા પર આવેલું મોટું કિલ્લેબંધી નગર હતું. તેનાં ખંડિયેર સખ્ખર જિલ્લામાં રોહરીથી અગ્નિખૂણે પાંચ માઇલ પર ઉત્તર અક્ષાંશ ૨૭°,૩૯' અને પૂર્વ રેખાંશ ૬૮°,૫૯' પર હજુ જોઇ શકાય છે. અદ્‌ભુત રસભરી લોકકથાનુસાર ઈ. સ. ૮૦૦ના અરસામાં એક વ્યભિચારી રાજાના પંજામાંથી એક રૂપવતી બાળાને બચાવવા સૈફ–ઉલ–મુલુક નામના કોઈ વેપારીએ નદીનો માર્ગ પલટી નાખ્યો તેથી એ નગરનો નાશ થયો કહેવાય છે.

**સિંધના રાજાઓ**

ઉજ્જેન તથા મધ્ય હિંદનાં બીજાં રાજ્યો વધારે ઓછા પ્રમાણમાં હર્ષની સત્તા નીચે હોવાં જોઇએ. તેના રાજાઓ બ્રાહ્મણ વર્ણના હતા. ઉજ્જેનનો પ્રદેશ બહુ ગીચ વસ્તી-વાળો હતો અને તેમાં બૌદ્ધોની સંખ્યા નહિ જેવી હતી. તેમના ઘણાખરા મઠ પડી ભાંગેલી હાલતમાં હતા. માત્ર ત્રણ કે ચાર ચાલુ હતા અને તેમાં વસતા સાધુ-ઓની સંખ્યા આશરે ત્રણસો જેટલી હતી. અશોકની પ્રણાલીથી પાવન બનેલો તથા જેમાં સાંચીનાં ભવ્ય મકાનોનો સમાવેશ થતો હતો તે બૌદ્ધ સંપ્રદાય આ પ્રદેશમાં આટલો વહેલો પડી ભાંગ્યો એ બહુ કૌતુક ઉપજાવે એવી વાત છે અને હાલ એની સમજૂતિ આપવા જેવી સ્થિતિમાં આપણે નથી.

**કામરૂપ**

હર્ષના સમારંભોમાં બહુ આગળ પડતો ભાગ લેનાર કામરૂપનો રાજા ભાસ્કરવર્મા અથવા કુમારરાજ પણ સવર્ણ બ્રાહ્મણ તરીકે અને બુદ્ધમાં શ્રદ્ધા નહિ રાખનાર તરીકે વર્ણવાયો છે, જો કે તે બધા ધર્મના વિદ્વાનો પ્રત્યે સદ્‌વૃત્તિ ધરાવતો હતો. ઉત્તર હિંદના સમ્રાટને તે એટલે અંશે આધીન હતો કે તે હર્ષની આજ્ઞાની અવગણના કરી શકે એમ નહોતો.

નવસો વર્ષ પહેલાં જે કલિંગની જીતને કારણે અશોકને એટલો બધો તીવ્ર પશ્ચાત્તાપ થયો હતો તે વસ્તી વગરનો જ થઇ ગયો હતો અને તેની પર બધે જંગલ ઊગી ગયાં હતાં.

**કલિંગ**

એ યાત્રી તાદૃશ ચિત્ર ખડું કરી દેતી ભાષામાં ટીકા કરે છે કે 'જૂના વખતમાં કલિંગમાં બહુ ગીચ વસ્તી હતી. લોકોના ખભા એક એક જોડે ઘસાતા અને તેમના રથના ચક્રની ધરીઓ સામસામી ઘસાતી અને જ્યારે તેઓ તેમના હાથની બાંયો ઊંચી કરતા ત્યારે તો જાણે એક તંબૂ તણાઈ રહેતો હતો. પ્રણાલીકથા એમ સમજાવવા માગે છે કે કોઈ રૂઠેલા સાધુના શાપને કારણે એ દેશની આવી વિપરિત દશા થઈ.

કાશ્મીર, નેપાલ તથા દક્ષિણ અને પશ્ચિમમાં આવેલાં બીજાં રાજ્યોના હર્ષે આપેલા અહેવાલની નોંધ યોગ્ય સમયે આગલાં પ્રકરણોમાં લેવામાં આવશે.

**બીજાં રાજ્યો**

હિંદમાં એકતાનાં વિરોધી જે બળો ગમે ત્યારે પ્રસંગ મળતાં ફાટી ઊઠવા તૈયાર જ હોય છે તેને કાબૂમાં રાખનાર બંધનો હર્ષના મરણથી તૂટી ગયાં. પરિણામે તે બળો તેમનાં કુદરતી પરિણામ લાવવા માટે છૂટાં થયાં અને હમેશાં બદલાતી હદોવાળાં તથા પરસ્પર સતત ઝઘડયાં કરતાં નાનાં નાનાં રાજ્યોનો શંભુમેળો હિંદમાં ઊભો થયો. ઇ.સ. પૂર્વના ચોથા સૈકામાં યુરોપીયનોના પ્રથમ સંસર્ગમાં હિંદ આવ્યું ત્યારે તે આવું હતું. અને હિંદના રાજકીય શરીરના પરસ્પર પ્રત્યાકર્ષણ કરતા ઘટકોને તેમનાં સ્વચ્છંદ ભ્રમણો છોડી કાબૂમાં રાખનાર શ્રેષ્ઠ બળની પકડને વશ વર્તવાની ફરજ પાડનાર કોઈ પ્રબળ મધ્યસ્થ સત્તા ઊભી થાય એવા પ્રમાણમાં ટૂંકા સમયાંતરો બાદ કરતાં, તે હમેશાં એવું જ રહ્યું છે.

**હર્ષના મરણની અસર**

હુનોનાં આક્રમણોથી એટલું બધું તો દુઃખ વેઠવું પડ્યું હતું કે હર્ષની પથ્ય આપખુદી તેના એક જરૂરી ઈલાજ રૂપ સ્વીકારાઈ

**હિંદની હમેશની સામાન્ય સ્થિતિ**

હતી. તે મરી ગયો ત્યારે એ ઝનુની જંગલી પરદેશીઓએ કરેલા ઘા ઘણા લાંબા સમયથી રૂઝાઈ ગયા હતા અને બહારના હુમલાઓથી દેશનો છૂટકારો થયો હતો તે કારણે એવાં સંકટમાંથી બચાવનારની જરૂરીઆતનું ભાન લોકોને વીસારે પડ્યું હતું. પરિણામે હિંદ તુરત જ તેની હમેશની અવ્યવસ્થિત અને કોઇ કોઇનું સ્વામી નહિ એવી સર્વ સ્વાતંત્ર્યની સ્થિતિમાં જઈ પડ્યું હતું.

**પાંચ સૈકા સુધી પરદેશી આક્રમણોથી ઉગારો**

આઠમા સૈકા દરમિયાન સિંધ અને ગૂજરાતમાં આરબોના સ્થાનિક હુમલા બાદ કરતાં, ઇ.સ. ૫૨૮માં મિહિરગુલની હાર થઈ ત્યારથી અગીઆરમા સૈકાની શરૂઆતમાં મહમદ ગીજનીની ચઢાઇઓ થઇ ત્યાં સુધીનાં પાંચસો વર્ષ સુધી હિંદનો અંદરનો મધ્યસ્થ ભાગ ગંભીર પ્રકારનાં પરદેશી આક્રમણોથી મુક્ત રહ્યો હતો અને તેની પોતાની રીતે પોતાનું ભાગ્ય સર્જવા છૂટો હતો.

**રાજ્યપ્રકરણ, સાહિત્ય અને ધર્મ**

રાજ્યપ્રકરણી સંસ્થાઓમાં કાંઇ વ્યવસ્થિત વિકાસ થયો નહિ. ચંદ્રગુપ્ત મૌર્ય, અશોક અને તેનાથી ઓછા પ્રમાણમાં ગુપ્ત રાજાઓ અને કનોજના હર્ષે કર્યું હતું તેમ હિંદના રાજકીય શરીરના વિસંવાદી અંગોને એકસૂત્રમાં લાવવાની શક્તિ ધરાવનાર પ્રભાવશાળી શક્તિવાળો કોઇ નવો સમ્રાટ્ ઊભો થયો નહિ. ઉત્તર હિંદના રાજાધિરાજ પદને લગભગ મળતું પદ કનોજના મિહિરભોજે (ઇ.સ. ૮૪૦થી૯૦) મેળવ્યું હતું પણ કમભાગ્યે તેના ચરિત્ર કે રાજ્યવહીવટની આપણને નહિ જેવી જ માહિતી છે. મુસલમાનોના હુમલાનું ભારે દબાણ પણ અસંખ્ય નાનાં નાનાં હિંદુ રાજ્યોમાં એકતા લાવવામાં નિષ્ફળ નીવડ્યું અને તેથી કડક ધર્માંધપણાની ગાંઠથી એકતંત્રમાં બંધાયેલાં આરબ, તુર્ક અને અફઘાનોનાં ઝનુની ટોળાંનાં તે રાજ્યો

એક પછી એક બહુ સહેલા શિકાર બની ગયાં. ઘણા સ્થાનિક રાજાઓના દરબારમાં સાહિત્યને ઉદાર આશ્રય મળતો હતો તથા તેની બહુ સક્રિય ખેડ થતી હતી, છતાં એકંદરે કાલિદાસના સમયમાં તે જે સપાટીએ પહોંચ્યું હતું તેનાથી તે બહુ નીચું ઊતરી ગયું હતું. ગણિત, જ્યોતિષ કે વિજ્ઞાનની બીજી કોઈ પણ શાખામાં બહુ જ થોડી અથવા નહિ જેવી જ પ્રગતિ થઈ હતી. બૌદ્ધ ધર્મના ક્રમેક્રમે થયેલા લોપથી ધર્મને ભારે હાનિ થઇ. એ બૌદ્ધ ધર્મ બહુ જ ધીમા અને નજરે ન ચઢે એવા ફેરફારોથી જુદાજુદા હિંદુ પંથોમાં ભળી ગયો. માત્ર મગધમાં અને તેની આસપાસના પ્રદેશોમાં ગૌતમનો ધર્મ નવાં રૂપાંતરો ધારણ કરી ચાર સૈકા સુધી પ્રબળ અસ્તિત્વ ટકાવી રહ્યો અને તેમ થવામાં ધર્મપાલ અને પાલવંશના તેના વંશજોનો ટેકો કારણરૂપ હતો.

**લલિતકળા**

શિલ્પકળા ઘણાખરા ભાગોમાં હિંદુ દેવતાઓની સેવામાં અને પાલોના મુલકોમાં રૂપાંતર પામેલા બૌદ્ધ ધર્મની સેવામાં કામે લગાડવામાં આવતી હતી, અને ઘણા કળાવંતોના સંપ્રદાયોએ જુદીજુદી શૈલીઓમાં તેની ખૂબ અભિવૃદ્ધિ સાધી હતી. એ મધ્યકાલીન અને બહોળા પ્રમાણમાં ખીલેલી શિલ્પકળાના કળામૂલ્યની આંકણી ઘણા તીવ્ર વિવાદનો વિષય બની છે. તેના પ્રશંસકો તેમાં હિંદુ પ્રતિભાની સિદ્ધિની પરાકાષ્ઠા જુએ છે, જ્યારે તેના વિરોધી ચર્ચકો તેની અંદર સંયમની ખામી તથા બેડોળ વિચિત્રતામાં સરી પડવાની તેના વલણથી કંટાળો અને સૂગનો ભાવ અનુભવે છે. કમનસીબે, મધ્યકાળનાં ચિત્રકામો તો સદંતર નાશ પામેલાં છે અને તેથી ચિત્રકળાની પ્રગતિ થઈ હતી કે તે પાછી પડી હતી તેનો નિર્ણય કરવો અશક્ય થઈ પડે છે. સિક્કા પાડવાની કળા તો એવી નિશ્ચયાત્મક રીતે પડી ભાંગી હતી કે કળાની દૃષ્ટિએ નોંધાય એવો એક પણ મધ્યકાલીન સિક્કો મોજૂદ નથી.

સ્થાપત્યનું વિધાન ભવ્ય પ્રમાણમાં થતું હતું. જોકે તે સમયમાં ઊભાં કરેલાં અસંખ્ય મકાનોમાંનાં ઘણાંખરાં મુસલમાન અમલના

**સ્થાપત્ય**

સૈકાઓ દરમિયાન મોટે ભાગે નાશ પામ્યાં છે; છતાં જે કાંઈ થોડો અંશ એ વિનાશમાંથી બચવા પામ્યો છે તે એ સિદ્ધ કરવા પૂરતો છે કે હિંદુ સ્થાપત્યસ્વામીઓ ભવ્ય કલ્પનાથી નવા નમૂનાનું સર્જન કરી શકતા એટલું જ નહિ, પણ એ સર્જન નમૂનાને ખૂબ વિગતો પૂરી મૂર્તિમંત કરવાની શક્તિ ધરાવતા હતા. તેમની આ શક્તિ માટે માન થયા વગર રહેતું નથી, પણ સાથેસાથે તેનાં અતિશય શણગારથી વિરોધી અને શત્રુવટભરી ચર્ચાને સ્થાન મળે છે.

**નાનાં રાજ્યો**

હવે પછીનાં ત્રણ પ્રકરણોમાં પોતાને જેમ ફાવેતેમ વર્તવા સ્વતંત્ર એવાં હિંદનાં નાનાં નાનાં રાજ્યોના કેટલાક સૈકાના ગૂંચવણ-ભર્યા ઇતિહાસનાં મોટાં મોટાં અને આંખે ચઢે એવાં લક્ષણોની રૂપરેખા આપવાનો યત્ન કરવામાં આવશે. એથી કોઈ સર્વોપરી સત્તાના કાબૂથી મુક્ત થતાં હિંદ હમેશાં કેવું હોય છે અને તેની સરહદનું હાલ જે ભલી સરકાર રક્ષણ કરે છે તેની સત્તા પાછી ખેંચી લેવામાં આવે તો તે પાછું કેવું થઈ જાય તેનો ખ્યાલ વાંચનારને મળશે.

## સાતમા સૈકાની સાલવારી

| ઇ. સ. | બનાવ |
|---|---|
| ૬૦૦ | ચીની યાત્રી હ્યુએન્ત્સાંગનો જન્મ. |
| આશરે ૬૦૦ | શશાંકે બૌદ્ધધર્મીઓ પર જુલમ કર્યો. |
| ૬૦૫ | થાણેશ્વરનો રાજા રાજ્યવર્ધન ગાદીએ બેઠો. |
| ૬૦૬ | થાણેશ્વરનો રાજા હર્ષ ગાદીએ બેઠો. |
| ૬૦૬–૧૨ | હર્ષે ઉત્તર હિંદની જીત કરી. |
| ૬૦૮ | ચાલુક્ય રાજા પુલકેસી બીજો ગાદીએ બેઠો. |
| ૬૦૯ | ચાલુક્ય રાજા પુલકેસી બીજા નો રાજ્યાભિષેક. |
| ઑક્ટોબર ૬૧૨ | હર્ષનો રાજ્યાભિષેક; ઇ.સ. ૬૦૬થી માંડી તેના સંવ- |

| | |
|---|---|
| | તની શરૂઆત. |
| ૬૧૫ | કુબ્જ વિષ્ણુવર્ધન (વિષમસિદ્ધિ) વેંગીનો સરસુબો. |
| ૬૧૮ | ચીનનો ટાંગવંશનો પહેલો સમ્રાટ કાઓટસુ ગાદીએ બેઠો. |
| ૬૧૯-૨૦ | શશાંકનો ગંજામનો શિલાલેખ. |
| આશરે ૬૨૦ | ચાલુક્ય રાજા પુલકેસી બીજાને હાથે હર્ષની હાર. |
| ૬૨૨ | મુસલમાની હિજરી સંવત. |
| ૬૨૭ | ચીની સમ્રાટ ટાઈટ્સુંગ ગાદીએ બેઠો. |
| ૬૨૮-૯ | હર્ષનો વાંસખેડાનો શિલાલેખ. |
| ૬૨૯ | હ્યુએન્ત્સાંગે તેની યાત્રા શરૂ કરી. |
| ૬૨૯ | તિબેટનો રાજા સ્રોંગત્સાન ગંપો ગાદીએ બેઠો. |
| ૬૩૦-૧ | હર્ષનો મધુવનનો શિલાલેખ. |
| આશરે ૬૩૫ | હર્ષે વલ્લભી જીત્યું. |
| ૬૩૬ | ખ્રીસ્તિઓનો નેસ્ટરપંથ અલોપેને ચીનમાં દાખલ કર્યો. |
| ૬૪૧ | હર્ષે ચીનમાં દૂત મંડળ મોકલ્યું. તિબેટનો રાજા સ્રોંગત્સાન ગંપોનું ચીનની કુમારી વેનચેંગ જોડે લગ્ન થયું. નહાવેંદ આગળ સસાનીયન રાજા યઝ્ગિર્દને આરબોએ હાર આપી. આરબોએ મિસર જીતી લીધું. |
| ૬૪૨ | ચાલુક્ય રાજા પુલકેસી બીજો મરણ પામ્યો. |
| ૬૪૩ | હર્ષની ગંજામ પર ચઢાઈ. હ્યુએન્ત્સાંગ જોડે તેનો મેલાપ. લિઆઇપિઆઓ અને વાંગહ્યુએન્ટસીની સરદારી નીચે આવેલું ચીની દૂતમંડળ. કનોજ તથા પ્રયાગ આગળના હર્ષનાં ધર્મસત્રો. હ્યુએન્ત્સાંગ પાછો ચીન જવા નીકળ્યો. |
| ૬૪૫ | હ્યુએન્ત્સાંગ ચુન પહોંચ્યો |
| ૬૪૬ | વાંગહ્યુએન્ટસીને બીજા દૂતમંડળ સાથે મોકલવામાં આવ્યો. |
| ૬૪૭ | હર્ષનું મરણ. |
| ૬૪૭-૮ | અર્જુનનું (?) રાજ્યસત્તાનું બથાવી પડવું, અને ચીની તિબેટ અને નેપાલી લશ્કરને હાથે તેની હાર હ્યુએન્ત્સાંગના 'પ્રવાસ'ની પ્રસિદ્ધિ. |
| ૬૪૯ | ચીનના સમ્રાટ ટાઈટ્સુંગનું મરણ કાઓટસુંગ ગાદીએ બેઠો. |

| | |
|---|---|
| ૬૫૭ | વાંગહ્યુએન્ટસીનું ત્રીજું દૂતમંડળ. |
| ૬૬૧–૫ | ચીનાઈ રાજ્યનો વધારેમાં વધારે વિસ્તાર. |
| ૬૬૪ | હ્યુએન્ત્સાંગનું મરણ. |
| ૬૭૦ | તિબેટીઓને હાથે ચીનાઓએ ખાધેલી હાર. |
| ૬૭૨ | ચીનીયાત્રી ઈટ્સિંગે તેનો પ્રવાસ શરૂ કર્યો. |
| ૬૭૫–૮૫ | ઈટ્સિંગ નાલંદામાં રહ્યો. |
| ૬૯૧ | ઈટ્સિંગે તેની ‘નોંધ’ રચી. |
| ૬૯૫ | ઈટ્સિંગ ચીન પાછો ફર્યો. |
| આશરે ૬૯૮ | તિબેટના રાજા સ્રોંગટ્સાન ગંપોનું મરણ. |

# પ્રકરણ ૧૪ મું

## ઉત્તર હિંદનાં મધ્યયુગીન રાજ્યો

### ઈ.સ. ૬૪૭ થી ૧૨૦૦

### ૧

### ચીન તથા તિબેટ સાથે સંબંધ

**હિંદના ઉત્તર મોખરા પર ચીનનો પ્રભાવ**

પોતાના સામ્રાજ્યની દૂર દૂરની સરહદપર આવેલા પ્રાંતો પર પોતાનો કાબૂ રાખવાની બાબતમાં ચીન બહુ ચીવટ રાખે છે. હાલમાં મુસલમાનો પાસેથી કાશગરીઆ અને યુનાન અને રશિયનો પાસેથી કુલજા પાછું મેળવી ચીને એ વાતનાં દૃષ્ટાંત પૂરાં પાડ્યાં છે. સાતમા અને આઠમા સૈકાનો ચીનનો ઇતિહાસ ચીની પ્રજાનાં એ લક્ષણનાં ઘણાં દૃષ્ટાંત રજુ કરે છે. હિંદના ઉત્તર મોખરા પર આવેલા દેશોમાં પોતાની લાગવગ વધારવાના અથવા તેમની પર આધિપત્ય સ્થાપવા માટે ઘણા મક્કમ પ્રયાસો કરતું ચીન આપણી આગળ રજુ થાય છે.

**ઇ.સ. ૫૦૨-૫૬ એપ્થેલાઈટ રાજ્ય**

છઠ્ઠા સૈકાના પહેલા અર્ધ ભાગમાં 'પશ્ચિમ દેશો'માં ચીનની સત્તાનો લોપ થયો હતો અને એપ્થેલાઈટ અથવા સફેદ હુનો એક વિશાળ સામ્રાજ્ય પર રાજ્ય કરી રહ્યા હતા. એ સામ્રાજ્યમાં કાશગરીઆ અથવા ચીની લેખકોનું "ચાર દૂર્ગસેના," કાશ્મીર, ગાંધાર અને પેશાવર પાસેના પ્રદેશોનો સમાવેશ થતો હતો.

**ઇ.સ. ૫૬૫ પાશ્ચાત્ય તુર્કોનું રાજ્ય**

આશરે ઇ.સ. ૫૬૫ના અરસામાં (ઇ.સ. ૫૬૩ અને ૫૬૭ની વચ્ચે) એપ્થેલાઈટ રાજ્ય પશ્ચિમના તુર્ક અને ઇરાનીઓના હાથમાં પસાર થયું; પણ ઑક્ષસ નદીની દક્ષિણે આવેલા પ્રાંતોમાં ઇરાનની સત્તા થોડા સમયમાં જ શિથિલ થઈ ગઈ અને છેક સિંધુ નદી

સુધીના એપ્થેલાઇટના મુલકના તુર્કો વારસ થયા. આથી ઇ.સ. ૬૩૦માં હ્યુએન્ત્સાંગ હિંદુસ્તાન આવવા નીકળ્યો હતો ત્યારે પશ્ચિમ તુર્કોના ઉપરી કાઝન, ટૅાંગ–શી–હુ એ પરવાનો આપી તેની સલામતીની ખાતરી આપી હતી. એ પરવાનાથી કપિસા સુધીના તેના રક્ષણનો પાકો બંદોબસ્ત થયો હતો.

**ઈ.સ. ૬૩૦ ઉત્તરના તુર્કોને ચીનાઓએ આપેલી હાર**

એજ વર્ષમાં એ યાત્રીના પ્રબળ રક્ષકનું ખૂન કરવામાં આવ્યું અને ટંગ વંશના બીજા રાજા સમ્રાટ્ ટાઇટ્સુંગની દોરવણી નીચે ચીનાઓએ ઉત્તર કે પૂર્વના તુર્કોને એવી તો નિર્ણયાત્મક હાર આપી કે પરાજય પામેલા તુર્કો તે સમયથી માંડી પચાસ વર્ષ સુધી ચીનના ગુલામ થઈ રહ્યા.

**ઈ.સ. ૬૪૦-૮ ચીનાઓએ કરેલી કુચની જીત**

ઉત્તર, તુર્કોના ભયથી મુક્ત થતાં ચીનાઓ તેમની પશ્ચિમે, આવેલા સંઘોને પોતાનો હાથ બતાવવા શક્તિમાન થયા અને ૬૪૦ થી ૪૮ સુધીમાં તેઓ તુર્ફાન, કારાશહર અને કુચામાં વસવાટ કરવામાં સફળ થયા અને તેમ કરી તેમણે પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના સંબંધનો ઉત્તર માર્ગ કબજે કર્યો.

**તિબેટ જોડે મિત્રાચારી ભર્યો સંબંધ**

ઇ.સ. ૬૩૯માં લ્હાસાની સ્થાપના કરનાર પ્રખ્યાત રાજા સ્રોંગત્સાન ગંપોના અમલ નીચે તિબેટ હતું. એ રાજાએ પોતાના દેશમાં બૌદ્ધ ધર્મ દાખલ કર્યો અને હિંદી પંડિતોની મદદથી તિબેટી મૂળાક્ષરોની યોજના કરી. નાની વયમાં જ નેપાલના રાજાની ભૃકુટિ નામની રાજકન્યા જોડે એનું લગ્ન થયું અને બે વર્ષ પછી ઇ.સ. ૬૪૧માં પોતાની અનેકવિધ જીતોને પ્રતાપે, ઘણી ઘણી મુસ્કેલીઓને અંતે ચીનના સમ્રાટ ટાઇટ્-સુંગની પુત્રી રાજકુમારી વેંનચેંગની જોડે લગ્ન કરવામાં તે સફળ થયો. પોતે ચુસ્ત બૌદ્ધ હોવાથી આ બે યુવાન રાજકન્યાઓએ તેમના યુવાન પતિને પોતાના

ધર્મમાં પલટાવ્યો અને તેમ કરી તિબેટના ઇતિહાસના ક્રમને નવે ચીલે ચઢાવ્યો. પોતાના આશ્રયદાતાના ગુણની કદર કરવામાં સંઘ પણ પાછો ન પડ્યો. બુદ્ધના અવતાર તરીકે તેમણે એ રાજાને જગના તારણહાર અવલોકિતેશ્વર તરીકે દેવતા પદ આપેલું છે, અને તેની નેપાલી પત્ની "લીલાતારા" તરીકે અને ચીનીકુમારી "સફેદતારા" તરીકે અતિ આદરપાત્ર ગણાયેલ છે. સ્રોંગટ્સાનગંપો જીવ્યો ત્યાં સુધી ચીન અને તિબેટ વચ્ચે બહુ મૈત્રીભર્યો સંબંધ ટકી રહ્યો. ઘણાખરા પ્રમાણભૂત લેખકોના મતાનુસાર આશરે ઈ.સ. ૬૯૮માં કે તેની આસપાસમાં તેનું મરણ થયું જણાય છે, પણ કદાચ તે તે કરતાં પણ કેટલાંક વર્ષ વહેલું થયું હોય. આને પરિણામે હર્ષના દરબારમાં ઇ.સ. ૬૪૩-૫ના વર્ષોમાં જતા રાજદૂતો તિબેટ અને તેના આશ્રિતરાજ્ય નેપાલ એ બંને મિત્ર રાજ્યોમાંથી પસાર થવા શક્તિમાન થયા હતા. આ બંને રાજ્યોએ હર્ષના મરણ પછી સંકટમાં સપડાઈ પડેલા વાંગહ્યુએન્ટ્સીને છોડવવા ખુશીથી લશ્કરો મોકલી આપ્યાં હતાં.

સમ્રાટ ટાઈટ્-સુંગે તુર્કોને વશ કરવાનું શરૂ કરેલું કાર્ય તેના પછી આવેલા કાઓટ-સુંગે (૬૪૯-૮૩) ચાલુ રાખ્યું અને ઇ.સ. ૬૫૯ના અરસામાં ચીન પશ્ચિમના તુર્કોના તમામ મુલકોનું નામનું સ્વામીત્વ મેળવી રહ્યું અને આખરે એ બધો મુલક ખાલસા કરી વિધિસર ચીનાઈ રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યો. ઇ.સ. ૬૬૧–૫ સુધીમાં ચીન પહેલાં કદી નહિ એવા પ્રતિષ્ઠિતપદે પહોંચ્યું હતું અને તે સમયે જે યશશિખરે તે પહોંચ્યું હતું તેવું ઉચ્ચપદ ફરીથી કદી તેને મળી શક્યું નથી. કપિસા એ ચીની સામ્રાજ્યનો એક પ્રાંત હતું અને બાદશાહના રસાલામાં ઉદયાનના અથવા સુવાટની ખીણના તેમજ ઇરાનથી કોરીઆ સુધીના તમામ દેશોના એલચીઓનો સમાવેશ થતો હતો.

**ઇ.સ. ૬૫૯-૬૧ પશ્ચિમના તુર્કોના રાજ્યોનો ચીને કબજો મેળવ્યો**

પણ ચીનાઈ સામ્રાજ્યનો આ ભવ્ય વિસ્તાર બહુ ઝાઝો સમય ટક્યો નહિ. ઇ.સ. ૬૭૦માં તિબેટીઓએ આપેલી ભયંકર હારને પરિણામે ચીન પાસેથી કાશગરીઆ અથવા "ચાર દુર્ગસેના"નો મુલક પડાવી લેવામાં આવ્યો અને તે ઇ.સ. ૬૯૨ સુધી વિજેતાઓના હાથમાં રહ્યો. ત્યારબાદ ચીનાઓએ તેનો કબજો પાછો મેળવ્યો.

**ઇ.સ. ૬૭૦-તિબેટીઓએ કાશગરીઆમાં કરેલો વસવાટ**

ઇ.સ. ૬૩૦ની હારથી છિન્નભિન્ન થયેલી સત્તા ઇ.સ. ૬૮૨ થી ૬૯૧ની વચ્ચેના અરસામાં પશ્ચિમના તુર્કોએ મોટે ભાગે પાછી મેળવી એટલું જ નહિ પણ પશ્ચિમના સંઘો પર તેઓ કાંઇક કાબુ ધરાવતા પણ થયા; પણ આપસ આપસના કજીઆ મધ્ય એશિયાની પ્રજાઓના શાપરૂપ હતા, અને તેમની રાષ્ટ્રીય ત્રુટિનો લાભ લેતાં ચીનને સારીરીતે આવડતું હતું. જુદીજુદી જાતિઓના ઝઘડાઓમાં તેઓ વચ્ચે પડ્યા. ઉઇગર તથા કાર્લુકના ટેકાથી તેઓ એવા તો અસરકારક રીતે સફળ થયા કે ૭૪૪માં તુર્કી મુલકના પૂર્વભાગમાં ઓર્ખોન પર ઉઇગરોએ પોતાનો પગ જમાવ્યો અને પશ્ચિમમાં કાર્લુકોએ ધીમે ધીમે "દશ જાતિ"ઓના મુલકમાં વસવાટ કર્યો અને ઇસીકકુલ સરોવરની પશ્ચિમે તુર્કી સરદારોનાં આગલાં રહેઠાણરૂપ તોકમાક તથા તાલાસ કબજે કર્યાં.

**ઇ.સ. ૭૪૪ ઉત્તરના તુર્કોનો આખરી ધ્વંસ**

ઇ.સ. ૬૬૫થી ૭૧૫ સુધીમાં જક્ષાર્ટીસ (સીરદરીઆ) અને સિંધુ નદી વચ્ચેના દેશોમાં અસરકારક રીતે વચ્ચે પડવા જેટલી શક્તિ ચીનના રાજ્યમાં નહોતી. કાશગરીઆ થઇને પશ્ચિમ તરફ જતો દક્ષિણનો માર્ગ તિબેટીઓએ બંધ કર્યો હતો અને હિંદુકુશની ઉપર થઈ જતા માર્ગો આરબ સરદાર કૌટેબાની જીતોથી રૂંધાઇ ગયા હતા. એ સરદાર

**ઇ.સ. ૬૬૫-૭૧૫. ચીન અને પશ્ચિમ વચ્ચેના માર્ગ બંધ થયા**

તે સમયે આખા મધ્ય એશિયામાં પયગંબરના ધર્મનો પ્રચાર કરવામાં રોકાયેલો હતો.

ઇ.સ. ૭૧૩માં સમ્રાટ હ્યુએન્ટ્સુંગ ગાદીએ આવતાં ચીનની ચળવળ ફરી જાગ્રત થઇ, અને લશ્કરી બળ તથા મંત્રણાઓથી પામિરના ઘાટ ખુલ્લા રાખવાના, તેમજ કોઈક વાર ભેગા મળીને નહિતર છુટા છુટા રહી કામ કરતા આરબ તથા તિબેટીઓની મહત્વાકાંક્ષાને રોકવા મક્કમ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ઇ.સ. ૭૧૯માં સમરકંદ તથા બીજાં રાજ્યોએ ઇસ્લામનાં લશ્કરો સામે થતાં ચીનની સહાય માગી અને આરબ નેતાઓએ હિંદની સરહદ પરનાં નાનાં નાનાં રાજ્યોનો સહકાર મેળવવા યત્ન કર્યો. ઉદ્યાન (સુવાટ) ખોટટાલ (બંદાક્ષનની પશ્ચિમે) અને ચિત્રાલના નાયકોએ મુસલમાનોની લલચામણીને ન ગણકારી તેથી ચીનના બાદશાહે તે દરેકને રાજાનો ઇલ્કાબ આપતી સનંદોથી નવાજ્યા. યાસિન (નાનું પો-લુ) ઝબુલિસ્તાન (ગઝની), કપિસા અને કાશ્મીરના રાજ્યકર્તાઓને પણ તેવું જ માન આપવામાં આવ્યું હતું. આરબ તથા તિબેટીઓની સામે કાર્યસાધક આડરૂપ થાય એવી રીતે એ મોખરાનાં રાજ્યોને વ્યવસ્થિત કરવા ચીને તેનાથી બનતા સૌ યત્નો કર્યા. ઇ.સ. ૭૨૦માં કાશ્મીરના રાજા ચંદ્રાપીડને ચીનના બાદશાહ તરફથી પટ્ટાભિષેક થયો અને ૭૩૩માં તેના ભાઇ મુક્તાપીડ લલિતાદિત્યને પણ તેવું જ માન મળ્યું.

**ઇ.સ. ૭૧૫-૪૭. હિંદની સરહદો પર ચીનાઈ પ્રભાવનું પુનર્જીવન**

થોડાં વર્ષો પછી ૭૪૪માં તથા ૭૪૭માં ચીનના પ્રભાવનો એટલો તો વિસ્તાર થયો કે કાસ્પીઅન સમુદ્રની દક્ષિણે આવેલા તબારિસ્તાનના રાજાને બાદશાહે પદવી પ્રદાન કર્યું. ત્યાર પછીના વર્ષમાં એક ચીની લશ્કરે બધી મુશીબતોને વટાવી પામીરનો પર્વત ઓળંગ્યો અને યાસિનના રાજાને વશ કર્યો.

પણ સાતમા સૈકાની પેઠે આઠમા સૈકામાં પણ પશ્ચિમના દેશો

પરનો ચીનનો અમલ અલ્પજીવી નીવડ્યો અને કાર્લુકની કુમકવાળા આરબોને હાથે ચીની સરદાર સીએન-ચીને મળેલી ખુવારી ભરી હારથી એ અમલનો પૂરો ધ્વંસ થયો. આડકતરી રીતે આ વિનાશકારક આફતની યુરોપીય સંસ્કૃતિ પર બહુ અગત્યની અસર થઇ. અત્યારસુધી અતિ દૂરના ચીનના ઇજારારૂપ કાગળ બનાવવાનો હુન્નર ચીની કેદીઓએ સમરકંદમાં દાખલ કર્યો અને એ રીતે એ યુરોપની પણ જાણમાં આવ્યો. એનાં પરિણામ કેવા આવ્યાં છે તે આપણે સૌ જાણીએ છીએ.

**ઇ.સ. ૭૫૧. આરબ તથા કાર્લુકોએ ચીનાઓને આપેલી હાર**

થિ–સ્ત્રોંગ–ડી ટ્સાનના લાંબા અમલ દરમિયાન (ઇ. સ.૭૪૩ ૭૮૯) તિબેટમાં બૌદ્ધધર્મની અભિવૃદ્ધિને અતિશય ઉત્સાહથી ઉત્તેજન આપવવામાં આવ્યું હતું અને તે એટલે સુધી કે તેના પ્રતિસ્પર્ધી, તલબદા બોન ધર્મના અનુયાયીઓ પર જુલમ ગુજારતાં પાછું વાળી જોવામાં આવતું નહિ. શાંતરક્ષિત અને પદ્મસંભવ નામના બે હિંદી મુનિઓને તિબેટના રાજદરબારમાં નોતરવામાં આવ્યા હતા અને તેમની મદદથી સંઘની સત્તાવાળું રાજ્યતંત્ર સ્થાપવામા આવ્યું અને આજ પણ લામાતંત્રને નામે તે જીવતું રહેલું છે. થિ સ્ત્રોંગ ડી ટ્સાને આદરેલું કાર્ય રાજા રાલપચાને (ઇ. સ. ૮૧૬–૩૮) ચાલુ રાખી આગળ ધપાવ્યું પણ તેની પછી ગાદીએ આવનાર લંગડર્ન બૌદ્ધધર્મને ધિક્કારતો હતો અને તેણે તેનો ઉચ્છેદ કરવા તેનાથી બનતું બધું કર્યું. ઇ.સ. ૮૪૨માં રાજાનું ખૂન કરી એક લામાએ પોતાના સ્વધર્મીઓને થયેલા અન્યાયનું વેર લીધું. અગીઆરમા સૈકામાં (ઈ. સ. ૧૦૧૩ થી ૧૦૩૮) મગધમાંથી ગયેલા બૌદ્ધ પ્રચારકોએ તિબેટમાં બૌદ્ધધર્મની આગળ પડતા રાજ્યધર્મ તરીકે ફરી સ્થાપના કરી.

**તિબેટમાં બૌદ્ધધર્મ**

રાલપચાનના રાજ્યમાં ચીન જોડે તીવ્ર બાથંબાથા થઈ. લ્હાસા-

માં એ ભાષાના લેખોમાં નોંધાયેલી અને ઈ. સ. ૮૨૨માં થયેલી સંધિથી એ વિગ્રહનો અંત આવ્યો. પાછલના યુગોમાં

**ચીન સાથેનો સંબંધ** ચીનના રાજ્ય જોડેનો તિબેટનો સંબંધ વખતોવખત બહુ બદલાતો રહ્યો છે. તે સંબંધ ગમે તેવો હોય છતાં તેમાં હિંદને કાંઇ લેવાદેવા નહોતી. તિબેટ પર ચીનની આખરી સરસાઈ ઈ. સ. ૧૭૫૧ સુધી મુલતવી રહી હતી. તે સાલ પછી ચીનની સરકારે હમેશાં યુરોપીયનોને તિબેટની બહાર રાખવાનો યત્ન કર્યો છે અને તેમ કરવામાં તે સામાન્ય રીતે સફળ થયેલ છે. આને પરિણામે લાંબા વખત સુધી તિબેટનો મામલો હિંદના ઇતિહાસથી અલગનો અલગ રહ્યો છે. હિંદ અને ચીન વચ્ચેનો રાજનૈતિક સંબંધ આઠમા સૈકામાં તિબેટની સત્તાની અભિવૃદ્ધિ થવાને કારણે બંધ થઇ ગયો. ઈ. સ. ૧૮૮૫માં બ્રહ્મદેશની જીતથી હિંદી અને ચીની રાજ્યોની સરહદો એકએકને અડતી થઇ ત્યાં સુધી એ સંબંધ ફરીથી ચાલુ થયો નહિ. કેટલાય સૈકાથી વધારે કે ઓછા અંશે ચીનના આશ્રિત રાજ્ય તરીકે રહેલું તિબેટ, આ પાછલા દિવસોમાં ફરીથી હિંદી સરકારની નજર નીચે આવ્યું છે અને તેનો મામલો ઇંગ્લેન્ડ અને ચીનની મંત્રણાનો વિષય થયેલ છે.

## ૨

## નેપાલ

હાલની ઘટનાવાળું નેપાલનું રાજ્ય એક મોટું સ્વરાજ્ય ભોગવતું સ્વતંત્ર રાજ્ય છે, અને તે તિર્હુટ, અયોધ્યા તથા આગ્રા પ્રાંતની ઉત્તર સરહદે ૫૦૦ માઇલના અંતર સુધી પૂ-

**નેપાલનો વિસ્તાર** ર્વમાં સિક્કિમથી માંડી પશ્ચિમમાં કુમાઓન સુધી વિસ્તરેલું છે. તીરાઈ નામથી ઓળખાતા તળેટીના મુલકની સાંકડી પટી સિવાયનો આખો પ્રદેશ પર્વતો અને ખીણોની ભુલભુલામણી છે. સ્પષ્ટ શબ્દોમાં બોલીએ તો નેપાલની રાજ્યધાની ખટમંડુ અને બીજાં ઘણાં શહેરો અને ગામડાંઓનો જેમાં

સમાવેશ થાય છે એવી ૨૦ માઈલ લાંબી અને ૧૫ માઈલ પહોળી સાંકડી ખીણનેજ, નેપાલ કહી શકાય અને પ્રાચીન કાળમાં તેનેજ નેપાલ કહેતા હતા. હાલની સરકારની નીતિ, એ સાંકડી ખીણ સિવાયના રાજ્યના ઘણાખરા ભાગોમાંથી યુરોપીયનોને બહાર રાખવાની છે અને પરિણામે નેપાલના બાકીના ભાગો વિષે આપણને બહુ જ થોડી માહિતી છે.

**સમુદ્રગુપ્તના સમયમાં**

નેપાલને લગતી એટલે કે ઉપર જણાવેલા ખીણના પ્રદેશને લગતી સૌથી વહેલી ચોક્કસ ઐતિહાસિક માહિતી ઇશુખ્રીસ્ત પછીના ચોથા સૈકામાં સમુદ્રગુપ્તે ઊભા કરેલા કીર્તિસ્થંભના શીલાલેખમાં કરેલા નિવેદનમાં છે; અને તે એ પ્રકારની છે કે આસામ અથવા કામરૂપની પેઠે તે એક સ્વતંત્રરીતે પોતાનો રાજ્યવહીવટ કરતો મોખરાનો પ્રાંત હતો, અને તે ઉપરી ગુપ્તસત્તાને આજ્ઞાધીન રહી, ખંડણી ભરતો હતો. સંભવ છે કે ખંડણી નામની જ હતી અને તેનું ગુપ્તો પ્રત્યેનું આજ્ઞાધીનપણું એકસરખું ચાલુ નહોતું. આજે નેપાલી સરકાર જોકે વ્યવહારૂ રીતે સ્વતંત્ર છે તો પણ તે ચીનના સમ્રાટ્‌ને નજરાણાં અથવા ખંડણી ભરે છે અને એમ કરી બહુજ અચ્છરતી રીતે તે સત્તાધીશનું આધિપત્ય સ્વીકારે છે અને જોડે જોડે હિંદમાંથી અંગ્રેજોએ મોકલેલા રાજદુતને સ્વીકારી તેની દ્વારા હિંદી સરકારની દોરવણીને અનુસરી પોતાની પરદેશી રાજનીતિ ઘડે છે.

**અશોકના વખતમાં**

સ્થાનિક પ્રણાલીકથા જાહેર કરે છે કે સમુદ્રગુપ્ત પહેલાં ઘણાં સમય પર ઈ. સ. પૂર્વના ત્રીજા સૈકામાં અશોકના સમયમાં નેપાલની ખીણ તેને તાબે હતી. પાટણ શહેર આગળ અશોક તથા તેની પુત્રીનાં કહેવાતાં બાંધકામોની અને શિલાલેખોની હયાતીથી એ પ્રણાલી કથાનું સમર્થન થાય છે અને એમ સિદ્ધ થાય છે કે હિમાલયની દક્ષિણે આવેલી ટેકરીઓની હારની તળેટીનો નીચાણનો પ્રદેશ તેના સામ્રા-

જ્યના અંગનો ભાગ છે. પાટલીપુત્રથી નેપાલની ખીણના પ્રદેશનું અંતર બહુ મોટું નહિ હોવાથી, સંભવ છે કે એ મુલક રાજ્યધાનીના પ્રાંતનો ભાગ હશે અને તેનો રાજવહીવટ સીધો મૌર્ય રાજ્યધાનીથી જ કરવામાં આવતો હશે.

**સ્થાનિક ઇતિહાસ**

અશોક તથા સમુદ્રગુપ્તના સમયની વચ્ચે શું શું થયું તે ચોક્કસ-પણે કહેવું અશક્ય છે. પુષ્કળ પ્રમાણમાં મળી આવતી સ્થાનિક ઐતિહાસિક નોંધો ઝીણી ચર્ચાનો ભાર ઝીલી શકે એમ નથી તેમજ તે ભાગ્યે જ કાંઈ કિંમતી માહિતી આપી શકે એમ છે. છઠ્ઠા સૈકામાં તેમજ સાતમા સૈકાના પ્રારંભના ભાગમાં ત્યાંનું રાજ્ય કરતું રાજકુલ એક લિચ્છવી કુટુંબ હતું, પણ વૈશાલિના લિચ્છવીઓ જોડેનો તેનો સંબંધ કયા પ્રકારનો હતો તે નક્કી કરી શકાય એમ નથી. હ્યુએન્ત્સાંગે નેપાલના લિચ્છવીઓને પ્રખ્યાત પંડિતો તથા શ્રદ્ધાળુ બૌદ્ધ તરીકે વર્ણવેલા છે અને તેમને ક્ષત્રિય વર્ણના ગણાવેલા છે.

**સાતમો સૈકો અને ત્યાર પછી**

સાતમા સૈકામાં ઉત્તરે તે વખતની એશિયાની એક મોટી સત્તા-રૂપ તિબેટ અને દક્ષિણે કનોજના હર્ષના સામ્રાજ્ય વચ્ચે નેપાલ એક આડ રાજ્યરૂપ થઇ ગયું હતું. પોતાની પુત્રીનું લગ્ન તે સમયના તિબેટના રાજા સ્રોંગ્ત્સાન ગંપો જોડે થવાને કારણે તિબેટના ગાઢ પરિ-ચયમાં આવેલો ઠાકુરી કુળનો સ્થાપક રાજા અંશુવર્મા ઈ.સ. ૬૪૨માં મરી ગયો. એ સ્રોંગ્ત્સાન ગંપો એવો તો બળવાન હતો કે ઇ.સ. ૬૪૧માં ચીનના સમ્રાટ્‌ને તેની પુત્રી પોતાની બીજી પત્ની તરીકે આપવાની ફરજ તે પાડી શક્યો હતો. હર્ષના મરણ પછી તિબેટ અને નેપાલનાં લશ્કર ચીની રાજદૂત વાંગ હ્યુએન્ટસીની કુમકે ભેગાં થઇ ગયાં હતાં અને હર્ષની ગાદી બથાવી પાડનારની સામે લઢ્યાં હતાં. વળી એ પણ નક્કી છે કે આઠમા સૈકાની શરૂઆતમાં નેપાલ હજુ તિબેટનું આશ્રિત હતું અને ઇ.સ. ૭૦૩ સુધી તે એ

સ્થિતિમાં રહ્યું હતું. તે અરસામાં નેપાલે તથા તિર્હુટે ભેગાં મળી તિબેટની તાબેદારીની ધુંસરી ફેંકી દીધી. એ વિગ્રહ દરમિયાન તિબેટનો રાજા માર્યો ગયો. ઈ.સ. ૮૭૯ના ઑક્ટોબરથી શરૂ થતો નવો નેપાલી સંવત્ ચાલુ કરવાનું કારણ શું હતું તે કાંઈ જણાયું નથી. આઠમા સૈકાની અધવચ પછી તુરત જ નેપાલ તથા હિંદ જોડેનો ચીનનો સંબંધ પૂરો થયો હતો. સાંપ્રતકાળમાં ચીન તથા નેપાલ વચ્ચે થયેલા વિગ્રહને પરિણામે એ બેમાંના નાના રાજ્યે, મોટાં રાજ્યનું આધિપત્ય સ્વીકારવાનો વિવેક બતાવ્યો છે.

**ગુર્ખા જીત**

ઈ.સ. ૧૭૬૮ સુધી નેપાલમાં રાજ્ય કરતાં વિવિધ નાનાં રાજ-કુલોની લોહી છંટાયલી અને ગોટાળાભરી કથામાં સામાન્ય જનતાને રસ પડે એવું કાંઈ નથી. એ વર્ષમાં ગુર્ખાઓએ એ દેશ જીતી લીધો અને હાલ જે રાજકુળ છે તેની સ્થાપના કરી. એ રાજકુળ હાલમાં સત્તાવાળા પ્રધાનો દ્વારા દેશનો વહીવટ કરે છે. એ પ્રધાનોએ રાજાઓની મુદ્દાની સત્તા પોતાને હાથ કરી છે, અને રાજાઓને માત્ર નામના અને પૂતળાં જેવા કરી મૂકયા છે.

**નેપાલી બૌદ્ધ-સંપ્રદાય**

તેના શરૂઆતના શુદ્ધ રૂપમાં બૌદ્ધ ધર્મને નેપાલના ખીણપ્રદેશમાં અશોકે દાખલ કર્યો. અશોકની પુત્રીએ નેપાલની રાજ્યધાની પાસે ધાર્મિક મકાનો બંધાવેલાં મનાય છે અને તે હજુ પણ બતાવવામાં આવે છે. ત્યારપછી કેટલાં ય સૈકડો વર્ષ સુધી એ દેશના ધાર્મિક ઇતિહાસની બાબતમાં બહુ જ થોડી અથવા નહિ જેવી માહિતી મળે છે. સાતમા સૈકામાં ત્યાંનો ચાલુ ધર્મ મહાયાન સંપ્રદાયનો એક બહુ વિકૃત તાંત્રિક પ્રકાર હતો અને તે હિંદુઓના સનાતન શૈવ સંપ્રદાયની જોડે એવો તો નિકટ સંબંધ ધરાવતો હતો કે તે બે વચ્ચેનો ભેદ મહા મુસીબતે પારખી શકાય. વખત વહેતાં સંઘનો સડો વધતો ગયો અને પરણેલા અને બધી જાતના આમ

ધંધાઓ કરતા સાધુઓનાં કુટુંબોથી ગીચ્ચ ભરાયેલા કહેવાતા મઠોનો વિચિત્ર દેખાવ નેપાલ હાલના સમયમાં પણ રજુ કરે છે. બૌદ્ધ સંપ્રદાયના આપોઆપ થતા સડાની પ્રગતિને ગુર્ખા સરકારે બહુ વેગવાન બનાવી છે. એ સરકારને બૌદ્ધ સંપ્રદાયની વિધિઓ ઘણી નાપસંદ છે. એમ માનવા કારણ છે કે થોડી પેઢીઓ જતાં નેપાલમાંથી બૌદ્ધ સંપ્રદાયનો લોપ જ થશે.

**હિંદમાં બૌદ્ધ સંપ્રદાયની અવનતિ**

તેના ઉત્પત્તિસ્થાનરૂપ હિંદમાંથી બૌદ્ધ પૂજાવિધિનું સંપૂર્ણપણે અદૃશ્ય થવાનું દૃશ્ય ઘણી ચર્ચા તથા કાંઇક ગેરસમજૂતિનો વિષય થઈ પડયું છે. થોડા જ સમય પૂર્વે સામાન્ય રીતે એવી માન્યતા પ્રચલિત હતી કે બ્રાહ્મણોના જુલમની ઝડીને જોરે એ સંપ્રદાયની જ્યોત બુઝાઇ ગઈ હતી. જે ઢીલચાલને પરિણામે હિંદ ધીમેધીમે બ્રાહ્મણ ધર્મની પાંખ તળે આવ્યો તેમાં હિંદુ રાજા શશાંકના વખતમાં થયા તેવા દ્વેષભાવથી પ્રેરાઇ થતા જુલમો બહુ ઓછી અગત્યનો ભાગ ભજવે છે, જોકે એવા જુલમો કોઇ કોઇવાર થયા હતા એ તો નિઃસંદેહજ છે. હિંદમાં ઘણી જગ્યાઓએ આક્રમણકારી મુસલમાનોએ કરેલી ઝનુની કતલો સનાતની હિંદુઓએ કરેલા જુલમ કરતાં વધારે અસરકારક હતી અને હિંદના ઘણા પ્રાંતોમાંથી બૌદ્ધ સંપ્રદાય અદૃશ્ય થવામાં તે જ મોટે ભાગે કારણરૂપ થઇ પડી હતી. પણ હિંદમાંથી બૌદ્ધ સંપ્રદાય સદંતર નીકળી જવાનું મુખ્ય કારણ તો હિંદુ ધર્મમાં બૌદ્ધ ધર્મના એકાકાર થઈ જવાની બેમાલૂમ ધીમી વિધિ હતી. બંને ધર્મોની એકાકાર થઈ જવાની આ વિધિ એટલી હદ સુધી પહોંચી હતી કે બૌદ્ધ અને હિંદુ મૂર્તિઓ તથા પૌરાણિક કથાઓ વચ્ચે ભેદરેખા દોરવાનું કામ લગભગ અશક્ય થઈ જાય છે. આ એકાકાર થવાની વિધિ આજે નેપાલમાં આપણી નજર આગળ ચાલી રહી છે. હિંદુત્વનો અજગર તેના બૌદ્ધ ભોગને ધીરે ધીરે કેવી રીતે ગુંગળાવી રહ્યો છે તે વિધિ તપાસવાની તક એ દેશમાં મળે એમ છે તે કારણે કેટલાક

અભ્યાસીઓ તેમાં ખાસ રસ લે છે. તેના સ્થિતિસ્થાપક પ્રતિસ્પર્ધી તરફથી આપોઆપ થયેલા એ મરતા સંપ્રદાય પરના દબાણને સરકાર તરફથી સહાય મળી રહી છે. નેપાલની સરકાર તેનાં લાગવગ અને કૃપા હિંદુઓના પક્ષમાં ખર્ચી રહી છે ખરી પણ બૌદ્ધ સંપ્રદાય પર બળજબરી કરવાથી તે દૂર રહે છે.

૩

## કામરૂપ અથવા આસામ

કામરૂપનું પ્રાચીન રાજ્ય જોકે ઉપરચોટીઆ નજરે જોતાં આસામ પ્રાંત તરીકે ગણાય છે, છતાં સાધારણ રીતે તે હાલના આસામના પ્રાંત કરતાં વધારે ક્ષેત્રફળ રોકે છે. પશ્ચિમમાં કારતોય નદી સુધી તે વિસ્તરે છે તેથી તેમાં કુચબિહારના રાજ્યનો અને રંગપુર જીલ્લાનો સમાવેશ થાય છે. ઇતિહાસકારને કોઇપણ રીતે ઉપયોગી થઈ પડે એવી એ રાજ્યની સૌથી વહેલી નોંધ ઇ.સ. ૩૬૦ કે ૩૭૦ના અરસામાં અલાહબાદના કીર્તિસ્થંભ પર ખોદેલા સમુદ્રગુપ્તના લેખમાં લખેલી હકીકત છે. એ હકીકત એવી છે કે તે સમયે કામરૂપ ગુપ્ત સામ્રાજ્યની સરહદની બહાર આવેલાં મોખરાનાં રાજ્યોમાંનું એક હતું પણ તે સર્વોપરી સત્તાને ખંડણી ભરતું હતું અને તેને કાંઈક અંશે આજ્ઞાધીન રહેતું હતું.

**રાજ્યનો વિસ્તાર**

આ દૂર આવેલા પ્રદેશની બીજી વાર ઝાંખી ચીની યાત્રી હ્યુએન્ત્સાંગ કરાવે છે. ઈ.સ. ૬૪૩ની સાલની શરૂઆતમાં તે બીજી વારનો નાલંદા વિદ્યાપીઠમાં રહેતો હતો, ત્યારે તેની ઘણીયે નામરજી છતાં તેને કામરૂપના રાજાની મુલાકાત લેવાની ફરજ પાડવામાં આવી હતી, કારણકે તેણે એ પંકાયેલા પંડિતનો પરિચય કરવાની જીદ કરી હતી અને તેની માંગણી નકારાય એ તે સહન કરી શકે એમ નહોતું. કામરૂપની રાજ્યધાનીમાં થોડો સમય તે રહ્યો હશે,

**હ્યુએન્ત્સાંગ**

એટલામાં કનોજના સમ્રાટ હર્ષ શિલાદિત્યે, કામરૂપના રાજાને સંદેશો મોકલ્યો અને તેમાં હ્યુએન્ત્સાંગને પોતાની પાસે તુરત મોકલી આપવાની આજ્ઞા કરી હતી. રાજાએ જવાબ વાળ્યો કે હર્ષ તેનું માથું લઇ શકશે, પણ તેના ચીની પરોણાને તે નહિ મેળવી શકે. તેમ છતાં જ્યારે હર્ષે એવી મતલબનો કડક હુકમ મોકલ્યો કે તે પોતાના દૂત જોડે તેનું માથું પાછું મોકલવાની તેને તસ્દી આપશે, ત્યારે શાંતિથી વિચાર કરતાં, તેને પોતાના ઉપરી રાજાની માંગણી પ્રમાણે વર્તવાનું સલાહભર્યું લાગ્યું અને તેથી એ યાત્રીને જોડે લઈ તુરત તે હર્ષની મુલાકાતે ગયો.

**ભાસ્કરવર્મા અથવા કુમાર**

એ રાજાનું નામ ભાસ્કરવર્મા હતું અને તે કુમારના નામથી પણ ઓળખાતો. તે એક બહુ પ્રાચીન કુળનો હતો. તે કુળ એક હજાર પેઢીથી હયાતીમાં હતું. હ્યુએન્ત્સાંગ તેને બ્રાહ્મણ વર્ણનો વર્ણવે છે, પણ તેના નામના પ્રકારપરથી એમ સમજાય છે કે તે પોતાની જાતને ક્ષત્રિય અથવા રજપૂત ગણતો હતો અને એમ જણાય છે કે એમ લખવામાં તે યાત્રીનો હેતુ એમ કહેવાનો હતો કે ભાસ્કરવર્મા બ્રાહ્મણોનો હિંદુ ધર્મ પાળતો હતો. પાછલા સમયના સેન રાજાઓ પેઠે તે કદાચ 'બ્રહ્મક્ષત્રિય' હોય. તેના મુલકમાં બૌદ્ધ સંપ્રદાયને ભાગ્યે જ કોઈ જાણતું અને તેમાં એકે મઠ નહોતો.

**પાલકુલ**

કેટલાય સૈકા સુધી કામરૂપના ઇતિહાસની બાબતમાં કાંઈ વધારે નોંધાયલું જણાતું નથી. કેટલાક પાલ રાજાઓના મુલકમાં તે દેશનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને બારમા સૈકામાં તે કુલના કુમારપાલ નામના એક સભ્યે પોતાના મંત્રી વૈદ્યદેવને રાજસત્તા સાથે એ પ્રાંતનો રાજ્યકર્તા નીમ્યો હતો.

તેરમા સૈકાની શરૂઆતમાં ઈ.સ. ૧૨૨૮ની આસપાસમાં આહોમ

નામની શાન જાતિઓના હુમલા શરૂ થયા. ધીમે ધીમે એ આહોમ જાતિના નાયકો તે દેશના સ્વામી થઈ પડ્યા, અને તેમણે પોતાનું રાજકુલ સ્થાપ્યું. ઇ.સ. ૧૮૨૫માં અંગ્રેજોએ તે પ્રદેશનો કબ્જો લીધો, ત્યાંસુધી એ કુલ ચાલુ રહ્યું હતું. કામરૂપના રાજકુલનો ઇતિહાસ માત્ર સ્થાનિક રસવાળો હોવાથી અહીં એનો વધારે વિચાર કરવાની જરૂર નથી.

**આહોમો**

બહારની દુનીઆના આદરભર્યા લક્ષનો દાવો એ દેશ સારી રીતે કરી શકે છે તે બીજાં કારણોને લઇને છે. પશ્ચિમ ચીનમાં વસેલા મોંગોલ જાતિના મોટા મધપુડામાંથી ઉત્તરોત્તર દેશ છોડી નવા સ્થાનોમાં વસવાટ કરનારા લોકનાં ટોળાં નીકળતાં હતાં તેને હિંદમાં દાખલ થવા માટેનું એ પ્રવેશદ્વાર હતું, અને આજે પણ એ દેશમાં વસતી ઘણી જાતિઓ લગભગ શુદ્ધ મોંગોલો છે. એવી જાતિઓનો ધર્મ એ માત્ર સ્થાનિક રસનો વિષય નથી, કારણકે મધ્યયુગીન તથા હાલના બંગાળાનાં લાક્ષણિક બૌદ્ધ અને હિંદુ સંપ્રદાયોની વિચિત્ર તાંત્રિક અભિવૃદ્ધિની કુંચી આપણને તેમાંથી મળી આવે છે. ગૌહાતી પાસેનું કામાખ્યાનું મંદિર, દેવીભક્ત હિંદુ શાક્તોનું સૌથી પવિત્ર ધામ લેખાય છે અને હિંદુ પૌરાણિક કથાઓમાં એ આખો દેશ જાદુ અને જંતરમંતરની ભૂમિ તરીકે પ્રખ્યાત છે. આજ ત્યાં જૂની માન્યતાઓ ધીરે ધીરે છોડી દેવામાં આવે છે, અને તેને બદલે બહુ હડહડતી અથવા ધર્મઝનુનભરી સનાતન હિંદુ ધર્મની માન્યતાઓ સ્વીકારવામાં આવે છે. બ્રાહ્મણ ધર્મગુરુઓએ પગલે પગલે અનાર્ય નાયકો પર પોતાનો પ્રભાવ જમાવ્યો છે અને હિંદુત્વના મગતા વાડામાં તેમણે તેમને ખેંચી લીધા છે તે વિધિનાં ઘણાં દૃષ્ટાંત આસામનો ઇતિહાસ રજૂ કરે છે. ધર્મપલટો કરવાની અને પોતાનામાં સમાવી દેવાની સર ઑલ્ફ્રેડ લાયલ અને સર એચ. રિઝલીએ ગણાવેલી વિવિધ વિધિઓ વખતો વખત ત્યાં ચાલુ થયેલી જોવામાં આવે છે.

**ધર્મ**

આપણું લક્ષ ખેંચવાનો આસામનો બીજો સારો દાવો એ મુદ્દાપર આધાર રાખે છે કે ઇસ્લામી આક્રમણોના ચઢતા પૂરને સફળતાથી પાછુંવાળી, પોતાને ઉથલાવી નાખવાના ઉપરા ઉપરી થતા યત્નો છતાં પોતાની સ્વતંત્રતા રક્ષી રાખનારા જે થોડાઘણા હિંદી પ્રાંતો છે તેમાંનો એ એક છે. બંગાળા અને બિહારના વિજેતા બખતિયાર મહમદના છોકરાએ ઇ.સ. ૧૨૦૪-૫માં અવિચારીપણે કરેલી ચડાઈ—એજ આ પુસ્તકમાં લીધેલા ગાળામાં કામરૂપ દેશપર થયેલું એકજ ઇસ્લામી આક્રમણ છે. તે સમયે કામરૂપની પશ્ચિમ સરહદ આંકતી કારતોય નદીને કિનારે તે ઉત્તર તરફ આગળ વધ્યો અને દાર્જીલીંગની ઉત્તરે આવેલા પર્વતપ્રદેશને ભેદી તેમાં દાખલ થવામાં તે સફળ થયો, પણ પગદંડો જમાવવાનું કોઈ ચોક્કસ સ્થાન ન મળવાથી તેને પીછેહઠ કરવાની ફરજ પડી. તેની એ પીછેહઠ ખૂબ વિનાશકારક નીવડી. સહીસલામત રીતે નદી પાર કરવાના એક જ સાધન રૂપ ઘણી કમાનોવાળા પૂલને કામરૂપના લોકોએ તોડી નાખ્યો હતો, તેથી તેનાં લગભગ બધાં જ માણસો ડૂબી મૂઆં. એ ચઢાઇનો સરદાર જેમ તેમ કરી સો ઘોડેસ્વાર સાથે નદી પાર કરી ગયો, પણ ત્યારબાદ, પોતાની ચઢાઇની નિષ્ફળતાના શોકથી માંદો પડ્યો. બીજે વર્ષે ઇ.સ. ૧૨૦૫-૬માં તેનું ખૂન કરવામાં આવ્યું. ત્યારપછી થયેલા મુસલમાની હુમલા પણ તેવા જ નીષ્ફળ નીવડ્યા. ઇ.સ. ૧૬૬૨માં એ દેશપર હુમલો કરનાર મિર જુમલા જોડે ગયેલો મુસલમાન ઇતિહાસકાર તે દેશ તથા તેના લોકોને પરદેશીઓ કેવી અતિશય ભય અને ઘૃણાની નજરે જોતા તેનો અસરકારક ભાષામાં ચિતાર આપે છે. ઈ.સ. ૧૮૧૬ સુધી એ દેશે પોતાનું સ્વાતંત્ર્ય જાળવી રાખ્યું. તે સમયે બ્રહ્મદેશના લોકોએ તેનો કબજો લીધો. ઈ.સ. ૧૮૨૪ સુધી તે દેશ તેમને તાબે રહ્યો. બ્રિટિશ લશ્કરે બ્રહ્મીઓને હાંકી કાઢ્યા અને ૧૮૨૬માં આસામ હિંદી મહારાજ્યનો પ્રાંત બની ગયું.

**મુસલમાનોના હુમલા**

## ૪
## કાશ્મીર

કાશ્મીરના ઇતિહાસના વિગતવાર અહેવાલથી તો આખું એક પુસ્તક ભરાય. આ જગાએ તો કેટલાક આગળ પડતા બનાવોની ટૂંકી નોંધ પૂરતી થશે. અશોકના સમયમાં એ ખીણનો મૌર્ય સામ્રાજ્યમાં સમાવેશ થતો હતો. કનિષ્ક અને હુવિષ્કના સમયમાં તેનો સમાવેશ કુશાન મુલકમાં થતો હતો. હર્ષમાં

**કાશ્મીર : પહેલાનો ઈતિહાસ**

કાશ્મીરને ખાલસા કરી પોતાના મુલકમાં ભેળવી દેવાની શક્તિ તો નહોતી, તોપણ બુદ્ધના દાંત મનાતા એક બહુ કિમતી ગણાતા સ્મારકને પોતાને સોંપી દેવાની તે તેના રાજાને ફરજ પાડી શકયો હતો. હર્ષના જીવન દરમિયાન દુર્લભવર્ધને સ્થાપેલા કર્કોટકુલના સમયથી એ રાજ્યનો ખરો ઈતિહાસ શરૂ થાય છે. હ્યુએન્ત્સાંગે કાશ્મીરમાં ઇ. સ. ૬૩૧ના મેથી ઇ. સ. ૬૩૩ના એપ્રિલ સુધીનાં બે વર્ષ ગાળ્યાં હતાં અને તે સમયે ત્યાં રાજ્ય કરતા રાજા તરફથી તેનું બહુ સન્માન થયું હતું. એ રાજાનું નામ આપવામાં આવ્યું નથી, પણ એ દુર્લભવર્ધન જ હોવો જોઈએ. તે રાજા તથા તેના કુંવર દુર્લભકે બહુ લાંબા સમય સુધી રાજ્ય કર્યાનું કહેવાય છે.

ઉપરના બેમાંના બીજા રાજાની પછી એક પછી એક એમ તેના ત્રણ છોકરા ગાદીએ આવ્યા. તેમાંના મોટા ચંદ્રાપીડને ઈ. સ. ૭૨૦માં ચીનના બાદશાહ તરફથી પટ્ટાભિષેકની સનંદ મળી હતી. લલિતાદિત્યના નામથી ઓળખાતા મુક્તાપીડ નામના ત્રીજા પુત્રને પણ તેવું જ માન તે જ બાદશાહે આપ્યું હતું. આ રાજાએ ૩૬ વર્ષ રાજ્ય કર્યાનું કહેવાય છે.

**ઇ.સ. ૭૨૦. ચંદ્રાપીડ; ઈ.સ. ૭૩૩–૬૯ મુક્તાપીડ**

તેણે કાશ્મીરનું રાજ્ય તેની કુદરતી પર્વત સીમાઓની પાર વિસ્તાર્યું અને આશરે ૭૪૦ની આસપાસમાં કનોજના રાજા યશોવર્માને કચરી

નાંખતી હાર આપી. વળી તેણે તિબેટીઓને, ભુટિઆઓને અને સિંધુ-નદી પરના તુર્કોને પણ જીત્યા હતા. તેણે બંધાવેલા તથા હજુ હયાત એવા માર્તંડના સૂર્યના મંદિરથી તેની કાયમની યાદગીરિ થઇ છે. આ રાજાએ જે કાંઇ કર્યું હોય તે તેમજ કાંઈક વધારે કલ્હણના ઇતિહાસમાં વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે.

**જયાપીડ; આઠમા સૈકાનો અંતભાગ**

મુક્તાપીડના પૌત્ર જયાપીડ અથવા વિનયાદિત્યને ખાતે તેના દાદા કરતાં પણ વધારે સાહસો ચઢાવવામાં આવે છે. કનોજના રાજાને હરાવી ગાદી પરથી ઊઠાડી મૂક્યો એ વાત કદાચ ખરી હશે. એમ જણાય છે કે એ રાજા તે વજ્રાયુધ હશે. તે સમયે જયંત નામના રાજાની રાજ્યધાનીરૂપ હાલના રાજશાહી જિલ્લામાં આવેલા બંગાળના પૌંડ્રવર્માના પાટનગરની તેણે લીધેલી ગુપ્ત-મુલાકાતની અદ્ભૂતરસભરી અને ઠરેલ ઇતિહાસમાં નહિ જોવામાં આવતી કથા તો તદ્દન કલ્પિત જ જણાય છે. તેવી રીતે 'અરમુડી' એવા વિચિત્ર નામધારી કોઇ નેપાલના રાજા સામે તેની ચઢાઈની તથા તેના કેદ પકડાઈને એક પથ્થરના કિલ્લામાં પુરાયાની વાત પણ કલ્પિત વાતોના વર્ગમાં જ મૂકવા જેવી જણાય છે. ધનલોભથી પ્રેરાઈ, તેના અમલનાં છેલ્લા વર્ષોને કલંકિત કરનારી તેનાં ક્રૂરતા અને જુલમનાં કૃત્યોની વિગતો, ખરેખર બનેલી હકીકત જેવી વંચાય છે અને દુઃખની વાત તો એ છે કે તે કાસ્મીરના ઘણાખરા રાજવીઓના અધમ નૈતિક ધોરણને તદ્દન અનુરૂપ છે. એ નોંધપોથી લખનાર નીચેની વિચિત્ર ટીકા સાથે પોતાની કથની બંધ કરે છે:

'પોતાની બુદ્ધિને કાબૂમાં ન રાખી શકનાર એ વિખ્યાત રાજાનો એકત્રીશ વર્ષનો અમલ આવા પ્રકારનો હતો. ધન અને અશુદ્ધ પાણીથી તૃષાતુર થયેલાં રાજા અને માછલાં પોતાના સ્થાનથી ભ્રષ્ટ થઇ અવળા માર્ગો લે છે અને પરિણામ એ આવે છે કે તેમને મરણની મજબૂત જાળમાં લઈ ફસાવવામાં આવે છે—પહેલા ભાગ્ય-

વિધિએ નિર્માણ કરેલા ફેરફારોથી અને બીજા માછીઓનાં ટોળાંથી.'

અતિશય હલકી બનાવટના અને 'વિનયાદિત્ય' એ ઉપાધિથી આંકેલા આજસુધી મળેલા સંખ્યાબંધ સિક્કાઓથી જયાપીડ ખરેખર થઇ ગયો છે એ વાત પૂરવાર થાય છે.

નવમા સૈકાના પાછલા ભાગમાં થઇ ગયેલા અવંતીવર્માનો અમલ તેણે સાહિત્યને આપેલા સમજ અને કદરભર્યા આશ્રય માટે તેમજ જાહેર બાંધકામના મંત્રી સૂય્યે પવાણુ અને કાંસની લોકોપયોગી યોજનાઓ પાર પાડી તે માટે જાણવા જેવો છે.

**ઈ.સ. ૮૫૫–૮૩**
**અવંતીવર્મા**

એના પછીના રાજા શંકરવર્માએ યુદ્ધમાં નામના મેળવી ખરી, પણ મહેસૂલ વસૂલ કરવાની એક કુશળ, નવી જુલમી પદ્ધતિના ઉત્પાદક તરીકે તેમજ મંદિરોના ભંડારોના લૂંટારા તરીકે મૂખ્યત્વે તેને યાદ કરવામાં આવે છે. તેની વસૂલાતની વિગતો વાંચવા જેવી છે, કારણકે હૃદયશૂન્ય પૌર્વાત્ય આપખુદ રાજા કેવી અમર્યાદિત તથા નિર્દયરીતે પ્રજા પાસેથી નાણું નીચોવવાની શક્તિ ધરાવે છે તેની તેનાથી સાબિતી મળે છે.

**ઇ.સ. ૮૮૩–૯૦૨**
**શંકરવર્મા**

તેના અમલ દરમિયાન કનિષ્કના વંશજ તુર્કી શાહીઆ રાજાઓમાંના છેલ્લાને લાલીય બ્રાહ્મણે ઉથલાવી પાડ્યો. ઇ. સ. ૮૭૦માં આરબ સરદાર યાકુબ-ઇ-લૈસે કાબુલને કબજે કર્યું ત્યાં સુધી તુર્કી શાહીઆ રાજાઓએ ત્યાં રાજ્ય કર્યું. તે સાલ પછી સિંધુ નદીને કાંઠે આવેલા ઓહિંદને પાટનગર તરીકે સ્થાપવામાં આવ્યું. લાલીયોએ સ્થાપેલું અને હિંદુશાહીઆના નામથી ઓળખાતું રાજકુલ ઇ. સ. ૧૦૨૧ સુધી ચાલ્યું, અને તે સમયે મુસલમાનોને હાથે તેનો ઉચ્છેદ થયો.

**શાહીઆકુલનો અંત**

બાળ રાજા પાર્થ અને તેના પિતા તથા તેના વતીનું રાજ્ય કર-

નાર પંગુના અમલમાં ઇ. સ. ૯૧૭-૮માં ભયંકર દુકાળ પડયો. હિંદુ સરકારના બ્રાહ્મણ ઇતિહાસકારે તેનું નીચે મુજબ વર્ણન કર્યું છેઃ–

**ઇ.સ. ૯૧૭-૮માં દુકાળ**

'ઘણો સમય પાણીમાં પડી રહેવાથી ભીંજાઇ ફૂગાઇ તથા ફૂલી ગયેલાં મુડદાંઓથી સપાટી ઢંકાઇ ગયેલી હોવાને કારણે વિતસ્ના (જેલમ) નદીનાં પાણી ભાગ્યે જ જોઈ શકાતાં હતાં. બધી દિશાઓમાં જમીન ગીચ્ચ પથરાયેલાં હાડકાંઓથી છવાઈ ગયેલી હોવાથી મોટી સ્મશાનભૂમિ જેવી થઈ ગઈ અને તેથી સૌ કોઈને ભય પેદા થવા લાગ્યો. રાજાના મંત્રીઓ તેમજ તંત્રીઓ ધનાઢ્ય થયા, કારણકે આવી સ્થિતિમાં આવી પડેલી પ્રજાને મોંઘી કિંમતે તેમના સંઘરી રાખેલા ચોખા વેચી તેમણે ખૂબ ધન જમા કર્યું હતું. પોતાના ગરમ સ્નાનાગારમાં રહી કોઇ આદમી બહાર જંગલમાં વૃષ્ટિની ઝડી અને પવનના ઝપાટાથી વ્યાકુળ થયેલા લોકો પર નજર નાખે તેમ આ દુષ્ટ પંગુ લાંબા સમય સુધી પોતાના મહેલમાં રહ્યોરહ્યો પોતાના આરામનાં વખાણ કરતો હતો જ્યારે પોતાની આંખે તે પોતાની પ્રજાને દુઃખમાં ગરકાવ થયેલી જોતો હતો.'

હાલની દુકાળ સંકટનિવારણની ચર્ચા કરનારાઓને આ ભયંકર ચિત્રથી કાંઇક વિચાર કરવાનું કારણ મળશે.

પાર્થ તેની પ્રજાને કોરડાનો માર મારતો, પણ તેનો પુત્ર ઉન્મત્તાવન્તિ તો 'દુષ્ટ કરતાં ય વધારે હતો' અને તે તો તેમને વિંછી કરડાવવાની સજા કરતો. એના રાજ્યની કથની લખનાર નિસાસો નાખી લખે છે કે "મહા મુશ્કેલીએ હું મારા કાવ્યને આગળ ચલાવું છું, કારણકે આ રાજાની કથાનાં કુકર્મોને સ્પર્શવાના ભયથી ભડકેલી ઘોડી પેઠે મારી કલમ તેનાથી દૂર ને દૂર નાસતી રહે છે."

**ઉન્મત્તાવન્તિ ઇ.સ. ૯૩૭-૯**

તેના અનેક ગુનાઓમાંનો એક પિતૃહત્યા હતી. તેના ઘાતકીપણાની વિગતો એટલી તો

ઘૃણા ઉપજાવે એવી છે કે તેનું અવતરણ પણ આપી શકાય એમ નથી. સારે નસીબે એનો અમલ ટૂંકો હતો અને ઇ. સ. ૯૩૯માં એક દુ:ખમય રોગનો ભોગ થઇ તે મરણ પામ્યો.

દશમા સૈકાના પાછલા અર્ધ ભાગમાં, વિદ્દા નામની કોઇપણ જાતના ધોરણ વગરની રાણીના હાથમાં રાજ્યસત્તા હતી. તે શાહીઆ રાજાની પૌત્રી હતી અને પહેલાં પટરાણી તરીકે, ત્યારપછી રાજાનાવતીનું રાજ્ય કરનાર તરીકે અને આખરે સ્વયં રાજ્યાધીશ તરીકે ત્રેવીસ વર્ષ અને કુલ અર્ધા સૈકા સુધી તેણે આ દુર્ભાગી મુલકની ગેરવ્યવસ્થા કરી.

**ઇ.સ. ૯૫૦થી ૧૦૦૩**
**રાણી વિદ્દા**

એના ભત્રીજા સંગ્રામના અમલ દરમિયાન તેના મુલક પર મહમદ ગઝનીનો હુમલો થયો; અને જોકે એના લશ્કરે ચઢી આવનારને હાથે હાર ખાધી તોપણ તેના અભેદ્ય પર્વતમાળાના અંતરાયના રક્ષણને લીધે તે પોતાનું સ્વાતંત્ર્ય જાળવી શક્યો.

**ઇ.સ. ૧૦૦૩–૨૮**
**સંગ્રામ**

અગીઆરમા સૈકાના બીજા અર્ધા ભાગમાં, રાજવીઓની બાબતમાં સાધારણરીતે કમનસીબ એવા આ કાશ્મીરે કલસ તથા હર્ષ નામના સીતમગરોને હાથે મોંએ વર્ણવ્યાં ન જાય એવાં દુ:ખો વેઠયાં. આમાંનો બીજો જે દેખીતી રીતે ગાંડો હતો, તેણે મંદિરો લૂંટવાની પ્રથામાં શકરવર્માનું અનુકરણ કર્યું અને તેથી વ્યાજબી રીતે તે દુ:ખમય અંત પામ્યો. બેશરમ વિષયલાલસા, રાક્ષસી ક્રૂરતા અને નિર્દય કુરાજ્યમાં ગર્વ લેનાર રાજારાણીની લાંબી યાદીમાં બહુ જ થોડા દેશ કાશ્મીરની સ્પર્ધા કરી શકે એમ છે.

**ઇ.સ. ૧૦૬૩–૮૯**
**કલસ**
**ઈ.સ. ૧૦૮૯–૧૧૦૧**
**હર્ષ**

ઈ.સ. ૧૩૩૯માં એક સ્થાનિક મુસલમાન રાજકુળના હાથમાં સત્તા આવી અને ચૌદમા સૈકા દરમિયાન કાશ્મીરની ખીણમાં ઇસિલામી

**ઇ.સ. ૧૩૩૯ સ્થાનિક મુસલમાની રાજકુલ**

ધર્મ ધીરે ધીરે ફેલાયો; પણ તે મુલકના કુદરતી બચાવે હિંદના સમ્રાટોની મહત્વાકાંક્ષા સામે તેનું અસરકારક રીતે રક્ષણ કર્યું. આખરે ૧૫૮૭માં અકબરે તેને જીતી પોતાના રાજ્યમાં ભેળવી દીધું.

## ૫

## કનોજ (પાંચાલ), પંજાબ, અજમેર, દિલ્હી અને ગ્વાલીઅરનાં રાજ્ય; હિંદુસ્તાનની મુસલમાનોએ કરેલી જીત

કનોજના રાજ્યના ઇતિહાસની ચર્ચા કરતાં પહેલાં તે પ્રખ્યાત પાટનગરનો કાંઈક અહેવાલ આપવો ઠીક થઇ પડશે. હાલમાં

**કનોજ શહેર**

સંયુક્ત પ્રાંતમાં ફરૂક્કાબાદ જિલ્લામાં આવેલા એક નાના મુસલમાની ગામથી એ પ્રાચીન શહેરના સ્થાનનો નિર્દેશ હાલમાં થાય છે. કનોજ અતિશય પ્રાચીન નગર છે. મહાભારતના ઘણા ફકરાઓમાં તેનો નિર્દેશ થયેલો છે અને ઈ.સ. પૂર્વેના બીજા સૈકામાં પતંજલિએ એક બહુ જાણીતા સ્થાન તરીકે તેનો ઉલ્લેખ કરેલો છે. એનો એવો તો સંપૂર્ણ વિનાશ થયો છે કે તેનાં રોનકદાર મંદિરો, મઠો તથા મહેલોની પૂર્વ-હયાતીનાં સાક્ષીરૂપ હાલનાં ખંડિયેરોના ટેકરા સિવાય કાંઈ જ રહ્યું નથી. ટીકાકારો સામાન્ય રીતે સ્વીકારી લે છે કે 'કનગોર' અને 'કનોગિઝા' એવા પાઠાન્તરોમાં આશરે ઇ. સ. ૧૪૦માં લખાયેલી ટૉલેમીની ભૂગોળમાં કનોજનો બે વાર નામનિર્દેશ થયેલો છે, પણ એ માન્યતાને ખરી માનવા ભાગ્યે જ કાંઈ કારણ છે. ઈ. સ. ૪૦૫માં ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય બીજાના અમલ દરમિયાન કનોજમાં આવી ગયેલા ચીની યાત્રી ફા-હિયાનના "પ્રવાસ"માં જ પહેલીવાર કાંઈક વિગતવાર વર્ણન સાથે એ શહેરનો સ્પષ્ટ નિર્દેશ થયેલો છે. એ શહેરમાં હીનયાન સંપ્રદાયના માત્ર બે જ મઠ તથા એક સ્તૂપ હતો એ મતલબની તેની ટીકા સૂચવે છે કે પાંચમા સૈકાની શરૂઆતમાં તે બહુ અગત્યનું સ્થાન નહોતું. ઘણું કરીને ગુપ્ત રાજાઓના આશ્રય નીચે તે વધ્યું

પણ એ શહેરની મોટી અભિવૃદ્ધિનું કારણ ચોખ્ખી રીતે હર્ષે તેની પોતાના પાટનગર તરીકે કરેલી પસંદગી હતી. ઈ.સ. ૬૩૬ અને ઈ.સ. ૬૪૩માં હ્યુએન્ત્સાંગ ત્યાં રહ્યો હતો તે અરસામાં ફા–હિયાનના સમય કરતાં આંખે ચઢે એવા ફેરફાર થયા હતા. પાછળથી આવેલા એ યાત્રીએ ત્યાં બેને બદલે સો કરતાં વધારે એવી સંસ્થાઓ જોઈ હતી અને તેમાં બંને મોટી શાખાઓના મળી ૧૦,૦૦૦થી વધારે સાધુઓની ગીચ્ચ વસ્તી હતી. બૌદ્ધ ધર્મની સાથેસાથે હિંદુ ધર્મ પણ આબાદ સ્થિતિમાં હતો અને તે ધર્મનાં બસોથી વધારે મંદિરો તથા હજારો ભક્તો હતા. તે શહેરને મજબૂત કિલ્લેબંધી હતી. ગંગાને પૂર્વ-કિનારે ચાર માઈલ સુધી તે વિસ્તરેલું હતું અને સ્વચ્છ તળાવો તથા રમ્ય ઉદ્યાનોથી શોભાયમાન દીસતું હતું. તેના રહેવાસી પૈસેટકે સુખી હતા અને તેમાં કેટલાંક કુટુંબો તો બહુ જ બળવાન હતાં. તે રેશમી વસ્ત્રો પહેરતા અને વિદ્યાકળામાં કુશળ હતા.

**કબજે થયું અને નાશ પામ્યું**

જોકે નવમા અને દસમા સૈકામાં કેટલીયવાર તે દુશ્મનોના લશ્કરને હાથ ગયું હતું છતાં તે એ ઘામાંથી જલદી પાછું ઉભું થઈ જતું હતું, અને ઈ.સ. ૧૦૧૮ની આખરમાં મહમદે તેની દિવાલ પાસે દેખા દીધી ત્યારે પણ તે મોટું અને ભવ્ય નગર હતું. સાતસાત દુર્ગોથી તેની રક્ષા થતી હતી અને દશ હજાર મંદિર હોવાને માટે તે પ્રખ્યાત થયેલું હતું. એમ જણાય છે કે સુલતાન મહમદે તેનાં મંદિરોને તોડી પાડયાં, પણ શહેરને જતું કર્યું. પંચાલની રાજ્યધાનીને બારીમાં ખસેડવાથી કનોજનાં વસ્તી તથા અગત્યમાં બહુ ઘટાડો થયો હશે. બારમા સૈકામાં ગહરવાલના રાજાઓના અમલ નીચે કાંઇક અંશે તે ફરી ઉભું થયું જણાય છે. ઇ.સ. ૧૧૯૪માં આ શહેર સમેત રાજા જયચંદના મુલકને શાહબુદ્દીને કબજે કર્યો ત્યારથી હમેશને માટે તે નહિ જેવા સ્થાનને પ્રાપ્ત થયું. ઈ.સ. ૧૫૪૦માં હુમાયુન પર પોતે મેળવેલી જીતની યાદગીરીમાં શેરશાહે તે શહેરની પડોશમાં જ શેરસુર નામનું નવું શહેર

વસાવી તેનો આખરી નાશ કર્યો. એ બનાવની નોંધ કરનાર મુસલમાન ઇતિહાસકાર લખે છે કે પ્રાચીન શહેરના નાશ માટે કાંઈ વ્યાજબી અને સંતોષકારક કારણ તેને મળી શક્યું નથી અને એ કૃત્ય સામે તેને ભારે અણગમો થયો હતો.

**પાંચાલનું રાજ્ય**

પહેલી વાર સાતમા સૈકામાં હર્ષના અમલમાં અને બીજી વાર નવમા અને દસમા સૈકામાં મિહિરભોજ અને મહેંદ્રપાલના અમલમાં એમ બે વાર આ શહેરે ઉત્તર હિંદની રાજ્યધાનીનું પદ પ્રાપ્ત કરવાનું માન મેળવ્યું છતાં તે મૂળે તો પાંચાલ રાજ્યનું પાટનગર હતું. મહાભારતમાં કહેલી કથા અનુસાર રાજ્યધાની અહિચ્છત્ર સાથે ઉત્તર પાંચાલ દ્રોણને ભાગે ગયું અને દક્ષિણ પાંચાલ તેની રાજ્યધાની કાંપિલ્ય સાથે દ્રુપદનો તાબાનો મુલક થયું. બરેલી જિલ્લામાં આવેલું હાલનું રામનગર તે સમયનું અહિચ્છત્ર હતું અને સાતમા સૈકામાં હ્યુએન્ત્સાંગની મુલાકાત વખતે તે એક મોટું શહેર હતું. દેખાતી રીતે હાલના ફરૂક્કાબાદ જિલ્લાના કંપિલ એટલે પ્રાચીન કાંપિલ્યના ઇતિહાસ વિષે નહિ જેવી માહિતી છે. હર્ષના અમલ નીચે કનોજની જે ઝડપી અભિવૃદ્ધિ થઈ તેથી એ બંને જૂનાં પાટનગરો ખાંજરે પડી ગયાં અને તેના અમલ પછી તો એ શહેર પાંચાલનું અચૂક અને કોઇપણ જાતના વિવાદ વગરનું પાટનગર થઈ પડ્યું.

**હર્ષના મરણ પછીની અવ્યવસ્થા**

ઈ.સ. ૬૪૭માં હર્ષના મરણ પછી તેના આખા વિશાળ રાજ્યમાં અવ્યવસ્થા અને ક્ષોભનો ગાળો આવી ગયો. તેરમા પ્રકરણમાં વર્ણવ્યા મુજબ પોતાના નેપાલી અને તિબેટી મિત્રોની મદદથી ઇ.સ. ૬૫૦માં ચીનાઈ એલચીએ હર્ષની રાજસત્તા બથાવી પાડનારને દબાવી દીધો, ત્યારપછી તુરતજ પાંચાલના રાજ્યમાં શું બન્યું તે આપણે જાણતા નથી.

હર્ષના મરણ પછી કનોજનો સૌથી પહેલો જાણમાં આવતો

રાજા યશોવર્મા હતો. તેણે ઈ.સ. ૭૩૧માં ચીનમાં દૂતમંડળ મોકલ્યું હતું અને નવ કે દશ વર્ષ પછી કાશ્મીરના લલિતાદિત્ય મુક્તાપીડે તેને પદભ્રષ્ટ કરી કતલ કર્યો હતો. 'માલતિ માધવ'ના પ્રખ્યાત કર્તા ભવભૂતિના તેમજ પ્રાકૃત ભાષામાં લખનાર અને ભવભૂતિથી ઓછા જાણીતા લેખક વાકપતિરાજ એ બંનેના આશ્રયદાતા તરીકે યશોવર્મા સંસ્કૃત સાહિત્યમાં બહુ માનવંતુ સ્થાન ભોગવે છે. એના પછી કનોજની ગાદીએ આવનાર વજ્રાયુધ હતો એમ દેખાય છે. તેના પૂર્વગામીની પેઠે એ પણ લલિતાદિત્યના પુત્ર જયાપીડને હાથે પદભ્રષ્ટ થઈ માર્યો ગયો. એની પછી આવનાર ઇંદ્રાયુધ પણ એવી જ દુર્દશાને પામ્યો. તે ઈ.સ. ૭૮૩માં રાજ્ય કરતો હતો એમ જણાય છે અને ઇ.સ. ૮૧૦ના અરસામાં બંગાળા અને બિહારના રાજા ધર્મપાલને હાથે તે પદભ્રષ્ટ થયો. પૂર્વના એ સમ્રાટે ઘણું કરીને તેની પાસેથી તાબેદારી તથા ખંડણી મેળવવાના પોતાના હક્કનો આગ્રહ રાખ્યો હશે, પણ તેણે પાંચાલનો વહીવટ પોતાના હાથમાં ન લેતાં ચક્રાયુધને સોંપ્યો હતો. એ ચક્રાયુધ હારેલા રાજાનો કોઈ સગો હશે એમ જણાય છે. પાસેનાં બધાં રાજ્યોના રાજાઓની સંમતિથી નવા રાજાનો વિધિસર અભિષેક કરવામાં આવ્યો. એનું ભાગ્ય એના પૂર્વગામીઓ કરતાં જરા પણ સારૂં ન નીવડ્યું. આશરે ઇ.સ. ૮૧૬માં રજપૂતાનાનું ગૂર્જર–પ્રતિહાર રાજ્ય, જેનું પાટનગર ભિલ્લમાલ હતું, તેના મહત્વાકાંક્ષી રાજા નાગભટ્ટે તેનું રાજ્ય લઈ લીધું.

**આઠમા સૈકામાં કનોજના રાજાઓ**

એમ જણાય છે કે નાગભટ્ટે પોતાના રાજ્યના મથકની કનોજમાં ફેરબદલી કરી અને એ તો નક્કી જ છે કે ઘણી પેઢીઓ સુધી તે તેના પછી આવનાર રાજાઓનું પાટનગર રહ્યું, અને એ રીતે ઘણા સમય સુધી એ ઉત્તર હિંદનું મુખ્ય નગર રહ્યું. પરદેશી ચઢી આવનારના વંશજ ગૂર્જર અને દેશની રાજ્ય કરતી

**નાગભટ્ટ અને રામભદ્ર**

જાતિને સ્થાને રહેલા દક્ષિણના રાષ્ટ્રકુટો (રાઠોડો) વચ્ચેનો જૂના જમાનાનો વિગ્રહ નાગભટ્ટના અમલમાં પણ ચાલુ રહ્યો અને નવમા સૈકામાં દક્ષિણનો રાજા ગોવિંદ ત્રીજો પોતાના ઉત્તરના પ્રતિસ્પર્ધી પર જીત મેળવવાનો દાવો કરે છે. ઈ.સ. ૮૩૪થી ૮૪૦ સુધી રાજ્ય કરનાર નાગભટ્ટની પછી ગાદીએ આવનાર રામભદ્ર વિષે કાંઇ ખાસ નોંધ જણાતી નથી.

**મિહિર ભોજ**

સાધારણ રીતે તેની ઉપાધિ 'ભોજ'થી જાણીતો રામભદ્રનો છોકરો મિહિર તેની પછીનો રાજા થયો. આશરે ઈ.સ. ૮૪૦ થી ૯૦ સુધી પચાસ વર્ષનું લાંબુ રાજ્ય એણે ભોગવ્યું. એ તો નિઃસંદેહ વાત છે કે તે બહુ બળવાન રાજા હતો અને તેના રાજ્યને કાંઈપણ અતિશયોક્તિના ભય વગર સામ્રાજ્ય કહી શકાય. એ તો નક્કી જ છે કે તેમાં પંજાબના સતલજની આસપાસના જિલ્લા, રજપૂતાનાનો ઘણોખરો ભાગ, આગ્રા અને અયોધ્યાનો સંયુક્ત પ્રાંત આખો નહિ તો તેનો મોટો ભાગ, અને ગ્વાલીયરના મુલકનો સમાવેશ થતો હતો. એની પછીના બે રાજાઓને તાબે છેક પશ્ચિમમાં આવેલો સૌરાષ્ટ્ર અથવા કાઠીઆવાડનો મુલક હતો, અને એનો કબજો ગૂજરાત અને માળવા અથવા અવન્તી પરનો કબજો સૂચવે છે એટલે ઘણો સંભવ છે કે એ દૂરના પ્રદેશોમાં પણ ભોજની આણ વર્તતી હશે. પૂર્વમાં તેના રાજ્યની હદ બંગાળા અને બિહારના રાજા દેવપાલના મુલકને અડતી હતી, અને એ દેશ પર તેણે સફળ ચઢાઈ કરી હતી. વાયવ્યમાં ઘણું કરીને તેની સરહદ સતલજ નદીથી બંધાતી હતી. પશ્ચિમમાં તેના દુશ્મન સિંધના મુસલમાન સરદારોના મુલકથી લુપ્ત થયેલી હક્રા અથવા વાહિંદ નદી તેના મુલકને અલગ કરતી હતી. નૈઋત્યમાં તેનો બળવાન પ્રતિસ્પર્ધી અને મુસલમાનોનો મિત્ર રાષ્ટ્રકુટ સાવધ સેના લઇ પડયો હતો, જ્યારે દક્ષિણમાં તેનો તુરતનો પડોશી હાલના બુંદેલખંડ અથવા જેજાકભુક્તિના વધતી જતી સત્તાવાળા ચંદેલોનો રાજા હતો, પણ

તે ઘણુંખરૂં તેનું આધિપત્ય સ્વીકારતો હતો. ભોજને વિષ્ણુના અવતાર તરીકે ખપવાનો ઉમંગ હતો તેથી તેણે ઇશ્વરના એક અવતાર રૂપ 'આદિવરાહ'ની ઉપાધિ ધારણ કરી હતી. આ ઉપાધિના લખાણથી કોતરાયેલા તેના હલકા ચાંદીના સિક્કા ઉત્તર હિંદમાં અતિશય સામાન્ય છે અને તેના પુષ્કળ જથાથી ભોજના રાજ્યના વિશાળ વિસ્તાર તથા લાંબા અમલની શાખ પૂરે છે. કમનસીબે કોઇ મેગાસ્થનીસ કે બાણે તેના રાજ્ય વહીવટના પ્રકારની નોંધ લીધી નથી તેથી તેના મહાન પૂર્વગામીઓની રાજ્ય વ્યવસ્થા જોડે એની રાજ્ય વ્યવસ્થાની સરખામણી કરવાનું અશક્ય છે.

**મહેંદ્રપાલ**

ભોજના પુત્ર અને તેના વારસ મહેંદ્રપાલે (આશરે ઇ.સ. ૮૯૦ થી ૯૦૮) પોતાના પિતા પાસેથી વારસામાં મળેલા વિશાળ વારસાને કોઇ પણ જાતની ક્ષતિ વગર સાચવી રાખ્યો અને બિહારની સરહદથી માંડી છેક અરબી-સમુદ્ર સુધીના અને પંજાબ તથા સિંધુ નદીની ખીણના પ્રદેશ સિવાયના આખા ઉત્તર હિંદ પર રાજ્ય કર્યું. તેના રાજ્યના આઠમા અને નવમા વર્ષમાં લખાયેલા અને ગયા આગળથી મળેલા શિલાલેખો ઉપરથી જણાય છે કે થોડા સમય સુધી મગધનો સમાવેશ પરિહારોના મુલકમાં થતો હતો. 'કર્પૂરમંજરી' અને બીજી કેટલીક કૃતિઓનો કર્તા કવિ રાજશેખર તેનો ગુરુ હતો અને મહેંદ્રપાલના નાના છોકરાના દરબારમાં પણ તે રહેતો હતો.

**બીજો ભોજ અને મહીપાલ**

મહેંદ્રપાલનો મોટો પુત્ર બીજો ભોજ બે ત્રણ વર્ષ ગાદીએ રહ્યો, પણ તે વહેલો મરણ પામ્યો અને તેની પછી તેનો સાવકો ભાઇ મહીપાલ ગાદીએ આવ્યો. (આશરે ઇ.સ. ૯૧૦–૪૦.) કનોજના મહારાજ્યનાં અવનતિ અને પતનની શરૂઆત તેના રાજ્યથી થાય છે. ઇ. સ. ૯૧૬માં રાષ્ટ્રકુટ રાજા ઇન્દ્ર ૩ જાની સેનાએ ફરીવાર કનોજ કબજે કર્યું અને તેમ કરી પ્રતિહાર કુળની

સત્તાને જબરો ફટકો લગાવ્યો. ઈ. સ. ૯૧૪માં તો સૌરાષ્ટ્ર મહીપાલને તાબે હતું પણ સંભવ છે કે દક્ષિણના મહારાજે મેળવેલી ફત્તેહને પરિણામે બીજા દૂરના પ્રાંતોની જોડે જોડે સૌરાષ્ટ્ર પણ તેના હાથમાંથી ગયું. કનોજને કબજે રાખવાની ત્રીજા ઇંદ્રની શક્તિ નહિ હોવાથી, ચંદેલ રાજા અને કદાચ બીજા મિત્રરાજાઓની મદદથી મહીપાલે પોતાનું પાટનગર પાછું મેળવ્યું.

**દેવપાલ**

કનોજના રાજા દેવપાલને, ચંદેલરાજા યશોવર્માને મન બહુ કિંમતી વિષ્ણુની મૂર્તિ આપી દેવાની ફરજ પડી હતી એ બનાવથી કનોજના ક્ષીણ થતા અને જેજાકભૂક્તિના વૃદ્ધિ પામતા બળનું આપણને દર્શન થાય છે. યશોવર્માએ એ મૂર્તિની ખાજુરાહોમાં સ્થાપના કરી હતી. કલંજરના મજબૂત દૂર્ગનો કબજો લઈ યશોવર્માએ પોતાની સત્તા જમાવી હતી અને એ તો નિઃસંદેહ વાત છે કે તે કનોજથી તદ્દન સ્વતંત્ર થઈ ગયો હતો. યશોવર્મા પછી ગાદીએ આવનાર ધંગના વખતમાં પાંચાલ તથા જેજાકભૂક્તિનાં રાજ્યો વચ્ચેની સરહદ-યમુના નદી હતી.

**વિજયપાલ**

દેવપાલ પછી તેનો ભાઈ વિજયપાલ ગાદીએ આવ્યો. (આશરે ઇ. સ. ૯૬૦ થી ૯૦) એના કુળની જૂની માલકીનું ગ્વાલીયર વજ્રદામન નામના એક કચ્છવાહ સરદારને હાથે પડવાથી એના હાથમાંથી ગયું, એ એના અમલની જાણવા જેવી બીના છે. એ વજ્રદામાએ એક સ્થાનિક રાજકુળની સ્થાપના કરી. ગ્વાલીયરનો કિલ્લો ઈ. સ. ૧૧૨૮ સુધી એ રાજકુલના કબજામાં રહ્યો. દસમા સૈકાની અધવચમાં મૂળરાજે ગુજરાતમાં અનહિલ્લવાડમાં સોલંકી વંશની (ચાલુક્ય)ની સ્થાપના કરી એ બતાવી આપે છે કે કનોજના રાજાને પશ્ચિમ હિંદ જોડે કાંઈ લેવા દેવા નહોતી. ગ્વાલીયરનો સરદાર ચંદેલ રાજ્યનો ખંડીઓ થયો. આશરે ઇ. સ. ૧૦૦૦ થી ૧૦૫૦ સુધીમાં ધંગના

અમલ નીચે તે રાજકુલ તેના પ્રતિસ્પર્ધી કનોજના રાજ્ય કરતાં વધારે બળવાન ન હતું.

આ સમયે હિંદુ રજપૂત રાજ્યોના રાજ્યનૈતિક સંબંધો મુસલમાન ચઢી આવનારની ચઢાઇઓથી બહુ ગૂંચવાઈ ગયેલા થઈ ગયા.

**મુસલમાની ચઢાઇઓ**

ઈ. સ. ૭૧૨માં આરબોએ સિંધની જીત કરી તેથી હિંદના અંદરના ભાગમાં આવેલાં રાજ્યો પર બહુ ગંભીર અસર થઈ નહિ. એ આરબોએ તેમના દક્ષિણના બળવાન પડોશી રાષ્ટ્રકુટો સાથે એકંદર મૈત્રી ભર્યો સંબંધ ટકાવી રાખ્યો હતો અને રજપૂતાના અને કનોજના ગૂર્જર રાજાઓના મુલક પરના તેમના હુમલા સરહદી ધાડો કરતાં કદી વધારે મોટા પ્રમાણના થયેલા દેખાતા ન હતા. પણ હવે હિંદના દુશ્મનોને અનેકવાર હિંદમાં દાખલ થવાના દરવાજા રૂપ વાયવ્ય ઘાટોમાંથી ઇસ્લામનાં લશ્કરોએ વધારે ભયપ્રદ રીતે દેખા દેવા માંડી.

**સબક્તગિન અને જયપાલ**

એ દિવસોમાં સિંધની ઉત્તરે સિંધુની ખીણ તથા પંજાબના ઘણાખરા ભાગનો સમાવેશ થાય એવા પશ્ચિમે આવેલા પર્વતો સુધી અને પૂર્વમાં હક્રા નદી સુધી વિસ્તરતા મોટા રાજ્ય પર જયપાલ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. મુસલમાની ઇતિહાસનું ટબરહિંદ અથવા ભટીંડા તેનું પાટનગર હતું. એ હાલ પતિયાલા રાજ્યમાં છે અને ઘણા સૈકા સુધી મુલતાન તથા હિંદ ખાસને જોડનાર લશ્કરી રસ્તા પર તે એક અગત્યનું કિલ્લેબંધી સ્થાન હતું. ગઝનીના અમીર સબક્તગિને ઇ. સ. ૯૮૬–૭માં હિંદ પર પહેલી ચઢાઇ કરી. બે વર્ષ પછી જયપાલે અમીરના મુલક પર ચઢાઇ કરી તેનો બદલો વાળ્યો, પણ તે હાર્યો અને પરિણામે મોટી રોકડ રકમ આપવાની તથા સંખ્યાબંધ હાથીઓ અને સિંધુ નદીની પશ્ચિમે આવેલા ચાર કિલ્લા સોંપી દેવાની બંધણીવાળી સંધિ સ્વીકારવાની તેને ફરજ પાડવામાં આવી. જયપાલે એ સંધિનો ભંગ કર્યો તેથી મોખરાનો

પ્રદેશ ઉજ્જડી અને લમધાન (જલાલાબાદ) ખાલસા કરી સબક્તગિને તેને સજા કરી. એ પછી થોડો જ સમય ગયા બાદ ચંદેલ રાજા ગંડે, તે સમયના કનોજના રાજા રાજપાલ અને બીજા હિંદુ રાજાઓનું મોટું મિત્રમંડળ જમાવી પોતાના રાજ્યને બચાવવાનો આખરી યત્ન આશરે ઈ. સ. ૯૯૧ના અરસામાં કર્યો. આવી રીતે એકત્ર થયેલી મહાસેનાએ કુરમની ખીણમાં કે તેની પાસે વિનાશકારક હાર ખાધી અને મુસલમાનોએ પેશાવર કબજે કર્યું. ફરી ઈ. સ. ૧૦૦૧ના નવેંબરમાં સુલતાન મહમદને હાથે હાર પામેલા જયપાલે આત્મહત્યા કરી એટલે તેની પછી તેનો છોકરો આનંદપાલ ગાદીએ આવ્યો. તેના પિતાની પેઠે તે પણ અજમેરના ચોહાણ રાજા વિશલદેવની સરદારી નીચે સ્થપાયેલા હિંદુસત્તાધીશોના મિત્રમંડળમાં જોડાયો. પંજાબની બળવાન ખોખર જાતિની મદદ મળવા છતાં હિંદુઓની ફરી વાર ભારે હાર થઇ.

**રાજ્યપાલ; સુલતાન મહમદ**

કનોજમાં વિજયપાલ પછી તેનો પુત્ર રાજપાલ ગાદીએ આવ્યો હતો. પરદેશી ચઢી આવનારનો સામનો કરવામાં તેણે પોતાનો ફાળો આપ્યો. થોડાં વર્ષ બાદ (ઈ. સ. ૯૯૭) એક ટુંકી તકરાર પછી સબક્તગિનનો મુગટ તેના પ્રખ્યાત પુત્ર સુલતાન મહમદને વારસામાં મળ્યો. તે તો હિંદના મૂર્તિપૂજકોને લૂંટવાનો તથા તેમની મિલકતને ગઝની લઇ જવાનો ધંધો જ લઈ બેઠો. તેણે હિંદ પર ઓછામાં ઓછી સત્તર ચઢાઈઓ કર્યાની ગણત્રી થઈ છે. તેનો રિવાજ ઑક્ટોબર માસમાં પોતાની રાજ્યધાની છોડી કૂચ કરી નીકળવાનો હતો. ત્રણ માસ એકધારી કૂચ કરતાં તે હિંદના અંતરભાગના સમૃદ્ધમાં સમૃદ્ધ પ્રાંતોમાં આવી પહોંચતો. ઇ. સ. ૧૦૧૯ના જાન્યુઆરીની શરૂઆતમાં તેણે કનોજ આગળ દેખા દીધી. રાજપાલે પોતાના પાટનગરનો બચાવ કરવાનો કાંઇ ગંભીર યત્ન કર્યો નહિ તેથી તેનું રક્ષણ કરનારા સાતે દૂર્ગ એક જ દિવસમાં મહમ-

દને હાથ ગયા. વિજેતાએ એ દૂર્ગો લૂંટયા પણ શહેરને જતું કર્યું એમ જણાય છે અને ભારે લૂંટથી લદાયેલો એ ઝટ ગીઝની પાછો ફર્યો. રાજ્યપાલે પોતાને મળી શકે તેટલી સારી શરતો કરી કનોજ છોડયું અને ગંગાને સામે પાર આવેલા બારિ શહેરમાં ચાલ્યો ગયો.

**ગંડ અને મહમદ**

રાજપાલ આમ નામોશીભરી રીતે મહમદને નમી પડયો તેથી પોતાના પક્ષનો તેણે દ્રોહ કર્યો એમ લાગવાથી તેના હિંદુ મિત્ર-રાજાઓ રોષે ભરાયા. ચંદેલ રાજા ગંડના યુવરાજ વિદ્યાધરની સરદારી નીચેની સેનાએ તેના આ ગુના બદલ તેને કડક સજા કરી. સુલતાન મહમદના ગયા પછી તુરત જ ઈ.સ. ૧૦૧૯ની વસંતમાં કે ગ્રીષ્મમાં, ગ્વાલીયરના રાજાનાં લશ્કરની સહાયથી તેણે કનોજ પર હુમલો કર્યો અને યુદ્ધમાં રાજપાલને હણ્યો. રાજપાલનો ઘણો ઘટી ગયેલો મુલક ત્રિલોચનપાલને હાથ ગયો. જેને પોતાના ખંડીઆ તરીકે લેખતો હતો તેને થયેલી આવી સજાની વાત સાંભળતાં સુલતાન મહમદ કોપ્યો અને એ જ વર્ષની પાનખર ઋતુમાં હિંદુ રાજાઓ પર વેર લેવા તે ફરી ગઝનીથી ઊપડયો. ઈ. સ. ૧૦૨૦ની શરૂઆતમાં પ્રતિહારોની નવી રાજ્યધાની બારિ કોઈ ખાસ મુશ્કેલી વગર કબજે કરી તે ચંદેલ મુલકમાં આગળ વધ્યો. ત્યાં ગંડએ તેનો સામનો કરવા દેખાવમાં તો બહુ જબરૂં એવું લશ્કર એકઠું કર્યું હતું. પણ યુદ્ધ પહેલાં જ ચંદેલ રાજા હિંમત હારી ગયો અને યુદ્ધ કર્યા વગર રણભૂમિ છોડી નાશી ગયો. તેની છાવણી, લડાઇનો સરંજામ તથા હાથીઓ તમામ સુલતાનનાં શિકાર બની ગયાં અને હમેશની માફક ઢગલાબંધ લૂંટ સાથે તે ગઝની પાછો ફર્યો.

ઇ.સ. ૧૦૧૯ના અંતમાં કે ૧૦૨૦ની શરૂઆતમાં સુલતાન મહમદને જમના નદી પાર કરતો રોકવાનો તેણે નિષ્ફળ યત્ન કર્યો તથા

**રાજ્યપાલના અનુગામીઓ**

ઈ.સ. ૧૦૨૭માં અલાહબાદ પાસેના કોઇ ગામનું દાન કર્યું એ સિવાય ત્રિલોચનપાલ વિષે બીજું કાંઈ વધારે જાણવામાં આવ્યું નથી. ઇ. સ. ૧૦૩૬ના શિલાલેખમાં જેના નામનો નિદશ છે તે યશપાલરાજા તેના પછીનો રાજા હશે. ઇ.સ. ૧૧૯૪માં કનોજ પડયા પછી પણ બીજા સાધારણ અને ખાસ ખ્યાતિ વગરના સરદારો કનોજના રાજા તરીકે ઓળખાતા ચાલુ રહ્યા અને મોટા વિસ્તારના મુલક પર તેઓ રાજ્ય કરતા હતા, પણ એતો નિઃસંદેહ વાત છે કે તેઓ મુસલમાન રાજાઓના તાબેદાર હતા. એ રાજાઓમાંથી કેટલાકનાં નામ સચવાઈ રહ્યાં છે. જુઆનપુર પાસેના ઝફરાબાદમાં તે રહેતા હતા એમ જણાય છે. પણ કનોજના પાછળથી થયેલા આ રાજાઓ જૂના ગૂર્જર-પ્રતિહાર કુળના નહોતા. એ કુળ તો સદંતર લુપ્ત જ થઈ ગયું. ઇ.સ. ૧૦૯૦ની થોડો સમય અગાઉ ગહરવાલના ચંદ્રદેવ નામના રાજાએ કનોજને જીતી લઈ તેમાં વાસ પૂર્યો હતો અને કાશી, અયોધ્યા પર તો જરૂર અને ઘણું કરીને દિલ્હી પ્રદેશ ઉપર પણ પોતાનો અધિકાર જમાવ્યો હતો. આ બનાવ પહેલાં એક સૈકા અગાઉ ઇ.સ. ૯૯૩–૪માં દિલ્હી શહેર વસ્યું હતું.[1]

---

૧. 'અફગાનીસ્તાન પરની નોંધ' પૃષ્ઠ ૩૨૦. રેવર્ટીએ મને કહ્યું છે કે દિલ્હીની સ્થાપનાની આ સાલ માટે તેનું પ્રમાણ અબુ-સૈયદ-ઈ-અબુ-લ-હક્કનું લખેલું ઝૈન-ઉલ-અકબર છે. આ ઈસમે તેનો ઇતિહાસ સુલતાન મહમદ અને તેના છોકરાઓના સમયમાં અને ઉપર જણાવેલી સાલ પછી થોડાંજ વર્ષોમાં લખ્યો હતો. એના કરતાં વધારે અર્વાચીન એક લેખક એની સ્થાપના વિક્રમ સંવત્ ૪૪૦માં મૂકે છે, પણ એતો અલબત્ત નહિ બનવા જેવું છે. પણ એ વર્ષ હર્ષ સંવત્નું છે એમ સમજીએ તો તે ઇ.સ. ૧૦૪૫ એટલે અનંગપાલના સમયની લગભગમાં થાય. ટિફેનથેલરને કહેવામાં આવ્યું હતું કે હીજરી સંવત્ ૩૦૭=ઇ.સ. ૯૧૯–૨૦માં રાસેન નામના એક તુંવાર-રાજાએ દિલ્હીની સ્થાપના કરી હતી (જીઓગ્રો.દ.લ-ઈન્દુસ્તાન ફ્રેંચ તરજૂમો

પાછળથી રાઠોડ નામથી ઓળખાતું અને ચંદ્રદેવે સ્થાપેલું ગહરવાળનું કુળ ઈ.સ. ૧૧૯૪માં શિહાબ-ઉદ-દીને કનોજનું રાજ્ય તાબે કર્યું ત્યાં સુધી ચાલ્યું. ચંદ્રદેવના પૌત્ર ચંદ્રે લાંબા સમય સુધી રાજપદ ભોગવ્યું. તેમાં ઇ.સ. ૧૧૦૪થી ૧૧૧૫ સુધીના સમયનો સમાવેશ થતો હતો. તેનાં સંખ્યાબંધ જમીનોનાં દાનપત્રો[1] અને બહુ વિસ્તાર પરથી મળી આવતા સિક્કાઓ સાબિત કરે છે કે તે મોટે ભાગે કનોજના ભૂતકાળના યશને પાછો આણવામાં અને પોતાની જાતને બહુ અગત્યના સત્તાધીશ તરીકે સ્થાપવામાં સફળ થયો હતો.

**કનોજનું ગહરવાળ કુળ**

ગોવિંદચંદ્રનો પૌત્ર જયચંદ્ર હતો. હિંદી લોકગીતોમાં અને ઉત્તર હિંદની વાતોમાં તે રાજા જયચંદ નામથી મશહૂર છે. અજમેરનો રાય પિથોરા અથવા પૃથ્વીરાજ ચૌહાણ તેની પુત્રીનું હરણ કરી ગયો હતો. મુસલમાન ઇતિહાસકારોને તે કાશીના રાજા તરીકે જાણીતો હતો. કાશી તેનું પાટનગર હશે એમ તે ઉપરથી માની શકાય. હિંદના મોટામાં મોટા રાજા તરીકેની તેની ખ્યાતિ હતી. એમ કહેવાય છે કે તેનો મુલક ચીનની સરહદથી માળવા પ્રાંત સુધી અને સમુદ્રથી માંડી લાહોરથી દસ દિવસની મુસાફરી જેટલા પ્રદેશ સુધી વીસ્તરતો હતો. પણ તેના રાજ્યનો વિસ્તાર ખરેખર આવડો બધો હશે એ

બર્લિન ૧૭૯૧. પૃ. ૧૨૫) કેટલાક લેખોમાં અને લોકગીતોમાં દિલ્હી યોગિનીપુર કહેવાયું છે (ઇન્ડ. ઍન્ટિ. ૧૯૧૨ પૃ. ૮૬ અને એપિ ઇન્ડિ. xii ૪૫).

૧. એ કુલે કરેલી આશરે ૬૦ દાનની સનંદો જાણમાં છે, અને તેમાંની ઘણીખરી ગોવિંદચંદ્રના અમલ દરમિયાનની છે. અયોધ્યામાંની ગોવિંદચંદ્રની એક સનંદ જેની પર ૧૧૮૬ની સાલ છે=(ઈ.સ. ૧૧૨૯) તેમાં તુરુષ્ક દંડનો ઉલ્લેખ છે. મુસલમાનોની ચઢાઈની સામે થવાના ખર્ચને પહોંચી વળવા માટે ઉઘરાવવામાં આવતો એ ખાસ કર છે.

માનવું જરા અઘરૂં છે. ઇટાવા જિલ્લામાં જમના પાસે ચંદવાર આગળ તેનો અને શિહાબ-ઉદ્-દિનનો ભેટો થયો હતો. ત્યાં ભારે કતલ સાથે તેના અથાગ સૈન્યને હરાવી તથા એ કતલમાં તેને હણી તે કાશી સુધી આગળ વધ્યો. તે શહેર તેણે લૂંટયું અને તે લૂંટમાં મળેલો ખજાનો તે ૧૪૦૦ ઊંટ પર લાદી લઇ ગયો. આ રીતે કનોજના સ્વતંત્ર રાજ્યનો ઇતિહાસ પૂરો થાય છે. ગહરવાલના રાજાઓ મરી પરવાર્યા ત્યારે મહોબાની ચંદેલ જાતિના સરદારોએ તેમની જગા લીધી અને આઠ પેઢી સુધી તે કનોજના સ્થાનિક રાજા રહ્યા.

**સાંભર અને અજમેરના ચોહાણો; દિલ્હી**

રજપૂતાનાનું સાંભર રાજ્ય, જેને તાબે અજમેર હતું, તેમાં રાજ્ય કરતા ચોહાણ (ચાહુમાન) જાતિના રજપૂત રાજાઓના લાંબા વંશની વંશાવલિ શિલાલેખોમાં નોંધેલી છે. એ રાજાઓમાંના માત્ર એ નોંધ લેવા લાયક છે. બારમા સૈકાની મધ્યમાં વિગ્રહરાજે તેના પિતૃગત મુલકનો ખૂબ વિસ્તાર કર્યો. તુમાર જાતિના રાજા પાસેથી તેણે દિલ્હી જીતી લીધાની વાત કહેવામાં આવે છે તે ખરૂં નથી. એ રાજા તો એક સૈકા પહેલાં હાલ જ્યાં કુતુબ મસ્જિદ છે ત્યાં લાલ કિલ્લો બાંધી ઇ.સ. ૯૯૩-૪માં વસાવેલા દિલ્હીશહેરને કાયમ કરનાર અનંગપાલનો વંશજ હતો. આખા હિંદના આધિપત્ય જોડે દિલ્હીના નામને જોડવા યુરોપીયનો એટલા બધા તો ટેવાઇ ગયેલા છે કે હિંદનાં મોટાં શહેરોમાં દિલ્હી અતિ પ્રાચીન નહિ પણ સૌથી નવું વસેલું હાલના સમયનું શહેર છે એ વાત તેમના ધ્યાનમાં આવતી નથી. એ વાત ખરી છે કે અનિશ્ચિત ઝાંખી લોકકથા ઇંદરપટ ગામ પાસે યમુનાને કિનારે આવેલી જમીનોને ઇતિહાસ–યુગ પૂર્વના ઇંદ્રપ્રસ્થના યશના તેજથી દીપતી કરે છે. એ કથાઓ ખરેખર પાયાદાર હોય કે ન પણ હોય; પણ ઐતિહાસિક શહેર તરીકે તો અગિયારમા સૈકાની મધ્યમાં થઇ ગયેલા અનંગપાલના સમયથી તેની હયાતી શરૂ થાય છે. ત્યાંનો પ્રખ્યાત પંચધાતુનો સ્થંભ

જેની પર ચંદ્ર નામના બળવાન રાજાની પ્રશસ્તિ ટાંકી છે તે રાજા ચોથા સૈકામાં થઇ ગયો હતો, અને ઘણું કરીને તે સ્થંભને તેની મૂળ જગા મથુરા આગળથી તે તુમાર રાજાએ ખસેડી આ જગાનાં મંદિરોના સમૂહ ભેગો રાખ્યો હશે. એ મંદિરોના કાટમાલથી જ પાછળથી મુસલમાનોએ ત્યાંની મોટી મસ્જિદ બાંધેલી છે.

**વિગ્રહરાજ**

વિગ્રહરાજ ખૂબ નામનાવાળો પુરુષ હતો. થોડાં વર્ષ પર અજમેરની મુખ્ય મસ્જિદની મરામતનું કામ ચાલતું હતું ત્યારે ત્યાંથી કાળા સંગેમરમરની ઓપ ચઢાવેલી છ તકતીઓ મળી આવી હતી. તેની ઉપર સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં શિલાલેખો હતા. બરાબર તપાસ કરી વાંચતાં તે બે અજાણ્યા નાટકોના મોટા ભાગો નીકળ્યા. એમાનું એક "લલિત વિગ્રહરાજ નાટક" વિગ્રહરાજના માનમાં રચાયું હતું જ્યારે બીજું "હરિકેલી નાટક" તે રાજાએ જ રચેલું હતું એમ જણાયું છે.

**પૃથ્વીરાજ અથવા રાયપિથોરા**

તેનો ભત્રીજો પૃથ્વીરાજ, પૃથ્થીરાજ અથવા રાય પિથોરા હતો અને તે સાંભર તથા અજમેરનો ધણી હતો. લોકગીતોમાં અને લોકકથાઓમાં તે એક ટેકીલા વીર નાયક તથા શૂરા યોદ્ધા તરીકે પ્રખ્યાત છે. કનોજના ગહરવાળ રાજા જયચંદની કુંવરીનું તેની પોતાની મરજીથી હરણ કરવાના સાહસભર્યા કૃત્ય પર તેની એક શૂરવીર પ્રેમી તરીકેની ખ્યાતિનો આધાર છે. આ બનાવ ઇ.સ. ૧૧૭૫માં કે તેની આસપાસમાં બન્યો હતો. ઇ.સ. ૧૧૮૨માં ચંદેલ રાજા પરમાલને હરાવી તેણે માહોબા જીતી લીધું તથા મુસલમાનોના આક્રમણના પૂરને પોતાની બહાદુરીથી થંભાવી રાખ્યું, એ તેનાં પરાક્રમો, તેની સરદાર તરીકેની ખ્યાતિના પાયારૂપ છે. ખરેખર રાયપિથોરાને ઉત્તર હિંદના એક લોકપ્રિય વીર નાયક તરીકે વ્યાજબી રીતે વર્ણવી શકાય એમ છે અને આજ દિન સુધી પ્રેમ તથા યુદ્ધના ક્ષેત્રમાં તેણે કરેલાં પરાક્રમ કાવ્યશાસ્ત્રના ઓપ વિનાની વીરકથા

તથા ભાટોનાં કવિતોનો વિષય થઈ પડ્યાં છે.[૨]

શિહાબ-ઉદ્-દીન અથવા મહમદ ઘોરીની સરદારી નીચેના વિજયી લશ્કરની ધાકે ઉત્તર હિંદનાં પરસ્પર ઝઘડતાં રાજ્યોને તેમના આપસ-

૨. પૃથ્વીરાજની હકીકત આપતું સારામાં સારૂં પુસ્તક "ચંદરાસો" અથવા "પૃથ્વીરાસો" છે. તે એક હિંદી મહાકાવ્ય છે અને યુક્તપ્રાંતમાં તે બહુજ લોકપ્રિય છે. તે ચંદબરદાયી નામના ભાટ કવિએ લખેલું ગણાય છે. એ કવિ તેના રાસાના નાયક તથા તેના આશ્રયદાતાનો રાજ-કવિ હતો. એ કવિનો વંશજ હજુ જોધપુર રાજ્યમાં રહે છે અને પૃથ્વીરાજે તેના પૂર્વજને આપેલી જમીનોની ઉપજ પર જીવે છે. તેની પાસે એ કાવ્યની હસ્તલિખિત પ્રત છે અને તેમાં માત્ર ૫૦૦ શ્લોકો છે. અકબરના સમય સુધી એ કવિના વંશજોએ તેમાં ઉમેરા કર્યા છે અને તેમ કરી તે કાવ્ય ૧૨૫,૦૦૦ શ્લોકોનું થયેલું છે. મૂળ પ્રતના કેટલાક ભાગોની નકલો કરવામાં આવી છે અને તે આખુંય પ્રસિદ્ધ થશે એવી આશા રાખવામાં આવે છે. રાસામાં જે સાલવારીની ભૂલ માનવામાં આવે છે તેની સમજૂતિ એ રીતે અપાય છે કે તેના લેખકે વિક્રમ સંવત્‌ના અનંદ-પ્રકારનો ઉપયોગ કરેલો છે. ગોળગોળ રીતે તે સંવત્ ઈ.સ. ૩૩ની એટલે સાનંદ વિક્રમ સંવત્‌થી ૯૦–૧ વર્ષ મોડો હોય એમ જણાય છે. (જ.રો.એ.એસ; ૧૯૦૬ પૃ. ૫૦૦). ચંદ પૃથ્વીરાજના જન્મની સાલ અનંદ ૧૧૧૫ આપે છે. અનંદ એટલે નંદ રહિત નવ વગરનો, કારણકે નંદનો અર્થ નવ થાય. અનંદનો અર્થ આ રીતે ૧૦૦–૯=૯૧ કે ૯૦ થાય. સંભવ છે કે ઊંચી વર્ણનાં રજપૂતો હલકી વર્ણના નંદોનું સ્વીકારવાની ના પાડતા હતા. તેના કુળને તેમણે ૯૧ વર્ષનો ગાળો આપ્યો હશે. બીજી સમજૂતિ એવી છે કે જય-ચંદની અદેખાઇને પરિણામે પૃથ્વીરાજે પોતાનો સંવત્ શરૂ કર્યો હશે અને તે સંવત્ પૃથ્વીરાજના પૂર્વજ ચંદ્રદેવના સમયથી શરૂ થતો હશે. (શ્યામ-સુંદરદાસના એન્યુઅલ રીપોર્ટ આન ધ સર્ચ ફોર હિંદી એમ.એસ.એસ. ૧૯૦૦ પૃ. ૫–૧૦) બુલ્હરે શોધેલું અને જાહેર કરેલું કાશ્મીરમાંથી મળેલું "પૃથ્વીરાજ વિજય" વધારે પ્રમાણભૂત અને બહુ ઐતિહાસિક કિંમતનું છે. તે ઇ.સ. ૧૧૭૮ અને ૧૨૦૦ની વચ્ચે, ઘણું કરીને ૧૧૯૧ પછીથી રચાયું હતું. તેમાં આપેલી વંશાવળીનું શિલાલેખોથી સમર્થન થાય છે.

**તરાંઇ અથવા તલાવરીનું યુદ્ધ**

આપસના ટંટા ઊંચા મેલી ક્ષણભર પરદેશી દુશ્મનનો સામનો કરવા એકત્ર થવાની ફરજ પાડી. આ સમયે મહમદ ઘોરી પંજાબના ઘણાખરા ભાગનો બિનહરીફ સ્વામી હતો. પહેલાં તો ભાગ્યદેવીએ હિંદીઓ પર કૃપા કરી અને ઇ.સ. ૧૧૯૧ માં થાણેશ્વર અને કર્નાલ વચ્ચે તરાંઇ[1] અથવા તલાવરી નામના સ્થળે એ ચડી

---

"પૃથ્વીરાજ વિજય" મુજબ પૃથ્વીરાજની ખરી વંશાવલિ નીચે મુજબ છે.

આર્ણોરાજ
- નનામો પુત્ર પિતૃઘાતક (જુગદેવ)
  - પૃથ્વીરાજ ૧લો
- વિગ્રહરાજ
- સોમેશ્વર તેનું ચેદિની કુંવરી સાથે લગ્ન થયું હતું
  - પૃથ્વીરાજ ૨જો અથવા રાયપિથોરા
  - હરિરાજ

રાયપિથોરા એ દિલ્હીના રાજા અનંગપાલનો દૌહિત્ર હતો એવું ચંદનું કથન શંકાભર્યું છે. 'પૃથ્વીરાજ વિજય'ની એક જ અને અપૂર્ણ હસ્તલેખી પ્રતનાં વર્ણન અને સારહર વિલાસ સારદાએ જે.આર.એ.એસ., ૧૯૧૩ પૃ. ૨૫૯–૮૧–માં આપેલ છે અને તેમાં એ પુસ્તકના તે પહેલાના ઉલ્લેખ પણ આપ્યા છે. વિગ્રહરાજે તુમારો પાસેથી દિલ્હી પડાવી લીધું, એ કથન બહુ શંકાભર્યું છે. અને બિજોલી શિલાલેખના ૨૨મા શ્લોકથી તેનો વિરોધ થાય છે. (જ.એ.એસ.બી. ભાગ ૧. પુસ્તક ૪૦. (૧૮૮૬ પૃ. ૩૧).

૧ રેવર્ટી, તરજૂમો તબકાત-ઈ-નાસિરિ પૃ. ૪૫૬-૪૫૯-૪૬૭-૪૬૮-૪૮૫-૪૮૬ અને પરિશિષ્ટ A. ઘણીખરી અંગ્રેજી ચોપડીઓમાં સાલો અચોક્કસ આપેલી છે અને તે લડાઈના સ્થાનને ખોટી રીતે તિરૌરી કહેવામાં આવ્યું છે. હિજરી સન ૫૮૭-૫૮૮ અને ૫૮૯ એ લગભગ ઇ.સ. ૧૧૯૧થી૯૩નાં વર્ષની બરાબર છે, અને ૨૯મી જાન્યુઆરી ૧૧૯૧થી ૨૬મી ડીસેંબર ૧૧૯૩સુધી તે લંબાય છે. પૃથ્વીરાજને ગઝની લઈ જવામાં આવ્યો હતો તથા ત્યાં તેણે શાહબુદ્દીનને

આવનારાઓને સજ્જડ હાર આપવામાં પૃથ્વીરાજ સફળ થયો, અને પરિણામે તેમને સિંધુ નદીની પેલી પાર હઠી જવાની ફરજ પડી. એક વર્ષ પછી ઇ.સ. ૧૧૯૨માં તાજા ઊભા કરેલા લશ્કર સાથે આવીને સુલતાને તે જ રણભૂમિ પર પૃથ્વીરાજને હરાવ્યો. પૃથ્વીરાજની પોતાની સેના ઘણી પ્રચંડ હતી એટલું જ નહિ, પણ તેની કુમકે આવેલા સંખ્યાબંધ મિત્રરાજાઓની સેનાથી તે બહુ મોટી થઈ ગઇ હતી. બાર હજાર સારા હથિયારબંધ મુસલમાન ઘોડેસવારોએ કરેલા જોસભર્યા હુમલાથી ઘણા યુગો પૂર્વે ઍલેકઝાંડરે આપેલી શીખનું પુનરાવર્તન થયું અને કેળવાયેલા ઘોડેસવાર લશ્કરના હુમલા સામે ટકી રહેવાની હિંદી સિપાઇઓનાં બિનકવાયતી ટોળાંની અશક્તિનો પદાર્થપાઠ આપ્યો. પૃથ્વીરાજ કેદ પકડાયો. ઠંડે લોહીએ તેને ગરદન મારવામાં આવ્યો અને તેના પાટનગર અજમેરના દુર્ભાગી રહેવાશીઓને કાંતો કતલ કરવામાં આવ્યા કે ગુલામ તરીકે પરદેશોમાં વેચવામાં આવ્યા.

ઈ.સ. ૧૧૯૩ માં દિલ્હી પડયું. કનોજને તેણે છેડયું જણાતું નથી, પણ તે આ ચડી આવનારાઓના કાબૂમાં આવ્યું હશે. હિંદુધર્મના દુર્ગરૂપ કાશી વિજેતાઓને હાથ ગયું અને તેમને હવે ખાત્રી થઇ કે "બ્રાહ્મણોની ભૂમિ" ઉપર ઇસિલામનો અંતિમ વિજય હવે નક્કી થઇ ચૂકયો છે. ઈ.સ. ૧૧૯૬ માં ગ્વાલિયર તાબે થયું. ૧૧૯૭ માં ગુજરાતનું પાટનગર અણહિલવાડા પડયું, અને ૧૨૦૩ માં કલંજર કબજે

**હિંદુસ્તાનની જીત**

---

બાણથી વીંધી માર્યો હતો એવી હિંદુ વાર્તા તદ્દન ખોટી છે. ઇ.સ. ૧૨૦૫-૬માં ડામીએક નામના સ્થળે મુલાહિદ્દા પંથના એક ધર્મઘેલા ઈસમને હાથે તેનું ખૂન થયું હતું. એના પરના છાપાની ચોક્કસ જગાની સી. જી.પી. ટેટે મુલાકાત લીધી છે અને પંજાબના જેલમ જિલ્લાનું 'ધામિયાક' એ તે જ સ્થાન છે એમ ઠરાવ્યું છે. (જ.રો.એ.સો. ૧૯૦૯ પૃ. ૧૬૮૬.) તરજૂમો કરનારે ફેરિસ્તાને નામે ચડાવેલું 'આ પ્રચંડસેના, એકવાર હળમલી ઊઠતાં, એક મોટી ઈમારતની જેમ ડગમગી તૂટી પડી વિનાશ પામ્યું' આ શબ્દો મૂળ ફારસીમાં નથી.

થયું એટલે ઉત્તર હિંદને સર કરવાની ક્રિયા પૂરી થઈ અને એ જ અરસામાં ઇ.સ. ૧૨૦૫–૬માં શિવાબ–ઉદ–દીન મરણ પામ્યો.

'માળવા અને તેની પાસેના કેટલાક પ્રાંતો સિવાયનું આખું ઉત્તર હિંદ વધારે ઓછા પ્રમાણમાં તેને તાબે હતું. સિંધ અને બંગાળા કાંતો પૂરાં હાથ કરવામાં આવ્યાં હતાં અથવા જલદી હાથ આવવાની તૈયારીમાં હતાં. ગુજરાતનું પાટનગર અણહિલવાડ અથવા નહેરવાડા તેને કબજે હતું. તે સિવાય ગુજરાત પર તેનો કાંઈ વધારે કાબૂ નહોતો. હિંદુસ્તાનનો મોટો ભાગ સીધો તેના અમલદારોના હાથ નીચે હતો અને બાકીનો ભાગ તેના આશ્રિત અથવા કાંઇ નહિ તો તેના ખંડિયા રાજાઓના તાબામાં હતો. રણપ્રદેશ અને કેટલાક પર્વતના પ્રદેશ, તેણે જતા કર્યા તેથી જ સ્વતંત્ર રહેવા પામ્યા હતા.'

**ગહરવાળોનું સ્થાનાંતર**

કનોજની મુસલમાનોએ કરેલી જીતનું એક અગત્યનું પરિણામ એ નીપજ્યું કે ગહરવાળ જાતિ મોટા પ્રમાણમાં રજપૂતાનામાંના મારવાડના રણપ્રદેશમાં સ્થાનફેર કરી ત્યાં વસીને રહી અને રાઠોડ નામથી જાણીતી થઇ. એ રીતે સ્થપાએલું રાજ્ય જેનો હાલ તેની રાજ્યધાની જોધપુરના નામથી નિર્દેશ થાય છે તે રજપૂતાનાનું એક સૌથી અગત્યનું રાજ્ય છે. મુસલમાનોના આક્રમણના દબાણના કારણે થએલી એવી જ જાતિઓની હિલચાલો આ સમયે બહુ થતી હતી. હાલના સમયમાં રજપૂત જાતિઓની જે વહેંચાણી જોવામાં આવે છે તેની સમજૂતિ એનાથી મળી રહે છે.

૬

## જેજાકભુક્તિના ચંદેલો અને ચેદિના કાલચુરિઓ

જમના અને નર્મદા નદીઓની વચ્ચેનો પ્રદેશ જે બુંદેલખંડને નામે ઓળખાય છે અને કાંઇક અંશે જેનો સમાવેશ આગ્રા તથા અયોધ્યાના યુક્તપ્રાંતમાં કરવામાં આવે છે તે જેજાકભુક્તિ હતો. આગળ તેની

**જેજાકભુક્તિ અને ચેદિ** દક્ષિણે આવેલો વિશાળ પ્રદેશ જે હાલ મધ્ય પ્રાંતના ચીફ કમિશ્નરના વહીવટ નીચે છે તે જૂના વખતના ચેદિ દેશને લગભગ મળતો છે. આ દેશોના મધ્યયુગીન ઇતિહાસમાં જેજાકભુક્તિના ચંદેલ અને ચેદિના કાલચુરિ એમ બે રાજકુળો આગળપડતાં છે. એ રાજકુળો અવારનવાર લગ્નસંબંધથી જોડાતાં અને એકએકના કાંતો મિત્ર કે શત્રુ તરીકે નિરંતર પરસ્પર સંબંધમાં આવતાં હતાં. અગિયારમા સૈકાની શરૂઆતથી ચેદિ દેશ બે રાજ્યોમાં વહેંચાયેલો હતો, એક પશ્ચિમ ચેદિ અથવા ડાહાલ જેની રાજ્યધાની જબલપુર પાસે ત્રિપુર હતી અને પૂર્વ ચેદિ અથવા મહાકોસલ જેની રાજ્યધાની રતનપુરમાં હતી.

આશરે ઈ.સ. ૮૩૧ના અરસામાં નન્નુક ચંદેલ પરિહાર સરદારને ઊથલાવી નાખી જેજાકભુક્તિના દક્ષિણ ભાગનો સ્વામી થઈ પડ્યો ત્યારે જ બીજા રાજકુળોની માફક ચંદેલો પણ નવમા સૈકાની શરૂઆતમાં પહેલા નજરે ચઢ્યા.

**ચંદેલોના પૂર્વગામીઓ** ભિન્નમાલના તેમના ભાઈઓની પેઠે બુંદેલખંડના પરિહારો હિંદમાં છઠ્ઠા સૈકામાં આવેલી ગુર્જર અથવા ગુર્જર જાતિઓના સમૂહના હશે. નવગામ અને છતરપુર વચ્ચે આવેલા મૌસહાનીય આગળ તેમની રાજ્યધાની હતી. આ પરિહારોના પૂર્વગામી ગહરવાળના રાજાઓ હતા. એ જાતિએ કનોજને એક રાજવંશ આપ્યો જેને રાઠોડનું નામ ખોટી રીતે અપાયેલું છે.

ચંદેલ રાજાઓ મોટા પાયા પર મકાનો બંધાવવાના શોખીન હતા. તેમણે તેમનાં મુખ્ય શહેર મહોબા, કલંજર તથા ખજુરાહોને ઘણાં ભવ્ય મંદિરોથી તથા ટેકરીઓ વચ્ચેના ખુલ્લા ગાળાઓમાં જબરી પાળો બાંધી બનાવેલાં સુંદર સરોવરોથી શોભાયમાન કર્યાં હતાં. આમ મોટી પાળો નાખી તળાવો રચવાની પ્રથામાં ચંદેલો,

**ચંદેલનાં તળાવો અને મંદિરો**

બુંદેલખંડમાંના અતિમનોહર કેટલાંક સુંદર સરોવર બાંધવા માટે

ખ્યાતિ પામેલા ગહરવાળોનું અનુકરણ કરનારા હતા.

હિંદુ બનેલા પણ ગોંડ જેવા જણાતા અને ભાર જાતિ જોડે બહુ ગાઢો સંબંધ ધરાવતા ચંદેલોએ પહેલાં તો છતરપુર પાસે એક નાનું રાજ્ય સંપાદન કર્યું અને પછી ધીરેધીરે તે ઉત્તર તરફ વધ્યા અને આખરે તેમના તથા કનોજ રાજ્યના મુલક વચ્ચે જમના નદી સરહદરૂપ બની રહી. એ કુળના શરૂઆતના રાજાઓ પાંચાલના બળવાન રાજા ભોજ તથા મહેંદ્રપાલના આધિપત્ય નીચે હશે, પણ એ તો નક્કી જ છે કે દશમા સૈકાના પહેલા અર્ધા ભાગમાં ચંદેલો સ્વતંત્ર થઇ ગયા હતા. ઘણુંકરીને બીજા મિત્રરાજાઓની મદદ સાથે હર્ષચંદ્રે ઈ.સ. ૯૧૬માં રાષ્ટ્રકુટ ઇંદ્ર ત્રીજાએ કનોજની ગાદીએથી હાંકી મૂકેલા મહીપાલને તેની કનોજની ગાદી પાછી મેળવવામાં મદદ કરી. હર્ષના પુત્ર અને વારસ યશોવર્માની સત્તા કલંજરનો કિલ્લો કબજે કરવાથી બહુ વધી હતી. તે એટલો તો બળવાન હતો કે મહીપાલના પુત્ર દેવપાલને પોતે ખજુરાહોમાં બાંધેલા મંદિરમાં સ્થાપના કરવા માટે એક કિંમતી વિષ્ણુની મૂર્તિ આપી દેવાની ફરજ પાડી શક્યો હતો.

**યશોવર્મા**

યશોવર્માનો છોકરો રાજા ધંગ (ઇ.સ. ૯૫૦–૯૯) સો કરતાં વધારે વર્ષ જીવ્યો હતો અને તે આ કુટુંબમાં સૌથી વધારે નામીચો હતો. ખજુરાહોના ભવ્યમાં ભવ્ય મંદિરોમાંનાં કેટલાંક તેના દાનના પરિણામરૂપ છે. તેના સમયના રાજપ્રકરણમાં તે બહુ સક્રિય ભાગ લેતો હતો. ઇ.સ. ૯૮૯ કે ૯૯૦માં પંજાબના રાજા જયપાલે સબક્તગિનનો સામનો કરવા રચેલા મિત્રસંઘમાં તે જોડાયો હતો અને બન્નુ તથા ગઝની વચ્ચે કુર્રમની ખીણમાં એ મિત્રસંઘને જે ખુવારીભરી હાર ખમવી પડી તે સહન કરવામાં તે અજમેર તથા કનોજના રાજાઓનો સાથી હતો.

**ઇ.સ. ૯૫૦–૯૯ ધંગ**

ગઝનીનો મહમદ આખા હિંદ પર ફરી વળશે એવો ભય ઊભો

થયો ત્યારે પંજાબના રાજા અને જયપાલના પુત્ર આનંદપાલે (૧૦૮૮–૯) ઊભા કરેલા હિંદુ રાજાઓના નવા મિત્રસંઘમાં ધંગનો છોકરો ગંડ (ઈ.સ. ૯૯૯થી ૧૦૨૫) જોડાયો. પણ આ મિત્રરાજાઓનો સંઘ પણ આક્રમણકારીના વેગનો પ્રતિરોધ કરવામાં નિષ્ફળ થયો. આગળ કહ્યું છે તેમ દશ વર્ષ પછી ગંડના છોકરાએ કનોજ પર હુમલો કર્યો અને મુસલમાનો જોડે મળી ગયેલા ત્યાંના ખુટેલ રાજા રાજપાલને મારી નાંખ્યો. ૧૦૨૩ના આરંભમાં મહમદને કલંજરનો મજબૂત દૂર્ગ આપી દેવાની તેને ફરજ પડી, પણ મહમદે એ કિલ્લો તેમજ પંજાબની પૂર્વે હિંદના અંદરના ભાગમાં કરેલી જીતો પોતાને કબજે રાખી નહિ.

**ઇ.સ. ૯૯૯–૧૦૨૫ ગંડ**

ચેદિનો ગાંગેયદેવ કલચુરિ (આશરે ૧૦૧૫–૪૦) ગંડ અને તેની પછી થયેલા રાજાઓનો સમકાલીન હતો. તે શક્તિશાલી અને મહત્વાકાંક્ષી રાજા હતો અને ઉત્તર હિંદમાં સાર્વભૌમ આધિપત્ય મેળવવાનો તેને લોભ હતો, અને ઘણે મોટે અંશે તેનો એ લોભ સફળ પણ થયો. ઈ.સ. ૧૦૧૯માં દૂર આવેલા તિર્હુટે તેનું આધિપત્ય સ્વીકાર્યું. તેના પુત્ર કર્ણદેવે તેની રાજ્યવિસ્તારની યોજનાઓ ઉપાડી લઈ આગળ ધપાવી અને ઈ.સ. ૧૦૬૦ની આસપાસમાં માળવાના વિદ્વાન રાજા ભોજને કચરી નાંખવાના યત્નમાં તે ગૂજરાતના રાજા ભીમ જોડે જોડાયો. એથી પહેલાં આશરે ૧૦૩૫માં તેણે મગધના પાલ રાજા પર હુમલો કર્યો હતો.

**ઇ.સ.૧૦૧૫–૭૦ ગાંગેયદેવ અને કર્ણદેવ કલચુરિ**

થોડાં વર્ષ પછી કેટલાક દુશ્મન રાજાઓએ તેને ઉપરાઉપરી આપેલી શિકસ્તોથી કર્ણદેવ સારી પેઠે ભાગ્યપલટાનો પાઠ ભણ્યો.

ચંદેલના કીર્તિવર્માને (૧૦૪૯–૧૧૦૦) હાથે તેણે ખાધેલી હાર એની બધી હારોમાં સૌથી વધારે જાણવાજોગી છે. એ રાજાએ પોતાના

**ઇ.સ. ૧૦૪૯–૧૧૦૦ કીર્તિવર્મા ચંદેલ**

રાજકુળના મુલકનો બહુ ભારે વિસ્તાર કર્યો હતો. ચંદેલ સિક્કાઓના જૂનામાં જૂના જે નમૂનાઓ હાલ હયાતીમાં છે તેમાંનો સૌથી જૂનો આ રાજાએ ચેદિરાજા ગાંગેયદેવની નકલ કરી પાડેલો છે. ઈ.સ. ૧૦૬૫ માં કે તેની આસપાસમાં તેના દરબારમાં ભજવાયેલા 'પ્રબોધ ચંદ્રોદય' નામના એક વિચિત્ર નાટકના આશ્રયદાતા તરીકે કીર્તિવર્મા હિંદના સાહિત્યના ઇતિહાસમાં જાણીતો છે. એ નાટક એક રૂપકના રૂપમાં છે અને નાટકના રૂપમાં તે વેદાંત દર્શનનું બહુ ચતુરાઈ ભર્યું નિરૂપણ કરે છે.

ઇતિહાસની રંગભૂમિ પર કાંઇક અગત્યનો ભાગ ભજવનાર છેલ્લો ચંદેલ રાજા પરમર્દી અથવા પરમાલ હતો. ઇ.સ. ૧૧૮૨માં પૃથ્વીરાજ ચૌહાણને હાથે ખાધેલી હાર માટે તથા ૧૨૦૩માં કુતુબ–ઉદ્–દીન ઐબકે તેની પાસેથી કલંજરનો કિલ્લો જીતી લીધો, એ બે બનાવોથી તેનો અમલ યાદગાર થએલો છે. ઉત્તર હિંદની પ્રજાને પરિચિત હિંદી મહાકાવ્ય 'ચંદ રાસા'માં ચૌહાણ તથા ચંદેલ રાજાઓ વચ્ચેનું યુધ્ધ ઘણી જગા રોકે છે.

**ઇ.સ. ૧૧૬૫–૧૨૦૩**
**પરમાલ**

મુસલમાનોના સ્વામીત્વમાં હિંદુ રાજ્યો પસાર થયાં તે વિધિના બહુ સચોટ દૃષ્ટાંત તરીકે સમકાલીન મુસલમાન ઇતિહાસકારોએ આપેલા કલંજરને કબજે કરવાના તથા પરમાલના મરણના અહેવાલનું અવતરણ આપી શકાય એમ છે.

**ઇ.સ. ૧૨૦૩(વસંત)**
**કલંજરનું પતન**

કલંજરનો રાજા 'કમબખ્ત પરમાર' રણભૂમિમાં મરણીઓ સામનો કર્યા પછી આખરે નાશી દૂર્ગમાં ભરાયો, પણ પાછળથી તે તાબે થયો અને 'તાબેદારીની સાંકળ' પોતાને ગળે બાંધી વિજેતાનું આધિપત્ય સ્વીકારવાની કબૂલાત આપતાં મહમદ સબક્તગીનને હાથે તેના પૂર્વજોને મળેલી કૃપાઓ તેને પણ દેખાડવામાં આવી. તેણે ખંડણી તથા હાથીઓ આપવાનું કબૂલ કર્યું, પણ પોતે કરેલી કબૂલાતોનું પાલન કરે તે પહેલાં તેનુ મરણ થયું. અજદેવ નામનો તેનો દિવાન

અથવા મહેતો તેના ધણીની પેઠે સહેલાઇથી વશ થવાની વૃત્તિવાળો નહોતો અને તેણે દુશ્મનોની સારી પેઠે પજવણી કરી. આખરે દૂર્ગનાં તમામ જળાશયોનાં નીર સુકાઇ ગયાં એવો કાળ આવતાં તેને સુલેહ કરવાની ફરજ પડી. 'રજબની ૨૦મી ને સોમવારે દૂર્ગનો બચાવ કરનારી ટુકડી અત્યંત નબળી હાલતમાં તથા ગાંડાતુર જેવી થએલી દૂર્ગની બહાર આવી અને બળજબરીએ પોતાની જન્મભૂમિને તેણે ખાલી છોડી.... આખી દુનિયામાં ઍલેકઝાંડરના કોટ જેવો દૂર્ભેદ્ય ગણાતો કલંજરનો દૂર્ગ આખરે જીતાયો. "મંદિરોને મસ્જિદોમાં ફેરવી નાખવામાં આવ્યાં અને તસ્બીવાળાઓના ઘોષ અને બાંગીઓની બાંગોના પોકાર ઊંચામાંઊંચા સ્વર્ગે પહોંચ્યા અને મૂર્તિપૂજાનું નામનિશાન રહ્યું નહિ. પચાસ હજાર માણસો ગુલામીનાં બંધનમાં આવ્યા અને મેદાન હિંદુઓની લાસોથી કાળું ભમ્મર થઇ ગયું. હાથીઓ, ઢોર અને અસંખ્ય આયુધો વિજેતાને હાથ લૂંટના માલ તરીકે પડયાં."

જીતની લગામ હવે મહોબા તરફ દોરવામાં આવી અને કલંજરનો વહીવટ હઝબરૂદ્દીન હસન અર્નાલને સોંપવામાં આવ્યો. આ બાજુ કરેલી તમામ વ્યવસ્થાથી સંતોષ થયો ત્યારે કુતુબ–ઉદ–દીન બદાઉન તરફ ગયો. તે મોટાં શહેરોની માતા છે અને હિંદ દેશમાં મુખ્યમાં મુખ્ય શહેરોમાંનું એક છે.

**ચંદેલોમાં છેલ્લો**

છેક સોળમા સૈકા સુધી ચંદેલ રાજાઓ બુંદેલખંડમાં સ્થાનિક રાજાઓ તરીકે ટકી રહ્યા, પણ તેમની બાબતોમાં સામાન્ય જનતાને રસ પડે એવું કાંઈ નહોતું. ચંદેલ જાતિ વીખરાતી વેરાતી પડી હતી. બંગાળામાં મોંઘીર પાસેનો ગીધોરનો રાજા એ તેમનો અર્વાચીન કાળનો સૌથી આગળપડતો અને જાણવાજેવો પ્રતિનિધિ છે.

કલચુરિ અથવા ચેદિના હૈહય રાજાઓનો સૌથી છેલ્લો નિર્દેશ ઇ.સ. ૧૧૮૧ના એક શિલાલેખમાં છે. તેમના લોપનો વિધિ બરાબર જાણમાં નથી; પણ એમ માનવા કારણ છે કે તેમને હઠાવી તેમનું

**કલચુરિઓનો છેલ્લો** સ્થાન રેવાના બાગેલોએ લીધું. યુક્તપ્રાંતના પૂર્વ ભાગમાં આવેલા બલીઆના હૈયો **વંશ**

રજપૂતો મધ્ય હિંદના રતનપુરના રાજાઓના વંશજ હોવાનો દાવો કરે છે, અને ઘણું કરીને તેઓ ખરેખર પ્રાચીન હૈહય વંશની શાખારૂપ છે. પાછળના ચેદિ રાજાઓ એવા એક સંવતનો ઉપયોગ કરતા જેનું પ્રથમ વર્ષ ઇ.સ. ૨૪૮–૪૯ની બરાબર છે. આ સંવત્ જે ત્રૈકુટક પણ કહેવાય છે તેની ઉત્પત્તિ પશ્ચિમ હિંદમાં થઈ અને ત્યાં તેનો ઉપયોગ પાંચમા સૈકા સુધી હતો એવી ભાળ મેળવી શકાય છે. ચેદિ રાજાઓએ તેનો સ્વીકાર કેમ કર્યો તે કાંઈ સમજાતું નથી.

## ૭

## માળવાના પરમારો (પવારો)

નર્મદાની ઉત્તરે આવેલો પ્રદેશ માળવા, પ્રાચીન કાળથી અવંતિ અથવા ઉજ્જયિનીના રાજ્ય તરીકે જાણીતો છે. પાછળના સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં ઘણાં વિખ્યાત નામોના

**આશરે ઇ.સ.૮૨૦ મા-ળવાનું પરમાર કુળ**

સાહચર્ય સંબંધને કારણે એ માળવાનો પરમાર વંશ ખાસ યાદગાર છે. નવમા સૈકામાં પહેલીજ વાર સંખ્યાબંધ રાજવંશો ધ્યાન ખેંચતા થાય છે. એ સૈકાના આરંભ કાળમાં ઉપેંદ્ર અથવા કૃષ્ણરાજ નામના એક રાજાએ એ વંશની સ્થાપના કરી અને તે આશરે ચાર સૈકા સુધી ચાલતો રહ્યો. આબુ પર્વત પાસેનાં અચળગઢ અને ચંદ્રાવતીની આસપાસ પરમારો ઘણા લાંબા સમયથી સ્થિર થયા હતા અને ઉપેન્દ્ર ત્યાંથી આ તરફ આવ્યો જણાય છે.

વાકપટુતા અને વિદ્યા માટે વિખ્યાતિ પામેલો સાતમો રાજા મુંજ, કવિઓનો આશ્રયદાતા હતો એટલુંજ નહિ, પણ પોતે પણ કાંઇ જેવીતેવી ખ્યાતિવાળો કવિ નહોતો એમ તે

**ઇ.સ. ૯૭૪–૯૫ રાજા મુંજ**

સમયના કાવ્યસંગ્રહો પરથી જણાય છે. તે સંગ્રહોમાંની વિવિધ કૃતિઓ તેની કલમની પેદાશ

કહેવાય છે. લેખક ધનંજય અને તેનો ભાઇ ધનિક તેના દરબારને શોભાવતા રત્નરૂપ નામીચા પંડિતો પૈકીના હતા. સાહિત્ય પરિશીલનના શાંતિભર્યાં કામમાં જ તેની શક્તિ ખર્ચાતી હતી એમ કાંઇ ન હતું, કારણ કે તેનો ઘણોખરો સમય પડોશી રાજાઓ જોડે યુદ્ધો કરવામાં જતો હતો. ચૌલુક્ય રાજા તૈલ બીજાને તેણે છ વાર હરાવ્યો. તેની પરનો સાતમો હુમલો નિષ્ફળ થયો અને તૈલની ઉત્તર સરહદ રૂપ ગોદાવરીને પાર કરી તેના મુલકમાં ઘૂસેલો મુંજ હાર્યો, શત્રુને હાથ કેદ પડ્યો અને આશરે ઈ.સ. ૯૯૫માં તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

**ઇ.સ. ૧૦૧૮-૬૦**
**રાજા ભોજ**

મુંજની પછી તેનો ભત્રીજો ભોજ, માળવાની તે સમયની રાજ્યધાની ધારા નગરીમાં ઈ.સ. ૧૦૧૮ માં ગાદીનશીન થયો, અને ચાળીશથી વધારે વર્ષ તેણે બહુ યશસ્વી રીતે રાજ્ય કર્યું. તેના કાકાની પેઠે તેણે એક સરખા ઉદ્યોગથી યુદ્ધ અને શાંતિની કળાઓ ખીલવી. પડોશી રાજ્યો જોડેનાં તેનાં યુદ્ધ, જેમાં ગઝનીના મહમદના મુસલમાની લશ્કર જોડેનાં યુદ્ધનો પણ સમાવેશ થઇ જાય છે તે તો જો કે હવે ભુલાઇ ગયાં છે, પણ વિદ્યાના વિદ્વાન આશ્રય, દાતા તથા કુશળ લેખક તરીકેની તેની કીર્તિ જેવી ને તેવી જરાય ઝાંખી પડ્યા વગર ટકી રહી છે અને હિંદુ ધોરણોને અનુસરી એક આદર્શ રાજા તરીકે તેનું નામ એક કહેણી જેવું થઇ પડ્યું છે. ખગોળ, શિલ્પ અને કાવ્ય તથા બીજા વિષયોની ઘણી કૃતિઓ તેણે રચ્યાનું કહેવાય છે અને એ તો નિઃસંદેહ વાત છે કે સમુદ્રગુપ્તની પેઠે તે અસાધારણ શક્તિવાળો રાજા હતો. ભોજનું સંસ્કૃત મહાવિદ્યાલય હતું તે જગા હાલ એક મસ્જિદે રોકી છે. એ વિદ્યાલયને વિદ્યાની અધિષ્ઠાત્રી સરસ્વતીદેવીને અર્પણ કરેલા મંદિરમાં અનુરૂપ સ્થાન આપવામાં આવ્યું હતું.

ભોપાળને અગ્નિખૂણે આવેલું અને ૨૫૦ ચોરસ માઇલ કરતાં વધારે ક્ષેત્રફળ પર પથરાતું અને ગોળ ફરતી ટેકરીઓની વચમાં આવેલા

**ભોજપુર તળાવ**

ઊંડા પાત્રના મુખને જબરી પાળોથી રૂંધી બનાવેલું સુંદર ભોજપુર તળાવ એનું સર્વોત્તમ સ્મારક છે. પંદરમાં સૈકા સુધી તે તેના શિલ્પીઓની કુશળતાની શાખ પૂરતું હતું. એ અરસામાં એક મુસલમાન રાજાના હુકમથી તેની પાળ તોડી પાડવામાં આવી અને તેની અંદરનું પાણી વહેવડાવી દેવામાં આવ્યું. એ સરોવરનું પાત્ર હવે એક રસાળ મેદાન થઈ ગયું છે અને તેને ચીરી ઇંડિયન મિડ લેન્ડ આગગાડીની સડક પસાર થાય છે.

આશરે ઈ.સ. ૧૦૬૦ માં ગૂજરાત અને ચેદિના રાજાઓના મિત્રસંઘે કરેલા હુમલા આગળ તે ટકી શકયો નહિ અને ત્યારથી તેના વંશનો યશ પરવારી ગયો. તેરમા સૈકાની

**માળવાનો પાછળનો ઇતિહાસ**

શરૂઆત સુધી તેનો વંશ એક સ્થાનિક રાજસત્તા રૂપે ચાલુ રહ્યો, પણ તે અરસામાં તેનું સ્થાન તુમાર જાતિના રાજાઓએ લીધું, અને તેમની જગાએ વળી ચુહાણ રાજાઓ આવ્યા. ૧૪૦૧ માં તેમનો રાજમુકુટ મુસલમાન રાજાઓના હાથમાં પસાર થયો. ૧૫૬૨માં અકબરે તે સ્થાનિક વંશને દાબી દીધો અને માળવાને મોગલ સામ્રાજ્યમાં મેળવી દીધું.

૮

## બિહાર અને બંગાળાના પાલ અને સેન વંશો

હર્ષ એની સત્તાને ટોચે હતો, ત્યારે તે આખા બંગાળા પર અને પૂર્વમાં છેક દૂરના કામરૂપના મુલક પર અધિરાજ તરીકે કાંઈક સત્તા ધરાવતો હતો અને પશ્ચિમ તથા મધ્ય બંગાળા પર

**ઇ.સ. ૬૫૦ બંગાળાનો ઇતિહાસ જણાયેલો નથી**

સંપૂર્ણ આધિપત્ય ભોગવતો હતો એમ દેખાય છે. એમાં તો કાંઇ જ શક નથી કે તેના મરણ પછી સ્થાનિક રાજાઓ સ્વતંત્ર થઇ બેઠા; પણ અર્જુન અને વાંગ્હુએનસીની તેરમા પ્રકરણમાં આપેલી

વિચિત્ર કથા સિવાય લગભગ એક સૈકા સુધી બંગાળાના ઇતિહાસ સંબંધી કાંઈ જ વિગતો જાણમાં નથી. બૌદ્ધ સંપ્રદાય બહુ આગળ-પડતું સ્થાન ભોગવતો હતો ત્યારે નિત્ય વપરાશમાં ન આવવાને કારણે ભુલાઈ ગયેલા વૈદિક હિંદુ રિવાજોને ફરી સજીવન કરવા આદિસુરી નામના રાજાએ કનોજમાંથી બોલાવી મંગાવેલા પાંચ કાયસ્થ તથા પાંચ બ્રાહ્મણ કુટુંબો સુધી બંગાલી પ્રણાલી કથા બંગાળાનાં જાણીતાં કુટુંબોની ઉત્પત્તિ લંબાવે છે. પણ આ રાજાની કોઈ યથાર્થ કે વિશ્વાસ-પાત્ર નોંધ હજુ શોધવામાં આવી નથી. પણ ગૌડ અને તેની આસ-પાસના મુલકમાં રાજ્ય કરતા કોઇ સ્થાનિક રાજવંશમાં આદિસુરી[1]

---

૧ હજુ સુધી આદિસુરીની કોઈ વિશ્વાસપાત્ર હકીકત મળી નથી. બ્રાહ્મણ વંશાવલીઓના જૂનામાં જૂના લેખકો જેનાં લખાણો આપણા સમય સુધી ઊતરી આવ્યાં છે—હું અહીં હરિમિશ્ર અને એડુમિશ્રને ઉદ્દેશી લખું છું—તેઓ આદિસુરીને 'પાલો' પહેલાં થોડા સમય પર થઈ ગયેલો વર્ણવે છે. તેઓ જણાવે છે કે કનોજમાંથી બ્રાહ્મણોના આવી ગયા પછી થોડા જ સમયમાં ગૌડનું રાજ્ય પાલોને હાથ ગયું. (યુ. સી. બટ વ્યાલ જ. એ. સો. બ ભાગ ૧ પુસ્તક ૬૩ (૧૮૯૪). પૃ. ૪૧.)

દક્ષિણ રાઘાનો રાણસુર, જેણે કનોજથી પાંચ બ્રાહ્મણો આણ્યા કહેવાય છે તે સુર વંશનો હતો. પાલોએ તેમનો ઘણોખરો મુલક પડાવી લીધો એ હકીકત તો બંગાળી વંશાવલીઓના જાણકારો પણ જાહેર કરે છે. આશરે ઇ.સ. ૧૦૨૩માં કાંચીના રાજા રાજેન્દ્ર ચોલના હુમલાને પાછો હઠાવવામાં મહીપાલને સહાય કરનાર રાજાઓમાં રાણસુર હતો. (એચ. પી. શાસ્ત્રી, મીમો. એ. એસ. બી. પુસ્તક VIII, નં. ૧ (૧૯૧૦) પૃ. ૧૦) એચ.પી. શાસ્ત્રી આદિસુરને આઠમા સૈકામાં મૂકે છે અને કહે છે કે બ્રાહ્મણોને બંગાળામાં લાવી વસાવવાની વાત મૂર્ખાઈભરી કે કાલ્પનિક નથી. એક પેઢી પહેલાં કુમારિલે શરૂ કરેલી બ્રાહ્મણ ધર્મના પુનરુદ્ધારની ચળવળનો એ એક ભાગ હતી (જ. અને પ્રોસી. એ. એસ. બી. ૧૯૧૨ પૃ. ૩૪૮) બીજી બાજુ રાધાગોવિંદ બસક એ પ્રણાલી કથાનો અસ્વીકાર કરે છે. તે એમ ધારે છે કે બંગાળામાં પરાપૂર્વથી વિદ્વાન બ્રાહ્મણોની હયાતી

રાજા ખરેખર થઈ ગયો હશે એ વાતની શંકા કરવા માટે કાંઇ કારણ નથી. તેને આશરે ઇ.સ. ૭૦૦ માં અથવા કદાચ તેથી કાંઇક વહેલો અથવા સંભવ છે કે તેથી કાંઈક મોડો મૂકી શકાય.

**આશરે ઇ.સ.૭૩૦-૪૦ 'પાલ' વંશનો ઉદય**

આઠમા સૈકાના આરંભમાં (આશરે ઇ.સ. ૭૩૦-૪૦) અવ્યવસ્થા અને અંધાધૂંધીના ભોગ થઈ પડેલા બંગાળામાં ગોપાળ નામના એક સરદારને બંગાળાના રાજા તરીકે પસંદ કરવામાં આવ્યો. એ રાજાએ પીસતાળીશ વર્ષ રાજ્ય કર્યું કહેવાય છે અને પોતાની જિંદગીના અંત ભાગના અરસામાં તેણે તેની સત્તા પશ્ચિમમાં મગધ અથવા દક્ષિણ બિહાર પર વિસ્તારી. રજપૂતાનાના ગુર્જર રાજા વત્સને હાથે તેણે હાર ખાધી. તે ધર્મનિષ્ઠ બૌદ્ધ હતો અને હાલમાં બિહારમાં આવેલા ઓટંટપુરી અથવા પ્રાચીન ઉદ્દંડપુરમાં તેણે એક મોટો મઠ સ્થાપ્યો હતો. એ નગરી પાછલા પાલ રાજાઓના સમયમાં ઘણીવાર તેમનું પાટનગર થઈ પડેલી છે. એ કુળના સ્થાપકના અને તેના વંશજોના અંગત નામમાં 'પાલ' પદ આવતું હોવાથી એ વંશ સામાન્ય રીતે અને સગવડને ખાતર 'બંગાળાના પાલ રાજાઓ' એ નામથી નિર્દેશાય છે.

**ધર્મપાલ ઇ.સ. ૮૦૦**

બીજા રાજા ધર્મપાલે ૬૪ વર્ષ રાજ્ય કર્યાનું કહેવાય છે, પણ એણે ઓછામાં ઓછું બત્રીશ વર્ષ રાજ્ય કર્યાનું જણાય છે. તિબેટનો ઇતિહાસકાર તારાનાથ સ્પષ્ટ નિવેદન કરે છે કે તેનું રાજ્ય પૂર્વમાં બંગાળાના ઉપસાગરથી માંડી ઉત્તર અને પશ્ચિમમાં દિલ્હી તથા જલંધર સુધી અને દક્ષિણમાં વિંધ્યાની હારમાળાની ખીણો સુધી વીસ્તરતું

---

પૂરવાર કરી શકાય એમ છે વધારે નહિ તો પાંચમા સૈકાથી તો ખરીજ. (એપ્રી. ઈન્ડ. XIII (૧૯૧૬) પૃ. ૨૮૮) ગૌડના ખંડિયેરોને ઉત્તર છેડે અને લખનાવટીના કોટની બહાર આદિસુરના મહેલનું સ્થાન બતાવવામાં આવે છે.

હતું. પાંચાલ રાજા ઇંદ્રાયુધ અથવા ઇંદ્રરાજ જેનું પાટનગર કનોજ હતું તેને પદભ્રષ્ટ કરી તેની પડોશનાં ઉત્તરનાં ભોજ, મત્સ્ય, મદ્ર, કુરૂ, યદુ, યવન, અવંતિ, ગાંધાર અને કીર એમ ગણાવેલાં રાજ્યોના રાજાઓની સંમતિથી, તેની જગાએ ચક્રાયુધને ગાદીએ બેસાડ્યો એ ચોક્કસ હકીકત ઉપરથી તેના રાજ્યનો વિસ્તાર મોટો હોવાની વાતનું સમર્થન થાય છે.

આ બનાવ ઈ.સ. ૮૦૦ પછી તુરત જ અને એ દાનપત્રોમાં નોંધ્યા પ્રમાણે ધર્મપાલના રાજ્યના ૩૨મા વર્ષ પહેલાં બન્યો. પૌંડ્રવર્ધન પ્રાંતમાંના ચાર ગામોનું દાનપત્ર પાટલીપુત્રના શાહીમથકમાંથી આપવામાં આવ્યું એ લક્ષમાં રાખવા જેવી વાત છે. સાતમા સૈકામાં હ્યુએન્ત્સાંગે એ પ્રાચીન પાટનગરની મુલાકાત લીધી ત્યારે તેણે અશોકની ઇમારતો ખંડિયેર થઇ ગયેલી જોઈ હતી અને પાટલીપુત્ર જે જગાએ હતું તેના ઉત્તર ભાગમાં ગંગાને કિનારે આવેલા એક કોટબંધી ગામમાં માત્ર હજારેક આદમીની વસ્તી હતી. એમ જણાય છે કે ઇ.સ. ૮૧૦ના અરસામાં ધર્મપાલ પોતાનો દરબાર ત્યાં ભરતો હતો ત્યારે એ શહેર કાંઇક અંશે પાછું જામ્યું હશે. એકસો સાત મંદિર અને છ પાઠશાળાવાળા પ્રખ્યાત વિક્રમ શિલ્પમઠની સ્થાપના ધર્મપાલે કરી હતી. ગંગાજીના જમણા કિનારા પર નજર માંડતી એક ટેકરી પર તે ઊભો હતો, પણ તેના સ્થાનનો ચોક્કસાઇથી નિર્ણય થઇ શક્યો નથી.[1]

**દેવપાલ, નવમો સૈકો**

એ વંશના ત્રીજા રાજા દેવપાલને બંગાળાના જૂનામાં જૂના વંશાવલી લેખકો પાલોમાં સૌથી વધારે પ્રતાપી લેખે છે. તેના સેનાપતિ લૌસેન અથવા લવસેને આસામ અને કલિંગ જીત્યા એમ કહેવાય છે. તેના અમલના ૩૩મા વર્ષનું એક દાનપત્ર મુદગગિરિ અથવા મોંઘીરની રાજ્ય-

૧ એનું સ્થાન ભાગલપુર જિલ્લામાં પથરઘાટ આગળ કદાચ હોય. (જ. એન્ડ પ્રોસી. એ. એસ. બી. ૧૯૦૯ પૃ. ૧. ૧૩)

કચેરીમાંથી કાઢી આપવામાં આવ્યું છે. તેના કુટુંબના બીજા રાજાઓની પેઠે તે બૌદ્ધ સંપ્રદાયનો બહુ ચુસ્ત અને ઉત્સાહી અનુયાયી હતો અને એમ કહેવાયછે કે તેણે એ સંપ્રદાય નહિ માનનારા સામે યુદ્ધ જગવ્યું હતું અને તેમના ચાલીશ કિલ્લા તોડી બેદાનમેદાન કર્યા હતા. તેણે ૪૮ વર્ષ રાજ્ય કર્યાનું કહેવાય છે.

**કાંબોજ અમલ**

દશમા સૈકાના પાછલા ભાગમાં, કાંબોજ નામથી ઓળખાતા પર્વતવાસીઓના સફળ આક્રમણથી પાલ રાજાઓના અમલમાં ભંગાણ પડે છે, કારણકે તે પર્વતવાસીઓએ પોતાના નાયકને રાજ્યપદે મૂક્યો. ઇ.સ. ૯૬૬માં ઊભા કરેલા દેખાતા દીનાજપુર આગળના એક લેખવાળા સ્તંભથી તેનો અમલ યાદગાર થયેલો છે.

**મહીપાલ ૧લો આશરે ઈ. સ. ૯૭૮-૧૦૩૦**

પાલવંશના નવમા રાજા મહીપાલ પહેલાએ કાંબોજોને હાંકી કાઢ્યા. તે ઇ.સ. ૧૦૨૬માં રાજ્ય કરતો હતો એમ જણાયું છે અને આશરે ઇ.સ. ૯૭૮થી૮૦ સુધીમાં તેણે પોતાનું પિતૃગત રાજ્ય પાછું મેળવ્યું હશે એમ આપણે માની શકીએ. એનો અમલ લાંબો બાવન વર્ષનો હતો એમ મનાય છે અને એ કથન કાંઈ બહુ ખોટું હોય એમ જણાતું નથી, કારણકે તેનો અમલ ૪૮ વર્ષ ચાલ્યો હતો એ બાબતના તો શિલાલેખના પુરાવા છે.[૨] બધા પાલ રાજાઓમાં

---

૨ ૧૦૮૩નો સારનાથનો લેખ (ઈન્ડ. એન્ટી. XIV, ૧૪૦) કાંસાની આકૃતિઓનાં બે સમૂહો તિર્હુટના મુઝફ્ફરપુર જિલ્લામાં કે ઉત્તર બિહારમાં મળી આવેલા છે અને તેની પર મહીપાલના ૪૮મા વર્ષની સાલવાળા લેખો છે. (હોર્નલે. ઈન. ઈન્ડ એન્ટી XIV, (૧૮૮૫) પૃ. ૧૬૫. નોંધ. ૧૭) ... મહીપાલ પહેલાએ સમતટાને તેના પાયા તરીકે વાપર્યો જણાય છે. ટિપેરાહ જિલ્લાના કોમિલા પેટા વિભાગમાં, સમતટામાં બાઘૌરા આગળ મળી આવેલા તેના અમલના ત્રીજા વર્ષના બાઘૌરાનો લેખ એજ વાત બતાવે છે અને વળી બતાવે છે કે કોમિલાનો સમાવેશ સમતટામાં થતો

તે સૌથી વધારે યાદગાર થયેલો છે. છેક સાંપ્રત કાળ સુધી બંગાળાના ઘણા ભાગોમાં તેનાં કીર્તિગીતો ગવાતાં હતાં અને ઓરિસા તથા કુચબિહારના આઘેઆઘેના ખૂણાઓમાં હજુ પણ તે સાંભળવામાં આવે છે. આશરે ઈ.સ. ૧૦૨૩માં કાંચીના ચોલ રાજા રાજેન્દ્રે તેની પર હુમલો કર્યો હતો. એક સૈકા પર લંગડર્માએ કરેલા જુલમથી નરમ પડી ગયેલો બૌદ્ધ ધર્મ તિબેટમાં ફરી પાછો પગભર થયો એ બાબતથી તેનો અમલ યાદગાર થયેલો છે. ઈ.સ. ૧૦૧૩માં મગધના પંડિત ધર્મપાલ તથા બીજા ધાર્મિક પુરુષોએ તિબેટથી આવેલું નિમંત્રણ સ્વીકાર્યું અને તે દેશમાં ગૌતમના ધર્મને માનવંતે સ્થાને ફરી સ્થાપવા બહુ મહેનત કરી. પાછળથી ૧૦૩૮માં મહીપાલના અનુગામી ન્યાયપાલના અમલ દરમિયાન મગધના વિક્રમશિલા મઠના અધિપતિ અતીશના મુખીપણા નીચે એક બીજું પ્રચારક મંડળ તિબેટ મોકલવામાં આવ્યું હતું. તેણે પહેલા પ્રચારક મંડળનું કામ ચાલુ રાખ્યું અને તિબેટમાં બૌદ્ધ ધર્મની ફરીથી દ્રઢ સ્થાપના કરી.

ચેદિના રાજા કર્ણને હરાવનાર ન્યાયપાલનો પુત્ર રાજા વિગ્રહપાલ ત્રીજો આશરે ઈ.સ. ૧૦૮૦માં ગુજરી ગયો, અને પોતાની પાછળ મહીપાલ બીજો, સૂરપાલ બીજો અને રામપાલ એમ ત્રણ પુત્ર મૂકતો

હતો. ઢાકાથી ચીતાગોંગ જવાના મુખ્ય માર્ગ પર કોમિલા ગામ આવેલું છે. (જુઓ. જ. એન્ડ પ્રોસી. એ. એસ. બી., ૧૯૧૫, પૃ. ૧૭). 'એ ફરગોટન કિંગડમ ઑફ ઈસ્ટર્ન બેંગાલ' નામના લેખમાં એન. કે. ભટ્ટશાલીએ એ વિષયની વધારે ચોખવટ કરેલી છે. (તેનું જ ૧૯૧૪. પૃ. ૮૫–૯૧) કોમિલા ગામની પશ્ચિમે ૧૨ માઈલ પર આવેલું હાલનું કામ્ટા, તે જ કરૂમાંત છે એમ માનવા શિલાલેખોનો સારો આધાર મળે છે. ત્યાં પુષ્કળ ખંડિયેરો અને બૌદ્ધ મૂર્તિઓ મળી આવે છે. તે સમતટા રાજ્યની રાજ્યધાની હતું. એ રાજ્યમાં ટિપેરાહ, નોઆખલી, બારીસાલ, ફરીદપુર જિલ્લાઓનો તથા ઢાકા જિલ્લાના પૂર્વ ભાગનો સમાવેશ થતો હતો. દશમા સૈકામાં, ઘણું કરીને એ દેશ આરાકાનના ચંદ્ર રાજાઓના અધિરાજપણા નીચે હતો.

**કૈવર્તોનો બળવો**

ગયો. મહીપાલ બીજો તેના પિતા પછી ગાદીએ આવ્યો ત્યારે તેણે પોતાના ભાઈઓને કેદ કર્યા અને ખરાબ રીતે રાજ્યવહીવટ ચલાવવા માંડ્યો. તેનાં દુષ્ટ કૃત્યોને પરિણામે રાજ્યમાં બળવો જાગ્યો, અને તે સમયે ઉત્તર બંગાળામાં સત્તાવાન માહિષ્ય કે ચાસિ–કૈવર્ત જાતિના નાયક દિવ્ય કે દિવ્યોકે તેનું મુખીપણું લીધું. બળવાખોરોએ મહીપાલ બીજાને મારી નાખ્યો અને તેના મુલકનો કબજો લીધો. દિવ્યોકનું સ્થાન તેના ભત્રીજા ભીમે લીધું અને તે વારેન્દ્રનો રાજા થયો. કેદમાંથી નાશી છૂટેલા કુમાર રામપાલે પોતાનું ગયેલું રાજ્ય પાછું મેળવવાના કામમાં સહાય મેળવવા હિંદના ઘણાખરા ભાગોમાં મુસાફરી કરી. ઘણા પ્રયાસને અંતે તેણે એક મજબૂત સેના એકઠી કરી, તેમાં રાષ્ટ્રકુટોની ટુકડીઓ સામેલ હતી. એ રાષ્ટ્રકુટો સાથે તે લગ્નના સંબંધથી જોડાયેલો હતો. તે ઉપરાંત બીજા પણ રાજાઓએ તેને સાથ આપ્યો હતો. ભીમ હાર્યો અને માર્યો ગયો અને રામપાલે પોતાના પિતૃઓની રાજગાદી પાછી મેળવી.

**રામપાલનું રાજ્ય આશરે ઇ.સ.૧૦૮૪-૧૧૩૦**

રામપાલ કુશાગ્રબુધ્ધિનો અને બહુ વિશાળ સત્તાધારી હતો એવું તેનું વર્ણન તારાનાથે કર્યું છે. એનું રાજ્ય પડાવી લેનાર કૈવર્તને હરાવ્યા પછી તેણે મિથિલા અથવા ઉત્તર બિહાર એટલેકે હાલના ચંપારણ અને દરભંગાના જિલ્લા જીતી લીધા. એટલું સ્પષ્ટ છે કે તેના મુલકમાં કામરૂપનો પણ સમાવેશ થતો હતો, કારણકે તેના પુત્ર કુમારપાલે પોતાના શુરવીર મંત્રી વૈદ્યદેવને રાજ્યસત્તા સાથે એ દેશનો રાજવહીવટ સોંપ્યો હતો. બૌધ્ધ ધર્મ જોકે એ સમયમાં હિંદમાંથી ઓસરતો જતો હતો છતાં રામપાલના અમલ દરમિયાન પાલોના મુલકમાં તે સારી આબાદ સ્થિતિમાં હતો અને મગધના મઠો હજારો વસનારાથી ભરચક ભરાયેલા હતા. તારાનાથ અને બીજા કેટલાક બંગાલી લેખકો રામપાલને એના વંશનો છેલ્લો રાજા અથવા બીજું કાંઈ નહિ તો સારી સત્તા ભોગવનાર છેલ્લા રાજા તરીકે ગણે છે પણ

શિલાલેખો[1] એમ પૂરવાર કરે છે કે તેની પછી તેના કુટુંબના બીજા પાંચ રાજાઓ થઈ ગયા હતા.

ઈ.સ. ૧૧૭૫માં રાજા ગોવિંદપાલ ગાદીએ હોવાનું જણાય છે, અને લોકકથા મુજબ ઈ.સ. ૧૧૯૭માં મુસલમાનોની જીત થઇ તે અરસામાં મગધનો રાજા કોઈ ઇંદ્રદ્યુમ્ન (પાલ) હતો. તેણે બંધાવેલા કહેવાતા કિલ્લા હજુ મોંઘીર જિલ્લામાં બતાવવામાં આવે છે.

**છેલ્લા પાલ રાજાઓ**

હિંદનાં રાજવંશોમાં એક ઘણા જાણવાજોગા વંશ તરીકે યાદગાર રહેવા માટે પાલવંશ ખરેખર લાયક છે. એક અગત્યના મુલકમાં આંધ્રવંશ સિવાય બીજો કોઇ રાજવંશ આ વંશના જેટલો એટલે સાડાચાર સૈકા સુધી નભ્યો નથી. ધર્મપાલ અને દેવપાલ બંગાળાને હિંદમાંની મોટી સત્તાઓ પૈકીની એક બનાવવામાં સફળ થયા હતા અને તેમના પછીના રાજાઓ એવડા મોટા વિસ્તારવાળા રાજ્યના ધણી નહોતા કે એમના જેટલા પ્રભાવશાળી નહોતા છતાં તેમના તાબાના મુલક કાંઇ છેક કાઢી નાંખવા જેટલા નહોતા. દશમા સૈકાના છેલ્લા ભાગમાં કાંબોજોએ તેમની સત્તા પડાવી લેવાથી અને અગિયારમા

**પાલ વંશની અગત્ય**

૧ આ સમય માટે મુખ્ય પ્રમાણ મીમો. એ. એસ.બી. પુસ્તક ૫ પૃ.૪૩-૧૧૩. ૧૯૧૫માં 'પાલઝ ઈન બૅન્ગૉલ' એ મથાળાનો આર. ડી. બેનર્જીનો વિદ્વતાભર્યો લેખ છે; વળી જુઓ મ. હરપ્રસાદ શાસ્ત્રીનો 'લિટરરી હિસ્ટરી ઑફ ધી પાલ પિરિયડ' જે. બી. ઓ અને ઑ. રીસર્ચ. સો. વૉલ્યુમ ભાગ II પૃ. ૧૮૧. અને વિનયકુમાર સરકારનું 'ધ ફૉક એલીમેન્ટ ઈન હિન્દુ કલ્ચર' (લૉંગ લેન્સ ૧૯૧૭). આમાં હર્ષના મરણ પછી પાલ અને ચોલનાં સત્તા અને અગત્ય પર ભાર મૂકેલો છે અને એમાં સૂચવે છે કે નેપાલ, તિબેટ, ચીન, જાપાન, જાવા, બ્રહ્મદેશ અને દરિયા પારના બીજા દેશોને ધર્મ, સાહિત્ય, કળા અને જીવનની જરૂરીઆતો પૂરી પાડી હિંદ ખરેખર આખા એશિયાની શાળા રૂપ બન્યું હતું.

સૈકામાં અસિ–કૈવર્ત અથવા માહિષ્યોના બળવાથી પાલોની સત્તા ખૂબ ડગમગી ગઇ અને તેને લીધે સેન રાજાઓનો તેમના મુલકમાં ગાબડાં પાડવાનો માર્ગ મોકળો થયો. એમ જણાય છે કે લગભગ તેમના અમલના અંત સુધી નહિ જેવી તૂટ સાથે મગધ અથવા દક્ષિણ બિહાર અને ઉત્તર બિહારમાં મોંઘીર પર પાલોએ પોતાની સત્તા રાખી હતી, પણ તેમના અમલના છેલ્લા સૈકામાં લગભગ આખું બંગાળા તેમના હાથમાંથી નીકળી સેનોના હાથમાં ગયું. એના સ્થાનિક ઇતિહાસની વિગતો મેળવી કાઢવાની જરૂર છે.

**બુદ્ધિવિકાસ અને કળાની પ્રવૃત્તિઓ**

આશરે ઈ.સ. ૭૮૦થી ૮૯૨ સુધીના એક સૈકા કરતાં વધારે વિસ્તારના ધર્મપાલ અને દેવપાલનાં રાજ્ય નજરે ચઢે એવાં બુદ્ધિ અને કળાના વિકાસની પ્રવૃત્તિઓના જમાનારૂપ થયાં હતાં. એ સમયના બે કલાકાર ધીમાન અને તેના છોકરા વિતપાલોએ (વિત્તપાલ) ચિત્રકાર, પ્રતિમાવિધાની અને કાંસું ઢાળનાર તરીકે બહુ ઊંચા પ્રકારની કીર્તિ સંપાદન કરી હતી. તેમના સંપ્રદાયની કેટલીક કૃતિઓ હજુ હયાત છે એમ મનાય છે. પાલયુગની કોઈ ઈમારત બચવા પામી જણાતી નથી, પણ તેમના મુલકના મધ્ય પ્રદેશોમાં ખાસ કરીને દીનાજપુરમાં સંખ્યાબંધ મોટાં તળાવો, લોકકલ્યાણના હેતુથી કરવામાં આવતાં બાંધકામોમાં તે રાજાઓ જે રસ લેતા હતા તેની શાખ પૂરે છે.

**બૌદ્ધ ધર્મને આશ્રય**

એક પણ અપવાદ વગર બધા પાલ રાજાઓ ચુસ્ત અને ઉત્સાહી બૌધ્ધ હતા અને વિદ્વાન સાધુઓ તથા સંખ્યાબંધ મઠવાસી સાધુ સંઘોને ઉદાર આશ્રય આપવા હમેશાં તત્પર રહેતા હતા. એ તો ચોખ્ખું જ છે કે ધર્મપાલ વિરલ શક્તિઓવાળો પુરુષ હતો. તે બહુ ઉત્સાહી ધર્મસુધારક હતો એમ કહેવાય છે. અગીઆરમા સૈકામાં તેના પછી થઇ ગયેલા રાજાઓ બૌદ્ધધર્મના તાંત્રિક રૂપાંતરોના અનુયાયીઓ હતા અને ઘણા ધર્મનિષ્ઠ પુરુષોની સેવાનો ઉપભોગ કરતા હતા. તિબેટમાં ધર્મ-

પ્રચારક તરીકે જેના નામનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે અતીશ એ બધામાં સૌથી વધારે વિખ્યાત હતો.

**સેનોની શરૂઆત**

દક્ષિણમાંથી આવેલા સામંતદેવ નામના એક સરદારે સેન વંશની સ્થાપના કરી. અગીઆરમા સૈકાની અધવચમાં તે કે તેના પુત્ર હેમંતસેને કાશીપુરી રાજ્યની સ્થાપના કરી. મયુરભંજ રાજ્યમાં કશિઆરી છે તે જ અસલી સમયનું કાશીપુરી એવો નિર્ણય કરવામાં આવ્યો છે. આ સરદારોમાંના એકે પણ મોટા વિસ્તાર પર સત્તા ભોગવી જણાતી નથી.

**વિજયસેન આશરે ઈ.સ. ૧૦૭૦-૧૧૦૮**

પણ એ તો ચોક્કસ છે કે સામંતસેનનો પૌત્ર વિજયસેન અગીઆરમા સૈકાના અંતભાગમાં કે બારમા સૈકાની શરૂઆતમાં એક સ્વતંત્ર રાજ્યકર્તાના પદે પહોંચ્યો અને પાલોના હાથમાંથી બંગાળાનો મોટો ભાગ પડાવી લીધો, અને તેમ કરી સેનવંશની દઢ સ્થાપના કરી. બીજા રાજાઓ જોડે પણ તેણે સફળ વિગ્રહો માંડ્યા અને આશરે ચાલીશ વર્ષ કે તેથી કાંઇક વધારે કે ઓછા સમયનું લાંબું રાજ્ય ભોગવ્યું. ઇકોતેર વર્ષના અસાધારણ લાંબા સમય સુધી કલિંગમાં રાજ્ય કરનાર ચોરગંગ રાજા જોડે તેણે મૈત્રી સંબંધ ટકાવી રાખ્યો. આશરે ઇ.સ.૧૦૮૦માં આસિ–કૈવર્તોનો બળવો થયો ત્યારે પોતાની જીતોની મર્યાદા રેખા તેણે ઓરિસ્સાના છેક ઉત્તરમાં આવેલા ભાગોમાં વિસ્તારી.

**બલ્લાલસેન અથવા વલ્લાલસેન ઇ. સ. ૧૧૦૮-૧૯**

વિજયસેને મેળવેલું રાજ્ય (આશરે ઈ.સ ૧૧૦૮) તેના પુત્ર વલ્લાલસેનને મળ્યું. તે બંગાળાની લોકકથામાં બલ્લાલસેન તરીકે વિખ્યાત છે. એમ કહેવાય છે કે તેણે જ્ઞાતિ વ્યવસ્થાની પુનર્ઘટના કરી અને બ્રાહ્મણો, વૈદ્યો, તથા કાયસ્થોમાં 'કુલીનતત્વ'ની પ્રથા દાખલ કરી. કેટલાક અહેવાલો કહે છે કે તેણે ગૌડ અથવા લખનૌટી વસાવ્યું. પણ તે શહેર એથી ઘણું વહેલું હયાતીમાં હતું એમ માનવા કારણ છે. ઢાકા જિલ્લામાં વિક્રમપુરની પાસે રામ-

પાલમાં તેણે બંધાવેલા કેહેવાતા મહેલની જગા બતાવવામાં આવે છે. બધા સેન રાજા વૈદિક બ્રાહ્મણ ધર્મ પાળતા હિંદુ હતા અને તેથી બૌદ્ધ ધર્મ પાળતા પાલો તરફ દુશ્મનાવટ રાખવાનું અને વર્ણવ્યવસ્થા જાળવી રાખવામાં રસભર્યો આગ્રહ રાખવાનું તેમને ખાસ કારણ હતું. બલ્લાલસેન જે હિંદુ ધર્મ પાળતો હતો તે તંત્રપધ્ધતિનો હતો. બ્રાહ્મણ વંશાવલીઓ રાખનાર જાહેર કરે છે કે તેણે મગધ, ભૂતાન, ચિતાગોંગ, આરાકાન, ઓરિસ્સા તથા નેપાલ જેવા દેશોમાં સંખ્યાબંધ ધર્મપ્રચારકો મોકલ્યા અને તે બધા બ્રાહ્મણો જ હતા.

**લક્ષ્મણસેન આશરે ઇ. સ. ૧૧૧૯** બલ્લાલસેન પછી ઇ.સ. ૧૧૧૯માં તેનો છોકરો લક્ષ્મણસેન ગાદીએ આવ્યો.

**બિહારની મુસલમાનોએ કરેલી જીત** બારમા સૈકાની આખરમાં કુતુબ-ઉદ્-દીનના સરદાર બખ્તીઆરના છોકરા મહમદે ઇ.સ. ૧૧૯૭માં કે એ અરસામાં બિહાર પર હુમલો કર્યો અને એક કે બે વર્ષ પછી નદીઆ પર છાપો માર્યો તે અરસામાં મુસલમાનના આક્રમણની રેલમાં બંગાળા અને બિહારમાંથી પાલ અને સેન રાજાઓ તણાઇ ગયા. બિહારમાં ઉપરાઉપરી લૂંટની ધાડો પાડી પોતાના નામની હાક વગાડનાર મુસલમાન સરદારે એક હિંમતભર્યા ફટકાથી બિહારનું પાટનગર કબજે કર્યું. એ સમયનો લગભગ સમકાલીન ઇતિહાસકાર ઇ.સ. ૧૨૪૩ માં બિહારના પાટનગર પર હુમલો કરનાર ટોળીમાંના બચેલા એક ઇસમને મળ્યો હતો અને તેની પાસેથી તેણે જાણ્યું કે બિહારનો કિલ્લો માત્ર બસો ઘોડેસવારની જ ટુકડીએ કબજે કર્યો હતો. તેઓ હિંમતથી ધસારો કરી પાછલે દરવાજે પેઠા અને તેમ કરી તે જગાનો કબજો મેળવ્યો. ત્યાં તેમને મોટા જથ્થામાં લૂંટનો માલ મળ્યો, અને 'મુંડેલા માથાના બ્રાહ્મણો'ની એટલેકે બૌદ્ધ સાધુઓની કતલ એવી તો કાતિલ રીતે

કરવામાં આવી હતી કે મહોના પુસ્તકાલયમાંના પુસ્તકોમાં શું લખેલું છે તે સમજાવી શકે એવા માણસની વિજેતાએ શોધ કરાવી ત્યારે તે વાંચી શકે એવો એક આદમી શોધ્યો જડયો નહિ. એમ કહેવામાં આવે છે કે 'એવું માલૂમ પડયું કે તે આખો દુર્ગ તથા શહેર એક મહાશાળા હતી અને હિંદી ભાષામાં લોકો મહાશાળાને "વિહાર" કહેતા હતા.'

બોરકુટો કાઢી નાંખનાર આ કટકાથી તેમજ તેની પછી થયેલા તેવા જ જુલમનાં કૃત્યોથી તેના પ્રાચીન રહેઠાણમાં બૌદ્ધ સંપ્રદાયની જીવનશક્તિ મારી ગઈ. એ તો નિઃસંદેહ વાત

**બૌદ્ધ સંપ્રદાયનો નાશ**

છે કે આ બનાવ પછી કેટલાંક વર્ષો સુધી થોડા મંદોત્સાહી થયેલા પણ એ ધર્મતંત્રના નિષ્ઠાવાળા અનુયાયીઓ, ભ્રષ્ટ થયેલાં એ ધર્મસ્થાનોની આસપાસ ભમતા રસળતા રહ્યા; અને આજ પણ એક ગર્વભરી રીતે દેશભરમાં ફેલાયેલા એ ધર્મનાં ચિહ્નો ખૂણેખાચરે પડેલા પંથોના આચારમાં જોઈ શકાય છે. પણ હિમાલયની દક્ષિણે તથા ઉત્તર હિંદમાં તેના છેલ્લા આશ્રયસ્થાન બિહારમાં એક વ્યવસ્થિત ધર્મતંત્ર તરીકે જામેલો બૌદ્ધ સંપ્રદાય, માત્ર એક જ મુસલમાનના સાહસભર્યા હુમલાને પરિણામે હમેશને માટે નાશ પામ્યો. દુશ્મનની તરવારથી બચી ગયેલા ઘણા સાધુ તિબેટ, નેપાલ તથા દક્ષિણ હિંદમાં નાશી ગયા. તેમના જવાથી દક્ષિણ હિંદમાં હિંદુ પુનરૂત્થાન પર બહુ અગત્યની અસર થઇ. તિબેટમાં આ વિદ્વાન આશ્રય શોધતા આવેલાઓના આગમનથી કુબલાઇખાને નીમેલા મહાન લામા બુટોનને સંસ્કૃત મૂળ પુસ્તકોમાંથી કરેલા તરજૂમાથી તિબેટન ભાષાને સમૃદ્ધ કરવાની તક મળી. તેરમા સૈકાના અંતમાં 'ટૅંગીર' જ્ઞાનચક્રમાં એ બધાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સાતમા સૈકામાં ચીનમાંથી તિબેટમાં દાખલ થયેલી છાપની કળાને પરિણામે હિંદી પંડિતો તથા તિબેટી લામાઓની સંયુક્ત મહેનતનાં ફળરૂપ એ પુસ્તકોની સાચવણી થઈ શકી.

સેન વંશને શિથલાવી નાંખવાની ક્રિયા એટલી જ અથવા તો એથી

પણ વધારે સહેલાઈથી કરવામાં આવી હતી. તે દિવસોમાં પૂર્વ બંગાળાનો રાજા લક્ષ્મણસેન હતો. મુસલમાન લેખકો તેને એક વૃધ્ધ માણસ તરીકે વર્ણવે છે, પણ તેણે એંશી વર્ષ રાજ્ય કર્યું એમ વર્ણવવામાં તો તેઓ ભૂલ જ કરે છે. તેના જન્મ વખતે થયેલાં શુકનો એ રાજાના વિરલ અંગત ગુણોથી ખરેખર વ્યાજબી ઠરે છે. આપણને એમ કહેવામાં આવે છે કે હિંદના બધા રાજારજવાડામાં તેના કુટુંબનો અતિશય આદર થતો હતો અને તે દેશનો પરંપરાગત ધર્માધ્યક્ષ જેવો હતો. વિશ્વાસપાત્ર માણસોએ ખાત્રીથી જાહેર કર્યું છે કે નાના કે મોટા કોઈને પણ તેને હાથે અન્યાય ખમવો પડયો નથી અને ઉદારતા માટે તો તેનું નામ લોકોમાં કહેણીરૂપ થઈ પડેલું છે.

**ઇ. સ. ૧૧૯૯ સેન વંશનું ઊથલી જવું**

અતિ આદરને પાત્ર આ રાજા ગંગાના ઉપલા દોઆબમાં ભાગીરથીને તીરે કલકત્તા જ્યાં છે તે જગાથી આશરે ૬૦માઇલ ઉત્તરે નદીઆમાં પોતાનો દરબાર ભરતો. એ ગામ આજ પણ એક બ્રિટિશ જિલ્લાને પોતાનું નામ આપે છે અને પ્રાચીન પધ્ધતિએ ચાલતી એક હિંદુ મહાશાળાના મથક તરીકે પંકાયેલું છે.

**પાટનગર નદીઆ**

ઘણું કરીને ઈ.સ. ૧૧૯૯માં અને બિહારની સહેલી જીત પછી થોડા જ સમયમાં બખ્તીઆરના પુત્ર મહમદે બંગાળાને પોતાની સત્તા નીચે આણવા એક લશ્કર તૈયાર કર્યું. પોતાના મુખ્ય લશ્કરની આગળ આગળ કૂચ કરતો માત્ર ૧૮ ઘોડેસવારના નાનકડા રસાલા સાથે તે ઓચીંતો નદીઆ પાસે આવી પહોંચ્યો. અને હિંમતથી શહેરમાં દાખલ થયો. ગામના લોકોએ તેને ઘોડાનો સોદાગર જાણ્યો. રાજાના મહેલના દરવાજા પાસે પહોંચ્યો ત્યારે તેણે પોતાની તરવાર ખેંચી અને કોઇ પણ જાતની શંકા વગરના અને ગાફેલ મહેલમાં વસનારાઓ પર તૂટી પડયો. રાજા ભોજન કરવા

**નદીઆનું દુશ્મનને હાથ પડવું. ઈ. સ. ૧૧૯૯**

બેઠો હતો તે તો આથી તદ્દન આભો જ બની ગયો અને 'ખુલ્લે પગે મહેલના પાછલા દરવાજા તરફ નાઠો. તેનો તમામ ખજાનો, તેની બધી રાણીઓ, દાસીઓ દાસો અને સ્ત્રીઓ હુમલો કરનારને હાથ પડ્યાં. અસંખ્ય હાથીઓ તેને હાથ આવ્યા અને ગણી ગણાય નહિ એવી જબર લૂંટ મુસલમાનોને મળી. લશ્કર આવી પહોંચ્યું ત્યારે આખું શહેર કબજે લેવામાં આવ્યું અને તેણે ત્યાં પોતાનો મુકામ કર્યો.

લેખકના લખ્યા પ્રમાણે રાય લખમણીય ઢાકા જિલ્લામાંના વિક્રમપુર ગામે નાશી ગયો અને ત્યાંજ મરણ પામ્યો. વિજેતાએ તુરત જ નદીઆ શહેરનો નાશ કર્યો અને પ્રાચીન હિંદી શહેર ગૌડ અથવા લખનાવટીમાં પોતાનું મથક જમાવ્યું. રાજ્યના બધા ભાગોમાં તેણે તથા તેના અમલદારોએ મસીદો, મદ્રેસાઓ તથા મુસલમાની તકીઆઓને દાન આપ્યાં અને લૂંટનો મોટો ભાગ વિવેકબુધ્ધિપૂર્વક પોતાના દૂર બેઠેલા સરદાર કુતુબ–ઉદ–દીનને મોકલી આપ્યો.

**મુસલમાની પાટનગર લખનાઉટી**

બંગાળા અને બિહારનાં હિંદુ રાજ્યોનો આવો અપયશ ભર્યો અંત આવ્યો. તે જીવવા લાયક હોત તો તેણે પોતાનું જીવન ટકાવવા વધારે સારી લડત આપી હોત. પરદેશી લશ્કર આ બંગાળા ચીરી આવ્યું પણ કોઇને તેની જાણ ન થઇ અને માત્ર અઢાર ઘોડેસવારો જેવી નજીવી ટોળીએ રાજાના મહેલ પર છાપો માર્યો. આવું થઇ શકયું એ બતાવી આપે છે કે તે વખતનો રાજ્યવહીવટ કેટલો બધો અંધેર અને દળદરભર્યો હતો.

**હિંદુ રાજ્યોનો અપમાનભર્યો અંત**

પહેલાના રાજા લક્ષ્મણસેનનું રાજ્ય ઠીકઠીક સાહિત્ય પ્રવૃત્તિ તથા સંસ્કૃત સાહિત્યને તેણે આપેલા ઉદાર આશ્રય માટે જાણવાજોગું હતું. લક્ષ્મણસેનના રાજકવિ ધોયિ અથવા ધોયિકે કાલિદાસના 'મેઘદૂત' ના અનુકરણમાં લખેલું એક કાવ્ય પ્રસિદ્ધ થયેલું છે. 'ગીતગોવિંદ' નો

**સાહિત્ય**

પ્રખ્યાત લેખક જયદેવ લક્ષ્મણસેનના રાજ્યમાં થઈ ગયેલો જણાય છે. લક્ષ્મણસેન પોતે પણ કાવ્યો રચતો હતો. તેનો પિતા બલ્લાલસેન પણ લેખક હતો.

૯

## રાજપૂત કુલો

**કુલોનું દેખાતું પ્રભુત્વ**

ગોત્ર અથવા જાતિવિષયક વાદો અથવા તો ચહેરાના ખૂણા, જાડાં કે પાતળાં નાક, લાંબી કે પહોળી ખોપરીઓ, વર્ણની ઉત્પત્તિનું રહસ્ય વગેરે બાબતો આ પુસ્તકના હેતુથી પર છે અને આ પૃષ્ઠોમાં તેની ઉપરટપકીઆ ચર્ચા કરી શકાય પણ નહિ. પણ ઘણાં રાજપૂત કુલોના રાજ્યપ્રકરણી ચઢતી પડતીના વિષયનાં કથનાત્મક વિભાગો વિચારશીલ વાચકને કેટલાક પ્રશ્નો સૂચવે છે અને તેનો કાંઈક જવાબ આપવાની તાત્કાલિક જરૂરત દેખાડી આપે છે. પરિહાર, પવાર, ચંદેલ વગેરે રાજપૂતો કોણ હતા અને હર્ષના મરણ તથા મુસલમાનોની જીતની વચ્ચે આવેલી સદીઓ દરમિયાન તે અને તેમને લગતી બાબતો આટલો બધો ગોટાળાભર્યો ડખો કેમ પેદા કરે છે? ઉત્તર હિંદના ઇતિહાસમાં પ્રાચીન યુગને મધ્ય યુગથી જુદી પાડતી આગળપડતી બાબત પ્રથમ દૃષ્ટિએ તો રાજપૂત કુલોનું પ્રભુત્વ છે અને આપણું મન તેની સમજૂતિ માટે તલપે છે. એ તો સામાન્ય કહેણી છે કે પ્રશ્નો પૂછવા સહેલા છે, પણ તેના જવાબ આપવા અઘરા છે અને આ બાબતમાં તો હકીકતોની માહિતી એટલી બધી અપૂર્ણ અને ગુંચવાડા ભરી છે કે તેની સરલ, ટૂંકી અને સંતોષભરી સમજૂતિ આપી શકાય એમ નથી. તોપણ રાજકુલોની ભૂલભૂલામણીમાંથી માર્ગ કાઢવા કાંઈક કુંચી મેળવવાનો યત્ન કરતાં થાકેલા વાંચકને મદદ કરવાના હેતુથી એ વિષય પર થોડી ટીકા કરવી ઠીક થઈ પડશે.

આઠમા કે નવમા સૈકા દરમિયાન હિંદના રાજકીય ઇતિહાસની

રંગભૂમિ પર રાજપૂત રાજ્યોનો દેખાતી રીતે ઓચીંતો પ્રવેશ એ કાંઇક અંશે ભ્રમરૂપ જ છે. પ્રાચીન રાજ્ય કરતાં કુલોનાં વર્ણ કે જાતિસ્થાન વિષે ભાગ્યે જ કાંઈ માહિતી છે. અશોક કે સ્કંધગુપ્તનાં કુટુંબ હિંદુ સમાજમાં કયું સ્થાન ભોગવતાં હતાં તે કોઇ ભાગ્યે જ ચોક્કસાઇથી કહી શકશે. અને જે રાજાઓનાં નામ ઇતિહાસપટ પર આગળ પડતાં અને આંખે ચઢે એવાં છે તે કેટલે અંશે માત્ર સફળ થયેલા સાહસવીરો હતા કે આગળ પડતાં કુલોના મુખી હતા તે બતાવવા માટે કોઈ પ્રકારની લેખી નોંધ મળી આવતી નથી. પાછળના વખતમાં તો બધા રાજપૂતોએ પોતાની જાતને ક્ષત્રિયો એટલે બ્રાહ્મણોના પરિચિત સમાજવાદને અનુસરી થયેલી ચાર વર્ણમાંની બીજી વર્ણના માનેલા છે. છેક 'બુધ્ધના સંવાદો' રચાયા તે સમય સુધી સમાજમાં ક્ષત્રિયો એક બહુ અગત્યના ઘટક તરીકે ઓળખાતા હતા અને તેમના પોતાના મત મુજબ તો તેઓ બ્રાહ્મણ કરતાં ય ચઢીઆતા હતા. ઘણું કરીને હકીકત તો એવી છે કે ઘણા પ્રાચીન સમયથી, પાછલા સમયના રજપૂતોને બધી મુદ્દાની બાબતોમાં મળતાં રાજ્ય કરતાં કુટુંબો હયાતીમાં હતાં એટલુંજ નહિ પણ મધ્ય યુગની માફક સતત નવાં નવાં રાજ્યો સ્થપાતાં હતાં. પણ તેમની નોંધોનો નાશ થયેલો છે અને માત્ર થોડાં જ અપવાદ તરીકે આગળ પડતાં કુટુંબોનાં માત્ર સ્મરણ રહેલાં છે અને તેથી પૂર્ણ રીતે સત્ય હકીકત ન બતાવે એ રીતે તે ઇતિહાસનાં પાનાંઓમાં આગળ પડતાં ઊભાં છે. હું માનું છું કે 'ક્ષત્રિય' એ શબ્દ હમેશાં બહુ અચોક્કસ અર્થ વાળો હતો અને બ્રાહ્મણના વંશજ તરીકેનો દાવો ન કરતા હિંદી રાજ્યકર્તા વર્ગો તે શબ્દથી સૂચવાતા હતા. તેવી જ રીતે પુરોહિતનું કામ કરતી બધી વ્યક્તિઓને હિંદુઓ બ્રાહ્મણ જ ગણતા હતા. કોઇકોઈ વાર કોઈ રાજા વર્ણથી બ્રાહ્મણ હોય એમ બનતું. પણ રાજ્ય દરબારમાં બ્રાહ્મણનું કુદરતી સ્થાન રાજા કરતાં મંત્રીનું જ હતું. ચંદ્રગુપ્ત મૌર્ય બ્રાહ્મણ હતો એમ માનવામાં આવે છે અને

**ક્ષત્રિયો**

તેનો મંત્રી ચાણક્ય અથવા કૌટિલ્ય બ્રાહ્મણ હતો એ નક્કી જ છે.[૧]

પ્રાચીન અને મધ્યયુગીન યુગો વચ્ચેનો ખરો ભેદ તો એ છે કે આગળનાની જીવંત પ્રણાલીનો ભંગ થયેલો છે, જ્યારે પાછળનાની જીવંત પ્રણાલી હજુ ચાલુ રહેલી છે. મૌર્યો અને

**પ્રણાલીમાં તૂટ**

ગુપ્તો મૃત અને દફનાયેલા ભૂતકાળના છે અને પુસ્તકો, શિલાલેખો અને સિક્કાઓ દ્વારા જ તેમનાં સ્મરણ રહ્યાં છે. જ્યારે મધ્ય યુગમાં નજરે ચઢતાં રાજકર્તા કુટુંબોમાંનાં ઘણાં હજુ જીવંત છે અને ઘણા પ્રસંગોમાં તો હાલની હયાત વસ્તીનાં સંખ્યાબંધ અને લાગવગ ધરાવતા વર્ગો બની રહેલાં છે.

ટૉડ અને બીજા જૂના લેખકો ઘણા પહેલાના સમયથી જોઇ ચૂકયા હતા કે રાજપૂત કુળો મોટે ભાગે પરદેશી અથવા તેમના કહેવા પ્રમાણે 'સીથીયન' ઓલાદનાં છે. હાલના

**સીથીયન તત્ત્વ**

સમયની વધારે ચોક્કસ શોધોથી એ મતનું સંપૂર્ણ સમર્થન થયેલું છે અને હવે તો કેટલાંક આગળ પડતાં કુળોમાં પરદેશી લોહીનું મૂળ ઘણી ચોકસાઇથી બતાવવાનું અને રાજપૂતો કરતાં ઊતરતું સામાજિક સ્થાન રોકતી વર્ણો જોડેના તેમના સંબંધનું નિકટપણું સમજવાનું શકય થયેલું છે.

ઐતિહાસિક યુગોની મર્યાદામાં સૌથી પહેલું પરદેશીઓનું આગમન, જેના ખરાપણાની ખાતરી કરી શકાય એમ છે તે ઇ.સ. પૂર્વેના બીજા સૈકામાં થયું અને બીજું, ક્રાઇસ્ટ પછીના

**શકો અને યુએચી**

પહેલા સૈકામાં યુએચી અથવા કુશાનોનું થયેલું છે. ઘણું કરીને હાલનાં રાજપૂત કુળોમાંથી કોઇ

---

૧. જુઓ કે.પી. જયસ્વાલનો વિદ્વતા ભર્યો લેખ "રીવાઈઝડ નોટસ ઓન ધ બ્રાહ્મણ એમ્પાયર" (જે.બી. એન્ડ ઓ. રીસર્ચીસ સોસા. IV પૃ.૨૫૭-૬૫. સુંગો તેમજ કણ્વો બ્રાહ્મણો હતા અને ગ્રીકો તથા બુદ્ધોના વિરોધી હતા. ઉજ્જેન, ઝિઝોટી અને મહેશ્વરપુર વગેરેના કેટલાક બ્રાહ્મણ રાજાઓનો હ્યુએન્ત્સાંગ નિર્દેશ કરે છે (બીલ II ૨૭૦-૭૧).

પણ એક તેની ખરી વંશાવલીને આટલે સુધી પાછળ ભાગ્યે જ લઈ જઇ શકે એમ છે. મને તો શંકા જ નથી કે શક અને કુશાન એ બંનેનાં રાજ્ય કરતાં કુટુંબો, હિંદુ સમાજમાં ભળ્યાં ત્યારે હિંદુ વર્ણવ્યવસ્થામાં તેમને ક્ષત્રિયોનું સ્થાન આપવામાં આવ્યું હતું; પણ આ હકીકત પાછલા જમાનામાં ચોક્કસપણે બનેલા બનાવોના સાદૃશ્ય પરથી કરેલા અનુમાનને આધારે જ માનવાની છે, તેની કાંઇ સીધી સાબિતી નથી.

**હુનો**

પરદેશી જંગલીઓ મોટાં ટોળામાં હિંદમાં ઊતરી પડચાં તેના નોંધાયેલા પ્રસંગોમાંનો ત્રીજો પાંચમા સૈકામાં અથવા તો છઠ્ઠા સૈકાના આરંભમાં બન્યો હતો. એ ટોળાંઓનું મધ્ય એશિયામાંથી હિંદમાં આવવું ત્રીજા સૈકામાં ચાલુ હતું એવાં ચિહ્નો છે; અને તે કદી ત્રીજા સૈકામાં હિંદમાં આવ્યા હશે તો પણ તે બનાવની સ્પષ્ટ નોંધ સચવાયેલી નથી. ચોક્કસ માહિતીની વાત કરીએ તો, દશમા કે અગિયારમા સૈકામાં મુસલમાનોનાં આક્રમણો થયાં તે પહેલાં ઐતિહાસિક યુગમાં હિંદના ઉત્તર કે વાયવ્ય ઘાટોમાંથી મોટા પાયા પર પરદેશીઓનાં ત્રણ મોટાં અને ચોક્કસ આક્રમણો થયેલાં છે. ઉપર કહ્યું તેમ પહેલાં અને બીજાં અનુક્રમે શક અને યુએચીનાં હતાં અને ત્રીજું હુનોનું કે સફેદ હુનોનું હતું. શક, યુએચી અને હુન એ નામો ઉમટી આવતાં ટોળાંઓમાંનાં મુખ્ય ઘટકનાં નામ પરથી આપવામાં આવ્યાં હતાં, જોકે તે ટોળાંઓમાં તો તે ઉપરાંત બીજી ઘણી વિવિધ જાતિઓ પણ હતી. પહેલા અને બીજા ટોળાંઓમાંથી ઉત્પત્તિ થયાની પ્રણાલીકથા તો યુગો થયાં લુપ્ત થયેલી છે. નવમા સૈકામાં હિંદુ શાહીઆઓએ કાબુલના જે તુર્કી શાહીઆઓનું સ્થાન લીધું તે એવી બડાશ હાંકતા હતા કે તેઓ મહાન કુશાન રાજા કનિષ્કના વંશમાં ઊતરી આવેલા છે, પણ ત્યાર પછીના કોઈ હિંદી રાજ્યકર્તા કુટુંબે યુએચીના વંશજ હોવાનો દાવો કર્યાનું મારી જાણમાં નથી.

હુન નામથી ઓળખાતા જંગલીઓનું જે ત્રીજું પ્રચંડ આક્રમણ થયું તેની બહુ ઊંડી અને આઘે સુધી પહોંચતી અસરોને પરિણામે જ

**હુનોના આક્રમણોની અસરો**

મોટે ભાગે વર્ણવ્યવસ્થાની એ પ્રણાલીમાં તૂટ પડી જણાય છે. એ હુન આક્રમણોની સાહિત્યમાં તો બહુ જ આછી અને નહિ જેવી નોંધો છે, પણ જાતિશાસ્ત્ર, પુરાતત્ત્વ તથા સિક્કાશાસ્ત્રના ક્ષેત્રમાં થયેલી પરચુરણ શોધોથી એ નોંધોની એટલી બધી પૂરવણી થઈ છે કે તે યુગના અભ્યાસીના મન પર એવી પ્રબળ છાપ પડે છે કે પુરાણો તથા બીજી સાહિત્યની કૃતિઓના વાંચન પરથી આપણને જણાય છે તેનાથી વધારે ઊંડી છાપ એ હુનના આક્રમણોથી હિંદુ સંસ્થાઓ અને રાજ્ય પ્રકરણ પર પડેલી છે. એ જંગલીઓની ચઢાઇઓનાં વિગતવાર વર્ણન આપવાની બાબતમાં હિંદુ લેખકો બહુ અનિચ્છા બતાવે છે અને 'મૌનના કાવતરા' માં તેઓ સૌ સહમત થાય છે. તેઓ મહાન ઍલેકઝાંડરની હયાતીનો ઉલ્લેખ સરખો કરતા નથી. તે જ રીતે ગુજરાતના ઇતિહાસકારો મહમદ ગજનીના સોમનાથના ઘેરા તથા લૂંટ વિષે જાણે જાણતા જ ન હોય એમ કરે છે. એ પ્રખ્યાત ધાડની વાત વિગતવાર રીતે મુસલમાન લેખકોએ ન નોંધી હોત તો હિંદી સાહિત્યમાં કે શિલાલેખોમાં તેની કાંઇ નોંધ જોવામાં ન આવત. આમ હોવાથી હુનોનાં હિંદ પર રેલાયેલાં પૂરોની નોંધ ઘણી જ ઓછી છે તેમાં આશ્ચર્યનું કાંઇ કારણ નથી. એ બનાવની અગત્યની ઓળખ હાલના જમાનાના પૂરાતત્વજ્ઞોની ધીરજભરી શોધો દ્વારા ખૂબ પ્રયાસથી કરવાની છે. આ જગાએ એ બાબતના અટપટા પુરાવા આપવાનું અશક્ય છે. પાંચમા અને છઠ્ઠા સૈકામાં હુનો અને તેમની જોડેની બીજી પરદેશી જાતિઓનાં ઉપરાઉપરી થયેલાં આક્રમણોથી ઉત્તર હિંદમાંનો હિંદુ સમાજ તેના પાયામાંથી હચમચી ગયો, પ્રાચીન પ્રણાલીની અખંડ સાંકળ તૂટી ગઈ અને વર્ણો તથા રાજ્ય કરતાં કુટુંબોની પુનર્ઘટના થઇ એવું અમારૂં કથન સ્વીકારવાની અમે અમારા વાચકોને વિનંતિ કરીએ છીએ. ઇ.સ. ૬૧૨થી ૪૭ સુધીનાં પાંત્રીશ વર્ષોના અમલ દરમિયાન તેની સત્તા નીચે આવેલાં વિવિધ જાતિ,

કુળો તથા સંપ્રદાયોનાં પરસ્પર વિરોધી લાભોને કાબૂમાં રાખવાની શકિત ધરાવનાર સાર્વભૌમ સત્તા સ્થાપવાના હર્ષના સફળ અને ઝળકતા સિધ્ધ યત્નને પરિણામે હુનોના આક્રમણની આફતનાં માઠાં પરિણામ કાંઇક અંશે છવરાઇ ગયાં છે. જ્યારે એનો બળવાન હાથ રાજ્યતંત્ર પરથી ઊઠી ગયો, ત્યારે એ બધાં પરસ્પર વિરોધી તત્ત્વો છૂટાં થયાં અને જેની નોંધ નથી રહી એવા અંધાધૂંધીના ગાળા પછી આ પ્રકરણમાં તેનાં આગળ પડતાં લક્ષણો દ્વારા વર્ણવેલાં રાજ્યોની નવી તંત્રરચના તેને પરિણામે હિંદના રાજ્ય પ્રકરણના ક્ષેત્રમાં ઊભી થવા પામી.

**ગુજરો**

એતો બરાબર સિધ્ધ થયેલું જણાય છે કે હુનોની વિવિધ જાતિઓના સમૂહ અથવા ટોળાંએ તેમની મુખ્ય કાયમી વસાહતો રાજપૂતાના અને પંજાબમાં કરી. એ પરદેશીઓના સમૂહમાં હુનો પછી બીજે જ સ્થાને ગુર્જરો આવે છે. હિંદના વાયવ્ય ભાગમાં બહોળા વિસ્તાર પર પથરાયેલી મધ્યમ વર્ગની 'ગૂજર' એ નામથી બોલવામાં ઓળખાતી જાતિના નામમાં એ ગુર્જરોનું નામ હજી ટકી રહેવા પામ્યું છે. મૂળથી ઢોર ચરાવી જીવતા આ 'ગૂજરો' બીજી ઘણી હિંદી વર્ણો કરે છે તેમ મોટે ભાગે ખેતીના કામમાં રોકાયેલા છે. જાટ અથવા જટ લોકો તો ગૂજરો કરતાં પણ વધારે અંશે ખેતીનો જ ધંધો કરે છે. સર્વત્ર તેઓ ગૂજરો જોડે નિકટ સંબંધ ધરાવતા અથવા તેમને મળતા જણાય છે, જોકે બન્ને જાતિઓ વચ્ચેના સંબંધની ચોક્કસ વ્યાખ્યા આપવી અશક્ય છે. જાટ કે ગૂજરોમાંથી એકે રાજપૂત અથવા ક્ષત્રિય પદને યોગ્ય ગણાતા નથી, પણ ઘણાખરા પંજાબના જાટો રાજપૂતોના વંશજ હોવાનો દાવો કરે છે.

**ગુર્જર રાજ્યો**

હાલમાં એવી શોધ થયેલી છે કે મધ્ય યુગના આરંભ કાળમાં ગુર્જર રાજ્યો બહુ આગળ પડતું સ્થાન રોકતાં હતાં. ભરૂચમાં એક નાનું ગુર્જર રાજ્ય હતું અને રજપૂતાનામાં તેમનું મોટું રાજ્ય હતું એ વાત તો ઘણાં

વર્ષોથી પૂરાતત્ત્વજ્ઞોના જાણવામાં હતી; પણ નવમા, દશમા તથા અગિ-યારમા સૈકામાં કનોજમાં રાજ્ય કરતા બળવાન રાજવંશના ભોજ અને બીજા રાજાઓ ગુર્જરો હતા એ હકીકતની જાણ તો અર્વાચીન સમયમાં થઇ ગણાય. શિલાલેખોમાંના સંવતોનાં ખરાં વાચન નિશ્ચયપૂર્વક થયાં તે પહેલાં તે સંવતોનાં થયેલાં ખોટાં વાચનથી એ રાજવંશનો ખરો ઇતિહાસ ખૂણે પડી ગયો હતો. હવે એમ ચોક્કસ રીતે સિધ્ધ થયું છે કે ભોજ (આશરે ઇ.સ.૮૪૦-૯૦) તથા તેના પૂર્વગામીઓ અને અનુ-ગામીઓ ગુર્જર જાતિના પ્રતિહાર કુળના હતા અને પરિણામે રાજપૂતોનું બહુ જાણીતું કુળ પરિહાર ગુર્જર અથવા ગૂજર જાતિની શાખા છે.

**અગ્નિમાંથી જન્મેલાં કુળ**

'ચંદરાસો' અને બીજાં પાછળથી થયેલાં લખાણોમાં મળી આવતી જાણીતી લોકકથા તેના જુદાજુદા રૂપાંતરોમાં પવાર (પરમાર), પરિહાર (પ્રત્તિહાર), ચહુઆણ (ચાહુમાણ) અને સોલંકી અથવા ચાલુક્ય એ ચાર રાજપૂત કુળોને 'અગ્નિ-કુળ' એટલે કે દક્ષિણ રજપૂતાનામાં આવેલા આબુ પર્વતના યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન થયેલા રાજ-પૂતોના સમૂહમાં મૂકે છે. ઉપર જણાવેલાં ચાર રાજપૂતોનાં કુળ પરસ્પર સંબંધ ધરાવે છે અને તે બધાં દક્ષિણ રજપૂતાનામાંથી ઉદ્‌ભવ્યાં એ ઐતિહાસિક સત્યોને એ લોકકથા દર્શાવે છે. મી. ક્રૂક વ્યાજબી ટીકા કરે છે તેમ 'એ કથા અગ્નિથી થયેલી શુદ્ધિનું દર્શન કરાવે છે, અને તે શુધ્ધિના દશ્યનું સ્થાન દક્ષિણ રજપૂતાનામાં મૂકે છે. એ શુધ્ધિ ક્રિયાથી પરદેશીઓનો અશુદ્ધિ દોષનો પરિહાર થયો અને તેઓ હિંદુ વર્ણવ્યવસ્થામાં દાખલ થવાલાયક થયા.

એ ચાર કુળોમાંનું એક પરિહાર નિઃસંદેહરીતે 'ગુર્જર' થડની શાખા છે એ તથ્ય પરથી એવી મજબૂત માન્યતા બંધાય છે કે

**પરિહારો**

બાકીનાં ત્રણ કુળો પણ ગુર્જરો અથવા એમના જેવા જ હિંદ બહારથી આવેલા પરદેશીઓના વંશજ હશે. આવી રીતે રાજપૂત કુળોમાંના કેટલાંક

સૌથી વધારે જાણીતાં કુળોની ઉત્પત્તિની સમજૂતિ મળે છે. એમ મનાય છે કે આ ગુર્જરો સફેદ હુનોની સાથે સાથે જ અથવા તો તેમના આવ્યા પછી થોડી જ વારે હિંદમાં દાખલ થયા અને મોટી સંખ્યામાં રજપૂતાનામાં વસાહત કરી રહ્યા. પણ તે એશિયાના કયા ભાગમાંથી આવ્યા અથવા તે કયી જાતિના હતા તે બતાવે એવું કાંઇ જ સાધન નથી. પરમારોનું મુખ્ય મથક આબુ પર્વત પાસે ચંદ્રાવતી અને અચલગઢ પાસે હતું, અને સાતમા સૈકામાં આબુ પર્વતથી વાયવ્યમાં ૫૦ માઇલ પર આવેલા ભિન્નમાળથી માંડી રજપૂતાનાના મોટા ભાગ પર પરિહારો રાજ્ય કરતા હતા. આસરે ઈ.સ. ૮૦૦માં ગુર્જર દેશના નાગભટ્ટ નામના રાજાએ ગંગા કિનારે આવેલું કનોજ શહેર જીતી લીધું અને પોતાના જૂના પાટનગરને છોડી કનોજને પોતાના પાટનગર તરીકે પસંદ કર્યું અને તેમ કરી કનોજના રાજાઓના એક લાંબા વંશની સ્થાપના કરી. ઇ.સ. ૧૦૧૯ની શરૂઆતમાં મહમદ ગજનીનું આગમન થયું ત્યાં સુધી એ વંશના રાજાઓએ ત્યાં રાજ્ય કર્યું. ઈ. સ. ૮૦૦થી ૧૦૧૮ સુધીમાં કનોજમાં થઈ ગયેલા રાજાઓ પૈકીના કેટલાક તો ઉત્તર હિંદમાં ‘મહારાજાધિરાજ’નું પદ ભોગવતા હતા. એ બધા રાજાઓ ઉચ્ચ વર્ણના રાજપૂતો ગણાતા છતાં, ખરી રીતે પાંચમા કે છઠ્ઠા સૈકામાં હિંદ બહારથી ઉમટી આવી રજપૂતાનામાં વસેલા જંગલી પરદેશીઓના વંશજો અને ગુર્જરોના પિતરાઈ હતા એ શોધ છેલ્લાં ઘણાં વર્ષોથી આપણા ઇતિહાસના જ્ઞાનમાં થયેલા ઉમેરાઓમાં સૌથી વધારે જાણવા જેવી છે. જોકે બીજાં રાજપૂત કુળોનો ઇતિહાસ આના જેટલી વિગતવાર રીતે તૈયાર કરવામાં નથી આવ્યો, તો પણ એવી માન્યતા વ્યાજબી રીતે ઊભી થાય છે કે તેમાંના ઘણાની ઉત્પત્તિ લગભગ એવી જ હતી. સાચી વાત તો એમ જણાય છે કે કોઇ પરદેશી કુળ અથવા જાતિ ‘હિંદુત્વ’ ધારણ કરે છે ત્યારે તેમાંના રાજ્યસત્તા ભોગવતાં કુટુંબ સહેલથી રાજપૂત અથવા ક્ષત્રિય તરીકે ઓળખાવા લાગે છે, જ્યારે આમવર્ગના લોક તેમની

જાતિના તંત્રને છોડી દઈ, રાજ્યકર્તા વર્ગની વર્ણ સિવાયની બીજી હિંદુ વર્ણોમાં દાખલ થઇ જાય છે.

**દક્ષિણનાં કુળોની તલબદી ઉત્પત્તિ**

આથી વધારે દક્ષિણમાં આવેલાં કુળોની ઉત્પત્તિનાં મૂળ આથી જુદાં છે. એમ દેખાય છે કે તેઓ આ જ દેશના આદિ વતની ગોંડ, ભાર તથા કોલ વગેરે જાતિઓના વંશજ છે. આ જાતિઓને સર હર્બટ રીઝલીએ 'દ્રાવિડ'[1] એવું જરાય બંધબેસતું ન થાય એવું જાતીય નામ આપેલું છે. ભાષામાં દાખલ થયેલા ભ્રમ પેદા કરે એવાં નામોમાં આ સૌથી ચઢિયાતું છે. ભારો જોડે બહુ નિકટનો સંબંધ ધરાવતી ગોંડ જાતિ અને ચંદેલો વચ્ચેના ગાઢા સંબંધની સાબિતી તો ખાસ મજબૂત છે, અને ચંદેલ રજપૂતો મૂળે ભાર કે ગોંડ કે એ બંનેનાં 'હિંદુત્વ' પામેલા વંશજ છે એ અનુમાન તદ્દન અને પૂરેપૂરૂં વ્યાજબી ઠરે એમ છે. જ્યારે એ લોકોએ સત્તા મેળવી અને ક્ષત્રિયોને માટે યોગ્ય ગણાતું રાજ્યવહીવટનું કામ હાથ ધર્યું ત્યારે તેઓ રાજપૂત કે ક્ષત્રિય તરીકે ઓળખાવા લાગ્યા. ગહરવાળોનો ભારો જોડે એવો જ સંબંધ છે. બુંદેલો અને ઉત્તરના રાઠોડો ગહરવાળોના ફાંટા રૂપ છે. દક્ષિણનું મહાન રાષ્ટ્રકૂટ કુળ જેનો રાજકીય ઇતિહાસ આગલા પ્રકરણમાં આપવામાં આવશે તેમનું નામ વ્યુત્પત્તિની દૃષ્ટિએ રાઠોડને તદ્દન મળતું છે, પણ મને ખબર છે ત્યાં સુધી દક્ષિણના રાષ્ટ્રકૂટો અને ઉત્તર હિંદના રાઠોડો વચ્ચે કોઈપણ જાતના જાતિસંબંધના પુરાવા નથી. એ બેમાંના પહેલા જેવી રીતે હાલના છતરપુર રાજ્યના

૧. 'દ્રવિડિયન' એ 'દ્રાવિડ' વિશેષણનું અંગ્રેજી રૂપ છે. 'દ્રાવિડ'નો અર્થ દ્રાવિડનો અથવા તામિલ દેશનો એવો થાય છે, છેક દક્ષિણમાં આવેલા મુલક, લોકો તથા તેમની ભાષાને એ શબ્દ યોગ્ય રીતે લાગુ પાડી શકાય, પણ મધ્ય હિંદ તથા ઉત્તરની ગોંડ, કોલ તથા ભાર વગેરે બીજી અનાર્ય કહેવાતી જાતોને તે બિલકુલ લાગુ પડી શકે નહિ. 'તામિલ' શબ્દનો અર્થ મીઠું કે મજાનું એવો થાય છે અને દ્રવિડ એ તામિલ શબ્દનું આર્ય ભાષાનું રૂપાંતર છે.

ગોંડોમાંથી ચંદેલો જુદા પડ્યા તેવીજ રીતે મોટે ભાગે દક્ષિણની એક યા બીજી તલબદી જાતિમાંથી ઉત્પન્ન થયેલા જણાય છે.

મધ્ય યુગમાં સતત ચાલતા વિગ્રહો મોટે ભાગે દક્ષિણના દેશીય અથવા તલબદા રાજપૂતો તથા ઉત્તરના પરદેશી રાજપૂતો વચ્ચેના સામાજિક ઝઘડા હતા એમ સમજીએ છીએ ત્યારે તેનો ઉકેલ કાંઇક હાથ લાગે છે અને તેનું યથાર્થ રૂપ સમજવાથી તેમાં કાંઇક રસ પડવા માંડે છે. અલબત્ત ઉપર જણાવેલી પક્ષોની રચના હમેશાં ટકી રહેતી નહોતી. સામાન્ય રીતે પરસ્પર ઝઘડતા પક્ષ કોઇક કોઇક વાર મૈત્રી બાંધી લેતા અને પરસ્પર સંબંધ સાંધી લેતા અથવા ક્ષણભર બધા પક્ષો પરદેશી મુસલમાનોનો સામનો કરવા એકત્ર થઈ જતા પણ મને એ વાત તો ખરી લાગે છે કે હિંદુત્વ પામી હિંદુ સમાજમાં ઊંચે સ્થાને પહોંચેલી તલબદી અનાર્ય જાતિના રાજપૂતો, હિંદ બહારથી આવેલા પરદેશી જંગલીઓના વંશજ રૂપ રાજપૂતો સામે વૈરવૃત્તિ ધરાવતા હતા. ઉત્તરના રાજપૂતોના સમૂહમાં ઇતિહાસના પટ પર સૌથી આગળ પડતા ચહુઆણ, પરિહાર, તોમાર અને પવાર જણાય છે. દક્ષિણના સમૂહમાં મુખ્ય કુળો ચંદેલ, કલચુરિ અથવા હૈહયો, ગહરવાળ અને રાષ્ટ્રકૂટો છે. સોલંકી અથવા ચાલુક્યોનું મૂળ વિવાદગ્રસ્ત છે. તેઓ અયોધ્યામાંથી આવેલા હોવાનો દાવો કરે છે, પણ જે બીજાં ત્રણ કુળો જોડે યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન થવાની બાબતમાં તેમને ભેળવવામાં આવે છે તેમની પેઠે તે પણ ખરેખર પરદેશી જાતિઓના વંશજ હોય એ બહુ બનવાજોગ છે.

**ઉત્તર તથા દક્ષિણની જાતિઓ વચ્ચેના ઝઘડા**

આપણે યાદ રાખવાના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે: (૧) ક્ષત્રિય કે રાજપૂત વર્ણમાં આવેલા સમૂહો ધંધાને અંગે થયેલા સમૂહો છે અને તેમાં હિંદુ ધર્મવિધિઓને અનુસરતાં તથા રાજ્યવહીવટનું કામ યથાર્થ રીતે કરતાં તમામ કુળોનો સમાવેશ થાય છે. (૨) પરિણામે બહુ

**ઉપસંહાર**

જ જુદીજુદી જાતિઓના લોકોને 'રાજપૂત' એ વર્ગમાં એકસાથે ટોળે કરવામાં આવતા હતા. (૩) હાલમાં જે મોટાં રાજપૂત કુળો હયાતીમાં છે, તેમાંનાં ઘણાંખરાં ખ્રિસ્તી સનના પાંચમા કે છઠ્ઠા સૈકામાં હિંદ બહારથી આવી વસેલા જંગલી પરદેશીઓના અથવા તો ગોંડ કે ભાર જેવી આ જ દેશની આદિ વતની જાતિઓના વંશજ છે. કુદરતી રીતે બ્રાહ્મણોએ બનાવેલી અને ઠેઠ સૂર્ય, ચંદ્ર કે યજ્ઞકુંડ સુધી પહોંચતી વંશાવલીઓ માનવાનું પસંદ કરનાર ઘણાં હિંદનાં કુલીન કુટુંબોને મને બીક છે કે આ નિર્ણય નાપસંદ પડશે; પણ મારી ખાતરી થઇ છે કે એ ખરેખર સત્ય છે, જોકે તેનાં પૂરાંવા સહેલથી સમજી શકાય એવા નથી તેમજ તેને સંક્ષેપમાં આપી શકાય એમ નથી. નીચેની નોધમાં આપેલા ઉલ્લેખો વધારે જાણવાની ઉત્કંઠાવાળા વાચકને એ વિષયનો વધારે અભ્યાસ કરવા શક્તિમાન કરશે.[૧]

---

૧. આ વિષયના બીજા ઉલ્લેખો નીચે મુજબ છે:—વીએ. સ્મિથ 'ધી ગુર્જર્સ ઑફ રજપુતાના એન્ડ કનોજ (જે. આર. એ. એસ. ૧૯૦૯ જાન્યુ. અને એપ્રિલ); "વ્હાઇટ હુન (એફેલાઇટ) કોઇન્સ ફ્રોમ ધ પંજાબ" (તે જ. જાન્યુ. ૧૯૦૭); "વ્હાઇટ હુન કોઇન ઑફ વ્યાઘ્રમુખ (તે જ. ઑક્ટ. ૧૯૦૭); "ધી આઉટ લાઈન્સ ઑફ રાજસ્થાન (ઈન્ડ એન્ટિ. ૧૯૧૧); અને ડી. આર. ભાંડારકરનો "ધ ગુર્જર્સ" (જે. બો. બ્રે. રૉ. એ. સો. પુસ્તક XXI); એ જ લેખકનો લેખ "ગુહિલોટસ" (જ એન્ડ પ્રો. એ. એસ. બી. પુસ્તક ૧૯૦૯) બહુ સૂચક અને કિંમતી છે. તે બતાવે છે કે મેવાડ કે ઉદયપુરના રાણા જે રજપૂતાનામાં સૌથી શ્રેષ્ઠ રાજા તરીકે સ્વીકારાય છે અને રાજપૂત ક્ષત્રિયવટના નેતા મનાય છે તે નાગર બ્રાહ્મણના વંશજ છે. રાજપાટ મળ્યા પછી તેમના પૂર્વજો બ્રહ્મક્ષત્રી તરીકે જાણીતા થયા હતા અને વલ્લભિના રાજાઓ જોડે તેને બહુ ગાઢો સંબંધ હતો અને વલ્લભિના રાજાઓ હુન-ગુર્જર સમયના હતા.

રાણાઓની ઉત્પત્તિના ભાંડારકરના ખ્યાલોનો પંડિત મોહનલાલ વિષ્ણુલાલ પંડ્યા બહુ લંબાણથી વિરોધ કરે છે. તે તેના લેખી પુરાવાની ચર્ચા કરે છે અને રાણાઓ વલ્લભિના રાજાઓના વંશના છે એ પ્રણાલી

કથાને ટેકો આપે છે (જ. એન્ટ પ્રો. એ. એસ. બી. ૧૯૧૨ પૃ. ૬૩. ૯૯) પણ તે ભાંડારકરની સયુક્તિક દલીલોને ગંભીર રીતે હરાવી શકતો નથી. ઉદેપુરના રાણાઓ વલ્લભિ રાજાના વંશજ હતા એ બાબતનો કાંઇ ખરો પુરાવો છે જ નહિ, પણ ભાંડારકરે બતાવ્યું છે તેમ બંને પક્ષો રાણા=નાગર બ્રાહ્મણ અને વલ્લભિ રાજાઓ મૈત્રકો હોય એમ જણાય છે અને ગુર્જરો જોડે તેમનો ઘનિષ્ઠ સંબંધ હતો.

# પરિશિષ્ટ

## સેન વંશની ઉત્પત્તિ અને સાલવારી

**આ વિષયમાં રસ**

બંગાળાના વહેલા સમયના ઇતિહાસમાં મારા ઘણા વાચકોએ લીધેલા ખૂબ રસને લઇને હાલમાં મળી આવતી સામગ્રી મારા હાથ પર ન હોવાથી આ પુસ્તકની બીજી આવૃત્તિમાં મ કરેલા કથનથી બહુ જ જુદા પડતાં સેન વંશને લગતાં કથનો આ પુસ્તકમાં મેં કર્યાં છે તેને ખરા ઠરાવવા સારી પેઠે જગા આપવાનું મને મન થાય છે.

**સેન રાજાઓની આનુપૂર્વી**

સેન રાજાઓ પિતાની પછી પુત્ર એમ એક પછી એક ગાદીએ આવતા હતા. શિલાલેખોથી તેમનાં નામ અને પૂર્વાપર ગાદીએ આવવું એટલું તો નિશ્ચિત થયું છે કે તેમાં વિવાદને સ્થાન નથી. એ અનુપૂર્વી નીચે મુજબ છે, (૧) સામંત સેન (૨) હેમંત સેન (૩)વિજય સેન(૪) વલ્લાલ સેન અથવા બલ્લાલ સેન (૫) લક્ષ્મણ સેન (૬) વિશ્વરૂપ સેન. આમાંના સંખ્યાંક (૧) તથા (૨) વાળા રાજા તો માત્ર ઓરિસ્સામાં સ્થાનિક રાજાઓ હતા અને સંખ્યાંક (૬) પૂર્વ બંગાળામાં ઓછી સત્તા ધરાવતો એક રાજા હતો. હિંદનો સામાન્ય ઇતિહાસ તો સંખ્યાંક (૩),(૪) તથા (૫) માં જ માત્ર રસ લઇ શકે એમ છે, કારણકે તેઓ મોટા વિસ્તારવાળાં રાજ્યો પર અમલ ચલાવતા હતા અને મોટા સત્તાધિશોમાં તેમનું સ્થાન હતું.

**વિવાદનો વિષય નથી એવી બાબતો**

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિમાં સ્વીકારેલા મતને સ્થાને બે લક્ષ્મણ સેન હતા એવો વાદ સ્વીકારવો હવે ઇષ્ટ જણાય છે અને શિલાલેખોનો લક્ષ્મણ સેન ને તબકાત. ઇ. નાસીરીમાં વર્ણવ્યા પ્રમાણે બખ્તીઆરના છોકરા મહમદે નદીઆમાંથી નસાડી મૂકેલા રાય લખમણેયથી જુદો છે એવો ભેદ સ્વીકારવો

પડશે. સ્વ. પ્રો. કીલહોર્નની મહેનતથી ચોક્કસ રીતે નિશ્ચિત થયેલી અને પાછળની શોધોથી જેનું સમર્થન થયેલું છે એવી બાબત તે લક્ષ્મણસેનના નામથી ઓળખાતા સંવતનો આરંભ છે. એ સંવતનો પ્રથમ દિવસ ઈ.સ. ૧૧૧૯ના ઑક્ટોબર માસની ૭મી તારીખ છે અને તે સંવતથી ગણતાં તેનું પ્રથમ વર્ષ ઈ.સ. ૧૧૧૯–૨૦હતું. એ પણ સ્પષ્ટ છે કે લક્ષ્મણ અથવા લખમણેયની ઉપાધિ ધારણ કરતો એક સેન રાજા, જે લક્ષ્મણનો વંશજ હતો અને શિલાલેખમાંના લક્ષ્મણ સેનના ત્રણ પુત્રો પછી થયો હતો, તેને હીજરી સન ૫૮૯ એટલે કે લગભગ ઈ.સ. ૧૧૯૩માં મુસલમાનોએ દિલ્હી લીધું ત્યાર પછીના કોઈ વર્ષમાં બખ્તીઆરના છોકરા મહમદે નદીઆમાંથી નસાડી મૂક્યો હતો. એ બનાવ તબાકતનો કર્તા જેને તિબ્બટ કહે છે તે ઇશાન ખૂણાની ટેકરીઓના પ્રદેશમાં મહમદે ચઢાઈ કરી તેની પહેલાં હીજરી સન ૬૦૧માં (ઑગસ્ટ ૧૨૦૪–૧૨૦૫) બન્યો હતો.

**નદીઆ પરની ચઢાઇની વિવાદ-ગ્રસ્ત સાલ**

નદીઆ પરની ચઢાઈ માટેના આપણા એકમાત્ર પ્રમાણરૂપ તબાકતમાં તે ચઢાઈની સાલ આપી નથી તેથી તે બનાવની ચોક્કસ સાલની બાબતમાં સારી પેઠે મતભેદ છે. એ પુસ્તક હીજરી સન ૬૫૮માં પૂરૂં થયું અને તે સાલ ઇ.સ ૧૨૬૦ની બરાબર છે. એનો લેખક જે સામાન્ય રીતે મિરાજ–ઈ–સિરાજ કહેવાય છે તે સ્પષ્ટ લખાણ કરે છે કે બિહાર શહેર આગળ બખ્તીઆરના પુત્ર મહમદે જે હીલચાલ કરી તેની હકીકત તે લઢાઈમાં બચવા પામેલા બે સિપાઈઓ પાસેથી હીજરી સન ૬૪૧માં (ઇ.સ.૧૨૪૩ના જુનથી ૧૨૪૪ના જુન સુધી) તેને મળી. (રેવર્ટીનો તરજૂમો પૃ. ૫૫૨) આ બનાવને લાગેવળગે છે ત્યાં સુધી તેણે આપેલો અહેવાલ લગભગ સમકાલીન કથન જેટલો પ્રમાણભૂત છે. પણ નદીઆ પરની ચઢાઈની એને એટલી બધી સારી માહિતી હોય એમ જણાતું નથી.

બની શકે તેટલા સંક્ષેપ સારરૂપમાં આપીએ તો એ ઇતિહાસ-કારની કહાણી નીચે મુજબ છે: હીજરી સન ૫૮૯માં કુતુબ-ઉદ-દીને

**તબાકત નાસીરીમાં આપેલી કહાણી**

દિલ્હી હાથ કર્યું ત્યાર બાદ તુર્કી ખીલજી જાતિના બખ્તીઆરનો પુત્ર મહમદ તેની પાસેથી કોઈ જગા મેળવવામાં નિષ્ફળ થયો. આ બનાવ પછી કેટલોક સમય, દેખીતી રીતે બહુ લાંબો ગાળો વીત્યા બાદ તેણે કાંઈક પ્રમાણમાં લશ્કરી બળ જમાવ્યું અને મિરઝાપુર જિલ્લામાં એક જાગીર મેળવી. તે જગાએથી પટણા જિલ્લાના વાયવ્યમાં આવેલા મણેર અને બિહારમાં તે ધાડો નાંખતો અને એમ કરતાં કરતાં એની પાસે ઘોડા, હથિયાર તથા માણસોનું સારૂં સાધન એકઠું થયું. વળી વધારામાં આપણને કહેવામાં આવે છે કે 'તે આ ભાગોમાં ધાડો નાખતો' અને એમ કરતાં કરતાં આખરે તેણે બિહારના કિલ્લેબંધી શહેર પર હુમલો કરવાની તજવીજ કરી. આ પુસ્તકમાં જણાવ્યું છે તેમ તેણે એ શહેર કબજે કર્યું અને કુતુબ-ઉદ-દીન જે ઘણું કરીને તે સમયે બુંદેલખંડમાં આવેલા મહોબામાં હતો તેની હજૂરમાં તેણે જબરી લૂંટનો માલ રજૂ કર્યો. તેની પર જે કૃપા પક્ષપાત બતાવવામાં આવ્યો તેનાથી બીજાઓના દિલમાં ઈર્ષ્યા પ્રકટી અને તોફાને ચઢેલા એક હાથીને જેર કરી પોતા પર બતાવેલી કૃપા વ્યાજબી છે એમ મહમદે બતાવી આપ્યું ત્યારે જ એ ઇર્ષ્યા શાંત પડી. એ બનાવ પછી તે બિહાર ગયો. એ અરસામાં નદીઆના ઘણા રહેવાશી ભયભીત થઈ ગયા અને તેમના રાજા રાય લક્ષ્મણેયને છોડી ચાલતા થયા. એ પછીના વર્ષમાં મહમદ-ઇ-બખ્તીઆરે એક લશ્કર તૈયાર કર્યું ને બિહારથી નીકળી પડ્યો અને પુસ્તકમાં વર્ણવ્યું છે તેમ ઓચિંતો નદીઆ શહેર આગળ આવી ઊભો.

હવે આ બધા પુરાવા ફરી તપાસતાં હું બ્લૉકમેન સાથે સંમત થાઉં છું કે રેવર્ટીએ કર્યું છે તેમ હીજરી સન ૫૯૦માં નદીઆ પરનો હુમલો મૂકવો એ અશક્ય છે. હીજરી સન ૫૮૯માં દિલ્હી

**ખરી સાલ આશરે હીજરી સન ૫૯૫ હોવી જોઇએ**

પડ્યું ત્યારબાદ ઉપર આપેલી મહમદની હીલચાલને થતાં કેટલાંક વર્ષ લાગ્યાં હશે. બીજી બાજુ મિરાજ–ઇ–સિરાજ આપણને કહે છે (રેવર્ટી પૃ. ૫૬૦) કે 'કેટલાંક વર્ષ પસાર થયા બાદ' મહમદે તિબ્બટ પરની ચઢાઈની વ્યવસ્થા કરી. એ ખુવારીભરી હીલચાલ હીજરી સન ૬૦૧માં (ઑગસ્ટ ૧૨૦૪થી ઑગસ્ટ ૧૨૦૫) થઈ. આ જોતાં નદીઆનું મહમદને હાથ પડવું હીજરી સન ૫૮૯થી કેટલાંક વર્ષ બાદ અને હીજરી સન ૬૦૧ પહેલાં એટલેકે હીજરી સન ૫૯૫માં કે તેના અરસામાં (નવેંબર ૧૧૯૮થી ઑક્ટોબર ૧૧૯૯) મુકાવું જોઇએ.

પણ મિરાજ–ઇ–સિરાજે કહેલી કહાણી જરા વધારે ચોકસાઇથી એ સાલ નક્કી કરવા આપણને શક્તિમાન કરે છે. તેને એવી માહિતી

**રાય લક્ષ્મણેયનો એંશી વર્ષનો કહેવાતો અમલ**

મળી હતી કે તેના જન્મથી માંડીને ગણતાં રાય લક્ષ્મણેય આજે એંશી વર્ષથી રાજ્યગાદી પર છે. દેખીતી રીતે દંતકથા જેવા એક ટુચકાના ટેકાવાળું એ કથન પોતે જ મોટે અંશે માની ન શકાય એવું છે. હિંદમાં જે લાંબામાં લાંબા રાજ્યની નોંધ થયેલી છે તે ઓરિસ્સાના રાજા ચોરગંગના અમલની છે. તે બરાબર ૭૧ વર્ષનો હતો (ઇ.સ.૧૦૭૬–૧૧૪૭); અને હું જાણું છું ત્યાં સુધી કોઈ પણ દેશના ઇતિહાસમાં એંશી વર્ષનું રાજ્ય હોવાનું જાણમાં નથી. મેજર ફ્રાંકલિન માટે મુનશી શ્યામપ્રસાદે લખેલા ગૌડના અહેવાલમાં લક્ષ્મણસેને ઇ.સ. ૫૧૦થી ૫૯૦ એમ એંશી ચાંદ્રવર્ષ રાજ્ય કર્યું, એ કથન ટાંકી તેને આધારે રેવર્ટી પોતાના એંશી વર્ષના અમલને માનવાની બાબતનું સમર્થન કરે છે. પણ મુનશીએ કહેલા કથન માટે તેની પાસે શું પ્રમાણ હતું તે કાંઈ દેખાતું નથી. એ જ બાજુની બીજી દલીલ એવી છે કે મહમદ હીજરી સન ૬૦૨માં મરી ગયો અને કેટલાક ઇતિહાસકારોના લખ્યા મુજબ લખનાઉટી કે ગૌડમાં તેણે

૧૨ વર્ષ રાજ્ય કર્યું હતું. હીજરી સન ૬૦૨થી બાર વર્ષ પાછળ ગણતાં હીજરી સન ૫૯૦ આવે. પણ બાબુ મનમોહન ચક્રવર્તી સૂચવે છે તેમ, મહમદનો અમલ નદીઆ પરના હુમલા પહેલાંથી ગણાયો હોય એ શક્ય છે. ફરી વિચાર કરતાં, લક્ષ્મણેયના એંશી વર્ષના અમલની તથા નદીઆ પરના હુમલાની સાલ હીજરી સન ૫૯૦ હતી એ બન્ને બાબતોનો અસ્વીકાર કરવામાં હું બ્લૉકમેન સાથે સંમત થાઉં છું.

**નદીઆ પરનો હુમલો લક્ષ્મણસેન સંવતના ૮૦મા વર્ષમાં થયો હતો**

ઘણા વર્ષ પહેલાં પ્રો. કીલહોર્ને કરેલી સૂચના હું સ્વીકારૂં છું. (ઇન્ડી એન્ટી પુસ્તક XIX ૧૮૯૦ પૃ–૭) તે એવી છે કે એંશી વર્ષના અમલની માન્યતા એક ગેરસમજૂતને લીધે ઊભી થવા પામી છે. નદીઆ પરનો હુમલો ખરી રીતે જોતાં લક્ષ્મણસેન સંવતના એંશીમા વર્ષમાં થયો હતો. એ સંવત મુજબ આપેલાં વર્ષો પૂરાં થયેલાં વર્ષો હતાં પણ કોઇ કોઇ વાર ચાલુ વર્ષો પણ આપવામાં આવતાં હતાં. વર્ષ પુરૂં થયેલું છે એમ માનતાં એંશીમું વર્ષ ઇ.સ. ૧૧૧૯–૨૦+૮૦=ઇ.સ. ૧૧૯૯–૧૨૦૦ થાય. પણ ચાલુ વર્ષ આપેલું છે એમ લઇએ તો એ સાલ ૧૧૯૮–૯ (નવેંબરથી ઑકટોબર) થાય. ઘણું કરીને એ બનાવ ઇ.સ. ૧૧૯૯–૧૨૦૦ના શિયાળામાં એટલે કે ઇ.સ. ૧૧૯૯ની આખરમાં અને હીજરી સન ૫૯૬ના આરંભમાં બન્યો હતો. આપણે ખાત્રીથી માની લઇ શકીએ કે તે બનાવ હીજરી સન ૫૯૫ કે ૫૯૬માં બન્યો હતો, હું પહેલાં માનતો હતો તેમ હીજરી સન ૫૯૦માં નહિ.

**નોંધાએલી સેનસાલવારી અને સમકાલીનત્વ**

નદીઆની જીત લક્ષ્મણસેન સંવતના એંશીમા વર્ષમાં થઇ હશે એવા પ્રો. કીલહોર્નનો મતને તે જ સંવતના ૮૩મા (ઇ.સ. ૧૨૦૨) વર્ષના જાની બીગાના શિલાલેખથી ટેકો મળે છે. એ તો ઠીકઠીક સ્પષ્ટજ છે કે જે રાજાનું નામ એ ધારણ કરે છે તેના રાજ્યથી એ સંવત શરૂ થયો. આ પુસ્તકમાં બતાવ્યા પ્રમાણે એ બહુ આદર-

પાત્ર રાજા હતો અને સાહિત્યનો આશ્રયદાતા હતો (પૃ. ૪૨૧-૨૨). વિજયસેનને માટે આપણી પાસે ત્રણ સમકાલીનપણાના પ્રસંગ છે. તેને 'ચોરગંગ સખા' તરીકે વર્ણવવામાં આવ્યો છે. ઇ.સ. ૧૦૬૭થી માંડી ૧૧૪૭ સુધીનો પૂરાં ઇકોતેર વર્ષનો તેનો અપવાદ જેવો શાસનકાળ હતો. એ શાસનકાળનો શરૂઆતનો ભાગ[1] આર ડી. બેનર્જીએ સ્વીકારેલી સાલવારી, કે જે મને પણ હવે ખરી લાગે છે, તે મુજબ વિજયસેનના અમલનાં ૩૮ વર્ષની લગોલગનો છે. બીજા બે સમકાલીનપણાના પ્રસંગ અસ્ફુટ અને અપૂર્ણ છે. એક શિલાલેખ નોંધે છે કે વિજયસેને, નાન્ય,

---

૧ એ તો ચોક્કસ છે કે નાન્ય મિથિલાનો કર્ણાટ રાજા હતો અને અગિયારમા સૈકામાં તથા બારમા સૈકાની શરૂઆતમાં તે વિજયસેનનો અને ઘણું કરીને કનોજના જયચંદ્રનો સમકાલીન હતો. (મનમોહન ચક્રવર્તી જે. પ્રો. એ. એસ. બી., ૧૯૧૫ પૃ. ૪૦૯-૧૧ માં).

આર. ડી. બેનર્જીએ આપેલી સેન વંશની વંશાવલી:-

વીર
|
સામંત
|
હેમંત
|
વિજય
|
બલ્લાલ
|
લક્ષ્મણ

માધવ — વિશ્વરૂપ — કેશવ

(જ. એન્ડ પ્રો. એ. એસ. બી., ૧૯૧૪ પૃ. ૯૮ એ વંશનું 'લક્ષણ' અથવા રાજચિહ્ન 'સદાશિવ મુદ્રા' હતી. તે મુદ્રામાં દશ ભુજાવાળા શિવની બેઠેલી આકૃતિ હતી જે સદાશિવ કહેવાતી (તે જ. પૃ. ૯૯.)

વીર, રાઘવ અને વર્ધન એ નામના ચાર રાજાઓને કેદ કર્યા. આપણને એમ પણ કહેવામાં આવે છે કે તેણે 'વેગથી ગૌડના રાજા પર આક્રમણ કર્યું, કામરૂપના રાજાને દાબી દીધો અને કલિંગને હરાવ્યો.' કમનસીબે એ લેખમાંના રાજાઓનાં નામની જોડેજોડે તેમના હાથ નીચેના દેશોનાં નામ જોડ્યાં નથી. નાન્ય એ તિર્હુટના નાન્ય દેવ હોય, જેણે પ્રણાલી-કથા મુજબ ઈ.સ. ૧૦૯૭માં સીમરાઉનની સ્થાપના કરી અને પાછળથી નેપાલની ખીણમાં કર્ણાટક રાજ્યવંશ સ્થાપ્યો. હું વીર કે વર્ધનની ચોક્કસ ઓળખ કરી શકતો નથી. એમ માનવા કારણ છે કે તેમાંનો એક કામરૂપ કે આસામનો રાજા હોવો જોઈએ.

સેન રાજકુટુંબનાં ઉત્પત્તિ અને ઉદય આપીને આ ચર્ચાત્મક નિબંધ હું સંકેલું છું. એના પૂર્વજોનું મૂળ સ્થાન દક્ષિણમાં હતું અને તેઓ કર્ણાટ ક્ષત્રિયો તેમજ બ્રહ્મક્ષાત્ર તરીકે વર્ણવાયા છે. આમાંના બીજા શબ્દના અર્થની બાબતમાં પ્રો. કીલહોર્નની ગેરસમજ થઈ હતી, પણ તેનો ખુલાસો ડી. આર. ભાંડારકરે આપેલો છે. વર્ણોના ઈતિહાસ પર ઘણો પ્રકાશ નાખતી એની ટીકાઓનો આખો પાઠ અવતરણ આપવા યોગ્ય છે.

**દક્ષિણમાંનું સેન રાજાઓનું કુટુંબ**

'આપણે જોઈ ગયા છીએ કે એક ચાટ્સુ લેખ ભર્તૃભટ્ટ નામના એક ગુહિલોટ રાજા વિષે તે 'બ્રહ્મક્ષત્રાન્વિત' હતો એમ કહે છે. એ પદનો તરજૂમો મેં બ્રહ્મ અને ક્ષાત્ર એવાં બન્ને તેજવાળો એમ કરેલો છે, પણ નીચે એક પદટીકા ઉમેરવામાં આવી છે અને તેમાં એમ કહેલું છે કે ઉપર જે કહેલું છે તેનો અર્થ એવો થાય છે કે ભર્તૃભટ્ટ બ્રહ્મ-ક્ષત્રી હતો એટલેકે બ્રહ્મક્ષત્રી જ્ઞાતિનો હતો. ભર્તૃભટ્ટ માત્ર એક જ એવો હિંદી રાજા નથી જેનું ઉપર મુજબ વર્ણન કરવામાં આવ્યું છે. બંગાળાના જાણીતા સેન વંશના વિજયસેનના દેવપારા શિલાલેખમાં સામંતસેનને "ब्रह्मक्षत्रियाणां कुलशिरोदाम" એ રીતે વર્ણવ્યો છે. પ્રો.

**બ્રહ્મક્ષાત્ર શબ્દનો અર્થ**

કીલહોર્ને એનો અર્થ 'બ્રાહ્મણ અને ક્ષત્રિયોના કુળોની માથાની માળા' એવો કરેલો છે. પણ હું ધારૂં છું કે તેનો અર્થ 'બ્રહ્મક્ષત્રિય કુળોની માથાની માળા' એમ કરવો જોઇતો હતો. પાછળ કરેલો તરજૂમો બરાબર છે એમ 'બલ્લાલચરિત' માં સેન રાજાઓને ઉદ્દેશી વપરાયેલા 'બ્રહ્મક્ષાત્ર' એ શબ્દથી બતાવાય છે.

હવે 'બ્રહ્મક્ષાત્ર'ને મળતી બ્રહ્મક્ષત્રી નામની એક જ્ઞાતિ છે અને એ જ્ઞાતિના આદમી પંજાબ રજપૂતાના, કાઠિયાવાડ ગૂજરાત અને દક્ષિણમાં પણ ઘણી જગાએ જોવામાં આવે છે. અગાઉ મેં નિવેદન કર્યું છે, તેવા મારા મત મુજબ તો એ બધા નવી જાતિઓના બ્રાહ્મણ વર્ણના હતા અને હિંદુ સમાજમાં છેવટના ભળી ગયા ત્યારે તેઓ ક્ષત્રિયત્વ ધારણ કરતા થઈ ગયા હતા.' એ લેખક પછી જોધપુર રાજ્યના ભંડારા, વણકર તથા રંગારા જેઓ મૂળ નાગર બ્રાહ્મણ હતા તેમના દાખલા ટાંકે છે અને આગળ ટીકા કરે છે કે:—

'અહીં આપણી પાસે એક એવી બ્રહ્મક્ષત્રી જ્ઞાતિનો દાખલો છે, જેના સભ્યો કહે છે કે તેઓ મૂળે નાગર બ્રાહ્મણ હતા. આ સાફ રીતે બતાવી આપે છે કે ગુહિલોટ કે જે મૂળ નાગર બ્રાહ્મણ હતા તે કેવી રીતે બ્રહ્મક્ષત્રી અથવા ક્ષત્રી થઇ ગયા અને બ્રહ્મક્ષત્રીઓની જુદીજુદી જ્ઞાતિઓ મૂળ પરદેશી જાતિઓના બ્રાહ્મણ વર્ણના લોકોની બનેલી હતી, અને હિંદુ સમાજમાં ભળવાની વિધિ શરૂ થઈ તે અરસામાં પણ તે પૂરી થઈ તે પહેલાં તેમણે બ્રાહ્મણ ધર્મને સ્થાને ક્ષત્રિય ધર્મનો સ્વીકાર કર્યો હતો.'

શ્રી ભાંડારકરનું કહેવું તદ્દન ખરૂં છે. પરિણામે સેન રાજાઓનો પૂર્વજ દક્ષિણમાંથી આવેલો કોઈ બ્રાહ્મણ હશે, અને ઘણું કરીને તે બ્રાહ્મણને સહજ એવા મંત્રીપદે નીમાયેલો હશે. મંત્રીપદ છોડી તેણે રાજ્યવહીવટનું કામ હાથમાં લીધું ત્યારે તે બ્રહ્મક્ષત્રી થયો અને તેના વંશજો પૂરા ક્ષત્રિયો તથા બીજાં રાજ્ય

**સેન રાજકુલ મૂળ બ્રાહ્મણ વર્ણનું**

કરતાં ક્ષત્રિય ગણાતાં કુટુંબો જોડે બેટી વહેવાર કરવા યોગ્ય ગણાવા લાગ્યાં. સામંતસેન કલિંગ કે ઓરિસ્સાના રાજાની નોકરીમાં હોય એ ઘણું સંભવિત છે. ઉત્તર ઓરિસ્સામાં સામંતદેવનો અર્ધ સ્વતંત્ર રાજા તરીકે સ્થિર થવાનોબનાવ અગિયારમાં સૈકાની અધવચમાં કોઇક સમયે થયેલો હશે. સંભવ છે કે તે સ્વતંત્ર રીતે રાજ્ય કરતો રાજા નહિ હોય. રાજપદ ભોગવનાર એ વંશમાં પહેલો પુરુષ તેનો છોકરો હેમંતસેન હશે.

નીચે જેનું અવતરણ આપ્યું છે તે પ્રમાણ મુજબ સેનોની સૌથી વહેલી અને નિશ્ચિત રીતે જણાયેલી રાજ્યધાની કાશીપુરીમાં હતી.

**સેન વંશની સૌથી પહેલી રાજ્યધાની**

મિદનાપુર જિલ્લાની પડોશમાં ઓરિસ્સાનાં ખંડિયાં રાજ્યોમાં સૌથી ઉત્તરમાં આવેલા મયુરભંજ રાજ્યમાં સુવર્ણરેખા નદીના કિનારા પર આવેલું હાલનું કસીઆરી તે જ પ્રાચીન કાશીપુરી. બાબુ નગેન્દ્રનાથ વસુના પ્રશંસનીય ‘આર્કીઓલોજીકલ રીપોર્ટ’ માંથી હું અવતરણ આપું છું.

‘આશરે ત્રણસો વર્ષ જેટલા પ્રાચીન અને તાડપત્ર પર લખેલા બંગાળાના પાશ્ચાત્ય વૈદિકોનાં વંશવૃક્ષના ઇતિહાસમાં આપણે વાંચ્યું છે કે સેન રાજવંશ સુવર્ણરેખાના કિનારા પર આવેલા કાશીપુરી નામના નગરમાં રાજ્ય કરતો હતો. આ સ્થાનના રાજાઓમાંના એક વિજયસેનને બે પુત્રો હતા. મોટાનું નામ મલ્લ અને નાનાનું નામ શ્યામલ હતું. પૂર્વ બંગાળાને જીતી લઇ વિક્રમપુરને પોતાનું પાટનગર કરનાર રાજા તે આ બેમાંનો બીજો હતો. પાશ્ચાત્ય કુલમંજરી પ્રમાણે વિક્રમપુરમાં શ્યામવર્માનો અમલ શક ૯૯૪ એટલે ઇ. સ. ૧૦૭૨ માં શરૂ થયો. એ તો નિઃસંદેહ વાત છે કે કસીઆરી એ કાશીપુરીનો જ અપભ્રંશ છે.’

પણ એ બાબત તદ્દન શંકારહિત નથી. એ ફકરામાં સૂચવાયેલા સ્થાનિક ઇતિહાસના પ્રશ્નોને અને ઉપર જણાવેલા પુસ્તકમાંની ટીકાઓને હું પૂરેપૂરાં અનુસરી શકતો નથી.

સંખ્યાબંધ પદ ટીપણીઓ આપવાની જરૂરિયાતથી બચવા માટે

મુખ્ય મુખ્ય ઉલ્લેખોનું વર્ગીકરણ કરી આ સાથે સામેલ કરવામાં આવે છે.

## ઉલ્લેખો

આ પુસ્તકમાં તથા પરિશિષ્ટમાં સેનોને લગતાં જે જે કથનો છે તેનાં પ્રમાણો નીચેની વર્ગીકરણ કરેલી યાદીમાં આપેલાં છે. બહુ જરીપુરાણાં થઇ ગયેલાં પુસ્તકોનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો.

**પ્રમાણો**

**સામાન્ય**

તારાનાથે આપેલા 'ચાર સેનોના' અહેવાલની યથાર્થ સમજૂતિ આપવી અઘરી છે. (સ્નાઇફ્નર પૃ. ૨૫૨-૭) તે રાજાઓનાં નામ નીચે મુજબ આપે છે: (૧) લવસેન (૨) કાશસેન (૩) મણિતસેન (૪) રથિકસેન. તે ટીકા કરે છે કે જો કે દરેક રાજાના અમલનો સમય નિશ્ચિત કરવા તે શક્તિમાન થયો નથી તો પણ તે ચારેએ ભેગા મળીને આશરે એંશી વર્ષથી વધારે રાજ્ય કર્યું નથી. બધા મગધને જીતનાર, વિક્રમશિલાનો નાશ કરનાર અને ઓટંટ પુરીમાં (બિહાર ગામ) ઘણા સાધુઓની કતલ કરનાર તુરૂષ્ક રાજા ચંદ્રનો અહેવાલ, બખતીઆરના પુત્ર મહમદની ચઢાઇ વર્ણવવા માટે હોય એમ જણાય છે, પણ એ આદમીને ચંદ્ર પહેલા તરીકે કેમ વર્ણવવામાં આવે છે તે હું કહી શકતો નથી. આગળ જતાં (પૃ. ૨૫૬) તે બીજા પાછળના સેનોને વર્ણવે છે. દા. ત. (૧) લવણસેન બીજો. (૨) બુદ્ધસેન (૩) હરિતસેન અને (૪) પ્રતીતસેન એ બધા મર્યાદિત સત્તાવાળા અને તુરૂષ્ક અથવા મુસલમાનોના તાબાના રાજા હતા.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિમાં શિલાલેખોમાંનો લક્ષ્મણસેન અને તબકાત. ઈ. નાસીરીનો રાય લક્ષ્મણેય એક જ છે એમ માની લેવામાં આવ્યું હતું. જે. બી. & ઑ. રીસ. સો. પુસ્તક IV પૃ. ૨૬૬–૭૨ માં કે. પી. જયસ્વાલે અને તેના જ પૃ. ૨૦૩–૮૦ માં એચ. પંચ્યાએ હાલમાં એ વિષય પર નવો પ્રકાશ નાંખ્યો છે. લક્ષ્મણસેન સંવત પ્રવર્તાવનાર લક્ષ્મણસેન, મહમદની ચઢાઇ પહેલાં ઘણાં સમય પર

મરી ગયો હતો, અને તારાનાથ જેને લવસેન કહે છે તે લક્ષ્મણસેન ૨ જો. આ પુસ્તકમાં આગળ આપેલી વંશાવલીમાં બતાવ્યા પ્રમાણે લક્ષ્મણ-સેનના ત્રણ પુત્રોના ગાદીએ આવી ગયા પછી તેગાદીએ આવ્યો હતો એમ માનવું સયુક્તિક જણાય છે. વિશ્વરૂપસેન તથા કેશવસેન જેમનું પાટનગર ગૌડમાં હતું તેનાં તામ્રપત્રોથી આ વાતનું સમર્થન થાય છે. તે જ જગાને પોતાનું પાટનગર તરીકે પસંદ કરનાર મહમુદની પહેલાં તેઓ ત્યાં રાજ્ય કરી ગયા હશે, એ તામ્રપત્રો પરની સાલ અનુક્રમે શાસન કાળનાં ૧૪માં અને ત્રીજાં વર્ષ છે. એટલે લક્ષ્મણસેન ઈ.સ. ૧૧૮૨ (૧૧૯૦-૧૭) પહેલાં અને ઘણું કરીને એથી પણ બહુ પહેલાં મરી ગયો હશે. કારણ કે મોટા ભાઇએ પહેલાં રાજ્ય કર્યું હતું. લક્ષ્મણસેનના પુત્રો મુસલમાનો પર જય મેળવવાનો જે દાવો કરે છે તે જીત ઈ.સ. ૧૧૯૯ની મહમદની ચઢાઈ પહેલાં થયેલી હોવી જોઇએ. એટલે કે તે કાશી સુધી આગળ વધી આવેલાં ઘોરી લશ્કરની સામે હશે.

બ્લોક મેન. જં. એ. એસ. બી., ભાગ i પુસ્તક XIIV (૧૮૭૫) પૃ. ૨૭૫; રેવર્ટીનો જવાબ તે જ પુસ્તક XIV (૧૮૭૬) પૃ. ૩૨૦ અને તરજૂમો તબાકત એપ. ડી.; મનમોહન

**નદીઆ પડયાની સાલ**

ચક્રવર્તી 'સેનરાજાઓ પરનું પરિશિષ્ટ' જે. એન્ડ પ્રો. એ. એસ. બી. પુસ્તક I, ૧૯૦૫, પૃ. ૪૫-૫૦; અને 'સર્ટન ડિસ્પ્યુટેડ ઓર ડાઉટફુલ ઇવેન્ટસ, ઈન ધ હિસ્ટરી ઑફ બેંગાલ, મુહેમેદન પીરિયડ' તે જ પુસ્તક IV, ૧૯૦૮ પૃ. ૧૫૧.

ઉપલા લેખો ઉપરાંત-નરેન્દ્રનાથ વસુ જે. એ. એસ. બી. ભાગ I, પુસ્તક iXV (૧૮૯૬), પૃ. ૬-૩૮; બાબુ અક્ષય કુમાર મિત્ર, તે જ, પુસ્તક iXIX (૧૯૦૦), પૃ. ૬૧; કીલહોર્ન

**લક્ષ્મણસેનનો સંવત અને સાલવારી**

ઈન્ડી. એન્ટી. XIX (૧૮૯૦) પૃ. ૬.; અને એપિ. ઇન્ડિ., i, ૩૦૬; બેવરિજ, જે. એ.

એસ. બી. ભાગ I પુસ્તક lVII (૧૮૮૮), પૃ. ૧–૭; આર. ડી. બંદ્દોપાધ્યાય 'માધાઈનગર ગ્રેન્ટ ઑફ લક્ષ્મણસેન,' જે. એન્ડ પ્રો. એ. એસ. બી., પુસ્તક V, ૧૯૦૯, પૃ. ૪૬૭; અને પ્રો. એન. કે. ભટ્ટશાલી, 'કિંગ લક્ષ્મણસેન ઑફ બેંગાલ ઍન્ડ હિઝ ઇરા.' ઇન્ડી, એન્ટિ., પુસ્તક XII (જુલાઈ ૧૯૧૨), પૃ. ૧૬૭–૯.

**સેન યુગમાં સાહિત્ય**

મનમોહન ચક્રવર્તી, બંગાળાના રાજા લક્ષ્મણસેનના રાજકવિ ધોયિકનું બનાવેલું 'પવન દૂતમ્,' જે. એન્ડ પ્રો. એ. એસ. બી., પુસ્તક I (૧૯૦૫), પૃ. ૪૧૦; 'સપ્લીમેન્ટરી નોટસ ઑન ધ બેંગાલ પોએટ ધોયિક એન્ડ ધ સેન કિંગ્ઝ' તે જ પુસ્તક II (૧૯૦૬), પૃ. ૧૫૦; 'સંસ્કૃત લિટરેચર ઇન બેંગાલ ડ્યુરિંગ ધ સેન રૂલ,' તે જ; પૃ.૧૫૭.

**ચોરગંગ તથા વિજય-સેનનું સમકાલીનત્વ**

મનમોહન ચક્રવર્તી, 'ક્રોનોલૉજી ઑફ ધ ઇસ્ટર્ન ગંગ કિંગ્ઝ ઑફ ઓરિસ્સા,' જે. એ. એસ. બી , ભાગ I પુસ્તકlXXII (૧૯૦૩),પૃ. ૧૪, જેમાં આનંદ ભટીના 'વલ્લાલ ચરિત' માંથી અવતરણો આપેલાં છે.

રાઘવને માટે મનમોહન ચક્રવર્તી, જે. એન્ડ પ્રો. એ. એસ. બી. પુસ્તક I (૧૯૦૫), પૃ. ૪૯. નાન્ય માટે,એસ. લેવિ લ 'નેપાલ' ૧ II, પૃ. ૧૯૮; કીલહોર્ન એપિ. ઇન્ડિ., I, પૃ. ૩૧૩ નોંધ ૫૭. આ સામાન્ય વીર નામના રાજા માટે, ગેઇટ, 'રીપોર્ટ ઓન ધ પ્રોગ્રેસ ઓફ હિસ્ટોરિકલ રીસર્ચ ઇન આસામ,' શિલોંગ, ૧૮૯૭, પૃ. ૧૧, ૧૯.

**સેનોનું આરંભનું સ્થાન બ્રહ્મક્ષત્રનો અર્થ**

નગેન્દ્રનાથ વસુ, 'આર્કીઓલોજીકલ સર્વે ઑફ મયુરભંજ.' મયુરભંજ રાજ્ય પ્રસિદ્ધ કરેલો, ૧૯૧૧ પૃ. ૧૨૨.

ડી. આર. ભાંડારકર 'ગુહિલોટસ' જે. એન્ડ પ્રો. એ. એસ. બી., પુસ્તક V; ૧૯૦૯. પૃ. ૧૬૭–૮૭. ખાસ કરીને પૃ. ૧૮૬; એક બહુ જ કિંમતી અને નવીન સર્જનાત્મક નિબંધ.

# પ્રકરણ ૧૫ મું

## દક્ષિણનાં રાજ્ય

**દક્ષિણ**

'દક્ષિણ' એ સંસ્કૃત શબ્દના સગવડભર્યા અને જાણીતા અપભ્રંશ 'દખ્ખણ' એ શબ્દને નર્મદા નદીની દક્ષિણે આવેલો હિંદનો તમામ પ્રદેશ દર્શાવાય એવા વિશાળ અર્થમાં વાપરી શકાય છે અથવા તે કેટલીકવાર એમ વપરાયો સુદ્ધાં છે. પણ સામાન્ય રીતે એ શબ્દથી વધારે મર્યાદિત પ્રદેશનું સૂચન થાય છે અને તેમાં હિંદના છેક દક્ષિણમાં આવેલાં મલબાર અને તામિલ દેશોનો સમાવેશ થતો નથી. આમ મર્યાદિત થતાં, એ શબ્દથી મહારાષ્ટ્ર અથવા મરાઠાઓનો દેશ અને તેલુગુ ભાષા બોલતા લોકોથી વસાયેલો દેશ સૂચવાય છે. મ્હૈસુરના કેટલાક રાજવંશો, જેને હિંદના છેક દક્ષિણ ભાગ કરતાં 'દખ્ખણ' જોડે વધારે લાગેવળગે છે તેની નોંધ આ પ્રકરણમાં લેવામાં આવી છે, કારણકે તામિલ સત્તાઓના કરતાં આ પ્રદેશના સંબંધમાં તેની ચર્ચા કરવી એ વધારે સગવડભર્યું છે. હાલના રાજકીય વિભાગોની દૃષ્ટિએ જોતાં, ઉપરના મર્યાદિત અર્થમાં 'દખ્ખણ' લઇએ તો તેના ઘણા મોટા ભાગનો સમાવેશ હાલના હૈદ્રાબાદના નિઝામના રાજ્યમાં થઇ જાય છે.

ભૌતિક દૃષ્ટિએ જોતાં એ પ્રદેશ મોટે ભાગે સુકો, ડુંગરાળ ઉચ્ચ પ્રદેશ છે. ગોદાવરી ને કૃષ્ણા એવી બે મોટી નદી તેની હાંસેટ પસાર થાય છે. એમાં-ની કૃષ્ણાને દક્ષિણ બાજુએથી તુંગભદ્રા નામની અગત્યની નદી મળે છે.

**ઇ.સ. ૨૨૫–૨૫૦ ઇતિહાસમાં શૂન્ય પ્રદેશ**

આશરે ઈ.સ. ૨૨૫ સુધીના સાડાચાર સૈકા સુધી, આ પ્રદેશમાં આગળપડતી સત્તા આંધ્ર હતી. એનો ઇતિહાસ આ પુસ્તકના આઠમા પ્રકરણમાં ચર્ચવામાં આવ્યો છે.

૧૮૯૬માં લખતાં સર. આર. જી. ભાંડારકર ટીકા કરે છે કે 'આંધ્રવંશના લોપ પછી આશરે ત્રણ સૈકા સુધી આ પ્રદેશ પરના રાજ્ય-

વંશ કે વંશોની આપણને કાંઈ જ ચોક્કસ માહિતી નથી.' જો કે એ સમય પછી દક્ષિણના ઉચ્ચ પ્રદેશના દક્ષિણ ભાગમાં રાજ્ય કરતા રાજાઓના સંબંધમાં કાંઇક વધારે માહિતી મળવા પામી છે, ખાસ કરીને ત્રીજા અને છઠ્ઠા સૈકાની વચ્ચે કનારા અને મહીસૂરના ઉત્તર જિલ્લાઓમાં રાજ્ય કરતા કદંબો[૧] વિષે. તો પણ પૂરાતત્ત્વજ્ઞોએ વીણી

---

૧ આશરે છઠ્ઠા સૈકાની અધવચમાં બ્રાહ્મણોમાંથી ઉત્પન્ન થયેલા કદંબરાજ વંશને દૂર કરી ચાલૂકયો આવ્યા. હરિવર્માનાં સંગોલી તામ્રપત્રો પર જે સાલ છે તે ઈ. સ. પ૨૬ કે ઈ. સ. પ૪પ ને મળતી થાય છે. ઘણું કરીને પાછલી સાલ જોઇએ. કારણકે હરિવર્મા પ૩૮માં ગાદીએ આવ્યો અને કદંબોનો છેલ્લો રાજા હશે. (એપિ. ઇન્ડિ. XIV (ઑક્ટો. ૧૯૧૭) પૃ. ૧૬૬) રાજા હરિવર્મા અને કૃષ્ણવર્મા બીજાનાં તામ્રપત્રો ઉત્તર કાનરામાં મલી આવ્યાં છે (પ્રો. રીપો. એ. એસ. ડબલ્યુ. સી., ૧૯૧૮પ પૃ. ૩પ)

કદંબો માટે જુઓ રાઈસનું 'માયસોર એન્ડ કુર્ગ ફ્રોમ ધ ઈન્સ્ક્રીપ્શન્સ' લંડન, કોન્સ્ટબલ એન્ડ કો. ૧૯૦૯) બીજી રીતે ઉલ્લેખ ન થયો હોય તો આ પ્રકરણમાં આપેલી હકીકત ફ્લીટના 'ડીનેસ્ટીઝ ઑફ ધ કેનેરીઝ ડિસ્ટ્રિકટસ' ની બીજી આવૃત્તિ અને આર. જી. ભાંડારકરના 'બોંબે ગેઝીટીઅર (૧૮૯૬) પુસ્તક I અને II માંના 'અર્લી હિસ્ટરી ઑફ ધ ડેક્કન' આધારે આપવામાં આવી છે. એ બંને પુસ્તકોમાં મૂળ લેખોના પૂરા ઉલ્લેખો જડશે. કીલહોર્નના 'સપ્લીમેંટ ટુ ધ લિસ્ટ ઑફ ઇન્સ્ક્રીપ્શન્સ ઑફ સધર્ન ઇંડિયા' (એપિ. ઇન્ડિ. પુસ્તક VIII પરિશિષ્ટ II) ૧૯૦૬ના જાન્યુઆરી સુધીના શિલાલેખોના અભ્યાસના પરિણામરૂપ ઘણી જ વિશ્વાસપાત્ર વંશાવલીઓ આવે છે. પુલકેશીન તથા બીજાં ઘણાનાં નામોનાં સંખ્યાબંધ પાઠાંતરો જોવામાં આવે છે. 'પુલકેશિન' એવી જોડણી હાલમાં બધે સ્વીકારમાં આવી છે. એ નામ ચાપોની વંશાવલીઓમાં મલી આવે છે અને ચાલુકય કુટુંબની બહાર એ નામ મળી આવવાનો પોતાને મળેલો એ એક જ દાખલો છે એમ ફ્લીટ કહે છે. સોલંકી અથવા ચાલુકયોનો સંબંધ ગુર્જરો જોડે હતો જેની 'ચાપ' લોક એક શાખા રૂપ છે, એવા જેકસનના મતને આથી પુષ્ટિ મળે છે. (બો. ગેઝીટીઅર (૧૮૯૬) પુસ્તક I ભાગ I પૃ. ૧૨૭ નોંધ ૨, ૧૩૮, ૪૬૩ નોંધ ૨, ૪૬૭)

કાઢેલી વિગતો સામાન્ય જનતાને રસિક થઇ પડે અને તેની વિગતવાર નોંધ આ પુસ્તકમાં લેવી વ્યાજબી ગણાય એવી નથી. એ મુલકનો પશ્ચિમ ભાગ મહારાષ્ટ્ર રાષ્ટ્રકૂટ અથવા રાટ કુળના અમલ નીચે હોય એમ જણાય છે. ત્યાર પછી ઘણે લાંબે સમયે આઠમા સૈકામાં એ કૂળ થોડા સમય માટે દખ્ખણમાં રાજ્ય કરતી સત્તા થવા પામી હતી.

છઠ્ઠા સૈકાના મધ્યમાં ચાલુકયોના ઉદયથી વ્યવહારૂ રીતે દક્ષિણના રાજકીય ઇતિહાસનો આરંભ થાય છે એમ કહેવું હજુ પણ ખરૂં છે.

**ચાલુકયોનો ઉદય**

ચાલુકયો એવો દાવો કરે છે કે તેઓ ઉત્તરમાંથી આવેલા રજપૂતોની જાતિ છે. ચાલુકયોએ ઇતિહાસપટ પર દેખા દીધી તે પહેલાં ઉત્તરના આર્ય આદર્શોથી મોટે ભાગે પ્રભાવિત થઈ ચૂકેલા દક્ષિણના ઉચ્ચ પ્રદેશના દ્રાવિડ વતનીઓ પર તેમણે પોતાનું પ્રભુત્વ જમાવ્યું હતું. ચાલુકય કુળના વંશવૃક્ષને તેના ઉત્પત્તિના સ્થાન અયોધ્યા સુધી પહોંચાડી દેતાં તથા તે રાજવંશને પુરાણોકત મૂળ પુરુષ આપતાં, પાછળનાં ચાલુકય શિલાલેખમાંનાં કથનો ઇતિહાસની દૃષ્ટિએ નકામાં છે. ચાલુકયો અથવા સોલંકીઓનો સંબંધ ચાપો જોડે અને તેમ કરી જે ગુર્જર જાતિના ચાપો શાખારૂપ હતા તેની સાથે હતો એમ માનવા કાંઇક કારણ છે અને સંભવિત છે કે તેઓ રજપૂતાનામાંથી સ્થાન ફેર કરી દક્ષિણમાં આવ્યા હોય.

ઇ.સ. ૫૫૦માં બિજાપુર જિલ્લામાંના હાલના બદામી અથવા પ્રાચીન વાતાપિનો કબજો લેનાર પુલકેસીન પહેલો એ નામના એક રાજાએ

**ઇ.સ. ૫૫૦ પુલકેસિન્ પહેલો**

એ રાજવંશની સ્થાપના કરી અને સાધારણ કદનો મુલક મેળવ્યો. તેનો હેતુ વધારે વિસ્તૃત સત્તા મેળવવાનો હતો અને અશ્વમેધ યજ્ઞ કરી તેણે મહારાજાધિરાજ પદનો દાવો કર્યાનું કહેવાય છે.

કીર્તિવર્મા તથા મંગળેશ નામના તેના બે પુત્રોએ એના કુટુંબના તાબાના મુલકનો પૂર્વ તથા પશ્ચિમ તરફ વિસ્તાર વધાર્યો. એમાંના

**કીર્તિવર્મા અને મંગળેશ**

પહેલાએ વધારે ઓછા પ્રમાણમાં જે કુલોને પોતાની સત્તા નીચે આણ્યાં તેમાં પશ્ચિમઘાટ તથા સમુદ્રની વચ્ચે આવેલી સમુદ્ર કિનારાની ચીચરવટી જેવા કોકણ પ્રદેશમાંના મૌર્યોનો પણ સમાવેશ થાય છે. પ્રાચીન સામ્રાજ્ય સત્તાધીશ મૌર્યોના કદાચ તેઓ વંશજ પણ હોય.

મંગળેશ પછી ગાદીનો વારસો મેળવવાની બાબતમાં તેના અને કીર્તિવર્માના છોકરાઓ વચ્ચે ઝગડો થયો. એમાંના બીજાએ પોતાના હરીફને હરાવ્યો અને ઇ.સ. ૬૦૮માં પુલકેસિન્ બીજાનું નામ ધારણ કરી તે વાતાપિની ગાદીએ બેઠો. બીજે વર્ષે તેનો વિધિસર રાજ્યભિષેક થયો. આ શક્તિશાળી રાજા લાગલાગટ વીસ વર્ષ સુધી તેની પડોશમાં આવેલાં તમામ રાજ્યો પર આક્રમણ કરી તેને જીતી લેવાના કાર્યક્રમમાં લાગ્યો રહ્યો. પશ્ચિમે અને ઉત્તરે લાટ અથવા દક્ષિણ ગુજરાતના રાજાઓ; ગુર્જર અથવા ઉત્તર ગુજરાત અને રજપૂતાના, માળવા અને કોકણના મૌર્યો એ બધાને પુલકેસિના બાહુબળના પરચા મળ્યા.

**ઈ.સ. ૬૦૮ પુલકેસિન્**

પૂર્વમાં તેણે કૃષ્ણા અને ગોદાવરી વચ્ચેના વેંગીને પોતાની સત્તા નીચે આણ્યું અને ઇ.સ. ૬૧૧માં પોતાના ભાઇ કુબ્જ વિષ્ણુવર્ધનને પોતાના પ્રતિનિધિ તરીકે ત્યાં સ્થાપ્યો. તેનું પાટનગર પિષ્ટપુરના દૂર્ગમાં હતું. આજે ગોદાવરી જિલ્લામાંનું પિથુપુરમ તે જ તે પિષ્ટપુર. થોડાં વર્ષ બાદ આશરે ઇ.સ. ૬૧૫માં એ સ્વતંત્ર રાજા થઇ પડ્યો અને પૂર્વ ચાલુક્યોના વંશની સ્થાપના કરી. ઇ.સ. ૧૦૭૦માં ચોલ વંશમાં ભળી ગયો ત્યાં સુધી એ વંશ ચાલુ રહ્યો હતો.

**ઈ.સ. ૬૧૧ વેંગીની જીત**

ચોલ, પાંડ્ય અને કેરલ તેમજ પલ્લવ એ તમામ દક્ષિણનાં રાજ્યોને વાતાપિના આ મહત્વાકાંક્ષી રાજા જોડે અથડામણમાં આવવાની ફરજ પડી. એ તો નિઃસંદેહ વાત છે કે ઈ.સ. ૬૩૭માં નર્મદાની દક્ષિણે તો તે સૌથી વધારે

**દક્ષિણના વિગ્રહો**

સત્તા ભોગવતો સમ્રાટ્ હતો.

**ઈ.સ. ૬૨૦ હર્ષની પીછેહઠ**

એ સાલ પહેલાં દસ વર્ષ ઉપર આખા હિંદના સમ્રાટ્ થવાની ઉમેદ રાખતા ઉત્તર હિંદના સમ્રાટ્ હર્ષે જાતે સરદારી લઇ તેના મુલક પર કરેલા આક્રમણનો તેણે સફળ સામનો કર્યો હતો. દક્ષિણ તથા ઉત્તર હિંદના રાજ્ય વચ્ચે સીમા રૂપ નર્મદાની આખી સરહદ રેખાની સફળ રક્ષા કરવામાં પુલકેશીએ બતાવેલાં સાવધાનતા તથા યુધ્ધકૌશલથી હર્ષ તેનું ધાર્યું કરવામાં સફળ થયો નહિ.

**ઇ.સ. ૬૨૫ ઇરાન સાથેનો વ્યવહાર**

દક્ષિણના આ રાજાની કીર્તિ હિંદની હદ બહાર ફેલાઈ અને ઇરાનના રાજા ખુશરૂ બીજાના કાન સુધી પહોંચી. તેના અમલનાં ૩૬મા વર્ષમાં એટલે કે ઇ.સ. ૬૨૫–૨૬ ના અરસામાં પુલકેશી તરફથી આવેલી સત્કાર દૂતમંડળીનું તેણે સન્માન કર્યું. એ શિષ્ટાચારના જવાબમાં ઇરાનમાંથી વળતી એક દૂતમંડળી તેના દરબારમાં મોકલવામાં આવી અને તે હિંદી રાજાના દરબારમાં તેનું યોગ્ય સન્માન થયું. અજંટાની સંખ્યાંક ૧ની ગુફામાંનું એક ભીત્તિચિત્ર કમનસીબે ખંડિત થયેલું હોવા છતાં ઇરાની દૂતો પોતાનાં પ્રમાણપત્રો રજુ કરે છે એ આચારનું હૂબહૂ ચિત્ર છે એમ સહેલથી જણાઇ આવે છે.

**અજંટાના ચિત્ર-સંપ્રદાય**

હિંદ અને ઇરાન વચ્ચેના અસાધારણ રાજ્યપ્રકરણી સંબંધની સમકાલીન નોંધ તરીકે એ ચિત્ર જાણવા જેવું છે, પણ તે ઉપરાંત વધારામાં કળાના ઇતિહાસનાં એક સીમાચિહ્ન તરીકે તે બહુ ઊંચી કિંમત ધરાવે છે. અજંટાના કેટલાંએક બહુ અગત્યનાં ચિત્રોની સાલ એ નક્કી કરે છે અને તેમ કરી બીજાં ચિત્રોના સમય નિર્ણય નક્કી કરવાનું ધોરણ પૂરૂં પાડે છે એટલું જ નહિ, પણ અજંટાની ચિત્રવિધિનો સંપ્રદાય સીધો ઇરાનમાંથી અને આખરે ગ્રીસ-

માંથી આવ્યો હોય એ સંભવિત છે એવી સૂચના કરે છે.

**ઇ.સ. ૬૪૧ હ્યુએન્ત્સાંગની મુલાકાત**

ઇ.સ. ૬૪૧માં પુલકેશી બીજાના દરબારમાં હાજરી આપતા હ્યુએન્ત્સાંગે અજંટાની ખીણમાં આવેલી અદ્દ્ભુત ગુફાઓની યોગ્ય પ્રશંસા કરેલી છે. રાજાનો મુકામ તે વખતે વાતાપિમાં નહિ પણ બીજા કોઇ શહેરમાં હતો તે શહેર નાશક હતું એવો નિર્ણય બાંધવા માટે બહુ સારાં કારણો છે. સંખ્યાબંધ પ્રજા જેને પૂર્ણ રીતે વશ હતી એવા પુલકેશીના લશ્કરી બળની એ યાત્રી ઉપર બહુ પ્રબળ છાપ પડી હતી.

**ઇ.સ. ૬૪૨ પલ્લવોએ પુલકેશીને આપેલી હાર**

પણ તેની આબાદી બહુ લાંબો સમય ટકવા નિર્માણ થઇ નહોતી. ઇ.સ. ૬૦૯ની સાલથી ચાલુ થયેલો અને લાંબા સમય સુધી ચાલેલો વિગ્રહ, જે અત્યાર સુધી કાંચીના પલ્લવો માટે અતિશય વિનાશકારક નીવડ્યો હતો તેમાં ઇ. સ. ૬૪૨માં ઓચિંતો પલટો થયો અને તેને પરિણામે પુલકેશી તદ્દન હીન દશાએ પહોંચ્યો એટલું જ નહિ પણ તે મરણ પણ પામ્યો. પલ્લવ રાજા નૃસિંહવર્માએ પુલકેશીનું પાટનગર કબજે કરી લૂંટી લીધું, અને આપણને માનવા કારણ મળે છે કે તેણે તેને મારી પણ નાખ્યો. પુલકેશીએ ચાલુક્ય સત્તાને જે ઉચ્ચ સ્થાને પહોંચાડવા તનતોડ મહેનત કરી હતી તે તેર વર્ષ સુધી નિષ્ક્રિય થઈ રહી અને તે દરમિયાન દક્ષિણ હિંદમાં પલ્લવો સત્તા જમાવી રહ્યા.

**ઈ.સ. ૬૫૫ વિક્રમાદિત્ય પહેલો**

ઈ.સ. ૬૫૫માં પુલકેશીના વિક્રમાદિત્ય પહેલા નામના પુત્રે ઇ.સ. ૬૭૪માં પલ્લવોને સખત હાર આપી, તેમની મજબૂત કિલ્લેબંધી વાળી રાજ્યધાની કાંચીનો કબજો લઇ, પોતાના કુટુંબના અસ્ત થયેલા ભાગ્યનો ફરી ઉદય કર્યો. દક્ષિણ રાજ્યસત્તા જોડેનો એ વિગ્રહ બહુ લાંબા સમય સુધી ચાલુ રહ્યો અને તે દરમિયાન જીત

એકવાર એક, તો બીજીવાર બીજા પક્ષ તરફ નમતી રહી. આ રાજ્ય દરમિયાન, ચાલુકય વંશની એક શાખા ગુજરાતમાં રાજ્ય સ્થાપવામાં સફળ થઈ અને ત્યાર પછીના સૈકામાં તેણે ત્યાં અરબોનો પ્રબળ વિરોધ કર્યો.

ત્યાર પછીનાં રાજ્યોનું મુખ્ય લક્ષણ પલ્લવો જોડેનો અનંત વિગ્રહ હતો. વિક્રમાદિત્ય બીજાએ આશરે ઇ. સ. ૭૪૦માં પલ્લવોની રાજ્યધાની ફરીથી જીતી લીધી.

**ઇ.સ. ૭૪૦ વિક્રમાદિત્ય બીજો**

આઠમા સૈકાની મધ્યમાં, પ્રાચીન અને દેખીતી રીતે તે પ્રદેશની આદિ વતની રાષ્ટ્રકૂટ જાતિનો દંતિદૂર્ગ નામનો એક નાયક તેના બાહુબળથી બધા સત્તાધીશોને મોખરે તરી આવ્યો અને વિક્રમાદિત્ય બીજાના પુત્ર અને વારસ ચાલુકય કીર્તિવર્મા બીજાને તેણે ઉથલાવી પાડ્યો. ચાલુકયોની મુખ્ય શાખાનો હવે લોપ થયો અને દક્ષિણનું અધિરાજપણું રાષ્ટ્રકૂટોના હાથમાં પસાર થયું અને લગભગ સવા બે સૈકા સુધી તે તેમના જ હાથમાં રહ્યું.

**ઈ.સ. ૭૫૩ (?) રાષ્ટ્રકૂટોની જીત**

વાતાપિના ચાલુકય વંશના અમલની શરૂઆતના બે સૈકા દરમિયાન દેશની ધાર્મિક સ્થિતિમાં મોટા ફેરફારો ચાલુ હતા. બૌદ્ધ સંપ્રદાય જો કે હજુ સારી રીતે પ્રભાવ ધરાવતો હતો અને તેને વસ્તીના મોટા ભાગનો ટેકો હતો, છતાં તે ધીરે ધીરે અવનતિ તરફ વળી રહ્યો હતો અને તેના હરીફ જૈન તથા વૈદિક ધર્મની સ્પર્ધામાં ધીરેધીરે પાછળ પડતો જતો હતો. યજ્ઞ પર હિંદુધર્મમાં ખાસ લક્ષ આપવામાં આવતું હતું અને સંખ્યાબંધ વિધિગ્રંથોનો તે વિષય થઇ પડ્યો હતો. પુરાણોક્ત અથવા સ્માર્ત હિંદુ ધર્મની લોકપ્રિયતા પણ વધતી જતી હતી, અને ઠામ ઠામ પુરાણોક્ત કથાઓમાંના શિવ, વિષ્ણુ અને બીજા દેવોનાં મંદિર બંધાએ જતાં હતાં. હાલ તેની

**ઇ.સ. ૫૫૦-૭૫૦ ધર્મની સ્થિતિ**

ખંડિયેર સ્થિતિમાં પણ તે મંદિરો તે સમયના રાજાઓનાં ભવ્ય સ્મારક રૂપ થઇ પડયાં છે. વૈદિક હિંદુઓએ તેમના બૌદ્ધ અને જૈન હરીફોની ગુફા–મંદિરો કોતરી કાઢવાની પ્રથાનું અનુકરણ કર્યું. છઠ્ઠા સૈકાના અંતમાં મંગળેશ ચાલુકયે વિષ્ણુ ભગવાનના માનમાં તૈયાર કરેલું ગુફા-મંદિર એ વર્ગની હિંદુ કૃતિઓનો સૌથી વહેલામાં વહેલો નમૂનો છે. દક્ષિણ મરાઠા દેશમાં જૈન સંપ્રદાય ખાસ લોકપ્રિય હતો. જરથોસ્તી ધર્મ હિંદમાં આઠમા સૈકા દરમિયાન દાખલ થયો. ખુરાસાનથી પરદેશ વસવા ગયેલા પારસીઓની સૌથી પહેલી વસાહત ઇ. સ. ૭૩૫ માં મુંબાઇ ઇલાકાના થાણા જિલ્લાના સંજાણ મુકામે થઇ હતી.

**આશરે ઇ.સ. ૭૬૦ કૃષ્ણ પહેલો**

વાતાપિમાં વસવાટ કર્યા પછી રાષ્ટ્રકૂટ દંતિદૂર્ગે બીજી પણ જીતો કરી. એની પછી એનો કાકો કૃષ્ણ પહેલો ગાદીએ આવ્યો અને પહેલાં જે મુલકો ચાલુકયોને તાબે હતા તેની પર સત્તા જમાવી રાષ્ટ્રકૂટોની સરસાઇની તેણે દૃઢ રીતે સ્થાપના કરી. તેના કુટુંબની એક શાખાએ ગુજરાતમાં એક રાજ્યની સ્થાપના કરી. હાલ નિઝામના રાજ્યમાં આવેલા વેલુર (ઇલોરા) આગળનાં એક જ પથ્થર-માંથી કોરી કાઢેલા કૈલાસ મંદિરના અતિ અદ્દભુત સ્થાપત્યની કલ્પનાને મૂર્તિમંત કરવા માટે કૃષ્ણ પહેલાનું રાજ્ય યાદગાર છે. ખડકોમાંથી કોરી કાઢેલાં ગુફા–મંદિરોમાં આ સૌથી વધારે વિશાળ અને મનોહર છે. ઘણા લેખકોએ એનાં વર્ણન આપ્યાં છે તથા ચિત્રોદ્વારા તેના નમૂના બતાવ્યા છે. એ બધામાં બર્ગેસ અને ફર્ગ્યુસનના સૌથી વધારે પ્રમાણભૂત ગણાય છે.

કૃષ્ણ પહેલા પછી તેનો પુત્ર ગોવિંદ બીજો ગાદીએ આવ્યો. ટૂંકા અમલ બાદ તેની પછી તેનો ભાઇ ધ્રુવ અથવા ધોરા ગાદીએ આવ્યો, દેખીતી રીતે તેણે ગોવિંદનું સ્થાન લઇ લીધું જણાય છે. તે બહુ હોશિયાર અને યુદ્ધનો શોખીન રાજા હતો અને હિંદી રાજાને વહાલો

**ગોવિંદ બીજો અને ધ્રુવ**

આક્રણાત્મક વિગ્રહોનો કાર્યક્રમ તેણે સફળતાથી ચાલુ રાખ્યો. ભિન્નમાલના ગુર્જર રાજા વત્સરાજને તેણે હરાવ્યો અને ગૌડ અથવા બંગાળાના રાજા પાસેથી તેણે મેળવેલાં બે સફેદ છત્રો તેની પાસેથી છીનવી લીધાં. વત્સરાજ પર મેળવેલી જીત માટે તે બહુ ગર્વ ધરાવતો હતો.

ધ્રુવનો પુત્ર ગોવિંદ ત્રીજો આ બળવાન વંશના રાજાઓમાં સૌથી વધારે આગળ પડતો હોવાનો દાવો વ્યાજબી રીતે કરી શકે એમ છે.

**આશરે ઇ.સ. ૭૯૩-૮૧૫ ગોવિંદ ત્રીજો**

ઉત્તરમાં વિંધ્યાચળ તથા માળવાથી માંડી દક્ષિણમાં કાંચી સુધી એની રાજ્યસત્તા વિસ્તરતી હતી, અને તુંગભદ્રા સુધીનો પ્રદેશ તો એના સીધા અમલ નીચે હતો. એના ભાઈ ઇંદ્રરાજને એણે લાટ અથવા દક્ષિણ ગુજરાતનો સૂબો નીમ્યો હતો.

એના પછીના રાજા અમોઘવર્ષનું રાજ્ય લાંબું હતું. તે ૬૨ કરતાં વધારે વર્ષ ગાદીએ રહ્યો હતો. એનું લાંબું રાજ્ય મોટે ભાગે વેંગીના

**આશરે ઇ.સ. ૮૧૫-૭૭ અમોઘવર્ષ; જૈન પ્રગતિ**

રાજા પૂર્વના ચાલુક્યો જોડેના સતત યુદ્ધમાં જ વીત્યું હતું. તેણે પોતાની રાજ્યધાની નાસિકમાંથી માન્યખેટમાં ખસેડી. આ માન્યખેટ તે જ આરબ લેખકોનું માંકીર અને હાલ નિઝામના રાજ્યમાં આવેલું માલખેડ છે. (ઉત્તર અક્ષાંશ ૧૭° ૧૦' પૂર્વ રેખાંશ ૭૭° ૧૩') સોદાગર સુલેમાનનો લાંબા આયુષ્યવાળો 'બલહાર' તે અમોઘવર્ષ. દુનિયાના ચાર મોટા રાજાઓ પૈકી તેણે તેને ચોથો ગણાવેલો છે. બાકીના ત્રણ તે બગદાદનો ખલીફ, ચીનનો બાદશાહ અને ઇસ્તંબૂલનો બાદશાહ. વૃદ્ધ થતાં અમોઘવર્ષે પોતાના પુત્ર કૃષ્ણ બીજાને પોતાની પાછળ ગાદીએ બેસાડ્યો, અને પોતાના આયુષ્યનો ટૂંકો ભાગ બાકી રહેલો તપશ્ચર્યામાં ગાળવા તે રાજપાટ છોડી વનમાં ગયો. અમોઘવર્ષે જૈનોના દિગંબર પંથને બહુ ઉદાર આશ્રય આપ્યો હતો. એક કરતાં વધારે સમ્રાટોના કૃપાપાત્ર ગુણભદ્ર તથા જીનસેન વગેરે વિવિધ જાણીતા નેતાઓની દોરવણી નીચે

નવમા સૈકાના અંત ભાગમાં અને દસમાં સૈકાની શરૂઆતમાં જૈનોના દિગંબર સંપ્રદાયની ઝડપી પ્રગતિ થઇ, તેને બૌદ્ધ સંપ્રદાયની આંખે ચઢે એવી પડતી જોડે બહુ સંબંધ હતો. તે સમયમાં બૌદ્ધ સંપ્રદાય તેના ગૌરવના પદ પરથી દિન પર દિન ભ્રષ્ટ થતો જતો હતો અને આખરે બારમા સૈકામાં તો દક્ષિણમાંથી તેનો સદંતર લોપ થઈ ગયો.

કનોજ પરના સફળ હુમલાને કારણે ઇંદ્ર ત્રીજાનો ટૂંકો અમલ આગળ તરી આવે છે. એને પરિણામે ઉત્તર હિંદનો તે સમયનો પ્રબળ સત્તાધારી પાંચાલનો રાજા મહીપાલ ટૂંક સમયને માટે પદભ્રષ્ટ થયો હતો. આ વિગ્રહને પરિણામે ઇંદ્ર ત્રીજાના રાજ્યારોહણ વખતે પોતાના અમલ નીચેના સૌરાષ્ટ્ર અને બીજા પાશ્ચાત્ય પ્રાંતો, મહિપાલે ખોયા.

**ઇ.સ. ૯૧૪-૬ ઇંદ્ર ત્રીજો**

રાષ્ટ્રકૂટ કૃષ્ણ ત્રીજાના રાજ્યમાં ચોલો જોડે થયેલો વિગ્રહ, ઈ.સ. ૯૪૯માં ચોલ રાજા રાજાદિત્યના રણભૂમિ પર થયેલા મરણ માટે યાદગાર છે. જૈન તથા વૈદિક બ્રાહ્મણ સંપ્રદાય એવા બે હરીફ ધર્મોની ચડસાચડસીને પરિણામે આ સમયના વિગ્રહોમાં બહુ કડવાસ દાખલ થવા પામી હતી.

**ઇ.સ. ૯૪૯ ચોલ રાજાને મારી નાંખ્યો**

રાષ્ટ્રકૂટ રાજાઓમાં છેલ્લો રાજા કક્ક બીજો હતો. ઇ.સ. ૯૭૩માં જૂના ચાલુક્યોના નબીરા તૈલ અથવા તૈલપ બીજાએ તેને ઉથલાવી નાખ્યો અને તેમ કરી પોતાના પૂર્વજોના કુટુંબને તેના પૂર્વના યશસ્વી સ્થાને ફરીથી સ્થાપ્યું અને 'કલ્યાણીના ચાલુકયો' એ નામથી ઓળખાતા રાજવંશની સ્થાપના કરી. જે રાજવંશનું સ્થાન તેણે લીધું હતું તેની પેઠે એ નવો વંશ પણ સવા બે સૈકા સુધી ચાલુ રહ્યો.

**ઇ.સ. ૯૭૩ ચાલુકયોનું ફરી સત્તાપર આવવું**

આઠમા સૈકાના પ્રારંભમાં કાસિમના પુત્ર મહમદે કરેલી સિંધની

જીતથી, હક્રા અથવા વાહિંદ નામની લુપ્ત થયેલી નદીથી, ખાસ હિંદથી જુદા પડતા એ પ્રાંતમાં મુસલમાનોનું રાજકીય વર્ચસ્વ બહુ દૃઢ રીતે સ્થિર થયું. એ નદીની પૂર્વે આવેલું ભિન્નમાળનું ગુર્જર રાજ્ય

**રાષ્ટ્રકૂટોનું વર્ચસ્વ**

નવમી સદીની શરૂઆતથી કનોજના રાજ્ય જોડે જોડાયેલું હતું અને એ મહાનદીની પશ્ચિમે આવેલા તેના ઇસ્લામી પડોશીઓ જોડે જૂની અદાવતનો સંબંધ કેળવી રહ્યું હતું. રાષ્ટ્રકૂટોને આથી જુદી નીતિનું અવલંબન કરવામાં પોતાનું હિત સચવાતું જણાયું અને ગુર્જરો જોડે સતત વિગ્રહમાં રોકાયેલા આરબો જોડે તેમણે મૈત્રી સંબંધ ચાલુ રાખ્યો. આ નીતિને પરિણામે ઘણા મુસલમાન વેપારી તથા પ્રવાસીઓએ પશ્ચિમ હિંદની મુલાકાત લીધી. નવમા સૈકાની મધ્યમાં આવેલા સોદાગર સુલેમાનથી શરૂ કરી તેમાંના કેટલાકે પોતે તે સમયે ત્યાં જે જોયેલું તેની નોંધો રાખેલી છે. 'બલહરા'ને તેઓ હિંદનો તે સમયનો મોટામાં મોટો સમ્રાટ્ લેખતા હતા, એવું કથન કરવામાં તે બધા સંમત થાય છે. તેઓ એ રાષ્ટ્રકૂટ રાજાઓને 'બલહરા' કહેતા હતા, કારણકે તે રાજાઓને પોતાના નામની જોડે 'વલ્લભ' પદ જોડવાનો શોખ હતો. એ પદની જોડે 'રાય' જોડતાં, બંને મળી થતા શબ્દનો બહુ સહેલથી 'બલહરા' એવો અપભ્રંશ થવા પામ્યો હશે. હિંદની મુલાકાતે આવતા મુસલમાનોએ ને રાષ્ટ્રકૂટ રાજાઓને આપેલા યશના અર્ઘ્ય તદ્દન વ્યાજબી હતા એવું તેમણે કરેલાં કાર્યોથી જણાઇ આવે છે. વેલુર મંદિરોમાં દેખાતી કળા સર્વોત્કૃષ્ટ કોટિની નહિ હોય, પણ કૈલાસ મંદિરો દુનિયાની અજાયબીઓમાંની એક છે. એવી સ્થાપત્ય કૃતિવાળો દેશ ખરેખર તેને માટે મગરૂબ થઇ શકે છે. જે રાજાના આશ્રય નીચે એ કૃતિ મૂર્તરૂપમાં આવી તેને માટે તે એક મહાયશ રૂપ છે. તેમાંનાં ઘણાં મંદિરો રાજ્યના ઉદાર આશ્રયને પરિણામે બંધાવા પામ્યાં હતાં. વળી આડંબરભરી શૈલીવાળાં તે સમયના સંસ્કૃત સાહિત્યને પણ ખૂબ ઉદાર આશ્રય આપવામાં આવ્યો હતો.

ચાલુક્યોનું નામ રાખનાર તૈલે ૨૪ વર્ષ રાજ્ય કર્યું, અને ઘણું કરીને ગુજરાત સિવાયના તેના પૂર્વજોના હાથમાં હતા તે તમામ દેશો પાછા મેળવવામાં તે સફળ થયો હતો. ધારાના પરમાર રાજા મુંજે ૭ યુધ્ધોમાં તેની પર જય મેળવ્યો હતો. એ ધારાપતિ મુંજ જોડે લડવામાં તેનો ઘણો સમય રોકાયો હતો. પોતાના અમલના અંત ભાગમાં તૈલને તેના પ્રત્યેની વૈરની લાગણી સંતોષવાના પ્રસંગની મોજ અનુભવવાની તક મળી. એ બંનેનાં રાજ્ય વચ્ચેની સીમારૂપ ગોદાવરી નદી ઓળંગી આવેલા તેના દુશ્મનને તેણે હાર આપી અને કેદ પકડ્યો. શરૂઆતમાં તેની પદ્નીને છાજે એવા સન્માનથી તે તેની જોડે વર્ત્યો, પણ તેના કેદમાંથી નાશી છૂટવાના યત્નને પરિણામે તેણે તેનાં ક્રૂરતાભર્યાં અપમાન કર્યાં, તેને ઘેરેઘેર ભીખ મંગાવી અને આખરે તેનો શિરચ્છેદ કર્યો. આ બનાવોને ઇ.સ. ૯૯૫માં મૂકી શકાય.

**ઇ.સ. ૯૯૫ મુંજનો વધ**

ઇ.સ. ૧૦૫૨માં 'આહ્વમલ્લ' એ નામથી ઓળખાતો સોમેશ્વર પહેલો, કૃષ્ણા પર આવેલા કોપ્પમ ગામ આગળ તે સમયના ચોલના રાજા રાજાધિરાજ જોડે લડ્યો અને તેમાં ચોલ રાજા માર્યો ગયો. એ ઉપરાંત સોમેશ્વર ઉત્તરમાં ધારા અને દક્ષિણમાં કાંચીને કબજે કરવાના તથા ચેદિના વીર રાજા કર્ણનો પરાજય કરવાના યશનો દાવો કરે છે.

**આશરે ઈ.સ. ૧૦૦૦ રાજરાજ ચોલની ચઢાઇ**

ઇ.સ. ૧૦૬૮માં સોમેશ્વરને અસાધ્ય જ્વર લાગુ પડ્યો અને શિવભક્તિનાં સ્તોત્રોનો પાઠ કરતાં તેણે તુંગભદ્રા નદીમાં જળ સમાધિ લીધી અને એમ કરી પોતાની શારીરિક યાતનાઓનો અંત આણ્યો. હિંદુ રિવાજોમાં આવે પ્રસંગે આત્મહત્યા કરવાનો નિષેધ નથી અને આવી રીતે પોતાની જીવનદોરી તોડી નાખનાર રાજાઓનાં એક કરતાં વધારે દષ્ટાંતો મળી આવે છે.

**ઇ.સ. ૧૦૬૮ સોમેશ્વર ચાલુક્યનો આત્મઘાત**

પોતાના ભાઇ સોમેશ્વર બીજાને પદભ્રષ્ટ કરનાર, બિલ્હણના ઐતિહાસિક નાટકના નાયક વિક્રમાદિત્ય છઠ્ઠાનો અથવા વિક્રમાંકનો ઇ.સ. ૧૦૭૬માં વિધિપૂર્વક રાજ્યાભિષેક થયો હતો.

**ઈ.સ. ૧૦૭૬-૧૧૨૬ વિક્રમાંકનું રાજ્ય**

તેણે અર્ધી સદી તદ્દન અતૂટ નહિ, એવી ઠીકઠીક શાંતિમાં રાજ્ય કર્યું. તેણે કાંચી કબજે કર્યાની નોંધ છે. તેના અમલના અંતભાગમાં મહીસુરમાં આવેલા દોરાસમુદ્રના હોયસલ રાજા વિષ્ણુ જોડેના ગંભીર વિગ્રહમાં તે રોકાયો હતો. પોતાના નામથી નવો સંવત ચલાવવાના તેના કાર્યને વ્યાજબી ઠરાવવા પોતાનાં અત્યાર સુધીનાં પરાક્રમો અને કાર્યસિદ્ધિઓ પૂરતાં અને પ્રસિદ્ધ છે એમ વિક્રમાંકને લાગ્યું. એ સંવત ઇ.સ. ૧૦૭૬થી શરૂ થયો અને તેના નામથી ઓળખાવા લાગ્યો, પણ તે કદી સામાન્ય વપરાસમાં આવવા પામ્યો નહોતો. તેનું પાટનગર હાલના નિઝામના રાજ્યમાં આવેલું અને સોમેશ્વર પહેલાએ સ્થાપેલું કલ્યાણી અથવા કલ્યાણ હતું. બંગાળાની બહાર હિંદુ ધર્મશાસ્ત્રના પ્રમાણરૂપ ગણાતા મિતાક્ષરાના લેખક પ્રખ્યાત સ્મૃતિકાર વિજ્ઞાનેશ્વરનું તે નિવાસસ્થાન હતું.

વિક્રમાંકના મરણ પછી ચાલુક્ય સત્તાની પડતી કળા થઇ. ઇ.સ. ૧૧૫૬–૬૨ એ સમય દરમિયાન તૈલ ૩જાના અમલમાં તેના સેનાપતિ કાલાચૂર્ય બિજ્જલ અથવા વિજ્જને બળવો કર્યો અને તૈલ ત્રીજાના તાબાનો ઘણોખરો મુલક પોતાને કબજે કર્યો. એમ બથાવી પાડેલું રાજ્ય તેની અને તેના વંશજોની સત્તા નીચે ઈ.સ. ૧૧૮૩ સુધી રહ્યું.

**ઇ.સ. ૧૧૫૬ બિજ્જલે સત્તાનો બળજબરીએ લીધેલો કબજો**

એ અરસામાં ચાલુક્ય રાજા સોમેશ્વર ચોથો, બિજ્જલના વંશજો પાસેથી પોતાનો બાપીકો મુલક પાછો મેળવવામાં સફળ થયો, પણ તેના રાજ્યના કકડા બથાવી પાડવાની ઇચ્છાવાળા તેના પડોશી રાજાઓનાં આક્રમણોની સામે ટકવા જેટલો તે બળવાન નહોતો, તેથી થોડા વર્ષ દરમિયાન તેના મુલકનો મોટો ભાગ પશ્ચિમમાં દેવગિરિના યાદવો અને દક્ષિણમાં દોરાસમુદ્રના હોયસલો

ગળી ગયા. કલ્યાણના ચાલુક્ય રાજવંશનો અંત ઇ.સ. ૧૧૯૦માં આવ્યો ગણી શકાય. તે સમય પછી તો એ વંશના રાજાઓ માત્ર નાના સ્થાનિક રાજાઓની હારમાં આવી ગયા હતા.

પોતાના સ્વામીની રાજ્યસત્તા બથાવી પડનાર બળવાખોર બિજ્જલનો ટૂંકો અમલ ઇ.સ. ૧૧૬૭માં તેના મરણથી કે રાજ્ય ત્યાગથી પૂરો થયો. શૈવમાર્ગના પુનરૂથ્થાન તથા વીર શૈવ અથવા લિંગાયત નામના સંપ્રદાયના સ્થાપનથી થયેલા ધાર્મિક વિપ્લવથી તેનો એ ટૂંકો અમલ અંકાયેલ છે. આજે પણ લિંગાયતો પુષ્કળ લાગવગ ધરાવે છે. બિજ્જલ જૈન હતો અને પુરાણકથા એમ કહે છે કે તેણે જાણીબુજીને, ક્રૂરતાપૂર્વક લિંગાયત સંપ્રદાયના બે સાધુઓની આંખો ફોડી નાંખી. એ અપકૃત્યને પરિણામે ઇ.સ. ૧૧૬૭માં તેનું ખૂન થયું. જેમ હમેશાં બને છે તેમ તે સાધુઓનું લોહી બિજ્જલના બ્રાહ્મણ મંત્રી વસવે સ્થાપેલા સંપ્રદાયના બીજ રૂપ થયું. બીજી પુરાણકથાઓમાં એ જ વાત જુદી રીતે કહેવામાં આવી છે. ખરી હકીકત શી હતી એનો નિર્ણય કરી શકાય એમ નથી. પણ એ વાત તો નક્કી છે કે લિંગાયતોનો ઉદય બિજ્જલના સમયથી જ શરૂ થાય છે. આ પંથના અનુયાયીઓ ખાસ કરીને કાનરા જિલ્લામાં મોટી સંખ્યામાં જોવામાં આવે છે. તેઓ શિવલિંગની પૂજા કરે છે, વેદને પ્રમાણરૂપ માનતા નથી, પુનર્જન્મના સિદ્ધાંતમાં શ્રદ્ધા ધરાવતા નથી, બાળલગ્નના વિરોધી છે, વિધવા વિવાહના હિમાયતી છે અને તેમના સંપ્રદાયનો મૂળ પુરુષ બ્રાહ્મણ હતો, છતાં તેઓ બ્રાહ્મણો પ્રત્યે અતિશય તીવ્ર વૈરવૃતિ ધરાવે છે.

**ઇ.સ. ૧૧૬૭ લિંગાયત સંપ્રદાય**

આ સમય સુધી બૌદ્ધ અને જૈન ધર્મોનું બળ વેપારી વર્ગો પરના તેના કાબૂને લીધે હતું. આ નવા સંપ્રદાયના અનુયાયીઓ મોટે ભાગે વ્યાપારી વૈશ્ય વર્ગના હોવાથી, ઉપરના એમાંના બીજાની પ્રગતિ અટકી ગઈ. તેનાથી બૌદ્ધ સંપ્રદાયને મજબૂત ફટકો લાગ્યો અને

**જૈન તથા બૌદ્ધ ધર્મોની પડતી કળા**

અધૂરૂં હતું તે પૂરૂં થયું. બારમા સૈકાના પહેલા અર્ધ ભાગના અંત પછી દક્ષિણ હિંદમાં બૌદ્ધ ધર્મનાં નામનિશાન વિરલ થઈ ગયાં.

બારમા અને તેરમા સૈકા દરમિયાન હોયસલ અથવા પોયસલ નામના એક કુળના સરદારોએ મહીસૂર પ્રદેશમાં સારી પેઠે સત્તા પ્રાપ્ત કરી. આ વંશનો પહેલો ધ્યાન ખેંચે એવો રાજા વિત્તિદેવ અથા વિત્તિગ હતો. (આશરે ઈ.સ. ૧૧૧૧થી ૧૧૪૧) હાલ હાલેબિડ નામથી ઓળખાતા દોરાસમુદ્રમાં પોતાનો નિવાસ રાખી તેણે તેને પોતાનું પાટનગર બનાવ્યું હતું. ફર્ગ્યુસનની ઉત્સાહભરી પ્રશંસાને પાત્ર થયેલા મંદિર માટે એ સ્થાન જગવિખ્યાત છે. એના અમલનાં આરંભનાં વર્ષો દરમિયાન તેના મંત્રી ગંગરાજની રક્ષા નીચે જૈન ધર્મ સારી રીતે રાજ્યકૃપાને પાત્ર બન્યો હતો અને વૈદિક ધર્માનુયાયી ચોલ આક્રમણકારીઓએ તોડી પાડેલાં જૈન મંદિરોનો પુનરૂદ્ધાર કરવામાં આવ્યો હતો. પણ પાછળથી રાજા પોતે વિખ્યાત સુધારક રામાનુજના પ્રભાવથી પોતાનો ધર્મ ફેરવી વૈષ્ણવ બન્યો. બેલુર અને હાલેબિડનાં ભવ્ય બાંધકામો બતાવી આપે છે કે તેણે એ નવા ધર્મની કેવી ઉત્સાહ અને સુરૂચિપૂર્વક સેવા કરી! ધર્મપલટો થતાં તેણે વિષ્ણુવર્ધન અથવા વિષ્ણુનું નામ ધારણ કર્યું અને એ જ નામથી તે વધારે સારી રીતે ઓળખાય છે. પ્રશસ્તિ લેખોમાં વિષ્ણુ પોતાની અસંખ્ય જીતોની બડાઇ મારે છે, અને દક્ષિણમાં આવેલાં ચોલ, પાંડચ અને ચેર રાજ્યોના રાજવીઓ પર જીત મેળવવાનો દાવો કરે છે. આશરે ઈ.સ. ૧૨૨૩ના અરસામાં તેનો એક અનુગામી નરસિંહ બીજો, ચોલો જોડે 'મૈત્રીસંધિ'માં હતો અને તે ત્રિચિનાપોલીમાં વસવાટ કરી રહેતો હતો.

**દોરાસમુદ્રનો હોમસલ વંશ**

વિષ્ણુના પૌત્ર વીર બલ્લાલે, તેના લાંબા અમલ દરમિયાન મહીસૂરની ઉત્તરે તેના રાજ્યનો વિસ્તાર ખૂબ વધાર્યો. તેની ઉત્તરે આવેલા દેવગિરિના યાદવોનો ઇ.સ. ૧૧૯૧–૨ માં પરાજય કરવા માટે

**ઇ.સ. ૧૧૭૩--૧૨૨૦ વીર બલ્લાલ** તે ખાસ મગરૂબી લે છે. તેની જીતોને પરિણામે દક્ષિણના ઉચ્ચભૂમિ પ્રદેશના દક્ષિણ ભાગો સાથેના તમામ દક્ષિણ હિંદમાં હોયસલો પૂરા સ્વતંત્ર અને આગળપડતા સત્તાધીશો થઈ રહ્યા.

ઇ.સ. ૧૩૧૦ સુધી આ રાજવંશની સત્તા કાયમ રહી. એ અરસામાં મલેક કાફૂર અને ખ્વાજા હાજી નામના બે મુસલમાન સેના-પતિઓ હોયસલ રાજ્યમાં પેઠા, તેને ઉજાડી

**ઇ.સ. ૧૩૧૦ હોમસલ વંશનો અંત** નાંખ્યું, તે સમયે રાજ્ય કરતા રાજાને કેદ પકડ્યો અને તેનું પાટનગર તેમણે લૂંટ્યું. આખરે ઇ.સ. ૧૩૨૬–૨૭માં મુસલમાન સેનાએ તેનો પૂરો નાશ કર્યો. આ બનાવ પછીનાં થોડાં જ વર્ષ પછીના લેખોમાં એ રાજાના પુત્રનો એક નાના સ્થાનિક રાજા તરીકે નિર્દેશ કરવામાં આવે છે.

દેવગિરિના યાદવો, ચાલુકય રાજ્યના ભાયાતોના વંશજો હતા. તેમણે મેળવેલું રાજ્ય દેવગિરિ (દોલતાબાદ) અને નાસિક વચ્ચે આવેલું હતું અને તે સેવન અથવા સ્યૂન નામથી ઓ-

**દેવગિરિનો યાદવ વંશ** ળખાતું હતું. આ યાદવ વંશમાં કાંઇક અગત્યને સ્થાને પહોંચનાર પહેલો પુરુષ ભિલ્લિમ હતો. ઇ.સ. ૧૧૯૧માં એક યુદ્ધમાં તે હોયસલ સરદારને હાથે માર્યો ગયો હતો.

એ વંશમાં સૌથી વધારે સત્તાધારી રાજા સિંઘણ હતો. (ઇ.સ. ૧૨૧૦) તેણે ગુજરાત અને બીજા દેશો પર ચઢાઇ કરી હતી. વિસ્તારની બાબતમાં ચાલુકયો અને રાષ્ટ્રકૂટોનાં રાજ્યોની

**ઈ.સ. ૧૨૧૦ રાજસિંહ** સ્પર્ધા કરે એવા મહારાજ્યની તેણે સ્થાપના કરી, પણ તે મહારાજ્ય બહુ અલ્પજીવી નીવડ્યું.

હોયસલોની પેઠે આ યાદવ વંશનો પણ મુસલમાનોને હાથે ઉચ્છેદ થયો. ઇ.સ. ૧૨૯૪માં યાદવ રાજ્યની ઉત્તર સરહદરૂપ નર્મદા નદી દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીને ઓળંગી ત્યારે તે સમયે રાજ્ય કરતા રાજા રામચંદ્રને તેને શરણ થવાની અને બાનમાં અણમોલો

**ઈ.સ. ૧૨૯૪ સુલતાન અલાઉદ્દીનનો હુમલો**

ખજાનો આપી પોતાનો જીવ બચાવવાની ફરજ પડી. એમ કહેવાય છે કે તેમાં છસેં મણ મોતી અને બે મણ હીરા, માણેક, નીલમ અને બીજાં કિમતી નંગ વગેરે હતાં.

**ઇ.સ. ૧૩૦૯ મલેક કાફૂર**

ઈ.સ. ૧૩૦૯માં મલેક કાફૂર વળી પાછો તેના સ્વામી સુલતાન અલાઉદ્દીનની પેઠે ચઢી આવ્યો, ત્યારે વળી પાછો રામચંદ્ર તેનો સામનો કરવાને બદલે તેને શરણે ગયો. દક્ષિણમાં તે છેલ્લો સ્વતંત્ર હિંદુ સમ્રાટ્ હતો. કૃષ્ણાની દક્ષિણે, વિશાળ મુલકમાં ઈ.સ. ૧૩૩૬માં સ્થપાયેલું વિજયનગરનું રાજ્ય, હિંદુ રાજ્યનીતિનો શિષ્ટાચાર કોઇએ નહિ આંટેલી એવી ભવ્યતામાં જાળવી રહ્યું હતું. ઈ.સ. ૧૫૬૫માં એક સંપી કરી ચઢી આવેલા મુસલમાન રાજાઓએ તેને ઉથલાવી નાંખ્યું.

**ઇ.સ. ૧૩૧૮ યાદવ વંશનો અંત**

રામચંદ્રના મરણ પછી તેના જમાઈ હરપાલે ૧૩૧૮માં પરદેશીઓ સામે બળવો જગાવ્યો, પણ તે હાર્યો, જીવતે તેની ચામડી ઊતરડી લેવામાં આવી અને પછી તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો. આમ દુઃખ ભરી રીતે યાદવ વંશનો અંત આવ્યો.

**હેમાદ અથવા હેમાદપંત**

પ્રખ્યાત સંસ્કૃત લેખક હેમાદ્રિ, જે લોકોમાં સાધારણ રીતે હેમાદપંતના નામથી ઓળખાય છે તે રાજા રામચંદ્ર તથા તેની પહેલાં થઇ ગયેલા મહાદેવના અમલ દરમિયાન થઇ ગયો હતો. હિંદુ આચાર ધર્મના પદ્ધતિસર લેખનના કામમાં તે લાગ્યો હતો અને એ હેતુથી હિંદુ ધર્મશાસ્ત્ર પર તેણે બહુ અગત્યના ગ્રંથ લખ્યા છે. એમ કહેવાય છે કે સીલોનની પ્રચલિત લીપિ મોડીને તેણે દાખલ કરી, પણ એ ખોટી વાત છે. તેના પુસ્તકોમાંના એકની પ્રસ્તાવનામાં તેણે તેના આશ્રયદાતાના રાજ્યવંશની ઐતિહાસિક નોંધ આપેલી છે.

# પરિશિષ્ટ

## દક્ષિણના મૂખ્ય રાજવંશો

### ૧ વાતાપીના (બદામી) ચાલુક્ય રાજાઓ ઈ.સ. ૫૫૦–૭૫૩

| શ્રેણી સંખ્યા | નામ | રાજ્યરોહણની સાલ આશરે | શિલાલેખથી જાણીતી સાલ |
|---|---|---|---|
| ૧ | પુલકેશી ૧ લો (સત્યાશ્રય, રણવિક્રમ વલ્લભ). | ૫૫૦ | નથી. 'વલ્લભ' એ ઉપાધિ અથવા પદ કેટલીક વાર એકલું અને કેટલીક વાર 'શ્રી' વગેરે શબ્દોની જોડે મળી વપરાયછે. |
| ૨ | કીર્તિવર્મા ૧ લો (વલ્લભ, રણપરાક્રમ વગેરે). | ૫૬૬–૭ | ૫૭૮ |
| ૩ | મંગળેશ (વલ્લભ, રણવિક્રાંત વગેરે). | ૫૯૭–૮ | ૬૦૧–૨ |
| ૪ | પુલકેશી ૨ જો (વલ્લભ, સત્યાશ્રય વગેરે). | ૬૦૮ | ૬૧૨, ૬૩૪; અભિષિક્ત ૬૦૯ |
| | ૬૪૨ થી ૬૫૫ સુધી તૂટ | | |
| ૫ | વિક્રમાદિત્ય ૧ લો (વલ્લભ, સત્યાશ્રય વગેરે). | ૬૫૫ | ૬૫૯ |
| ૬ | વિનયાદિત્ય (સત્યાશ્રય, વલ્લભ વગેરે). | ૬૮૦ | ૬૮૯, ૬૯૧, ૬૯૨, ૬૯૪ |
| ૭ | વિજયાદિત્ય (સત્યાશ્રય વગેરે). | ૬૯૬ | ૬૯૯, ૭૦૦, ૭૦૫, ૭૦૯ |
| ૮ | વિક્રમાદિત્ય ૨ જો (અનિવારિત વગેરે). | ૭૩૩ | ૭૩૫ (?) |
| ૯ | કીર્તિવર્મા ૨ જો (નૃસિંહરાજ વગેરે). | ૭૪૬ | ૭૫૪, ૭૫૭ (૭૫૩ માં રાષ્ટ્રકૂટોની જીત થઇ અને કીર્તિવર્મા સ્થાનિક રાજાના પદને પામ્યો. |

## ૨ માન્યખેટના (માલખેડ) રાષ્ટ્રકૂટ રાજાઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | દંતિદુર્ગ (ખડગાવલોક વગેરે) | ૭૫૩ | ૭૫૩ |
| ૨ | કૃષ્ણ ૧ લો (અકાળવર્ષ વગેરે). | ૭૬૦ | ૭૭૦ (ગોવિંદ યુવરાજ) ' |
| ૩ | ગોવિંદ ૨ જો (પ્રભૂતવર્ષ વગેરે). | ૭૭૫ | ૭૭૯ |
| ૪ | ધ્રુવ (નિરૂપમ, શ્રી વલ્લભ, ચાલુક્યમાંથી લીધેલી ઉપાધિ). | ૭૮૦ | ૭૮૩ (જૈન હરિવંશ) |
| ૫ | ગોવિંદ ૩ જો (પ્રભુતવર્ષ વગેરે). | ૭૯૩ | ૭૯૪, ૮૦૪, ૮૦૮, ૮૧૩ |
| ૬ | અમોઘવર્ષ ૧ લો (નૃપતુંગ વગેરે). | ૮૧૫ | ૮૧૭–૭૭ |
| ૭ | કૃષ્ણ ૨ જો (કૃષ્ણ વલ્લભ વગેરે). | ૮૮૦ | ૯૦૨–૧૧ |
| ૮ | ઈંદ્ર ૩ જો (નિત્યવર્ષ વગેરે). | ૯૧૨ | ૯૧૦–૧૬ |
| ૯ | અમોઘ વર્ષ ૨ જો. | ૯૧૬–૭ | નથી |
| ૧૦ | ગોવિંદ ૪ થો (ગોજ્જીગ, સુવર્ણવર્ષ વગેરે). | ૯૧૭ | ૯૧૮–૩૩ |
| ૧૧ | અમોઘવર્ષ ૩ જો (બદ્દિગ વગેરે). | ૯૩૫ | નથી |
| ૧૨ | કૃષ્ણ ૩ જો (કન્નાર વગેરે). | ૯૪૦ | ૯૪૦–૬૧ |
| ૧૩ | ખોટ્ટિગ (નિત્યવર્ષ વગેરે). | ૯૬૫ | ૯૭૧ |
| ૧૪ | કક્ક ૨ જો (કક્કાલ વગેરે). | ૯૭૨ | ૯૭૨–૩ (૯૭૩ માં તૈલે ચાલુક્યોની સત્તાનું ફરીથી સ્થાપન કર્યું |

### ૩ કલ્યાણિના (કલ્યાણ) ચાલુક્ય રાજાઓ ઇ.સ. ૯૭૩–૧૧૯૦[૧]

| | | | |
|---|---|---|---|
| ૧ | તૈલ ૨ જો (તૈલપ, આરવમલ્લ વગેરે) | ૯૭૩ | ૯૯૩–૭ |
| ૨ | સત્યાશ્રય (સતિગ વગેરે). | ૯૯૭ | ૧૦૦૨, ૧૦૦૮ |
| ૩ | વિક્રમાદિત્ય ૫ મો (ત્રિભુવનમલ્લ). | ૧૦૦૯ | ૧૦૦૯ |
| ૪ | જયસિંહ ૨ જો (જગદેકમલ્લ ૧ લો). | ૧૦૧૬ | ૧૦૧૭ (?)–૧૦૪૦ |
| ૫ | સોમેશ્વર ૧ લો (આરવમલ્લ વગેરે). | ૧૦૪૨ | ૧૦૪૪–૬૮ |
| ૬ | સોમેશ્વર ૨ જો (ભુવનૈકમલ્લ વગેરે). | ૧૦૭૫ | ૧૦૭૧–૫ |
| ૭ | વિક્રમાદિત્ય ૬ ઠો (વિક્રમાર્ક વગેરે). | ૧૦૭૫–૬ | ૧૦૭૭–૧૧૨૫ |
| ૮ | સોમેશ્વર ૩ જો (ભુલોકમલ્લ). | ૧૧૨૫–૬ | ૧૧૨૮, ૧૧૩૦ |
| ૯ | પરમ જગદેકમલ્લ ૨ જો. | ૧૧૩૮ | ૧૧૩૯, ૧૧૪૯ |
| ૧૦ | તૈલ ૩ જો (તૈલપ ત્રૈલોક્યમલ્લ વગેરે). | ૧૧૪૯ | ૧૧૫૪, ૧૧૫૫ |
| ૧૧ | સોમેશ્વર ૪ થો (ત્રિભુવનમલ્લ વગેરે). | ૧૧૬૨ | ૧૧૮૪, ૧૧૮૯ (૧૧૫૬–૬૨ માં કાલાચૂર્ય બિજ્જલનું રાજ્ય સત્તાનું બથાવી પડવું; ૧૧૬૭માં તેણે રાજ્યત્યાગ કર્યો. ૧૧૮૩ સુધી તેના વંશજો સોમેશ્વર ૪ થાના પ્રતિસ્પર્ધી તરીકે ચાલુ રહ્યા. |

૧ "ક્રૉનોલૉજી ઑફ ધ વેસ્ટર્ન ચાલુક્યઝ"માં એ. વેન્કટ સુબૈયા નીચેની વંશાવલી આપે છે (ઈન્ડી. એન્ટિ. XLVII, ૧૯૧૮ અને XLVIII, ૧૯૧૯:—

| | | |
|---|---|---|
| ૧ તૈલ ૨ જો | ઈ.સ. | ૯૭૩–૯૭ |
| ૨ સત્યાશ્રય | ,, | ૯૯૭–૧૦૦૮ |
| ૩ વિક્રમાદિત્ય ૫ મો | ,, | ૧૦૦૯–૧૪ |
| ૪ અટયન ૨ જો | ,, | ૧૦૧૪ |
| ૫ જયસિંહ ૨ જો | ,, | ૧૦૧૫–૪૨ |
| ૬ સોશ્વમેર ૧ લો | ,, | ૧૦૪૨–૬૮ |
| ૭ સોમેશ્વર ૨ જો | ,, | ૧૦૬૮–૭૬ |
| ૮ વિક્રમાદિત્ય ૬ ઠો | ,, | ૧૦૭૬–૧૧૨૭ (?) |
| ૯ સોમેશ્વર ૩ જો | ,, | ૧૧૨૭(?)–૩૬(?) |
| ૧૦ પરમ જગદેકમલ્લ ૨ જો | ,, | ૧૧૩૬(?)–૫૧ |

૧૧ તૈલ ૩ જો ઈ.સ. ૧૧૫૧–૬૩ (કલામાચૂર્યનું સત્તા હાથ કરી લેવાનું ૧૧૫૬ થી ૧૧૮૩ સુધી ચાલુ રહ્યું. અને તેના મુલકનો જે ભાગ તેની સત્તા નીચે રહી જવા પામ્યો તેની પર તેણે ૧૧૮૩ સુધી રાજ્ય કર્યું.)

૧૨ જગદેકમલ્લ ૩ જો ઈ.સ. ૧૧૬૩–૮૪

૧૩ સોમેશ્વર ૪થો ઈ.સ. ૧૧૮૪થી આશરે ૧૨૦૦ (જુદેજુદે સમયે તેણે અન્નિગિર કલ્યાણી અને વનવાસીમાં રાજ્ય કર્યું)

# પ્રકરણ ૧૬

## દક્ષિણનાં રાજ્ય

## વિભાગ ૧

### ત્રણ રાજ્યો

કૃષ્ણા અને તુંગભદ્રા નદીથી દક્ષિણના ઉચ્ચ પ્રદેશથી જુદા પડતા દક્ષિણ હિંદના પ્રદેશનાં ખાસ વ્યક્તિગત લક્ષણો છે એટલું જ નહિ, પણ સામાન્ય રીતે તેનો ઇતિહાસ બાકીના હિંદથી સ્વતંત્ર છે. હાલની ભાષામાં વર્ણવતાં આ વિશાળ પ્રદેશ ઉત્તર સરકાર, તથા વિઝગાપટ્ટમ અને ગંજામના જિલ્લા બાદ કરતાં અને મહીસૂર, કોચીન અને ત્રાવણકોરનાં દેશી રાજ્યો ઉમેરતાં મદ્રાસ ઇલાકો થાય તેટલો છે. એ ખરી રીતે તામિલ જાતિ તથા તામિલ ભાષાની ભૂમિ છે. અને તેથી પ્રાચીન સમયમાં તેનો મોટો ભાગ તામિલકામ અથવા તામિલોના દેશના નામથી ઓળખાતો હતો. જૂનામાં જૂની પ્રણાલીકથા મુજબ તામિલકામની ઉત્તર સરહદરેખા પૂર્વમાં મદ્રાસની સહેજ ઉત્તરે પુલિકટ આગળ અને પશ્ચિમકિનારે માહીની દક્ષિણે બડગરા આગળના સફેદ ખડક નજીકથી શરૂ થતી અને એ બે બિંદુઓની વચ્ચે થઇ મદ્રાસની વાયવ્યમાં ૧૦૦ માઇલ પર આવેલા વેંકટ અથવા તિરૂપાટીના પહાડને ફરી વળી ત્યાંથી દક્ષિણમાં બડગરા તરફ વળી જતી હતી. પાછળની પ્રણાલીકથાઓ ઇશાન સરહદને ઉત્તર પન્નાર નદી પર આવેલા નેલોર સુધી અને વાયવ્ય સરહદને માંગલોરની દક્ષિણે આવેલી ચંદ્રગિરિ નદી સુધી લંબાવે છે. આ પ્રકરણને તો માત્ર તામિલ રાજ્યો અને પલ્લવ વંશો જોડે લેવાદેવા છે. મહીસૂરના વંશો વિષે તો પંદરમા પ્રકરણમાં લખાઈ ગયું છે કારણ કે તે દક્ષિણના ઉચ્ચ પ્રદેશનાં રાજ્યો જોડે બહુ નિકટ સંબંધ ધરાવે છે.

**તામિલ દેશ**

ગ્રીક ભૂગોળવિદ્ ટોલેમીને દક્ષિણ હિંદનો સારો પરિચય હતો.

તેણે એનું પુસ્તક આશરે ઇ.સ. ૧૪૦માં રચ્યું હતું. તેણે આ પ્રદેશને 'ડામિરિકે' કહેલો છે અને તે 'તામિલકામ' એ શબ્દનું સારું ગ્રીક રૂપાંતર છે. એ ભાષામાં 'ર' અને 'લ' એ અક્ષરો એક એકને બદલે વાપરી શકાય એમ છે. કમનશીબે લહીઆઓની કેટલાક અક્ષર ઓળખવામાં થતી ભૂલને પરિણામે લેખી પ્રતોમાં 'ડામિરિકે' એ શબ્દનું 'લિમિરિકે' એવું તદ્દન અર્થહીન રૂપાંતર થયેલું છે. તેના સમયમાં એ આખાય પ્રદેશમાં માત્ર એક જ ભાષા બોલાતી હતી અને તે તામિલ હતી. મલબારમાં હાલ પ્રચલિત મલાયાલામ ભાષા ત્યારપછી કેટલાય સૈકાઓ બાદ એક જુદી ભાષા તરીકે અભિવૃદ્ધિ પામી છે. તેની વસ્તી વિવિધ જાતિઓની બનેલી હતી અને તેમાં વિલવાર એટલે ધનુર્ધારી (ભિલ્લ) અને મીનવાર (મીના) સૌથી વધારે પ્રાચીન જણાય છે. તામિલો તો પાછળથી તે પ્રદેશમાં આવેલા જણાય છે.

**ટોલેમીનો ડામિરિકે**

જૂનું તામિલ સાહિત્ય તે વિષયના નિપુણ ખાસ અભ્યાસીઓના મત મુજબ ખ્રીસ્તિ સનના પહેલા ત્રણ સૈકાથી શરૂ થાય છે. તેમાં તે સમયના સમાજનું હૂબહૂ ચિત્ર આલેખવામાં આવ્યું છે. તામિલોએ તેમની ખાસ શિષ્ટતા કેળવી હતી અને તે ઉત્તર હિંદની શિષ્ટતાથી ભિન્ન અને સ્વતંત્ર હતી. ઉત્તરમાંથી આવી મદુરા અને બીજાં કેટલાંક શહેરોમાં વસેલા લોકોએ હિંદુઓની વર્ણવ્યવસ્થાના તથા આચારના ખ્યાલ ત્યાં દાખલ કરવાનો યત્ન કર્યો, પણ તેમને તીવ્ર વિરોધ અનુભવવો પડ્યો, અને હાલ કેટલાય સૈકાઓથી દક્ષિણમાં અતિશય ચુસ્તતાથી પળાતી વર્ણવ્યવસ્થા તે સમયે અપૂર્ણ દશામાં હતી. એ સમયનો પ્રચલિત ધર્મ 'રાક્ષસ–પૂજા' હતો અને તે હજુ પણ નવાં નામો નીચે જીવતો રહ્યો છે. દાખલા તરીકે દક્ષિણની જાતિઓની સૌથી વધારે સત્તાધારી રાક્ષસી કોટ્ટાવીનું (વિજયા) સ્થાન હિંદુ પૌરાણિક વ્યવસ્થામાં શિવની પત્ની ઉમા અથવા દુર્ગાએ લીધું છે.

**પ્રાચીન સમાજ-વ્યવસ્થા**

આ પ્રદેશનો રાજ્યવહીવટ હવે વર્ણવવામાં આવનાર ત્રણ મુખ્ય રાજ્યો ઉપરાંત બીજાં આશરે ૧૨૦ વધારે કે ઓછા પ્રમાણમાં સ્વતંત્ર રાજાઓને હાથ હતો. આ બધા રાજાઓ વગર અટક્યે માંહોમાંહે ખૂબ ઝઘડતા રહેતા હતા. આ ઝઘડાઓમાં તે પ્રદેશના મૂળ વતનીઓના પ્રતિનિધિઓ અતિશય ઝનૂનથી ભાગ લેતા હતા. એ આદિવતની-ઓના પ્રતિનિધિરૂપ મરવર, કલાર અને બીજાઓ આજે પણ તે પ્રદેશની વસ્તીનો તોફાની અને અગત્યનો અંશ છે. ડૉ. પોપ ટીકા કરે છે કે 'આજ આપણે જેનાં ખંડિયેરો જોઈએ છીએ તે ત્યજાયેલા સંખ્યાબંધ દુર્ગો તથા સિદ્ધ ઇતિહાસ શરૂ થાય છે તે સમયની અતિ ઓછી વસ્તીનું કારણ, એ રંજાડ માંડનાર વિગ્રહો છે.'

**માંહોમાંહેના ઝઘડા**

આદિવતનીઓની 'ભૂતપૂજા' પર ઉત્તરના જૈન, બૌદ્ધ તથા વૈદિક ધર્મના ચાલુ પ્રહારો થયા જ કર્યા. આને પરિણામે ધીમે ધીમે તે પછાત અને પછાત પડતો ગયો અને વધારે પ્રતિષ્ઠિત ધર્મનાં નામ અને બાહ્યાચારોનો આશ્રય લેવાની તેને ફરજ પડી. જૈન લોકકથા મુજબ દક્ષિણમાં જૈન ધર્મ લાવનાર, ઉત્તરમાંનાં પોતાનાં ઘરબાર છોડી દક્ષિણમાં આવી વસનાર એક ટોળી હતી. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં બાર વર્ષનો દુકાળ પડ્યો, તે વખતે વખાની મારી એ ટોળીને ઉત્તરહિંદ છોડવાની ફરજ પડી હતી. કેટલાક પ્રમાણરૂપ ગણાતા લેખકો એ બનાવને ઇ.સ. પૂર્વે ૩૦૯માં મૂકે છે. એ પર-દેશીઓ મહીસૂરમાં શ્રવણ બેલગોલામાં આવીને વસ્યા અને તેમના સાધુ નેતા ભદ્રબાહુએ જૈનધર્મને સંમત અનશન વ્રતથી પ્રાણત્યાગ કર્યો. શ્રવણ બેલગોલાની વસાહતનો આજનો મુખી ભદ્રબાહુનો વંશજ હોવાનો દાવો કરે છે, અને દક્ષિણ હિંદના તમામ જૈનોનો એ મુખ્ય ધર્મગુરુ મનાય છે. ઉપર આપેલી કથા આપણે ઉપર જોયું તેમ ચંદ્ર-ગુપ્ત મૌર્યના રાજ્યનાં છેલ્લાં વર્ષોનો ઉલ્લેખ કરે છે. એ હકીકત કેટલાક

**ધર્મ**

ચર્ચકો સ્વીકારે છે, જ્યારે બીજા કેટલાક તે સ્વીકારવાની ના પાડે છે. મૌર્ય સમ્રાટ્‌ના ગાદીત્યાગ અને આત્મહત્યાની કથનીમાં સત્ય હોય કે નહિ, તોપણ બૌદ્ધ ધર્મપ્રચારકોની પહેલાં અર્ધી સદી ઉપર મહાવીરના ધર્મને દક્ષિણમાં દાખલ કરનાર કેટલાક પરદેશી સંસ્થાન-વાસી આવ્યા હતા એ વાત ન સ્વીકારવા માટે કાંઈ પણ પૂરતાં કારણ નથી. અશોકના પૌત્ર સંપ્રતિએ સુહસ્તિને ધર્મફેર કરાવ્યાનું કહેવાય છે. તેણે હિંદના દ્વીપકલ્પના ભાગમાં જૈનધર્મનો ઉપદેશ કરવા ઘણા પ્રચારકો મોકલ્યા હતા. એ ધર્મનો ત્યાં એટલો તો પ્રચાર થયો કે ખ્રિસ્તિ સનના પહેલા સૈકામાં મહીસૂરમાં જૈન ધર્મ સૌથી આગળ પડતો હતો, એવું મિ. રાઇસનું કથન તદ્દન વ્યાજબી જણાય છે. વળી એ ધર્મ કાંઇ માત્ર મહીસૂરમાં જ રૂંધાઇ નહોતો રહ્યો. તે વધારે ઓછા પ્રમાણમાં બધે જ ફેલાયો હતો. પાંડય દેશમાં જૈન ધર્મની પડતી સાતમા સૈકામાં શરૂ થઇ, પણ તે સમય પછી યુગો સુધી એ ધર્મ મહીસૂર તથા દક્ષિણમાં આબાદ સ્થિતિમાં ચાલુ રહ્યો હતો.

**બૌદ્ધ ધર્મ**

એ તો નિઃસંદેહ વાત છે કે બૌદ્ધ ધર્મને કાર્યસાધક રીતે દક્ષિણમાં દાખલ કરવાના કામનો યશ ઇસ્વી સન પૂર્વેના ત્રીજા સૈકાની મધ્યમાં મહાન ધર્મચક્ર પ્રવર્તાવનાર સમ્રાટ્ અશોકે મોકલેલા ધર્મપ્રચારકો તથા તે સમ્રાટ્‌ના ભાઈ મહેન્દ્રને ભાગ જાય છે. સમ્રાટ્‌ના મુલકમાં પ્રવર્તતો એ ધર્મ કોઇ પણ સમયે દક્ષિણમાં સરસાઇનું પદ ભોગવી શક્યો હોય એમ જણાતું નથી, જોકે કેટલાય સૈકા દરમિયાન તેણે જન-સમાજમાં બહુ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. ઇસ્વી સનના સાતમા સૈકામાં જૈન તથા વૈદિક ધર્મને વણછે તે મરણનાં ડચકાં ખાતો હતો. એ સમય પછી તો એ બે ધર્મ જ એકએક પર સરસાઇ મેળવવા મથતા હતા અને એ સ્પર્ધામાં ઘણી વાર બહુ કડવાશ અને ઝનૂન જોવામાં આવતાં હતાં. દક્ષિણમાં દાખલ થયેલા બૌદ્ધ ધમ શરૂઆતમાં તો વર્ણવ્યવસ્થા-ની અવગણના કરી, પણ વૈદિક મતાનુયાયી બ્રાહ્મણોના તંત્રની ગુપ્ત

અને ચાલુ અસર કરતી સત્તા તેને માટે ભારે થઈ પડી અને આખરે તેનો જય થયો. વર્તમાન સમયમાં વર્ણવ્યવસ્થાના નિયમોનો અમલ દક્ષિણમાં ઉત્તર હિંદ કરતાં પણ વધારે સખ્તાઇથી થાય છે. આ વિષયની આ સ્થળે આથી વધારે ચર્ચા કરવી શક્ય નથી, પણ તામિલ અને કનારા પ્રદેશોમાં વિવિધ ધર્મોની વચ્ચે થયેલા ઝઘડાઓના ઇતિહાસનું એક મજાનું પુસ્તક લખવાનો અવકાશ છે એમ કહેવામાં કાંઈ વાંધો નથી.

**ગુલામી પ્રથાનો અભાવઃ પાંચ મહાસભાઓ**

પ્રાચીન તામિલોને ગુલામી પ્રથા તદ્દન અજાણી હતી. 'તમામ હિંદીઓ છુટા છે, અને હિંદમાં કોઇ ગુલામ છે જ નહિ એ બહુ મોટી વાત છે' એવું મેગેસ્થનીસનું કથન, ઘણું કરીને દક્ષિણના કેટલાક ભાગોની બાબતમાં મળેલી તદ્દન ખરી માહિતીના પરથી કરેલી ઉતાવળીઆ વ્યાપ્તિને આધારે થયેલું છે. તેણે તે વખતના હિંદી સમાજના (૧) તત્ત્વજ્ઞો, (૨) ખેડૂતો, (૩) ગોવાળો, ભરવાડો અને રબારી, (૪) કારીગર અને વેપારી, (૫) લશ્કરી, (૬) કામ પર દેખરેખ રાખનાર તથા (૭) મંત્રીઓ, એમ સાત વર્ગો ગણાવ્યા છે. આ તેણે ગણાવેલા વર્ગોનો 'વર્ણો' એવો ખોટો તરજૂમો કરવામાં આવ્યો છે. સમાજના વર્ગોની આ ગણતરીને તામિલ રાજાઓના આપખુદપણાનું નિયંત્રણ કરનાર 'પાંચ મહાસભાઓ' જેમાં આમલોક ધર્મગુરુઓ, જોશીઓ, વૈદો અને મંત્રીઓનો સમાવેશ કરવામાં આવેલો છે તેની જોડે સરખાવી શકાય એમ છે.

**યુદ્ધ અને સુલેહ**

પ્રાચીન તામિલ સાહિત્યમાં વર્ણવેલાં માંહોમાંહેના યુદ્ધોની સંખ્યા તથા તેમાં દેખાતું જંગલીપણું જોતાં, અસલી તામિલ રાજ્યોમાં શાંતિના હુન્નરો તથા સાધારણ લોકજીવનમાં સુખ-સાધનોની પૂરી ઉપેક્ષા કરવામાં આવતી હતી એવો મત વ્યાજબી ઠરતો જણાય છે. પણ આવું અનુમાન કરવું એ ભૂલ છે, કારણ કે એ તો નિઃસંદેહ વાત છે

કે કાવ્ય અને બીજી લલિત કળાઓ બહુ ઉત્તમ કક્ષાએ પહોંચી હતી અને શહેરના વસનારા તો દ્રવ્યથી ખરીદી શકાય એવા તમામ શોખ ભોગવી શકતા હતા. સતત યુદ્ધની સ્થિતિ, અને શાંતિપ્રિય નાગરિકોના, ધનાઢય વેપારી અને ખેડૂત સમાજોની હયાતી એ બે વચ્ચેનો દેખીતો વિરોધ સમજવામાં મેગાસ્થનીસની એક ટીકા આપણને બહુ મદદગાર થઈ પડે છે.

એ ગ્રીક એલચી લખે છે કે 'બીજો વર્ગ ખેડૂતોનો બનેલો છે. પ્રજાના મોટા ભાગનો સમાવેશ એ વર્ગમાં થાય છે. તેઓ સ્વભાવે નમ્ર હોય છે. તેમને લશ્કરી નોકરીની ફરજથી મુક્ત રાખવામાં આવે છે અને તેથી નિર્ભય રીતે તેઓ તેમની જમીનની ખેતી કરી શકે છે. તેઓ તોફાનોમાં ભાગ લેવા કે બીજા કોઇ કારણે શહેરોમાં જતા નથી. આથી ઘણી વાર એમ બને છે કે દેશના એક ભાગમાં યુદ્ધના વ્યૂહમાં ગોઠવાયેલા અને જીંદગીને જોખમે લડતા સિપાઇઓ જોવામાં આવે છે અને તે જ વખતે તેની પાસેના જ પ્રદેશમાં તદ્દન સલામતીમાં જમીન ખોદતા અને ખેડતા ખેડૂતો જોવામાં આવે છે. આનું કારણ એ છે કે તેમનું રક્ષણ એ સિપાઇઓ મોજૂદ છે.'

આ સુંદર ચિત્રમાં કાંઇક અતિશયોક્તિ હશે, પણ મેગાસ્થનીસને પરિચિત હિંદમાં લડવાનું કામ સાધારણ રીતે ધંધાદારી સિપાઇઓ કરતા અને કોઇને પણ ઈજા ન કરે એવા અને સમાજને જરૂરી ખેડૂતના કામમાં તેઓ ભાગ્યે જ દખલગીરી કરતા એ કથનને આપણે ખરા તરીકે સ્વીકારી શકીએ. કિલ્લેબંધી શહેરો પણ તેના દરવાજા અને કોટથી યુદ્ધ દરમિયાન થતી ઇજાથી બચવા પામતાં હતાં અને માત્ર વિરલ પ્રસંગે જ ઘેરાની યાતના ભોગવતાં હતાં. આવી રીતે મધ્યયુગનાં ફ્લૉરેન્સ અને પાઇઝાના વાસીઓની પેઠે આ તામિલો, સારી પેઠે લડાઇઓમાં મચ્યા રહેવા છતાં કાળજીભરી ખેતી અને ધીકતા વેપાર પર ખૂબ ધ્યાન આપી શકતા હતા.

બીજે કાંઇ ન મળે એવી ત્રણ કિંમતી ચીજો પોતાની પાસે હોવાનું

સદ્‌ભાગ્ય તામિલ દેશને હતું. એ ત્રણ ચીજ તે મરી, મોતી અને વૈદૂર્યમણિ.

**મરી, મોતી અને વૈદૂર્યમણિ**

યુરોપનાં બજારોમાં મરી બહુ મોંઘે ભાવે વેચાતાં અને એની માગણી એવી તો જબરી હતી કે ઈ.સ. ૪૦૯માં ગૉથ સરદાર એલેરિકે રોમ પાસે યુદ્ધદંડ વસુલ કર્યો તે વખતે થયેલા કરારમાં ૩૦૦૦ રતલ મરી આપી દેવાની સરતનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દક્ષિણના દરીઆમાંનાં મોતીનો વેપાર આજ પણ બહુ પેદાશવાળો અને કિંમતી છે. તે કોણ જાણે કેટલાય યુગોથી ચાલુ હતો અને પરદેશી વેપારીઓનાં ટોળેટોળાં તે ધંધા તરફ આકર્ષાઈ આવતાં હતાં.

વૈદૂર્યમણિ લીલા નંગને ખૂબ મળતું છે એવી પ્લિનીએ ટીકા કરી છે તે તદ્દન ખરી છે. હિંદીઓ તેમજ રોમનોને તેનો ભારે શોખ હતો. એના પર કોતરકામ કરનાર કારીગર પોતાની ઊંચામાં ઊંચી કળા બતાવી શકતો હતો. હિંદ સિવાયના બીજા દેશોમાં તેની અછત હતી તેથી કુશળ હિંદીઓ સાધારણ સ્ફટિકમણિમાંથી એનાં ખોટાં નંગ બનાવવા લલચાતા હતા. એ નંગની ત્રણ હિંદી ખાણોની નોંધ છે. (૧) મહીસૂરની નઋત્યે કાવેરી નદીની શાખારૂપ કબ્બાની નદી પર આવેલા કિત્તુર પાસે પુન્નાટ આગળ. અહીં આગળ તે મણિ મળી આવે છે એવી નોંધ ટોલેમીએ કરેલી છે. (૨) કોઇમ્બટુર શહેરની પૂર્વે અને અગ્નિ ખૂણા વચ્ચેની દિશામાં ૪૦ માઈલ પર પડીયૂર અથવા પદ્દિઆવી પાસે. છેક ઈ.સ. ૧૮૨૦ સુધી એક ખાણ આ જગાએ સફળતાથી ચાલુ હતી. (૩) ત્રીજી ખાણ હાલનાં કોલારનાં સુવર્ણક્ષેત્રોની પાસે અને સલેમ જીલ્લાના ઈશાન ખૂણામાં વાનિયંબાડી આગળ આવેલી છે. તે પ્રદેશમાં મળી આવતા રોમન સિક્કાના મોટા અને સંખ્યાબંધ સંઘરા દક્ષિણ હિંદનાં રત્નોના પ્રાચીન વેપારની જબરી ધમાલની શાખ પૂરે છે. સાલેમ અને કોઇમ્બટુર જીલ્લામાં પુષ્કળ પ્રમાણમાં મળી આવતો લાલ અને ભૂરા નંગનો 'કોરંડમ' નામનો પ્રકાર 'કુરંદમ' એવું ચોખ્ખું તામિલ નામ ધારણ કરે છે તે હકીકત હિંદી રત્નોની ખાણોની પેદાશનો પ્રાચીન

યુરોપને પરિચય હતો તેનો બીજો પુરાવો પૂરો પાડે છે.

તામિલ રાજ્યો જબરાં નૌકાસૈન્યો નિભાવતાં હતાં, અને પૂર્વ તથા પશ્ચિમ દેશોનાં વહાણ ખૂબ છૂટથી તેનાં બંદરે આવજા કરતાં હતાં. આથી સોનું, રૂપું અને યુરોપની કારીગીરીની ચીજો સાટે મરી, મોતી, ભૂરા નંગ અને હિંદની બીજી ઉત્તમ ચીજો ખરીદવાને આતુર જુદી જુદી પ્રજાના વેપારી ત્યાં આવતા હતા. ૧૯૧૪ પહેલાં યુરોપમાં વિલાયતી પાઉન્ડનો સિક્કો જેટલી છૂટથી ચાલુ હતો તેટલીજ છૂટથી દક્ષિણ હિંદમાં રોમનો સોનૈયો ચાલુ હતો અને કાંઈક પરદેશથી આવેલું અને કાંઈક મદુરામાં પાડેલું રોમનું કાંસાના સિક્કાનું ચલણ સાધારણ રીતે બજારોમાં વપરાતું હતું. ખ્રિસ્તી સનના પહેલા બે સૈકા દરમિયાન વેપારમાં રોકાયેલા રોમન પ્રજાજનોની સાધારણ ઠીકઠીક કદની વસાહતો દક્ષિણ હિંદમાં હતી એમ માનવા સારાં કારણ છે. વળી તે જ સમય દરમિયાન 'બળવાન યવન, પૂરા બખ્તરમાં સજ્જ થયેલા મૂગા મ્લેચ્છ' એ રીતે વર્ણવાયેલા યુરોપી સિપાઇઓ તામિલ રાજાઓના અંગરક્ષક તરીકે કામ કરતા હતા અને રોમન સોનૈયાથી ખરીદાયેલા મરીના માલને ભરી જવા યવનોનાં સુંદર મોટાં વહાણ મુઝિરિસ (ક્રેનગેનોર) પાસે નાંગરતાં હતાં એ વાત પૂરવાર કરવા પૂરતાં કારણ છે. એમ પણ કહેવાયેલું છે કે ઓગસ્ટસને અર્પણ કરેલું એક મંદિર પણ મુઝિરિસમાં[૧] હતું. આ વાત

**દરીઆઈ વેપાર; પરદેશી વસાહતો**

---

૧. એસ. કે. આયંગરના મત મુજબ મોડામાં મોડો એ શહેરનો નાશ ઈસ્વીસનના ૩જા સૈકાની પહેલી પાસદીમાં થયો હતો. એસ. કે. આયંગરના 'એન્શિયંટ ઇન્ડિયા'માં જેનો ઉલ્લેખ છે તે 'એપિક ઑફ ધ એંકલેટ' અને 'જ્વેલ બેલ્ટ'નાં વીર કાવ્યોમાં જણાવ્યા પ્રમાણે તામિલ પ્રણાલીકથા એવી છે કે એ શહેરને સમુદ્રે ગળ્યું. પૃ. ૬૦૫૨૦ શ્રીનિવાસ આયંગર તેના નામના સમયને ઇસ્વીસનના ૨ જા સૈકામાં મૂકે છે. 'ટાઉનપ્લૅનિંગ ઈન એન્શિયન્ટ ડેકન' મદ્રાસ ૧૯૧૬માં સી.પી. વેંકટ મ આયર એવો મત દર્શાવે

ખરી છે એમાં કાંઇ શંકાનું કારણ નથી. એક બીજી યવન વસાહત પૂર્વકિનારે આવેલા કાવેરી નદીની ઉત્તર શાખાના મુખ પરના કાવીરિપટ્ટાનમ અથવા પુહાર આગળ વસેલી હતી. એ શહેર તેમજ બંદર બહુ સમય પહેલાં અદશ્ય થયેલાં છે અને મોટા રેતીના ઢગ નીચે દટાયેલાં પડ્યાં છે. યવનોના દારૂ, દીવા તથા કળશોની આયાત

---

છે કે વિશાળ વેપારવાળું એ જૂનું બંદર કાવેરી નદીમાં પુરાણ થવાથી તેની અગત્ય ગુમાવી બેઠું છે. આ મત જોડે ઉપર વર્ણવેલી એ બંદરના વિનાશની કથાનો મેળ ખાતો નથી.

'ધ તામિલ્સ એઈટીન હન્ડ્રેડ ઇયર્સ એગો' પૃ. ૧૬,૨૫,૩૬,૩૮. પુહારને પુગાર અથવા પુગાર પણ લખે છે. 'ધ પુટિનેરીયન ટેબલ્સ' તંત્રી શેઇબે ૧૭૩૩; મેનર્ટ, લાઇપ્ઝિગ ૧૮૨૪; ચાલ્સ રૂએલન્સ, બ્રુસેલ્સ, ૧૮૮૪; વૉકર 'ઓન ધ ટેબ્યુલાપ્યુરીન જેરિઆના' કેમ્બ્રિજ ૧૮૮૩; કેમ્બ્રિજ એન્ટિકવેરિયન સોસાઈટી કોમ્યુનિકેશન્સ પુસ્તક ૪, પૃ. ૨૩૭ પ્યુરિન્જેરિયલ ટેબલ્સ એ ઈ.સ. ૨૨૬ની સાલથી શરૂ થતા જૂના નકશાનો સંગ્રહ છે એમ મનાય છે. મુઝિરિઝમાં ઓગસ્ટસનું મંદિર હતું એનાં પ્રમાણ ઉપરનાં પુસ્તક છે. 'મુઝિરિસ'ની પાસે નકશા પર ટેમ્પલ્સ ઓગસ્ટીના નીચાણવાળા એક મંદિરના જેવા તેવા કાચા નકશાથી તેનું સ્થાન બતાવવામાં આવેલું છે. મુઝિરિસ તે જ કેનગેનોર એ વાત તો હવે સારી સિદ્ધ થઈ ચુકી છે. કાવિરીપટ્ટનમ=પુહાર=કાકંડી ઈન્ડિ xxi ૨૩૫) કમર (પેરિપ્લસ, પ્રકરણ ૬૦. ઇન્ડિ એન્ટિ viii, ૧૪૯૭);=ખાબેરિસ [ટાલેમી પુસ્તક vii પ્રક. ૧, ૧૩, ઈન્ડિ એન્ટિ vii ૪૦ i xiii, ૩૩૨]....

પેરિપ્લસ એમ કહે છે કે આ બંદરે આવતાં વહાણ તેમાં ભરવામાં આવતાં મરી તથા 'મેલેબેથ્રમ'ના મોટા કદ તથા જથ્થાને કારણે બહુ મોટાં કદનાં હોય છે. ત્યાર બાદ ત્યાં થતા આયાત તથા નિકાસના માલની લાંબી યાદી આપવામાં આવે છે. 'મેલેબેથ્રમ' તે મેક્રિન્ડલે ખોટો તરજુમો કર્યો છે તે મુજબ પાન નહિ પણ સીનેમોમ અને ખાસ કરીને સીનેમોમ 'ઝાઇલેનિકમ'નાં જુદીજુદી જાતિઓનાં પાન છે. (શોફ તરજુમો) પેરિપ્લસ પૃ. ૮૪ ઉલ્લેખો સાથે) ઈ.સ. ૨૧૫માં કરકલ્લાએ અલેગઝાંડ્રિયામાં કરેલી કત્લેઆમને પરિણામે તે બંદર તથા હિંદ વચ્ચેનો સીધો વેપાર મોટે ભાગે બંધ પડી ગયો. (જે. આર. એ. એસ. ૧૯૦૭ પૃ. ૯૫૪.)

થતી હતી એમ કાવ્યો કહે છે અને નીલગિરિ પાસેની મોટા પથ્થરોની કબરોમાંથી નીકળતાં અને ખ્રિસ્તી સનના પ્રારંભનાં વર્ષોમાં યુરોપમાં થતાં કાંસાનાં વાસણોથી તેમજ પેરિપ્લસમાંનાં કથનોથી કાવ્યોમાંના એ કથનનું સમર્થન થાય છે.

હું નિર્ણય કરી શકું છું ત્યાં સુધી, ઉત્તમમાં ઉત્તમ તામિલ કાવ્યો જૂના સમયનાં છે એમ માનનારા પંડિતો ખરા છે. તામિલ સાહિત્યનો

**જૂનાં સાહિત્ય અને કળા**

સુવર્ણયુગ ખ્રિસ્તી સનના પહેલા ત્રણ સૈકામાં મૂકી શકાય. એક પ્રમાણરૂપ લેખક તે કાવ્યોને પહેલા સૈકામાં જ મૂકે છે, પણ ઉપર દર્શાવેલી વધારે વિશાળ મર્યાદા વધારે વિશ્વાસથી સ્વીકારી શકાય એમ છે. કાવ્ય ઉપરાંત બીજી કળાઓ પણ સફળતાથી ખેડવામાં આવતી હતી. તેમાં સંગીત, નાટક, ચિત્ર અને પ્રતિમાવિધાનનો સમાવેશ થતો હતો. પણ એ પૂતળાં અને ચિત્ર દેખીતી રીતે બહુ ટકાઉ પદાર્થમાંથી બનાવેલાં નહોતાં તેથી પૂરેપુરાં નાશ પામ્યાં જણાય છે. નાટકો, તામિલ અને આર્ય એવા બે પ્રકારનાં હતાં. તામિલ નાટકો તે જ દેશમાં રચાયેલાં વિવિધ ભાતનાં અને પ્રેમના પ્રવેશો દાખલ કરી શકાય એવાં હતાં. આર્ય નાટકો ઉત્તરનાં હતાં. તે વધારે નિયમબદ્ધ અને અગિયાર મુખ્ય અને નક્કી કરેલા વિષયોને લગતાં જ રચવામાં આવતાં હતાં.

પ્રાચીન દેશી સાહિત્યનાં પાનાંઓમાં તેમજ પુરાતત્ત્વની તથા સિક્કાની થોડી સરખી શોધની પૂરવણીવાળી ગ્રીક અને રોમન લેખકોની

**ત્રણ રાજ્યો**

આછી નોંધોમાં ખ્રિસ્તી સનના આરંભના સૈકામાં, જેની ઝાંખી થાય છે એવાં ત્રણ દ્રવિડ કે તામિલ રાજ્યોની શિષ્ટતાની આવી સ્થિતિ હતી. અશોકનાં શાસનો, ભટ્ટિપ્રોલુ મંજુષાના લેખો, અને બીજા થોડા લેખો બાદ કરતાં શિલાલેખોની સાહેદી આથી બહુ આગળ જતી નથી. સામાન્ય લોકપ્રણાલી તામિલ દેશમાં માત્ર ત્રણ જ અગત્યનાં રાજ્યોની હયાતી સ્વીકારે છે. તે ત્રણ રાજ્યો તે પાંડ્ય, ચોલ અને ચેર અથવા કેરલ. અશોક

ચેર રાજ્યને કેરલપુત્ર કહે છે. એ નામ તેના અપભ્રષ્ટ રૂપમાં પ્લિનીના પુસ્તકમાં અને 'પેરિપ્લસ'માં નજરે પડે છે. તે ઉપરાંત અશોક તેમાં સાત્યપુત્ર એવું ચોથું નામ ઉમેરે છે, પણ તેનો ઉલ્લેખ બીજે કોઈ સ્થળે જોવામાં આવતો નથી. મેંગલોર એ તુલુવ દેશનું કેંદ્રસ્થ સ્થાન છે. એ દેશમાં કાનારાની કાનરી ભાષાને મળતી તુલુ ભાષા બોલવામાં આવે છે.

**પાંડ્ય રાજ્યનો સ્થાનનિર્દેશ**

પ્રણાલી અનુસાર પાંડ્ય રાજ્ય દક્ષિણ વેલારૂનદીથી (પુદુકોટાઇ) કુમારી ભૂશિર સુધી ઉત્તર દક્ષિણ, અને પૂર્વમાં કોરોમાંડલ સમુદ્ર ઉપકંઠથી માંડી ત્રાવણકોર અથવા દક્ષિણ કેરલમાં પ્રવેશ કરાવતા અચ્છનકોવિલ ઘાટ સુધી લંબાયેલ છે. આ રીતે તે પ્રદેશ હાલના મદુરા અને તિનેવિલી જીલ્લો અને જેમાં હાલ કન્યાકુમારી ભૂશિરનો સમાવેશ થાય છે તે ત્રાવણકોરના ભાગ મળી થતા પ્રદેશની બરાબર થાય છે.

**ચોલ રાજ્યનો સ્થાનનિર્દેશ**

સૌથી વધારે પ્રચલિત પ્રણાલી અનુસાર ચોલ પ્રદેશ (ચોલમંડલમ્ )ની ઉત્તર સરહદ પેન્નર નદીથી અને દક્ષિણ સરહદ દક્ષિણ વેલ્લારૂ નદીથી બંધાતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો તે હિંદને પૂર્વ અથવા કોરોમાંડલ કિનારે નેલોરથી પુદુકોટાઇ સુધી વિસ્તરતો હતો અને ત્યાં તે પાંડ્ય રાજ્યની અડોઅડ આવી જતો હતો. પશ્ચિમમાં તે કૂર્ગની સરહદ સુધી લંબાતો હતો. આ પ્રમાણેની મર્યાદાવાળા પ્રદેશમાં મદ્રાસ તથા પૂર્વ તરફ આવેલા કેટલાક બ્રિટિશ જીલ્લા તેમજ મહીસૂર રાજ્યના ઘણા ખરા ભાગનો સમાવેશ થતો હતો. પણ પ્રાચીન સાહિત્ય તામિલ દેશને પુલીકટ તથા મદ્રાસની વાયવ્યે ૧૦૦ માઇલ પર આવેલી વેંકટ અથવા તિરૂપાથીની ટેકરીથી વધારે ઉત્તરે લઈ જતું નથી. બીજા હાથ પર સાતમા સૈકામાં હ્યુઆન્સાંગને પરિચિત ચોલ દેશ બહુ નાના વિસ્તારનો પ્રદેશ હતો, અને હાલના

કડાપા જીલ્લાની અને તેની મર્યાદાઓ એકસરખી હતી. તેનાથી વધારે દક્ષિણ તરફ તે વિસ્તરતો નહોતો. એ યાત્રી જેને દ્રવિડ કહે છે તે ચોલ મંડલ અથવા કોરોમાંડલ સમુદ્ર ઉપકંઠ પ્રદેશ તે સમયે પલ્લવ રાજાઓના હાથમાં હતો. તેમનું પાટનગર મદ્રાસથી દક્ષિણ નૈઋત્ય દિશામાં ૪૫ માઇલ પર આવેલા કાંચીમાં હતું.

હવે પંડિતો સહમત થયા છે કે ચેર અને કેરલ એકજ શબ્દનાં રૂપાંતર માત્ર છે. કેરલ એ નામ તો હજુ પણ જનસ્મરણમાં રહી ગયું છે અને એ વાતમાં તો શંકા જ નથી કે એ નામથી જાણીતા રાજ્યમાં હાલનું દક્ષિણ કોંકણ અથવા મલબારકિનારો તથા ત્રાવણકોર અને કોચીનનાં રાજ્યોનો સમાવેશ થતો હતો. વેન અથવા વેનાડુ નામથી ઓળખાતો ત્રાવણકોરનો દક્ષિણ ભાગ ખ્રિસ્તી સનના પહેલા સૈકામાં પાંડ્ય રાજ્યમાં જોડાયેલો હતો. પાછલા સમયમાં ચેર રાજ્યમાં કોંગુ વિભાગ, હાલનો કોઈમ્બટુર જીલ્લો અને સાલમના દક્ષિણ ભાગનો સમાવેશ થતો હતો, પણ શરૂઆતના સમયમાં આમ હતું કે કેમ તે શંકાસ્પદ છે. સાધારણ રીતે કેરલ એટલે ચંદ્રગિરિ નદીની દક્ષિણે આવેલા પશ્ચિમઘાટોનો ડુંગરાળ પ્રદેશ. અલબત્ત, આ ત્રણે રાજ્યોની મર્યાદાઓ વખતોવખત બદલાતી રહેતી હતી.

**ચેર અથવા કેરલ રાજ્યનો સ્થાનનિર્દેશ**

આશરે ચોથાથી આઠમા સૈકા સુધીના ગાળામાં દક્ષિણ હિંદના ઇતિહાસમાં પલ્લવ વંશ બહુ મોટો ભાગ ભજવે છે. પણ પ્રણાલીમાં સચવાઇ રહેલી સીમાઓવાળો કોઇ પલ્લવ દેશ હતો નહિ. એ પલ્લવ સરસાઈ નભી ત્યાં સુધી વધારે ઓછા પ્રમાણમાં વખતોવખત ઉપર જણાવેલાં ત્રણે રાજ્યો પર જામી રહેતી. એ સરસાઇનો વિસ્તાર તે તે સમયના પલ્લવ રાજાઓના જોશ તથા તેમના પ્રતિસ્પર્ધીઓની નબળાઇઓના પ્રમાણમાં રહેતો. આ હકીકત એમ સૂચવે છે કે મરાઠાઓની પેઠે પલ્લવો પણ લૂંટફાટ પર જીવનારી જાત, કૂળ કે વર્ણ હતી. બળજબરીનાં કૃત્યોથી

**પલ્લવો**

તેણે સત્તા મેળવી હતી અને તે પ્રદેશના અસલ રાજાઓની ઉપર તેણે પોતાની સત્તા જમાવી હતી. એ પણ શક્ય છે કે પલ્લવોની કોઈ ખાસ જાતિ કે કુળગોત્ર નહોતું પણ તે એક મિશ્ર પ્રજારૂપ હતા અને કાંઇક અંશે પરદેશીઓ તથા કાંઇક અંશે દક્ષિણ હિંદની જાતિઓના બનેલા હતા. તેઓ તામિલોથી જુદી જાતિના હતા, અને તેમની પર સત્તા જમાવી તેમને આક્રમણાત્મક રાજકીય સત્તાના રૂપમાં ઘડનાર એક બહારથી આવી પેંઠા પડેલા વંશના નામ પરથી તેમણે પોતાનું નામ રાખ્યું હતું. પલ્લવ રાજ્યની પ્રણાલી કથાઓ બહુ ઝાંખી છે અને ૧૮૪૦ સુધી એ વંશનું નામ યુરોપી વિદ્વાનોને અજાણ્યું હતું. તે સમયમાં એક તામ્રપટની શોધ થઇ તે ઉપરથી તેમનું લક્ષ એ વિષય તરફ ખેંચાયું. ત્યાર બાદ તો એવી બીજી શોધો કરવામાં આવી છે અને પલ્લવોના ઇતિહાસના ચોકઠા રૂપ વંશાવલીઓ ઉપજાવી તૈયાર કરવાની બાબતમાં ઘણી પ્રગતિ થયેલી છે.

આ પ્રકરણના હવે પછી આવતા વિભાગોમાં આપણને જણાયેલાં તામિલનાં ત્રણ રાજ્યોના, તેમજ તેમની વચ્ચે ઘુસી આવેલા પલ્લવોના રાજકીય ઇતિહાસની રૂપરેખા આપવાનો યત્ન કરવામાં આવશે. એ રાજ્યોનાં સ્થાનનિર્દેશ તથા સામાન્ય લક્ષણો આપવામાં આવી ગયાં છે. પણ સંતોષકારક રીતે સંક્ષેપમાં દક્ષિણનાં રાજ્યોનો ઇતિહાસ લખવાનો સમય હજુ આવ્યો નથી અને હાલમાં તો, અમે હવે આપીએ છીએ તેવી કોઇપણ સંક્ષિપ્ત નોંધ અપૂર્ણ અને કામચલાઉ જ હોઈ શકે. ફરી તપાસી આપેલા હાલના રૂપમાં, આ પુસ્તકની જૂની આવૃત્તિઓમાં આપેલા અહેવાલ કરતાં તે ઓછો અપૂર્ણ છે; પણ તે પ્રદેશની ભાષા તથા સ્થાનિક સંજોગોના નિકટ પરિચયવાળા ખાસ અભ્યાસીઓ દરેક રાજવંશના વિગતવાર લેખો તૈયાર ન કરે ત્યાં સુધી આખા હિંદના ઇતિહાસના પુસ્તકમાં દાખલ કરવા યોગ્ય દક્ષિણનાં રાજ્યોનો પ્રાચીન ઇતિહાસ રચવાનું શક્ય થઈ શકે

**દક્ષિણના ઇતિહાસની સાધારણ સમાલોચના**

એમ નથી. આ પ્રયત્નને અંગે અનિવાર્ય ઉણપો છે તે છતાં પણ એ યત્ન કરવા જેવો છે. હાલના વિદ્વાનોની ખંતભરી મહેનતથી મુસલમાનોની જિત પહેલાંના સમયના કાંઈક અંશે પાછા મેળવેલા દક્ષિણ હિંદના ઇતિહાસનો અભ્યાસીને અથવા સામાન્ય વાચકને સામાન્ય ખ્યાલ આપવાનો દાવો કરતા એકે પુસ્તકની હયાતીની મને ખબર નથી.[1] આથી મને ખાતરી થાય છે કે એ ખોટ પૂરવાનો મારો યત્ન, ગમે તેટલો અપૂર્ણ રીતે થયો હશે તો પણ તે એળે જવાનો તો નથી અને એ વિષયની મુશ્કેલીઓના જાણકાર નિષ્ણાતો મારી ત્રુટિઓને નભાવી લેવા સદા તત્પર રહેશે.

**મુશ્કેલીઓ**

એ મુશ્કેલીઓ બહુ મોટી છે. નવમા સૈકાની પહેલાંના સમયનાં ઇતિહાસનાં સાધનો ઉત્તર હિંદ કરતાં દક્ષિણ હિંદમાં બહુજ થોડાં છે. અઢાર પુરાણો દક્ષિણ હિંદ પર નહિ જેવું લક્ષ આપે છે.[2] પ્રાચીન શિલાલેખો અતિશય વિરલ છે, સિક્કાઓ નહિ જેવી મદદ આપે છે, તૈયાર થયેલાં રૂપમાં પુરાતત્ત્વની શોધોનાં પરિણામોની પ્રસિદ્ધિ બહુ પછાત છે અને પ્રાચીન સાહિત્યના ક્ષેત્રમાંની શોધ અપૂર્ણ છે. બીજા હાથપર નવમા સૈકા પછીના સમયની શિલાલેખની સામગ્રી એટલી તો પુષ્કળ છે કે તેની વ્યવસ્થા કરવી અઘરી છે. દક્ષિણમાં રાજાપ્રજાએ તેમની પછીની પેઢીઓને કેટલાય હજાર શિલાલેખો વારસામાં આપેલા છે, અને ઘણીવાર તો તે અતિશય લંબાણવાળા જણાય છે. દક્ષિણ અને તામીલ રાજ્યોના સંબંધના મી. રાઈસનાં 'એપિગ્રાફિયા કર્ણાટિકા'નાં આઠ પુસ્તકોમાં ૫૮૦૦ શિલાલેખોની નોંધ છે. મદ્રાસના

---

૧ મી. એસ. કૃષ્ણસ્વામી આયંગરના ભેગા કરેલા નિબંધોનું 'એન્શિયંટ ઇંડિયા' (લુઝાક ૧૯૧૧) એ નામનું પુસ્તક કિંમતી છે અને આ પુસ્તકમાં તેનો છુટથી ઉપયોગ કર્યો છે છતાં તે ઉપર જણાવેલું ઈષ્ટ પુસ્તક હોવાનો દાવો કરતું નથી.

૨ દક્ષિણ હિંદનાં પોતાનાં સ્વતંત્ર પુરાણ છે.

પુરાતત્ત્વ તપાસણી ખાતાના મહેકમે એક જ વર્ષ દરમિયાન ૮૦૦ કરતાં વધારે શિલાલેખોની નકલો કરી છે અને ઘણું કરીને તેમાંનું એકપણ મી. રાઇસનાં પુસ્તકોમાં આવી જતું નથી. ઐતિહાસિક સાધનોના આ પ્રચંડ સંઘરામાં દર વર્ષે ઘણો મોટો ઉમેરો થાય છે. એક અગત્યના દસ્તાવેજની નોંધ એક મોટા ચક્કર પર જડેલાં એકત્રીસ તાંબાનાં પતરાં પર કોતરવામાં આવી છે એ તથ્ય વ્યક્તિગત દસ્તાવેજોની લંબાઈનું સારૂં દષ્ટાંત પૂરૂં પાડે છે. એ તો દેખીતું છે કે હવે પછીનાં કેટલાંક વર્ષો સુધી માત્ર દક્ષિણ હિંદના પ્રાચીન ઇતિહાસની શિલાલેખોની સામગ્રીની ઝીણી તપાસણી એ વિષયના ખાસ અભ્યાસીઓનું કાર્ય થઈ પડશે, અને દિન પર દિન એ વિષયની માહિતીના ભંડોળમાં ઉમેરો થવાનું ચાલુ રહ્યાજ કરશે. આ પ્રાથમિક સમજુતિ પછી ત્રણ તામિલ રાજ્યો તથા કેટલોક સમય એ બધાને વણછે નાખતા અને બહારથી આવેલા પલ્લવ રાજવંશનો મારાથી બનતો સારામાં સારો અહેવાલ આપવાનું કાર્ય શરૂ કરૂં છું.

## વિભાગ બીજો

### પાંડ્ય, ચેર અથવા કેરલ અને સાત્યપુત્ર રાજ્યો

હાલનાં મદુરા અને તિનેવેલ્લી જીલ્લા તેમજ ત્રિચિનાપોલી તથા કોઇક વાર ત્રાવણકોરના કેટલાક ભાગના મળવાથી થયેલું પાંડ્ય રાજ્ય, પાંચ વિભાગોમાં વહેંચાયેલું મનાય છે અને તે વિભાગોના રાજા 'પાંચ પાંડ્ય' એ નામે ઓળખાતા હતા. એ જુદાજુદા રાજાઓની અધિકાર સીમાઓની વિગતો અજાણી છે અને એ 'પાંચ રાજાઓ'ની હયાતીની સાબીતીની ઉપયોગિતા શંકાભરી છે.[1]

**પાંચ પાંડ્યો**

૧ જુઓ સેવેલ ઈન્ડી. એન્ટી. ઑગસ્ટ ૧૯૧૫ પુસ્તક X/IV પૃ. ૧૩૬. તેનો એવો મત છે કે રાજા તો હમેશાં એકજ હતો, પણ પાંચ પાંડવોની પુરાણકથા ઉપરથી પાંચ રાજાઓની માન્યતા ઉભી થવા પામી.

છેક ઇસ્વીસનના પહેલા સૈકામાં પ્લિનીના સમયમાં એનું પાટનગર મદુરા[2] અથવા કુડાલ હતું પણ એમ માનવા કારણ છે કે એથી વધારે પ્રાચીન સમયમાં એ રાજ્યનું મુખ્ય નગર કોરકાઈ હતું અને મદુરા જીલ્લાનાં પૂર્વભાગમાં આવેલું દક્ષિણ મનાલુર નામનું સ્થાન ઇતિહાસપૂર્વના યુગમાં પણ પાંડ્ય રાજાઓનું પાટનગર હતું એ બાબતના કાંઇક પુરાવા છે. બધી દેશી પ્રણાલી કથાઓ કોરકાઇ અથવા કોલકાઇને દક્ષિણ હિંદની સભ્યતાનું ઉત્પત્તિસ્થાન અને પાંડ્ય, ચેર તથા ચોલ રાજ્યોની સ્થાપના કરનાર તરીકે મનાતા ત્રણ પૌરાણિક ભાઇઓના વતન તરીકે બતાવે છે. તિનેવેલીમાં તામ્રપર્ણી[3] નદીના

**કોરકાઇ**

---

૨ પ્લિની હિસ્ટ. નેચ. પુસ્તક ૬ પ્રકરણ ૨૩ (૨૬). ટોલેમી જેને બકારાઇ અથવા બરકારે કહે છે તે બરકારેને તે મલબાર કિનારા પરના બંદર તરીકે વર્ણવે છે. એજ વૈકકારાઈ અને તે કોટાયામ જવાનું બંદર. વળી તે ઉમેરે છે કે 'અહીં પાન્ડીઅન રાજ્ય કરતા હતા અને બંદરથી બહુ દૂર અંદરના ભાગમાં આવેલા મોદુરા નામના શહેરમાં રહેતા હતા. તે લખતો હતો તે વખતે મલબાર કિનારા પર કેઇલોબોથ્રાસ (કેરલપુત્ર) રાજા રાજ્ય કરતો હતો. પેરિપ્લસ (પ્રકરણ ૫૪-૫૫) સાફ બતાવે છે કે મુઝિરિસ કેરલપુત્ર રાજ્યનું હતું પણ તેની વધારે દક્ષિણે આવેલા બકારેનો પાંડ્ય રાજ્યમાં સમાવેશ થતો હતો. એટલે તે રાજ્ય હાલના ત્રાવણકોરના દક્ષિણ ભાગોનું બનેલું હશે. આ પ્રદેશ વેનાડુ કે વેન કહેવાતો હતો.' બેકારે તેમજ બીજાં સ્થાનોના નિર્ણય માટે જુઓ 'ધી તામિલ્સ એઈટીન હન્ડ્રેડ ઈયર્સ એગો' પૃ. ૧૭-૨૦. પ્લીનીએ તેનું પુસ્તક રાજા ટાઈટસને તેના રાજ્યારોહણ પહેલાં અપર્ણ કર્યું છે તે ઉપરથી જણાય છે કે તે ઈ.સ. ૭૭માં પ્રસિદ્ધ થયું હશે. પેરિપ્લસનો સમય આપણે ઈ.સ. ૭૦ લઈ શકીએ અને ટોલેમીનો ઈ.સ. ૧૪૦. મનાલુર માટે જુઓ ઈન્ડી. એન્ટી., ૧૯૧૩ પૃ. ૬૬-૭૨. ઉત્તર મનાલુર જેના સ્થાનનો નિર્ણય થયો નથી તે સૌથી પહેલી ચોલ રાજ્યધાની હશે એમ મનાય છે.

૩ એ નદીને પોરુન્દામ અને મુટિ ગોંડાસોલાપેરારૂ પણ કહેતા (એપિ.

તટપર આવેલા એક નાનાશા ગામડાથી જેનો સ્થાનનિર્દેશ થાય છે તે શહેર તેના પૂરબહારના સમયમાં એક મોટું બંદર હતું અને મોતી તથા શંખલાના વેપારનું મથક હતું. એ ચીજોનો વેપાર પાંડય રાજાઓની સમૃદ્ધિના ખાસ કારણરૂપ હતો. મદુરામાં રાજદરબાર ભરાવા માંડ્યો, ત્યારે પણ રાજ્યની અગત્યની આમદાની અને વેપારી લાભો પર કાબુ રાખવા માટે રાજાના યુવરાજો કોરકાઇમાં પોતાનો વસવાટ રાખતા હતા. સમય જતાં સમુદ્રકિનારાની ભૂમિ ધીમે ધીમે ઉપસતી[૪] જવાથી કોરકાઈ સુધી વહાણ આવતાં બંધ થયાં અને વિલાયતનાં સિંક બંદરો પેઠે એ શહેર ધીમે ધીમે તૂટ્યું.

નદીને નીચે વાડે ત્રણ માઇલ પર આવેલા કાયલ આગળ સ્થાપેલા નવા બંદરે વેપાર વધ્યો અને કેટલાય સૈકાઓ સુધી પૂર્વના વ્યાપારી મથકોમાં સૌથી મોટા મથક તરીકે તે ચાલુ રહ્યું.

**કાયલ**

તેરમા સૈકાના અંતભાગમાં અહીંજ માર્કોપોલો ઘણું કરીને એક કરતાં વધારે વાર ઉતર્યો હતો અને અહીંના રાજા તેમજ પ્રજાના દબદબા તથા સમૃદ્ધિથી અંજાઇ ગયો હતો. પણ જે વિધિએ કોરાકાઈ ઉજાડયું હતું તેણે જ કાયલ છોડવાની અને પોર્તુગીઝોને તેમનો વેપાર ત્યાંથી ખસેડી તુટિકોરિન લઇ જવાની ફરજ પાડી. તે જગાએ વહાણોને નાંગરવાની જગા ઓથવાળી હતી અને

ઇન્ડ XI ૧૯૧૪, પૃ. ૨૯૫). અશોકના શિલાશાસન II અને XIIIમાં અને કૌટિલ્યના અર્થશાસ્ત્રના પ્રકરણ XIમાં તેનો ઉલ્લેખ છે. કાલ્ડવેલ એ નદીની વ્યાપારી અગત્ય બતાવે છે. વળી જુઓ આ લેખકનો લેખ ઈન્ડ. એન્ટી. પુસ્તક X/VII ૧૯૧૮ પૃ ૪૮.

૪ દરીઆથી એક માઈલ પર આવેલા કુલશેખર પટ્ટનમ પાસેના એક રેતીપથ્થરમાં હાલના માટીકામને મળતા માટીકામનો ટુકડો મળી આવેલો છે તે ઉપરથી ત્યાંની જમીન ઉપસવાની વાતનું સમર્થન થાય છે. કાલ્ડવૉલ એવા નિર્ણય પર આવે છે કે હાલની છીપાણીવાળો એ રેતી પથ્થર, સાપેક્ષ દૃષ્ટિએ જોતાં બહુ અર્વાચીન સમયમાં બનેલો જણાય છે.

ત્યાં કાંપ ઠરતો નહિ તેથી ત્યાં કાયલ કરતાં પણ વધારે સારી સગવડ હતી. જ્યાં પૂર્વે કાયલ હતું ત્યાં આજે કેટલાક મુસલમાન અને દેશી ખ્રિસ્તી માછીઓનાં કંગાલ ભાંગ્યાતૂટયાં ઝુંપડાં છે.

કોરાકાઈના બંદર તરીકે થતા ઉપયોગના ત્યાગના સમયની સાલ આપવી અશક્ય છે, પણ ત્યાંની ટંકશાળના સિક્કા લગભગ ઈ. સ. ૭૦૦ સુધી મળતા રહે છે. કોરાકાઈના રાજાઓનું ખાસ લાંછન પરશુ હતું અને ઘણીવાર તેની સાથેસાથે હાથી જોવામાં આવતો. મદુરાના રાજાઓએ પોતાના કુટુંબની મુદ્રા તરીકે એક માછલું કે માછલાની જોડ સ્વીકાર્યાં હતાં.

**જૂની નોંધ; મેગાસ્થનીસ**

અત્યાર આગમચ કહી ગયા તેમ પ્લીનીના સમયમાં આ દેશનું પાટનગર મદુરા હતું, પણ એ રાજ્ય તો એથી પણ ઘણા પ્રાચીન સમયથી હયાતીમાં આવેલું હતું. સંસ્કૃત વૈયાકરણી કાત્યાયનને[1] પાંડયોનો પરિચય હતો અને ઘણું કરીને તેનો સમય ઇ.સ. પૂર્વે ચોથા સૈકાથી મોડો નથી. તે જ સદીમાં ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં સેલ્યુકસ નિકેટરના

---

૧ ભાંડારકર, 'અર્લી હિસ્ટરી ઑફ ધ ડેકન' ૨જી આવૃત્તિ. મુંબાઈ-ગેઝી. (૧૮૯૬) પુસ્તક i ભા. ૧ પૃ. ૧૩૯ પતંજલિનો સમય ઇ.સ. પૂર્વે ૧૫૦નો હતો એમ નક્કી થયું છે એટલે તેને આધારે પ્રો. ગોલ્ડસ્ટકર અને ભાંડારકરે પાણિની-ની પ્રાચીનતાની બાબતમાં જે મત દર્શાવ્યા છે તે હું સ્વીકારૂં છું. મુંબાઈ વિદ્યાપીઠની રજાથી ૧૯૧૫માં પૂનામાં પ્રસિદ્ધ થએલા 'સીસ્ટમ્સ ઑફ સંસ્કૃત ગ્રામર' નામના એક નિબંધમાં શ્રીપાદ કૃષ્ણ બેલવલકર પી. એચ. ડી. એમ. એ. ટીકા કરે છે (પૃ. ૧૮) કે ઈ.સ. પૂર્વેના સાતમા સૈકામાં તે થઈ ગયો એ વાતનું વિસંવાદી કશું પાણિનીની અષ્ટાધ્યાયીમાં નથી. તે આ પ્રાચીન સાલવારીમાં માને છે અને જોડેજોડે સ્વીકારે છે કે એ બાબતની દલીલોને એક પછી એક એકલી લઇએ તો તેમાંની એકે નિર્ણયાત્મક જણાતી નથી અને પૃ. ૧૫ પર ઈ.સ. પૂર્વે ૭૦૦ થી ૬૦૦નો સમય આપણે હાલની માહિતી અથવા માહિતીને અભાવે પાણિનીના લગભગનો સમય હશે એમ કહે છે.

એલચી તરીકે આવેલા મેગાસ્થનીસને દક્ષિણનાં રાજ્યો વિષે બહુ વિચિત્ર વાતો કહેવામાં આવી હતી. તે રાજ્ય તે સમયે ત્રિયારાજ્ય અથવા સ્ત્રીઓને તાબેનો મુલક મનાતો હતો. તેને એમ કહેવામાં આવ્યું હતું કે "હિંદમાં હીરાકલીસને એક પુત્રી થઇ અને તેને તેણે પંડ્યા નામ આપ્યું. હિંદનો દક્ષિણમાં આવેલો અને દરીઆ સુધી વિસ્તરતો મુલક તેણે તેને માટે નક્કી કર્યો અને તેના અધિકાર નીચેના લોકોને ૩૬૫ ગામોમાં વહેંચી નાખ્યા. વળી તેણે એવી આજ્ઞા કરી કે દરરોજ એક એક ગામે રાજ્યના ખજાનામાં પોતાની ખંડણી લાવવી, જેથી પોતાની ખંડણી ભરવામાં આનાકાની કરનાર પર દબાણ લાવી તેને ઠેકાણે લાવવામાં સહાય કરવા ખંડણી ભરવાનો જેનો વારો હોય તેવા લોક હમેશાં રાણીના હાથ પર તૈયાર હોય. એમ કહેવાય છે કે આ સ્ત્રીરાજ્ઞીને તેના વીર પિતા તરફથી ૫૦૦ હાથી, ૪૦૦૦ ઘોડેસવાર સેના અને ૧,૩૦,૦૦૦ પાયદળ સેના મળી હતી. મોતીના વેપારને અંગે તેનો ખજાનો ખૂબ સમૃદ્ધ હતો. એરિયનના કથન મુજબ ગ્રીકો એ મોતી મેળવવા બહુ તલપતા અને તે સમયમાં રોમનોને પણ તેની બહુ કિંમત હતી."

**રોમ સાથેનો સંબંધ**

ઇ.સ. પૂર્વે ૨૦માં રાજા પેન્ડીઅને ઑગસ્ટસ સીઝરના દરબારમાં દૂતમંડળ મોકલ્યાનું આપણે સાંભળીએ છીએ; અને 'પેરિપ્લસ ઑફ ધી ઇરિથ્રિયનસી'નો કર્તા તેમજ ભૂગોળશાસ્ત્રી ટોલેમી એ બંને પાંડ્ય દેશનાં વેપારી બંદરો તથા મથકોનાં નામ તથા સ્થાનથી સારા પરિચિત હતા. ઇ.સ. ૨૧૫માં કેરેકલ્લાએ અલેગ્ઝાંડ્રિયામાં કરેલી કત્લેઆમને પરિણામે દક્ષિણ હિંદ અને મિસર દેશ વચ્ચેના વેપારને અંતરાય નડ્યો કે તે સમૂળગો તૂટી ગયો અને પછી તો લાંબા યુગો માટે પાંડ્ય રાજ્યોનો ઇતિહાસ આપણી દૃષ્ટિમર્યાદામાંથી નીકળી જાય છે.

દક્ષિણ હિંદના ઘણા દેશાભિમાની અભ્યાસીઓને હાથે બહુ ખંત અને વેગથી શોધાતું પ્રાચીન તામિલસાહિત્ય સંખ્યાબંધ રાજાઓનો

**પ્રાચીન રાજાઓ**

તેમનાં કઢંગાં અને ક્લિષ્ટ નામ તથા હકીકતો સાથે નિર્દેશ કરે છે. તેમાંનાં કેટલાંક તો બહુ જૂના જમાનાનાં હતાં એવો નિર્ણય કરી શકાય છે. પણ તદ્દન ચોક્કસપણે સાલવારીમાં મૂકી શકાય એવો પહેલો પાંડય રાજા નીડમચેલીયન હતો. તે ઇસ્વીસનના બીજા સૈકામાં થઇ ગયો હતો અને તે વધારે કે ઓછે અંશે કરિકાલ ચોલના પૌત્ર નેકમુડિકિલ્લિનો, તેમજ ભગવાન ચેરરાજા ચેનકુટુવન તથા લંકાના ગજબાહુ પહેલાનો સમકાલીન હતો. હિંદના ઇતિહાસમાં સાધારણ રીતે બને છે તેમ એ બધી હકીકત જાણવાની કૂંચી કોઇ પરદેશી રાજાના સમકાલીનપણામાંથી મળે છે. લંકાના પ્રાચીન રાજાઓની સાલવારી ચોક્કસ રીતે નક્કી થયેલી છે એમ તો કહી શકાય એમ નથી, તોપણ પ્રો. ગીગરે ગજબાહુના અમલને ઇ.સ. ૧૭૩ થી ૧૯૧ની વચ્ચે મૂકેલો છે એ હકીકત લગભગ ખરી છે એમ આપણે સ્વીકારી શકીએ.

એ સમયના પાંડય રાજાઓની એક ખૂબ જાણવાજોગ વિશિષ્ટતા એ હતી કે મદુરામાં તેઓ એક બહુ આબાદ સાહિત્યની મહાશાળા

**મદુરાની મહાપાઠશાળા**

અથવા સંગમ નભાવતા હતા. એ મહાશાળાના સભ્યો બહુ ઉત્તમ પ્રતિનું સાહિત્ય પેદા કરતા હતા. તામિલ પ્રજાનાં હૃદયમાં રમી રહેલું તિરૂવલ્લુવાંના પ્રખ્યાત ‘કુશલ’નો સમય ઇ.સ. ૧૦૦ની સહેજ પહેલાં કે સહેજ પછીનો હતો એવો નિર્ણય થઈ શકે છે. ‘નૂપુર મહાકાવ્ય’ અને ‘રત્નમેખલા’ એ રસિક કૃતિઓ એથી એક સૈકો મોડી થયેલી છે. ખ્રિસ્તી સનના પ્રારંભના સૈકા દરમિયાનના પાંડય રાજાઓની સળંગ વાત લખવાનું હાલમાં તો અશક્ય છે. અને તેથી વાચકે આ થોડીઘણી ટીકાઓથી સંતોષ માનવો પડશે.

ઈ.સ. ૬૪૦માં હ્યુએન્ત્સાંગે દક્ષિણ હિંદની મુલાકાત લીધી ત્યારે તે સમયના દક્ષિણ હિંદના સૌથી બળવાન પલ્લવ રાજા નૃસિંહવર્માની

**હ્યુએન્ત્સાંગનો અહેવાલ**

તે સમયની રાજ્યધાની કાંચીમાં તેણે બહુ સમય ગાળ્યો હતો. એ સમયમાં તેણે ત્યાં ગાળેલા ચાતુર્માસનો પણ સમાવેશ થઇ જાય છે એ નિઃસંદેહ વાત છે. એ યાત્રીએ પોતે એથી વધારે દક્ષિણમાં આવેલા પાંડય રાજ્યની જાતે મુલાકાત લીધી નહોતી, પણ કાંચી મુકામે રહેતા પોતાના બૌદ્ધ મિત્રોએ પૂરાં પાડેલાં વર્ણનોની નોંધ લઇ સંતોષ માન્યો હતો. તે, તે દેશને મલકૂટા અથવા મલકોટા નામ આપે છે પણ તેના પાટનગરનું નામ તેમજ સ્થાનનિર્દેશ આપવાનું ચૂકી જાય છે. એમ માની શકાય કે તે મદુરા હશે. વળી તે ત્યાંના રાજ્યપ્રબંધની બાબતમાં પણ મૌન સેવે છે. સંભવ છે કે તે સમયનો પાંડય રાજા કાંચીના બળવાન પલ્લવ રાજાનો ખંડીઓ હોય. મલકૂટામાં તો બૌદ્ધ સંપ્રદાયનો લગભગ લોપ થયો હતો અને પ્રાચીન મઠો ઘણે ભાગે ખંડીએરની હાલતમાં હતા. હિંદુ દેવતાનાં મંદિરો સેંકડોની સંખ્યામાં હતાં અને દિગંબર જનો પણ ટોળાબંધ હતા. તે મુલકના વસનારા, વિદ્યા માટે બહુ ઓછી કાળજી રાખવાની અને વેપારમાં ખાસ કરીને મોતીના વેપારમાં રચ્યાપચ્યા રહેવાની શાખવાળા હતા.

**આઠમાથી દશમા સુધીના સૈકા**

આઠમા સૈકાની અધવચમાંથી માંડી દશમા સૈકાની શરૂઆત સુધી રાજ્ય કરતા પાંડય રાજાઓની યાદી એક શિલાલેખ પૂરી પાડે છે, પણ એ યાદીમાં નામો સિવાય બીજું કાંઇ જ નથી. આઠમા સૈકામાં થઇ ગયેલા અરિકેસરીએ પલ્લવોનો પરાજય કર્યો એવું કહેવાય છે, અને શ્રી પુરંબીયના યુદ્ધમાં પલ્લવ અપરાજિતને હાથે પરાજય પામેલા વરગુણવર્માના રાજ્યારોહણની ચોક્કસ સાલ ઇ.સ. ૮૬૨-૬૩માં મૂકી શકાય એમ છે, એમ માનવા કારણ છે. આજ અરસામાં પલ્લવ અને પાંડય એવાં ઘંટીનાં બે પડ વચ્ચે દળાતું ચોલ રાજ્ય, નબળું અને કાંઇ અગત્ય વગરનું હતું, અને પલ્લવોનાં આક્રમણની સામે ઊભા રહેવાનું કામ મોટે ભાગે પાંડય રાજાઓને શિર આવેલું

હતું. ઈ.સ. ૭૪૦માં વિક્રમાદિત્ય ચાલુક્યે કરેલા નંદીવર્માના પરાજયથી પલ્લવ સત્તા બહુ નબળી પડી ગઈ અને નવમા સૈકાના અંતમાં આદિત્ય ચોલે મેળવેલી જીતોથી વળી તે વધારે દોદળી થઇ ગઇ. દશમા સૈકાની શરૂઆતથી પાંડય રાજાઓને ચોલોની નિત્ય વૃદ્ધિ પામતી સત્તા સ્વીકારવાની ફરજ પડી. સ્વતંત્ર કે ખંડીઆ રાજા તરીકે પાંડય વંશ એ બધા યુગોમાં ચાલુ રહ્યો અને પડોશી રાજાઓ જોડેના તેમના ઝઘડાની નોંધ વખતોવખત શિલાલેખોમાં જોવામાં આવે છે, પણ એ નોંધોમાં ઉલ્લેખાએલા બનાવો કાંઇ યાદ રાખવા જેવા નથી.

ઇ.સ. ૯૯૪ની સાલના અરસામાં ચોલરાજા મહાન રાજરાજે બીજાં દક્ષિણનાં રાજ્યોની સાથેસાથે પાંડય રાજ્યને પણ ખંડિયા રાજ્યની સ્થિતિમાં આણી મૂકયું એ વાતમાં કાંઇ જ સંદેહ નથી.

**ચોલની સરસાઇ**

ત્યારપછી લગભગ બે સૈકા સુધી તે વધારે ઓછા પ્રમાણમાં ચોલ રાજ્યના તાબામાં જ રહ્યું, જોકે તેની અંતર્વ્યવસ્થા સ્થાનિક રાજાઓને જ હાથ રહી અને તે બંને રાજ્યોનો પરસ્પરનો સંબંધ વખતોવખત બદલાતો રહ્યો. તેરમા સૈકાના પહેલા અર્ધ ભાગમાં પાંડય સત્તા કાંઇક અંશે ફરી પગભર થવા પામી હતી.

ઇ.સ. ૬૪૦માં ચીની યાત્રી હ્યુઆન્ત્સાંગે દક્ષિણ હિંદની મુલાકાત લીધી ત્યારે પલ્લવ રાજ્ય (દ્રવિડ) અને પાંડય રાજ્ય (મલકોટ્ટ) એ બંનેમાં દિગંબર જૈનો તેમજ જૈનમંદિરો પુષ્કળ હતાં. તેના અહેવાલ પરથી જૈનો પર કાંઇપણ જુલમ થયાની સૂચના મળતી નથી. આ ઉપરથી આપણે એવો નિર્ણય કરવો પડે છે કે આ સમયના અરસામાં

**જૈનો પર થએલો જુલમ**

જૈનો પર જે જુલમ થયો તે આ યાત્રીની મુલાકાત પછી થયેલો હોવો જોઇએ. એ તો સિદ્ધ વાત છે કે કૂણ, સુંદર અથવા નેદુમારન પાંડય નામનો રાજા જૈન ધર્મને માનતો મોટો થયો હતો, પણ ચોલ કુંવરી સાથે તેનું લગ્ન થયા બાદ, લગભગ સાતમા સૈકાની અધવચમાં તે તેની પત્ની તથા પ્રખ્યાત સંત તીરૂજ્ઞાનસંબંદરની અસરથી તેણે

ચોલ વંશની ઉત્સાહભરી ભક્તિને પાત્ર થયેલો શૈવ ધર્મ સ્વીકાર્યો. ધર્મફેર થયેલા માણસના ઉત્સાહની શાખ પૂરતી કહેવતો પરથી જણાઇ આવતા ઉત્સાહના કરતાં પણ રાજા સુંદરે પોતે સ્વીકારેલા નવા ધર્મ માટે અતિશય ઉત્સાહ દેખાડ્યો અને ધર્મફેર કરવાની ના પાડતા પોતાના પહેલાંના સહધર્મીઓ પર અતિશય જંગલી ક્રૂરતાભર્યો જુલમ કરવા માંડ્યો અને ઓછામાં ઓછા આઠેક હજાર નિર્દોષ આદમીઓને શૂળીએ ચઢાવી મારી નાખ્યા. આર્કોટમાં તિરૂવતુરના મંદિરની ભીંતો પરનાં અપ્રસિદ્ધ સ્થાપત્યના નમૂના એ વધની નોંધ લે છે અને લોકોમાં ચાલતી પ્રણાલીકથા[1]નું સમર્થન કરે છે. સંભવે છે કે આ જુલમની કથનીમાં અતિશયોક્તિ હશે, પણ જૈનો પર જુલમ થયો હતો એ વાત તો ખરી હોય એમ દેખાય છે. આવા કઠોર જુલમને કારણે દક્ષિણ હિંદમાં જૈન ધર્મ હાલંડોલં થઇ ગયો.

**સીલોન જોડેના વિગ્રહો**

સીલોનના અને પાંડય રાજાઓ વચ્ચે વારંવાર વિગ્રહો થતા હતા. બહુ લંબાયેલા એ વિગ્રહમાં આશરે ઇ.સ. ૧૧૬૬માં કે તે અરસામાં સીલોનના મહત્ત્વાકાંક્ષી રાજા પરાક્રમબાહુના બે સેનાપતિઓએ પાંડય મુલક પર કરેલી ચઢાઇની વાત છે. બે જુદાં દૃષ્ટિબિંદુએથી લખાયેલા આ બનાવના બે વિગતવાર અહેવાલો હયાતીમાં છે. તે દ્વીપના ઇતિહાસગ્રંથ 'મહાવંશ'માં આપેલી વાત આક્રમણકારીઓની કારકીર્દિને એક પણ પરાજયથી ખંડિત નહિ થયેલી વર્ણવે છે; પણ

---

૧ તીરૂજ્ઞાના સંબંદર અને કૂણ પાંડયની સાલ ૧૮૯૪-૫માં હલ્શે નક્કી કરી હતી. (એપિ. ઇન્ડિ. iii ૨૭૭). વળી જુઓ તામિલ ઍન્ટિ પુસ્તક i (૧૯૦૬) નં. ૩ પૃ. ૬૫ આમ નિર્ણીત થએલી આશરાપડતી સાલ દક્ષિણ હિંદના રાજકીય અને સાહિત્યના ઇતિહાસમાં નક્કી થયેલાં સ્થિર બિંદુઓમાંનું એક બહુ અગત્યનું બિંદુ છે. એ બનાવ મદુરામાં બન્યો હતો અને ત્યારે તે 'જનોનો શૂલિવધ' તરીકે શિવમહોત્સવના છઠ્ઠા દિવસ તરીકે ઉજવાયેલો છે અને ઉત્સવ તરીકે મનાયો છે. (ટી. એ. ગોપીનાથ રાવ. એલીમેન્ટસ

કાંચી પાસે અર્પક્કમ નામના સ્થાને એક લાંબા શિલાલેખમાં જળવાએલો અહેવાલ જે વધારે વિશ્વસનીય છે તે સાબીત કરે છે કે ચડી આવેલા લશ્કરે પહેલાંપહેલ્લાં તો ખૂબ સફળતા મેળવી, પણ દક્ષિણના રાજાઓ એકસંપી કરી એકત્ર થઇ સામા થયા એટલે આખરે તેમને પાછા ફરવાની ફરજ પડી. મદુરાની પાંડય ગાદીના વારસની તકરાર પડી હતી અને વારેઘડીએ મળી આવતા વીર અને સુંદર નામધારી હક્કદારો વચ્ચેની હોસાતોસીને કારણે સીલોનને વચ્ચે પડવાનો પ્રસંગ આવ્યો હતો. એકનાં એક નામ આમ વારેઘડીએ આવ્યા જ કરે એ હકીકત પાંડય ઇતિહાસના આધારરૂપ વંશાવળીનું ખોખું ઊભું કરવામાં નડતી મુશ્કેલીઓમાંની એક છે.

**પાછલા પાંડયો**

ઈ.સ. ૧૧૦૦ થી ૧૫૬૭ સુધીના લાંબા ગાળા દરમિયાન વધારે ઓછા વિસ્તારવાળા મુલક પર રાજ્ય કરતા સત્તર પાંડય રાજાઓની સાલવારી તૈયાર કરી કાઢવામાં પ્રો. કીલહોર્ને સફળતા મેળવી છે. પણ એ નામોની યાદી અપૂર્ણ મનાય છે અને તેમાંના ઘણાખરા રાજા બહુ ઓછી અગત્ય ધરાવતા સ્થાનિક રાજાઓ હતા.એ બધા મધ્ય-યુગીન પાંડય રાજાઓમાં સૌથી વધારે સત્તાવાન જટાવર્મા સુંદર પહેલો હતો. તેણે ઇ. સ. ૧૨૫૧થી ઓછામાં ઓછું ૧૨૭૧ સુધી રાજ્ય કર્યું હતું અને નેલોરથી કુમારી ભૂશિર સુધીના આખા પૂર્વકિનારા પર પોતાની સત્તા જમાવી હતી. એના સિક્કામાંના કેટલાક આજ ઓળખી શકાય છે. ઈ.સ. ૧૩૧૦માં તેમજ ત્યારપછીનાં વર્ષોમાં મલેક કાફૂર અને બીજા મુસલમાન સરદારોએ આ પ્રદેશ કાંઇક અંશે જીતી લીધો

ઑફ હિંદુ આઇકોનોગ્રાફી, ૧૯૧૪. પરિચય પૃ. ૫૫).

તિરૂવાલીઆદાલ ૬૨ ને ૬૩માં એ જુલમનું વર્ણન કરેલું છે (વીલસન મેકેન્ઝીયન બીજી આવૃત્તિ કલકત્તા ૧૮૨૮ પૃ. ૪૧) એ જ વાત રોડ્રિગ્યુઝ ફરી કહે છે (ધી હિંદુ પેન્થીઅન, મદ્રાસ, ૧૮૪૧–૪૫) અને શૂળી દીધેલાનાં કમકમાં ઉપજાવે એવાં ચિત્ર તેમાં આપેલાં છે.

ખરો, પણ તેથી કાંઈ સ્થાનિક રાજવંશોનો નાશ થયો નહિ. પરંતુ ઇતિહાસમાં મર્યાદારૂપ ગણાતા આ રાજકીય ફેરફારો તેનાથી ઇતિહાસ-પટ પર અંકાઇ ગયા.

કેરલપુત્ર એ નામ નીચે અશોકનાં શાસનોમાં કરેલો ઉલ્લેખ ચેર કે કેરલ રાજ્યનો સૌથી પહેલો ઉલ્લેખ છે. પ્લિની તથા પેરિપ્લસના લેખકના સમયમાં એટલે ઇશુ ખ્રિસ્ત પછીના પહેલા સૈકામાં વપરાતા કાંઈક અપભ્રષ્ટ રૂપમાં તે નામ તેમની જાણમાં હતું. લગભગ તે જ સમયમાં અથવા તેની પછીથી શરૂ થતું પ્રાચીન તામિલ સાહિત્ય સાબીત કરે છે કે ચેર રાજ્યમાં પાંચ નાક અથવા જિલ્લાઓનો સમાવેશ થતો હતો. તે જિલ્લાઓ નીચે મુજબ છેઃ (૧) પૂલિ–રેતાળ; તે અગલપુલાથી આશરે ઉત્તર અક્ષાંશ ૧૦°,૫૦'માં આવેલી પોનાની નદીના મુખ સુધી; (૨) કુડમ–પશ્ચિમનો; પોનાનીથી આશરે ઉત્તર અક્ષાંશ ૧૦° આગળના અર્નાકુલમ પાસેની પરિયાર નદીના સૌથી દક્ષિણના મુખ સુધી વિસ્તરતો હતો. (૩) કુફામ, સરોવરની ભૂમિ, કોટ્ટાયમ અને કવિલોનની આસપાસ. (૪) વેન કવિલોનની દક્ષિણે લગભગ કન્યાકુમારિકા સુધી. અને (૫) કર્કા અથવા ડુંગરાળ. કુડમની પૂર્વનો પહાડી પ્રદેશ. પ્લિનીનો કોટોનારા અથવા મરીકિનારો આમાંના સંખ્યાંક ૩ ને મળતો છે.

**ચેર અથવા કેરલ રાજ્યના સૌથી પ્રાચીન ઉલ્લેખો**

ખ્રિસ્તીસનના આરંભના સૈકાઓમાં મરી અને બીજી દુર્મિલ વસ્તુઓનો વેપાર જે બંદરોએ ચાલતો હતો તેમાંનાં બે મુખ્ય હતાં. એક મુઝિરિસ, એટલે કે હાલનું ક્રાનગનોર જે પેરિયર નદીના મુખ પર આવેલું છે તે, અને બીજું કોટાયમના દ્વાર જેવું બકારાઈ અથવા વૈક્કારાઈ. અનુકૂળ અગ્નિખૂણાનો મોસમી વાયુ મળે તો જુલાઈ અને ઑગસ્ટમાં અરબસ્તાનથી મુઝિરિસ જતાં ૪૦ દિવસ લાગતા હતા અને સોદા કરી વેપારીઓ ડીસેંબર કે જાન્યુઆરીમાં પાછા ફરી શકતા હતા.

**બંદરો**

વેપારનાં વિસ્તાર અને પદ્ધતિની ગ્રીક તથા રોમન લેખકોએ કરેલી નોંધો બેશક બહુ રસભરી છે, પણ કેરલના રાજકીય ઇતિહાસની ઉભારણીના કામમાં તે ભાગ્યે જ કાંઈ સહાય આપે એમ છે. ખરીવાત એ છે કે દશમા સૈકામાં કેરલ આક્રમણકારી ચોલ સત્તાના સંસર્ગમાં આવ્યો ત્યાં સુધી એના વિષયમાં નહિ જેવી જ માહિતી આપણને મળે છે. દશમા સૈકા બાદ ચોલના શિલાલેખો એ પશ્ચિમના રાજ્ય પર કાંઈક અછરતો પ્રકાશ નાખે છે.

ચેર રાજ્યનું સૌથી જૂનું પાટનગર વનજી, વંચી અથવા કરૂર હતું એમ કહેવાય છે. કોચીનથી પૂર્વ-ઇશાન ખૂણામાં ૨૮ માઇલ પર પેરિયર નદી પર ખૂબ ઉપરવાડે આવેલું હાલનું તિરૂ-કરૂર નામનું ત્યજાયેલું ગામ એ પ્રાચીન વનજીનું સ્થાન આજ બતાવે છે. પેરિયરના મુખ પાસેનું તિરૂ-વનજી-કલમ એ પાછળનું પાટનગર હશે. કોઇંબટુરમાંના કરૂરને કેટલાક લેખકોએ ખોટી રીતે ચેર રાજ્યનું પાટનગર માનેલું છે પણ એ મત ભૂલભરેલો છે એ બાબતમાં કાંઈ સંદેહ નથી.

**પાટનગર**

આપણને જેની માહિતી છે એવા જૂનામાં જૂના સમયમાં કોંગુ દેશમાં કોઈમ્બટુર અને સલેમના દક્ષિણ ભાગનો સમાવેશ થતો હતો. એ દેશ કેરલથી જુદો હતો એમ મનાય છે, જોકે પાછલા સમયમાં કેરલ અને કોંગુદેશ એક જ રાજ્યમાં સમાયા હોય એમ જણાય છે. વળી એથી પણ પછીના સમયમાં કોંગુદેશ એકલો જ ચેરરાજ્ય તરીકે જાણીતો થયો હતો અને કેરલ તેનાથી ભિન્ન હતો. એ તો દેખીતું છે કે આ બધા ફેરફારોના સમયનો ચોક્કસ નિર્ણય કરવો શક્ય નથી. કેરલ પોતે કાંઇ હમેશાં એક રાજ્યરૂપે રહેલ નથી. હાલ તેમાં અંગ્રેજી મલબાર જિલ્લો તેમજ કોચીન અને ત્રાવણકોરનાં દેશી રાજ્યો આવી જાય છે.

**કોંગુદેશ**

આગળ બતાવવામાં આવ્યું છે તેમ તામિલ સાહિત્ય ચેનકુ-

રુવનને એક અપવાદરૂપ સત્તાધારી ચેર રાજા તરીકે અને તે પાંડય રાજા નીડમ ચેલિયન, કરિકાલના પૌત્ર ચોલ રાજા નેડુમુડિ કિલ્લિ તેમજ લંકાના ગજબાહુ પહેલાનો સમકાલીન તરીકે વર્ણવે છે. આ બધું જોતાં બીજાં તામિલ રાજ્યો પેઠે ચેર અથવા કેરલ રાજ્યનો પ્રમાણરૂપ રાજકીય ઇતિહાસ ખ્રિસ્તી સનના પહેલા બે સૈકાની આગળ લઇ જઇ શકાય એમ નથી. તે સમયના બનાવો વિષે પણ નહિ જેવી જ નોંધ મળી આવે છે.

**એક પ્રાચીન રાજા**

સ્વ. પી. સુંદરમ્ પિલાઇ બહુ વિદ્વાન લેખક હતો. તે ત્રાવણકોરનો વતની હતો. તે એવો દાવો રજૂ કરતો હતો કે તેનો દેશ અસાધારણ રસ ધરાવવાનો દાવો કરે છે અને તે હિંદના સંક્ષિપ્તસાર તરીકે ગણાવો જોઇએ. મુસલમાન આક્રમણોથી તેની પર કદી ગંભીર અસર થવા પામી નથી એટલે 'હિંદના નૃવંશવિજ્ઞાનમાં તે નહિ વંછેરાયેલા લુપ્તાવશેષોથી ભરેલા થરનો ભાગ ભજવે છે.' એ રૂપકને બીજી રીતે મૂકીએ તો એ રાજ્યને એક અજાયબ ઘર લેખી શકાય કે જેમાં સૌ પ્રાચીન હિંદી લોકો, ધર્મ, કાયદા, તથા રીતરિવાજોનાં જીવંત અવશેષો સચવાઇ રહેલાં છે. બીજે કોઇ સ્થળે શક્ય નથી એવે પ્રકારે એ મર્યાદિત વિસ્તારમાં નવા અને જૂનાનો અભ્યાસ કરી શકાય એમ છે. હું તો અગાઉ પણ એ મત તરફ લક્ષ દોરી ગયો છું કે હિંદી સંસ્થાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિએ થતો અભ્યાસ ઉત્તર હિંદ કરતાં દક્ષિણ હિંદમાં શરૂ થવો જોઇએ.

**ત્રાવણકોર અથવા દક્ષિણ કેરલ**

ઉપર જણાવેલા વિદ્વાને પહેલી જ વાર ત્રાવણકોરના રાજકીય ઇતિહાસનો ઊંડા ઊતરીને અભ્યાસ કર્યો. તેણે સો કરતાં વધારે શિલાલેખો એકઠા કર્યા. તે બધા મોટે ભાગે વટ્ટેલુટ્ટુ[1] લિપિમાં હતા.

[1] એમ. એમ. હરપ્રસાદ શાસ્ત્રીના મત પ્રમાણે વટ્ટેલુટ્ટુ લિપિ એ ખરોષ્ટ્રી લિપિનું એક જ વંશજ છે. (જે. બી. ઓ. રીસ. સો. પુસ્તક I પૃ. ૫૮)

**ત્રાવણકોરના રાજાઓ** એ લેખોની મદદથી એ, તે રાજ્યના રાજવંશને ઇ.સ. ૧૧૨૫ સુધી લઇ જઈ શકયો હતો, અને તે સાલથી માંડી બે સૈકા સુધીના રાજાઓની પૂરી યાદી લગભગ તૈયાર કરી શકયો હતો.[૨]

પ્રસિદ્ધ થયેલી નોંધો ઉપરથી જણાય છે કે બારમા સૈકાની શરૂઆતમાં ત્રાવણકોર અથવા દક્ષિણ કેરલ રાજેંદ્ર ચોલ કુલોત્તંગના ચોલ રાજ્યના એક ભાગરૂપ હતું, અને દેખીતી રીતે તો તે સુવ્યવસ્થિત સુરાજ્ય ભોગવતું હતું. પ્રાચીન ગ્રામ પંચાયત અથવા ગ્રામ સભાઓનાં કાર્યની વિગતો ખાસ રસ પડે એવી છે. તે સિદ્ધ કરે છે કે તે વખતનું રાજ્યતંત્ર કાંઇ માત્ર એકહથ્થુ આપખુદ નહોતું. ગ્રામ પંચાયતોને સારા પ્રમાણમાં વહીવટી અને ન્યાય ચૂકવવાની સત્તા હતી અને રાજ્યના અમલદારોની દેખરેખ નીચે તે સત્તાનો ઉપયોગ કરવામાં આવતો હતો. **ચેર સિક્કા** ચેર રાજાઓનું લાંછન ધનુષ્ય હતું. તેમના સિક્કા બહુ દુર્મિલ છે અને ધનુષ્ય લાંછનવાળા માત્ર બે પાછળના નમૂના જણાયેલા છે. સલેમ અને કોઈમ્બતુરના કોંગુ દેશમાંથી તે મળ્યા છે. કેરલ અથવા મલબારકિનારાના સિક્કાનો કોઇ પણ ઉલ્લેખ મારી જાણમાં નથી.

ચેર અથવા કેરલ રાજ્યના પ્રાચીન ઇતિહાસના ફાળા તરીકે ઉપલી અસંબદ્ધ નોંધ આપવાની સ્થિતિમાં હું છું. પાછલા ચેર રાજાઓમાં

---

૨ "સમ અર્લી સોવરેન્સ ઑફ ત્રાવણકોર" ઈન્ડ. એન્ટિ. પુસ્તક XXVI (૧૮૯૫) પૃ. ૨૯૪, ૨૭૭, ૩૦૫, ૩૩૩; (તે જ પુસ્તક XXVI પૃ. ૧૦૯; 'મિસ લેનીયસ ત્રાવણકોર ઇન્સ્ક્રિપ્સ' તે જ પુસ્તક XXVI પૃ. ૧૧૩, ૧૪૧. પાછળની હકીકત વી. નાગમ અય્યનાં 'ધી ત્રાવણકોર સ્ટેટ મેન્યુઅલ' ૩ પુસ્તક., ત્રિવેન્દ્રમ ૧૯૦૬ અને ૧૯૧૦થી શરૂ થતી 'ત્રાવણકોર આર્કીઓલૉજીકલ સીરિઝમાં મળશે.

**સાધનની ત્રુટિ**

સૌથી વધારે અગત્યનો રવિવર્મા હતો. તે ઈ.સ. ૧૨૬૬–૭માં જન્મ્યો હતો, ૧૨૯૯માં તેણે પાંડ્ય અને ચોલ બંને પર જય મેળવ્યો હતો અને ૧૩૧૨માં કિવલોનમાં તેનો રાજ્યાભિષેક થયો હતો. ચૌદમા સૈકાના પહેલા ચોથા ભાગમાં તે દક્ષિણ હિંદમાં સૌથી આગળ પડતો રાજા જણાય છે. મલેક કાફુરનો વ્યવસ્થિત સામનો કરવાની વ્યવસ્થા કરવામાં તેણે બહુ આગળ પડતો ભાગ લીધો હતો. કલિકટના ઝામોરિનોનો ઇતિહાસ આ પુસ્તકની મર્યાદાની બહાર રહી જાય છે. કેરલના પાછળના રાજા અને સરદારોના શિલાલેખોની યાદી પ્રો. કિલ્હોર્ને તૈયાર કરી છે, પણ તેણે રાજાઓની વંશાવળી કરવાનો યત્ન કર્યો નથી. એ લેખો મોટે ભાગે પી. સુંદરમ્ પીલાઈએ એકઠા કર્યા છે તે જ છે.

## વિભાગ ત્રીજો

### ચોલ રાજ્ય

**ચોલ રાજ્યની પ્રણાલીગત મર્યાદા**

પ્રણાલી અનુસાર ચોલ દેશ અથવા ચોલમંડલમની ઉત્તર મર્યાદા પેન્નર નદી અને દક્ષિણ મર્યાદા દક્ષિણ વેલ્લારૂ નદી બાંધતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો તે પૂર્વકિનારે નેલોરથી પુદુકોટ્ટાઇ સુધી તે વિસ્તરતો હતો અને ત્યાં પાંડ્ય દેશને જઇ અડતો હતો. પશ્ચિમે તે કૂર્ગની સરહદ સુધી પહોંચતો હતો. આ પ્રમાણે વર્ણવેલી મર્યાદામાં મદ્રાસ તથા બીજા કેટલાક બ્રિટિશ જીલ્લા તેમજ મહીસૂરના મોટા ભાગનો સમાવેશ થઈ જતો હતો. આપણને ચોક્કસ ખબર છે ત્યાં સુધી સૌથી પ્રાચીન ઐતિહાસિક પાટનગર ઉરૈયૂર અથવા જૂનું ત્રિચિનોપોલી હતું. જેના સ્થાનની ખબર નથી એવું ઉત્તર મનાલુર નામનું ગામ ઐતિહાસિક યુગ પૂર્વનું ચોલ દેશનું પાટનગર કહેવાય છે.

પ્રણાલી અનુસાર અમુક રાજ્યોની મર્યાદાઓ આપણને પ્રાપ્ત થઈ હોય તે ઉપરથી તે મર્યાદાઓ હમેશાં ચોલ રાજ્યના મોખરાને

**રાજકીય હદોમાં થતા ફેરફાર**

મળતી જ હતી એવું અનુમાન કરવું વાજબી નહિ ગણાય. ખરું જોતાં તો ચોલ રાજ્યની સરહદોમાં બહુ મોટા ફેરફારો થતા રહ્યા છે. પ્રણાલી અનુસાર ચોલ રાજ્યની ઉત્તર અને પશ્ચિમની નક્કી થતી સરહદો રાજકીય મર્યાદાઓ નહિ પણ જાતિની મર્યાદાઓ બતાવે છે અને તામિલ તથા તેલુગુ, કનારી, મલાયાલામ અને તુલુ વગેરે દ્રાવિડી ભાષાઓ બોલનારા પ્રદેશો વચ્ચેની ભેદરેખાથી એ મર્યાદા બહુ જુદી પડતી નથી. પણ તામિલ એ પાંડ્ય રાજ્યની પ્રચલિત ભાષા છે તેવી જ રીતે ચોલ રાજ્યની પણ છે અને પ્રણાલી અનુસાર ચોલ રાજ્યની દક્ષિણ મર્યાદા બનેલી વેલ્લારૂની ઉત્તરે તેમજ દક્ષિણે વસતા લોકોની વચ્ચે કોઇ સ્પષ્ટ જાતિભેદસૂચક રેખા દોરી શકાય એમ નથી.

**ચોલ રાજ્યના સૌથી પ્રાચીન ઉલ્લેખો**

પાંડ્ય રાજ્યની પેઠે જ પાણિનિને જેની માહિતી નહોતી એવું ચોલ રાજ્ય નામથી તો કાત્યાયનને પરિચિત હતું અને અશોકે તેને એક સ્વતંત્ર રાજ્ય તરીકે ઓળખ્યું હતું. એ મહાન મૌર્યની સત્તા મહીસૂરમાં ચિતલદૂર્ગની દક્ષિણે છેક ૧૪ અંશઅક્ષાંશ સુધી વિસ્તરતી હતી એમાં તો કાંઇ પ્રશ્ન જ નથી એટલે મૌર્યયુગમાં ઘણું કરીને પેન્નર નદી ચોલ રાજ્યની ઉત્તર સીમા હશે. પાછળથી ઉત્તર અને દક્ષિણની સીમાઓ બહુ આગળ વધી જ્યારે એથી ઉલટું પલ્લવોની સરસાઇના ગાળાના મધ્ય યુગમાં તે બહુ જ સંકોચાઇ ગઇ.

**પ્રાચીન સમયમાં વેપાર**

પ્રાચીન તામિલ સાહિત્ય તેમજ ગ્રીક તથા રોમન લેખકો પૂરવાર કરે છે કે ખ્રિસ્તીસનના પહેલા બે સૈકામાં, કોરોમાંડલ અથવા ચોલ કિનારાનાં બંદરો પૂર્વ તેમજ પશ્ચિમના દેશો જોડેના ધીકતા વેપારના લાભ ભોગવતાં હતાં. ચોલના કાફલા માત્ર કિનારે કિનારેની સફરો નહિ કરતા, પણ હિંમતથી બંગાળાનો ઉપસાગર

ચીરી ઇરાવદી તથા ગંગાનાં મુખ સુધી અને હિંદી મહાસાગરની પાર મલાયાના દ્વીપસમૂહો સુધી જતા હતા. મિસરદેશથી મલબાર અથવા કેરલ કિનારે આયાત થતો બધો માલ ચોલ દેશનાં બજારોમાં તુરત વેચાઇ જતો. બીજા હાથ પર પશ્ચિમનાં બંદરો, પૂર્વ કિનારાનાં બજારોમાંથી તેમનાં વેપારી વહાણોમાં ભરી લઈ જવાનો માલ મેળવતાં. એ પૂર્વકિનારાના પ્રદેશમાં મોટા જથ્થામાં સુતરાઉ કાપડ પેદા થતું હતું. કાવેરી નદીના ઉત્તર મુખ પર આવેલું કાવીરીપટ્ટિનમ્ એ ચોલ બંદરોમાં સૌથી મુખ્ય હતું. એક વારનું આ સમૃદ્ધ શહેર, જ્યાં રાજાનો ભવ્ય મહેલ હતો અને જ્યાં પરદેશી વેપારીઓને રહેવું ફાવતું અને બહુ લાભદાયી જણાતું હતું તે લુપ્ત થયેલું છે અને વિશાળ રેતીના ઢગ નીચે દટાયેલું પડ્યું છે.

**કરિકાલ**

સૌથી પહેલો ઐતિહાસિક અથવા અર્ધ ઐતિહાસિક રાજા કરિકાલ છે. પ્રાચીન કવિઓ તેને લંકા પર ચડાઈ કરી ત્યાંથી તેણે બાંધેલા એક માઇલ લાંબા કાવેરી નદીના બંધ પર કામ કરવા હજારો મજૂરો લઇ જતો બતાવે છે. તેણે જ કાવીરીપટ્ટિનમ્ વસાવ્યું અને ઉરૈયૂરથી તેણે પોતાનું પાટનગર એ નવા બંદરે ખસેડ્યું. તેણે લાંબો સમય રાજ્યનો ઉપભોગ કર્યો. એનો લાંબો અમલ તેના પાડોશી પાંડ્ય અને ચેરો જોડે લડવામાં રોકાયો હતો. તે ખ્રિસ્તી સનના પહેલા સૈકાના બીજા અર્ધ ભાગમાં કે કદાચ બીજા સૈકામાં થઇ ગયો જણાય છે. કરિકાલ પછી તેની ગાદીએ તેનો પૌત્ર નેકમુડિકિલ્લિ આવ્યો. તેના અમલમાં કાવિરિપટ્ટિનમનો સમુદ્રથી નાશ થયેલો મનાય છે. નેકમુડિકિલ્લિ, એ ચેનકુટ્ટુવન ચેર અને લંકાના ગજબાહુ પહેલાનો સમકાલીન હતો. થોડા સમય માટે તે ચેર રાજા દક્ષિણના રાજાઓનો નાયક થઇ પડ્યો હતો અને ચોલોની સત્તા પરવારી ગઇ હતી. કેટલાય યુગો સુધી ચોલોની સત્તા એ પ્રદેશમાં ફરી ચાલુ થવા પામી નહિ.

સાહિત્યના ઉલ્લેખો સૂચવે છે કે ક્રાઇસ્ટ પછીના બીજા કે ત્રીજા

સૈકામાં ચોલ અને તામિલ રાજાઓની સત્તા નબળી પડી ગઈ અને તામિલોથી દેખીતી રીતે જુદી વર્ણની અરૂવલર અને તેના જેવી બીજી જાતિઓના ઉદયથી તેમની જગા પુરાઇ. આશરે ચોથા સૈકાના

**પલ્લવોનો ઉદય**

આરંભની સાલવાળા આપણી જાણમાં આવેલા પલ્લવ શિલાલેખોમાંના સૌથી જૂના શિલાલેખો બતાવે છે કે તે સમયે પ્રણાલીથી જણાયેલા ચોલ દેશની મધ્યમાં આવેલા કાંચીનગરમાં એક પલ્લવ રાજા રાજ્ય કરતો હતો. અને એમ પણ હોય કે ઉપર જે જાતિઓના ખુલ્લા વિરોધનો ઉલ્લેખ કર્યો છે તેની દોરવણી તથા વ્યવસ્થા તે પરદેશી અથવા અર્ધપરદેશી પલ્લવ વંશે કરેલી હોય. હવે પછી કહેવામાં આવશે તેમ તે જાતિના લોક મણિપલ્લવમ્ એટલે કે લંકાના જાફના દ્વીપકલ્પના રાજાઓ જોડે વંશજોનો સંબંધ કદાચ ધરાવતા હોય. એ વાત ગમે તેમ હોય, પણ આશરે ઇ.સ. ૩૫૦માં સમુદ્રગુપ્તે દક્ષિણ હિંદ પર ચડાઇ કરી ત્યારે કાંચીમાં એક પલ્લવ રાજા ગાદીએ હતો એ તો ચોક્કસ વાત છે. પરિણામે તે વખતે ચોલરાજ્યનો વિસ્તાર ઘણો જ ઘટી ગયેલો હશે. સાતમા સૈકા સુધી ચોલના ઇતિહાસ વિષે આથી વધારે કાંઈ જાણમાં નથી.

હ્યુઆન્ત્સાંગની ટીકાઓ તે સૈકાના અર્ધા ભાગમાં ચોલરાજ્ય વિષે બહુ રસિક ઉલ્લેખ કરે છે. એ ટીકાઓના મહત્ત્વની તેની યાત્રાના ટીકાકારોએ પૂરી કદર કરી છે. તે પલ્લવના પાટનગર કાંચી સુધી પહોંચ્યો હતો. તેની દક્ષિણ હિંદની મુલાકાત ચોક્કસ રીતે ઈ. સ. ૬૪૦ની

**હ્યુઆન્ત્સાંગ**

સાલમાં મૂકી શકાય એમ છે. તે સમયે ચોલરાજ્ય ૪૦૦ થી ૫૦૦ માઇલ ઘેરાવાવાળા મુલકમાં મર્યાદિત થયું હતું અને તેની રાજ્યધાનીનું નગર ભાગ્યે જ બે માઇલ ઘેરાવાનું હતું. તે દેશ મોટે ભાગે જંગલ છવાયેલો અને ત્યજાયેલો હતો અને તેમાં વારાફરતી ઉના પંકપ્રદેશ અને જંગલો આવેલાં હતાં. તેમાં વસ્તી આછી હતી. લોકોની ટેવો ઝનૂની

હતી અને તેઓ લૂંટફાટના વ્યવસાયમાં લાગ્યા રહેતા. જે થોડા ઘણા બૌદ્ધ મઠ હતા તે ખંડિયેર હાલતમાં હતા અને તેમાં વસતા સાધુઓ તે મકાનો જેવા જ ગંદા હતા. તે પ્રદેશમાં ચાલુ ધર્મ જૈન ધર્મ હતો, પણ ત્યાં કેટલાંક વૈદિક હિંદુ ધર્મનાં મંદિર પણ હતાં. એ દેશ અમરાવતીથી નૈઋત્યમાં બસો માઇલ કે તેથી ઓછે અંતરે હતો એમ બતાવવામાં આવે છે. આથી તે દેશ 'સુપ્રતજિલ્લા' (સીટેડ ડિસ્ટ્રિક્ટ) ખાસ કરીને કડાપ્પા જિલ્લો હશે એમ નક્કી થાય છે. એ પ્રદેશની હવા ગરમ છે અને તેમાં તે યાત્રીએ નોંધેલાં બીજાં પણ લક્ષણો જોવામાં આવે છે. ઈ. સ. ૧૮૦૦માં અંગ્રેજોએ ખાલસા કર્યો ત્યાં સુધી તે પ્રદેશ લૂંટફાટ માટે મોટી નામના પામેલો હતો. એ યાત્રી માત્ર ચોલદેશની વાત કરે છે, પણ કોઇ રાજાના નામનો નિર્દેશ કરતો નથી. આનું કારણ નિઃસંદેહ એ જ જણાય છે કે તે સ્થાનિક રાજા બહુ જ ઓછી અગત્યનો આદમી હશે. એ વર્ષ બાદ ચાલુક્ય સત્તાનો નાશ કરનાર અને કાંચીના પલ્લવ રાજ્યકર્તા બળવાન નૃસિંહવર્માને તે તાબે હશે. આઠમા સૈકા પહેલાંની લિપિમાં કોતરેલા, સ્થાનિક ચોલરાજાઓના કડાપા જિલ્લામાં મળી આવેલા પથ્થરના લેખોની શોધથી હ્યુઆન્ત્સાંગે ચોલરાજ્યની કરેલી ટીકાના એ અર્થના ખરાપણાનું સમર્થન થાય છે.

એ સૈકાના શરૂઆતના ભાગમાં કાંચીના પલ્લવો તથા દક્ષિણના ચાલુક્યો વચ્ચે દક્ષિણ હિંદમાં સર્વોપરિ સત્તાના પદ માટે ચડસાચડસી થવા માંડી હતી. તે સમયે ચોલોનું તો કાંઇ લેખું જ નહોતું, પણ ઈ. સ. ૭૪૦માં ચાલુક્ય રાજા વિક્રમાદિત્યને હાથે થયેલા પલ્લવોના સખત પરાજયને કારણે કાંચીના રાજ્યની સત્તા નબળી પડી અને તેથી ઉત્તરે પલ્લવોના અને દક્ષિણે પાંડયોના દબાણથી કાંઇ ગણત્રીમાં નહિ રહેલા ચોલોને પોતાનું સ્થાન પાછું મેળવવાની તક મળી. આ અરસામાં, આશરે નવમા સૈકાની મધ્યમાં ગાદીએ આવેલા ચોલરાજા વિજયાલય વિષે આપણે સાંભળીએ છીએ. એ રાજાએ ૩૪ વર્ષ રાજ્ય

**પલ્લવોની સત્તાનું શિથિલ થવું**

કર્યું હતું. એના પુત્ર આદિત્યે (આશરે ૮૮૦થી૯૦૭) પલ્લવ અપરાજિત પર જિત મેળવી અને તેમ કરી આખરે પલ્લવ સરસાઇનો અંત આણ્યો.

**પરાંતક પહેલો**

ઈ. સ. ૯૦૭માં આદિત્યનો પુત્ર અને અનુગામી પરાંતક પહેલો ગાદીએ બેઠો ત્યારથી ઇતિહાસકાર ચોક્કસ સાલવારીની ભૂમિ પર ઊભો રહે છે. હવે તેને શિલાલેખોના ઉણપની નહિ પણ અતિશયતાની મુશ્કેલી નડે છે. ૧૯૦૬ થી ૭ સુધી એક જ મોસમમાં પરાંતક પહેલાનાં ચાલીસ કરતાં વધારે શિલાલેખોની નકલ કરવામાં આવી છે. એ શિલાલેખો તેના અમલના ત્રીજાથી એકતાળીસ વર્ષની મર્યાદાની અંદરના છે એટલે કે ઈ. સ. ૯૦૯–૧૦થી માંડી ૯૪૭–૮ સુધીના છે. આ મહત્ત્વાકાંક્ષી રાજાને પલ્લવોની સત્તાનો ધ્વંસ કર્યે સંતોષ ન થયો તેથી તે વધતોવધતો છેક હિંદને દક્ષિણ છેડે પહોંચ્યો. ત્યાં તેણે પાંડ્યોનું પાટનગર મદુરા હાથ કર્યું, ત્યાંના રાજાને દેશવટો દીધો અને પછી લંકાદ્વીપ પર ચડાઇ કરી.

**ચોલોનો રાજ્યવહીવટ**

પરાંતક પહેલાના કેટલાક લાંબા શિલાલેખો ગ્રામ્ય સંસ્થાના અભ્યાસીઓને બહુ રસ પડે એવા છે, કારણ કે રાજાની સંમતિથી વિશાળ વહીવટી અને ન્યાય ચૂકવવાની સત્તા ભોગવતી સુવ્યવસ્થિત સ્થાનિક સમિતિઓ અથવા પંચાયતો સ્થાનિક બાબતોનો કેવી રીતે વહીવટ કરતી હતી તેની વિગતો તેમાં આપેલી છે. બહુ દુ:ખની વાત છે કે સ્થાનિક સ્વરાજ્યનું આ દેખીતી રીતે અતિ ઉત્તમ તંત્ર જેની ઉત્પત્તિ ખરેખર પ્રજાની અંદરથી જ થયેલી છે તે યુગો પહેલાં મરી જવા પામી છે. એના જેવી જ કાર્યસાધક પ્રતિનિધિ સંસ્થા મળી શકે તો હાલના યુગની સરકારો ખરેખર વધારે સુખી થાય. કેટલાક હિંદી અભ્યાસીઓએ આ વિષયનો કાળજીભર્યો અભ્યાસ કરેલો છે અને તેમના લેખો ખરેખર બહુ વાંચવા જેવા છે. જ્યારે પણ દક્ષિણ હિંદનો મધ્યયુગનો ઇતિહાસ વિગતવાર લખવામાં આવશે ત્યારે ચોલ રાજ્યવહીવટની પદ્ધતિઓની ચર્ચા માટે એક લાંબું અને રસિક પ્રકરણ આપવું પડશે.

પરાંતક પહેલો આશરે ૯૫૩માં કે એથી કાંઇક મોડો મરણ પામ્યો. તેનો પુત્ર રાજાદિત્ય તેના મરતાં પહેલાં જ ઈ. સ. ૯૪૭–૮ના અરસામાં તકકોલાના યુદ્ધમાં રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણરાજા ત્રીજાને હાથ માર્યો ગયો જણાય છે. પરાંતક પહેલા પછી આશરે પાંચેક પ્રખ્યાતિમાં નહિ આવેલા અનુગામીઓ થઇ ગયા. એ બધાનાં રાજ્ય ટૂંકાં અને આપતિઓથી ભરેલાં હતાં.

**પરાંતક પહેલાના અનુગામીઓ**

ઇ. સ. ૯૮૫માં મહાન રાજરાજદેવ જેવો બળવાન રાજા ગાદીએ આવતાં રાજ્યવંશની ખટપટોનો અંત આવ્યો અને દક્ષિણ હિંદમાં ચોલ સત્તાને અગ્રગણ્ય સત્તાને સ્થાને સ્થાપવાની લાયકાત ધરાવનાર એક પુરૂષ ચોલરાજ્યના ઉપરી તરીકે આવ્યો. આશરે ૨૮ વર્ષના ધમાલભર્યા અમલ દરમિયાન રાજરાજ એક પછી બીજી એમ ઉપરાઉપરી જીતો મેળવતો ચાલ્યો અને તેના મરણ સમયે તે દક્ષિણ હિંદનો સર્વોપરી અને બિનહરીફ સમ્રાટ્ હતો. વળી હાલનો મદ્રાસ ઇલાકો, લંકા તથા મહીસૂર રાજ્ય મળીને થાય તેવડા મોટા મુલકનો તે ધણી હતો.

**મહાન રાજરાજ**

ચેર દેશથી તેણે પોતાની જયની કારકીર્દિની શરૂઆત કરી અને તેના અમલના ચૌદમા વર્ષમાં હિંદની મુખ્ય ભૂમિ પર મેળવેલા દેશમાં પહેલાં પલ્લવોને હાથ હતું તે વેંગીનું પૂર્વ ચાલુક્ય રાજ્ય, કૂર્ગ, પાંડય મુલક અને દક્ષિણના ઉચ્ચ પ્રદેશમાંના વિશાળ મુલકોનો સમાવેશ થતો હતો. ત્યાર પછીનાં ત્રણ વર્ષ દરમિયાન મલબારકિનારા પર કિવલો (કોલ્લમ) તથા ઉત્તરનો કલિંગ દેશ તેના રાજ્યમાં ઉમેરાયા. ત્યાર બાદ રાજરાજ લંકા પરની લાંબા સમયની ચડાઇઓમાં રોકાયો. એ ચડાઇઓને પરિણામે આખરે તેના અમલના ૨૦મા વર્ષમાં એ દ્વીપ ખાલસા થઇ તેના મુલકમાં ભળી ગયો. ઈ.સ. ૧૦૦૫માં કે તે અરસામાં તેણે તલવાર મ્યાન કરી અને તેના જીવનનાં બાકીનાં વર્ષ શાંતિમાં વીતાવ્યાં. ૧૦૧૧થી

**લંકાની જીત વગેરે**

ચોલોના રિવાજ મુજબ તેનો પુત્ર રાજેંદ્ર તેની સાથે રાજકાજમાં જોડાયો.

ચાલુક્યો અને પલ્લવો વચ્ચેના વેરનો વારસો ચોલોને મળ્યો. દક્ષિણ હિંદમાં પહેલાં પલ્લવો જે સરસાઇનું સ્થાન ભોગવતા હતા તેની પર હવે ચોલો આવ્યા હતા એટલે હવે તેમની અને ચાલુક્યો વચ્ચે ચાર વર્ષનો વિગ્રહ જામ્યો અને આખરે ચાલુક્યોનો પરાજય થતાં તેનો અંત આવ્યો. રાષ્ટ્રકૂટોની તાબેદારીમાંથી એ ચાલુક્યો હમણાં થોડું થયાં જ મુક્ત થયા હતા તેવામાં તેમનો આમ પરાજય થવા પામ્યો.

**ચાલુક્યો સાથેનો વિગ્રહ**

રાજરાજની પાસે બળવાન નૌકાસૈન્ય હતું, અને તેનો તેણે પૂરતો ઉપયોગ પણ કર્યો હતો. તેનું છેલ્લું પરાક્રમ ચોક્કસ નામનિર્દેશ વગરના સંખ્યાબંધ ટાપુઓ જીતી લેવાનું હતું. આ ટાપુઓ તે લક્ષદ્વીપ અને માલદ્વીપ હશે અને તે તેના અમલના ૨૦મા વર્ષમાં જીતાયા હશે.

**દરિયાઈ યુદ્ધ**

તેની આજ્ઞાથી તેના પાટનગર તાંજોરમાં (તાંજુવુર) બંધાયેલું ભવ્ય મંદિર, જેની ભીંતો પર તેના છવ્વીસમા વર્ષમાં નોંધાયેલી જીતોની કથા ચિત્રરૂપે ચિત્રેલી છે તે રાજરાજની ઝળકતી કારકીર્દિના સ્મારક તરીકે આજ પણ ઊભું છે.

**તાંજોરમાં મંદિર**

જાતે શિવભક્ત હોવા છતાં તે એટલો ઉદાર વૃત્તિનો હતો કે નેગાપટ્ટમનાં બંદરે આવેલાં બે બૌદ્ધમંદિરોને તેણે ધનસહાય કરી હતી. પંદરમા સૈકા સુધી એવાં બે મંદિર પરદેશી બૌદ્ધોનાં યાત્રાનાં ધામ તરીકે ચાલુ રહ્યાં હતાં. તેમાંનું એક ઘણું કરીને રાજરાજની ધનસહાયનું પાત્ર બનેલું મંદિર ૧૮૬૭ સુધી ભાંગીતૂટી હાલતમાં નભી રહ્યું હતું. તે અરસામાં જેસ્યુઈટ સાધુઓએ તેને તોડી પાડયું અને તેના ઇમલાનો નવાં ખ્રિસ્તી દેવળો બાંધવામાં ઉપયોગ કર્યો.

**બૌદ્ધ સંપ્રદાય**

ગંગાઈકોંડા અટકવાળા રાજરાજના પુત્ર અને વારસ રાજેન્દ્ર

ચોલદેવ પહેલાએ તેના પિતાની મહત્ત્વાકાંક્ષાભરી કારકીર્દિ વધારે બળપૂર્વક અને વધારે સ્પષ્ટ સફળતા સાથે ચાલુ રાખી. બંગાળાના ઉપસાગરને ચીરી તેના કાફલાએ પ્રોમ અથવા પેગુ રાજ્યના પ્રાચીન પાટનગર કદારમ તેમજ તે જ કિનારે આવેલાં તક્કોલામ અને મતામ અથવા મર્તબાનનાં બંદર હુમલો કરી કબજે કર્યાં. આ શહેરો પડતાં તુરતમાં થોડા સમય માટે તો આખું પેગુનું રાજ્ય ખાલસા થઈ ચોલ સામ્રાજ્યમાં ભળી ગયું. પેગુ શહેરની પાસે આજ પણ ઊભેલા બે ગ્રેનાઇટ પથ્થરના સ્તંભો ઈ.સ. ૧૦૨૫ થી ૨૭ સુધીમાં થયેલી પોતાની જીતના સ્મારક તરીકે ચોલ રાજાએ ઊભા કરેલા મનાય છે. પેગુની જીત પછી નક્કવારમ (નીકોબારે) અને આંદામાન ટાપુઓની જીત થઇ.

**રાજેન્દ્ર પહેલો: ગંગાઇકોંડા. રાજ્યારોહણ ૧૦૧૮**

તેના અમલનાં શરૂઆતનાં વર્ષોમાં રાજેન્દ્ર ચોલદેવ ઉત્તરના રાજ્યો જોડેના એક પછી એક થતા વિગ્રહોમાં રોકાયો હતો. આશરે ૧૦૨૩માં બિહાર અને બંગાળાના રાજા મહીપાલ જોડે તે અથડાઇ પડ્યો અને છેક ગંગાને કિનારે પોતાની સેનાને લઇ ગયો. આ પરાક્રમના સ્મરણમાં તેણે ગંગાઇકોંડાનું બિરૂદ ધારણ કર્યું અને ગંગાઈકોંડા–ચોલપુરમ નામનું એક નવું પાટનગર સ્થાપ્યું. તે શહેરની પાસે તેણે સોળ માઇલ લાંબી પાળ ઊભી કરી એક કૃત્રિમ મહાસરોવરની રચના કરી. મોટા વિસ્તારની ભૂમિને પવાણ કરવા માટે તેણે તેમાં દ્વાર તથા નહેરોની ગોઠવણ કરી હતી. એક ભવ્ય મહેલથી અને ૩૦ ફીટ ઊંચા કાળા કાળમીંઢ પથ્થરના એકશિલા શિવલિંગવાળા એક મોટા મંદિરથી તે શહેરને શોભીતું કરવામાં આવ્યું હતું. બાંધકામને લાયકના સામાનની શોધમાં નીકળતા હાલના, માત્ર ઉપયોગિતાની નજરે બધી ચીજો જોતા લોકોની લૂંટથી બહુ જ બીસમાર હાલતમાં આવી પડેલાં એ બાંધકામોનાં ખંડિયેરો, ત્રિચિનોપોલી

**તેના વિગ્રહો અને પાટનગર**

જિલ્લાના એક વેરાન પ્રદેશમાં આજે પણ ભવ્ય એકાંતવાસ સેવતાં ઊભાં છે. એ મંદિરોમાંનું કોતરકામ અદ્વિતીય ઉત્તમતાવાળું છે. રાજેન્દ્ર ગંગાઇકોંડાના સમયમાં પણ પાંડ્ય રાજ્ય ચોલ સત્તા નીચે ચાલુ રહ્યું હતું અને ચોલ–પાંડ્યના બિરૂદથી તેનો પુત્ર તેના સુબા તરીકે તેનો વહીવટ કરતો હતો.

**રાજાધિરાજ; યુવરાજ ઈ.સ. ૧૦૧૮; રાજા ઈ.સ. ૧૦૩૫**

રાજેન્દ્રનો સૌથી મોટો પુત્ર રાજાધિરાજ જે ૧૦૧૮થી માંડી રાજવહીવટમાં તેના પિતાનો સહકર્મચારી હતો, તે ૧૦૩૫માં તેના પછી ગાદીએ આવ્યો. પડોશી રાજ્યો સાથે તેના પિતાએ શરૂ કરેલા અનંત વિગ્રહો તેણે ચાલુ રાખ્યા. ઇ.સ. ૧૦૫૨ કે ૫૩માં કોટયામના યુદ્ધમાં ચાલુક્ય સેના સાથે થયેલી ખૂનખાર ઝપાઝપીમાં તે કામ આવ્યો. એ યુદ્ધથી તુંગભદ્રા નદી ચોલ અને ચાલુક્ય રાજ્યો વચ્ચેની સરહદરૂપ ગણવાનું ઠર્યું. એ યુદ્ધમાં રાજાધિરાજનું મરણ થયું છતાં યુદ્ધભૂમિ પર તેના વારસ તરીકે અભિષિક્ત થયેલા તેના ભાઇ રાજેન્દ્ર પરકેશરીવર્માએ બગડી બાજી સુધારી.

**કુડાલસંગમનું યુદ્ધ**

આ રાજા તેમજ તેની પછી આવેલા ત્રણ રાજાઓના અમલ દરમિયાન આ ઝઘડાઓ ચાલુ રહ્યા. તેમાંની કોઈ વિગત ખાસ યાદ રાખવા જેવી નથી. કૃષ્ણા અને પંચ ગંગા નદીના સંગમ, કુંડાલસંગમ આગળનું યુદ્ધ, એ તે ઝઘડાઓમાંનો જાણવા જેવો બનાવ છે; કારણકે તેમાં ચાલુક્યોએ વીરરાજેન્દ્ર ચોલને હાથે સજ્જડ હાર ખાધી હતી. (રાજ્યારોહણ ઇ.સ. ૧૦૬૨–૩) ચાલુક્ય ગાદીના હરીફ હકદાર અને ભાઈ સોમેશ્વર બીજા અને વિક્રમાદિત્ય વચ્ચે આપસઆપસમાં થયેલા કુટુંબવિગ્રહમાં વીર રાજેન્દ્રે બીજાનો પક્ષ લીધો અને તેની સાથે પોતાની કુંવરીનું લગ્ન કર્યું.

વીર રાજેન્દ્રનું મરણ થતાં તેના વારસા માટે તકરાર પડી અને

કૌટુંબિક વિગ્રહ જાગ્યો. વિક્રમાદિત્ય ચાલુક્યે દક્ષિણની ગાદી પર પોતાનો અધિકાર દૃઢ કરીને જમાવ્યો અને પોતાના સાળા અધિરાજેન્દ્રની વા'રે ધાયો અને તેને ચોલ મુલકનો રાજા સ્થાપવામાં સફળ થયો. (૧૦૭૨) પણ તે નવો રાજા પ્રજાને અકારો થઇ પડ્યો અને બે વર્ષ બાદ તેનું ખૂન થયું (૧૦૭૪). તેની સાથે મહાન મધ્યયુગીન ચોલોની સીધી પરંપરાનો અંત આવ્યો.

**વિપ્લવ; અધિરાજેન્દ્ર**

રાજ્યની લગામ હાથમાં લઈ શકે એવો કોઇ પુરુષવારસ અધિરાજેન્દ્રે પોતાની પાછળ મૂક્યો હોય એમ જણાતું નથી. પરિણામે તેની પછી તેનો રાજેન્દ્ર નામનો એક સગો ગાદીએ આવ્યો. પાછળથી તે કુલોત્તંગ પહેલાના નામથી ઓળખાતો થયો હતો. રાજેન્દ્રની મા પ્રખ્યાત ગંગાઇકોંડાની પુત્રી હતી અન તે પોતે ૧૦૬૨માં મરણ પામેલા વેંગિના પૂર્વ ચાલુક્ય રાજાનો પુત્ર હતો. પણ રાજેન્દ્રે ચોલોના દરબારમાં રહેવું પસંદ કર્યું હતું અને પોતાના કાકાને કેટલાંક વર્ષ વેંગિમાં રાજ્ય કરવા દીધું હતું. ૧૦૭૦માં વેંગિના રાજા તરીકે રાજેન્દ્રનો અભિષેક કરવામાં આવ્યો અને ચાર વર્ષબાદ અધિરાજેન્દ્રનું ખૂન થયું ત્યારે તેણે આખા ચોલ મુલકનો વહીવટ પોતાના હાથમાં લીધો. આ પ્રમાણે તેણે નવા ચાલુક્ય–ચોલ વંશની સ્થાપના કરી અને કુલોત્તંગ ચોલનું પદ ધારણ કર્યું. પોતે પ્રાપ્ત કરેલા આ સ્થાન માટે તે યોગ્ય હતો અને ૪૯ વર્ષ સુધી તેણે બહુ સફળતાથી પોતાના વિશાળ રાજ્યનો વહીવટ કર્યો. પૂર્વ ગંગા રાજા અનંતવર્મા ચોલને હરાવી તેણે કલિંગ દેશ ફરીથી જીતી લીધો. ઇંગ્લંડમાં કયામતનું પુસ્તક રચાયું તે જ અરસામાં ઈ. સ. ૧૦૮૬માં બહુ મોટા પાયા પર તેણે મહેસૂલની ફેર તપાસણીની યોજના અમલમાં મૂકી તે કારણે તેનો રાજ્યવહીવટ બહુ પંકાઈ ગયો છે.

**ચાલુક્ય-ચોલવંશ**

દક્ષિણ હિંદના વૈષ્ણવોના સૌથી વધારે માનનીય ગુરુ, પ્રખ્યાત તત્ત્વજ્ઞ રામાનુજે કાંચીમાં વિદ્યાભ્યાસ કર્યો હતો અને અધિરાજેન્દ્રના

**રામાનુજ**

અમલ દરમિયાન તે ત્રિચિનાપોલી પાસે શ્રીરંગમાં રહેતા હતા; પણ શૈવ ધર્મને માનનાર રાજાના વૈર વિરોધને લઇ તેને મહીસૂરના મુલકમાં ચાલ્યા જવાની ફરજ પડી હતી. આખરે અધિરાજેન્દ્રના મરણે તેને ચિંતા-મુક્ત કર્યો. તે સંત ત્યાર બાદ શ્રીરંગ પાછા આવ્યા અને તેમના મરણ સુધી ત્યાં જ રહ્યા.

**વિક્રમ ચોલ. રાજ્યારોહણ ૧૧૧૮**

કુલોત્તંગના પુત્ર અને વારસ વિક્રમ ચોલે ચાલતી આવેલી પ્રથાનુસાર પોતાના પડોશીઓ જોડે લડવાનું ચાલુ રાખ્યું અને પોતાના કુળની સરસાઈ જાળવી રાખવામાં તે સફળ થયો હોય એમ જણાય છે. ત્યાર પછીના ત્રણ રાજાઓના અમલ ટૂંકા હતા અને તે કોઇ પણ પ્રકારે ખાસ જાણવા જોગ નહોતા.

**કુલોત્તંગ ત્રીજો. રાજ્યારોહણ ૧૨૮૭**

કાંઇક અગત્ય ધરાવતા ચોલ રાજાઓમાં છેલ્લો કુલોત્તંગ ત્રીજો હતો. તેણે ઇ. સ. ૧૨૮૭થી માંડી આશરે ચાલીશ વર્ષ સુધી રાજ્ય કર્યું. ત્યાર પછી તેની ગાદીનો વારસો તકરારમાં પડ્યો અને ચોલ રાજાઓ નહિ જેવું સ્થાન રોકતા થઇ ગયા. થોડા સમય માટે પાંડયોએ ફરી માથું ઊંચકયું અને કાંઇક સરસાઇ મેળવી અને આખરે ૧૩૧૦માં, તેમજ ત્યાર પછીનાં વર્ષોમાં મલેક કાફુરના મુસલમાન લશ્કરોની ફત્તેહોથી દક્ષિણ હિંદનાં તમામ હિંદુ રાજ્યોની સત્તાનો ધ્વંસ થયો. ચૌદમા સૈકા દરમિયાન વિજયનગરની ઝડપી અભિવૃદ્ધિ થવાથી હિંદના દ્વીપકલ્પ વિભાગમાં હિંદુઓની સત્તાની ફરી સ્થાપના થઇ. આશરે ઈ. સ. ૧૩૭૦માં હિંદનો છેક દક્ષિણનો ભાગ વિજયનગરના અમલ નીચે પસાર થયો.

## વિભાગ ચોથો

### પલ્લવો

પલ્લવો કોણ હતા? તે કયાંથી આવ્યા? દક્ષિણના સત્તાધીશોમાં

તેમણે આગળપડતું સ્થાન કેવી રીતે મેળવ્યું? આવા બધા સવાલોનો અત્યારે પૂરો જવાબ આપી શકાય એમ નથી, જોકે એ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સારી પ્રગતિ થયેલી છે.

**પલ્લવોની ઉત્પત્તિ**

'પલ્લવ' એ શબ્દ 'પહલવ' શબ્દને એટલો બધો મળતો છે કે પલ્લવો અને પહલવો એક જ છે એ વાદ તરફ પક્ષપાત દેખાડવા કેટલાક લેખકોની વૃત્તિ થાય છે. પરિણામે કાંચીના પલ્લવ વંશની ઉત્પત્તિ આખર સરવાળે ઇરાનમાં હોવી જોઇએ એવો મત કેટલાક રજુ કરે છે. હાલની શોધો એ ખ્યાલનાસમર્થનમાં કોઈ પણ પ્રકારના ઐતિહાસિક પૂરાવા રજૂ કરવામાં નિષ્ફળ થાય છે.

પ્રાચીન તામિલ સાહિત્યના ઊંડા અધ્યયનથી હાલમાં એવી સૂચના મળી છે કે પલ્લવો મૂળ લંકા જોડે સંબંધ ધરાવતા હતા. 'મણિ-મેકલાઇ' તથા 'ચિલપ્પટિકારણ' એ બે તામિલ કાવ્યોનું પરીક્ષણ એમ સૂચના કરતું જણાય છે કે ચોલની રાજ્યધાની પુહાર અથવા કાવીરિ પટ્ટિનમનો સમુદ્રે કરેલો વિનાશ ઇસ્વીસનના બીજા સૈકાના ત્રીજા પાદના અંત ભાગમાં લંકામાં ગજબાહુના અમલનો અંત આવ્યો અને ચોલ રાજા કિલ્લિવલવાન અથવા નેકમુડિકિલ્લિ પોતાનું પાટનગર ત્યાંથી ખસેડી ઊરેયૂર લઇ ગયો તે પહેલાં થયેલો હશે.

હાલ થોડા સમય પર જ કોલંબોના શ્રી મુડલિયાર સી રસનાયગમ એ તામિલ વીરકાવ્યોના વધારે અભ્યાસને બળે જાહેર કરે છે કે આ ચોલ રાજાને મણિપલ્લવમના નાગરાજા પલ્લેવાનમની નાગકુંવરી સાથે પ્રીતિ બંધાઇ હતી. એ મણિપલ્લવમ તે જ જાફનો દ્વીપકલ્પ એવો નિર્ણય કરી શકાય છે. તે પ્રાચીન સમયે તે લંકાના કિનારાથી જરા દૂર આવેલો ટાપુ હતો. આ લગ્નસંબંધને પરિણામે તોંડાઈમાન ઇળંતીરાયણ[1]

---

૧ 'ઑરિજિન ઑફ ધી પલ્લવઝ' (ઇન્ડિ. એન્ટિ. iii, એપ્રિલ, ૧૯૨૩ પૃ. ૭૫ થી ૮૦) આ લેખ અનુસાર એ કુંવરનું આવું નામ એટલા માટે

નામનો પુત્ર જન્મ્યો હતો. બીજા સૈકાના પાછલા ભાગના કોઇ સમયે તેના પિતાએ (કિલ્લિવળવન) તેને ચોલમંડલથી ભિન્ન કાંચી પાટનગરવાળા તોંડાઇ મંડળનો રાજા નીમ્યો. આ પ્રમાણે જે રાજ્યવંશનો તોંડાઇમાન ઇળંતીરાયણ આદિ પુરુષ થયો તેણે 'મણિપલ્લવમ'[૨] પદના છેલ્લા અર્ધ ભાગને પોતાના વંશ નામ તરીકે સ્વીકાર્યો. તે તેની નાગમાતાનું ઘર હતું. તેની માતા તેના ચોલ પિતા કરતાં ઊતરતી પંક્તિની મનાતી હતી. આ મત પ્રમાણે પલ્લવ એ કોઈ જાતિ કે ગોત્ર નહિ, પણ એક વંશનું જ નામ હતું. તેઓ એક બાજુ ઉરિપુરના ચોલ કુટુંબમાંથી અને બીજી બાજુ હાલના લંકાના જાફના દ્વીપકલ્પ ભાગમાંના નાગ રાજ્યકર્તાઓમાંથી ઊતરી આવ્યા હતા. હિંદની મૂખ્ય ભૂમિ પર આવેલાં તામિલ રાજ્યો જોડે પલ્લવોને ચાલુ દુશ્મનાવટ હતી તે ઉપરથી તેમજ પ્રણાલી પલ્લવોના મુલકની કાંઇ મર્યાદાનો ઉલ્લેખ કરતી નથી તે ઉપરથી સૂચના થાય છે કે જાતિ તરીકે પલ્લવો તામિલોથી જુદા છે અને સતત પ્રણાલી અનુસાર દક્ષિણહિંદના આખા પ્રદેશ પર પથરાયેલાં પાંડ્ય, ચોલ અને ચેર એ ત્રણ રાજ્યોના રાજાઓની ઉપર તેમની સત્તા પાછળથી જામી હતી. પ્રાચીન તામિલ કાવ્યો ઉપરથી સંભવિત જણાતી પલ્લવોની ઉપર મુજબની ઉત્પત્તિ આપણને જાણીતી વાતોની વિરોધી

---

પાડવામાં આવ્યું હતું કે મણિપલ્લવમથી પુહાર આવતાં રસ્તામાં તેનું વહાણ ખરાબે લાગ્યું હતું અને તોંડાઈલતાને વળગી તે કિનારે ઘસડાઈ ગયો હતો. એનું નામ ઘણું કરીને તેની જ્ઞાતિ અથવા જાતિનું ચિહ્ન બતાવે છે.

૨ એમ.સી. રસનાપગમના મતાનુસાર 'મણિપલ્લવમ્' એ નામ માત્ર 'મણિમેકલાઇ' નામના ગ્રંથમાં જ જોવામાં આવે છે. બીજાં પુસ્તકોમાં તો એ દ્વીપ અથવા દ્વીપકલ્પ 'મણિપુરમ્' નામથી ઓળખાય છે અને તેમાં નાગોની વસ્તી હતી તથા ત્યાં નાગોનો અમલ હતો તેથી સિંહાલીઓ તેને મણિ–નાગદ્વીપ કહેતા હતા. તામિલો એમાંનું 'માણિ' એ પદ રાખ્યું અને જેનો અર્થ પલ્લવ અથવા ફણગો થાય છે એવું તામિલપદ 'પલ્લવ' તેમાં ઉમેર્યું. હિંદથી લંકા આવતા મુસાફરને એ દ્વીપકલ્પનો ભાગ મુખ્ય દ્વીપના

જણાતી નથી, એટલું જ નહિ, પણ કદાચ તે પલ્લવો અને તામિલ રાજ્યો વચ્ચેની નિઃસંદેહ દુશ્મનાવટ માટે વધારાનું કારણ બતાવે છે. પ્રો. એસ. કે. આયંગરનો એવો મત છે કે ઇતિહાસમાંના પલ્લવો દક્ષિણના સાત વાહનોના આશ્રિત રાજા હતા અને તેઓ નાગકુટુંબના હતા.

**પલ્લવો જોડે સંબંધ ધરાવતી જ્ઞાતિઓ**

કલાર[3] જાતિના મુખી તરીકે સ્વીકારાતો પુડુકોટ્ટાઇ રાજ્યનો રાજા હજુ પણ પોતાની જાતને રાજા પલ્લવ તરીકે ઓળખાવે છે અને તે પ્રાચીન રાજવંશના વારસ હોવાનો દાવો કરે છે. સર વૉલ્ટર ઇલિયટ ટીકા કરે છે તેમ 'જેને આપણે લૂંટફાટ કરી જીવનારી જાતિઓ ગણીએ છીએ' તે જાતિના આ કલારો છે અને તેમની 'હિંમતભરી, અદમ્ય લડાયક ટેવો' ઇતિહાસ દ્વારા પ્રાચીન પલ્લ-

---

ફણગા જેવો દેખાતો હશે તેના ઉલ્લેખમાં એ નામ તેને આપ્યું હશે. પલ્લવરાજાઓ પોતાની જાતને 'પોટ-રાયર' કહેતા એ જાણવા જેવી વાત છે. એ શબ્દ તામિલના 'પોટ્ટુ' શબ્દ ઉપરથી થયેલો છે અને 'પોટ્ટુ'નો અર્થ પલ્લવ થાય છે. પાછળના પલ્લવ રાજાઓ પોતાની ઉત્પત્તિની યાદમાં અંકારાંત સંસ્કૃત નામો ધારણ કરતા હતા.

3 ઇલિયટ 'કૉઈન્સ ઑફ સધર્ન ઇન્ડિયા' પૃ. ૪૨-૪. કલાર અથવા લૂંટારાની જાતિ જે એ ધંધો પરંપરા પ્રાપ્ત ધંધા તરીકે ચલાવે છે તે મરવ દેશમાં જ જોવામાં આવે છે. એ દેશ કિનારાની અથવા મચ્છી પકડવાના કિનારાની લગોલગ આવેલો છે. એ પ્રદેશના રાજ્યકર્તા પણ એ જ જાતિના છે. પોતાની જાતને માટે કે પોતાના જાતભાઇઓ માટે ધાડપાડુનો ધંધો તેઓ જરાએ હિણપતભર્યો માનતા નથી એનું સાદું અને સીધું કારણ એ છે કે તેઓ લૂંટને પોતાનો પરંપરા પ્રાપ્ત ધર્મ ગણે છે. પોતાની જાતિ કે ધંધા બદલ તેમના દિલમાં શરમની લાગણી થતી નથી. કોઈ આદમી કોઈ કલારને પૂછે કે તે કઈ જાતનો છે તો તે ઠંડે પેટે જવાબ દે કે 'હું લૂંટારો છું.' મદુરા જિલ્લામાં ખૂબ પથરાએલી આ જાતિ શૂદ્રોમાં સૌથી વધારે આગળ-પડતી ગણાય છે. (ડુબોય. હિંદુ. મેનર્સ, કસ્ટમ્સ એન્ડ સેરીમનીઝ બોકેંપ, ત્રીજી આવૃત્તિ પૃ. ૧૭).

વોનાં જે લક્ષણો આપણે જાણીએ છીએ તેને ઠીક મળતી થાય છે. છેક હાલના સમય સુધી કલારો કર્ણાટકના શાંતિપ્રિય વતનીઓ પર જબરો કાબૂ ધરાવતા હતા અને મરાઠાઓ 'ચોથ'ના નામ નીચે પ્રજા પાસે નાણાં ઊઘરાવતા તેમ તેઓ તેમનું રક્ષણ કરવા બદલ તેમની પાસેથી નાણાં ઊઘરાવતા હતા. પલ્લવોની રાજ્યસત્તાનો ઘણું કરીને એવોજ ઉપયોગ થતો હશે એમ જણાય છે, અને જુદાંજુદાં તામિલ રાજ્ય અને તેમની સત્તા બથાવી પાડનાર આ પલ્લવ જાતિનાં પરસ્પર બળના પ્રમાણમાં તેમના ઊઘરાણાનો વિસ્તાર બદલાતો રહેતો હશે. પાલ્લીજ્ઞાતિ અને લોક કહેવતોમાં કલાર અને મરવારની લૂંટેરૂ જાતિઓ જોડે જોડાયેલી કૃષિકાર જ્ઞાતિ વેલ્લાલના કેટલાક વિભાગ પણ પલ્લવો જોડે પોતાનો સંબંધ હોવાનો દાવો કરે છે. એમ હોય કે લૂ ટેરૂ કહેવાતી જે જાતિઓ પર પલ્લવવંશે એકવાર સત્તા ભોગવી હશે અને તેમને એક આક્રમણકારી બળના રૂપમાં સંગઠિત કરી હોય તે તામિલોથી ભિન્ન તથા તેમનાથી વધારે પ્રાચીન એવા વસ્તીના કોઇ વિભાગમાં આવી જતી હશે.

**જૂનામાં જૂના પલ્લવ રાજાઓ**

આ વંશના આપણી જાણમાં આવેલા લેખોમાં સૌથી જૂનાં ગંતુર જિલ્લામાંથી મળી આવેલાં તાંબાનાં દાનપત્રો છે. તે આપણને કાંચીમાં રાજ્ય કરતા એક રાજા વિષે કહે છે. તે રાજાના મુલકમાં અમરાવતીનો સમાવેશ થતો હતો અને તેથી તે કૃષ્ણાનદી સુધી વિસ્તરતું હશે. ત્રીજા કે ચોથા સૈકાની શરૂઆતની સાલનાં દાનપત્રો, પ્રાકૃત ભાષામાં લખાયેલાં છે અને તે, એ રાજ્ય કેવી રીતે મેળવાયું તેનું કાંઈજ સૂચન કરતાં નથી. તેની ઉત્પત્તિ ત્રીજા સૈકાના આરંભથી મોડી નહોતી એવો નિર્ણય કરવો એ સલામતી ભર્યું દેખાય છે. આશરે ઈ.સ. ૩૫૦માં સમુદ્રગુપ્તને હાથે પરાજ્ય પામેલો રાજા વિષ્ણુગોપ પલ્લવ હતો, એમ માનવામાં બધા લેખકો સંમત થાય છે. તેનો સમકાલીન વેંગિનો રાજા હસ્તિવર્મા પણ

પલ્લવ જ હોવો જોઇએ. પલ્લવોની વંશાવળીઓમાં વિષ્ણુગોપ અને હસ્તિવર્મા એ બંને નામ આવેલાં છે. કાંચીનો રાજા સિંહવર્મા બૌદ્ધ હતો.

**સિંહવિષ્ણુ**

ચાલુક્ય ઇતિહાસ શરૂ થાય છે તે છઠ્ઠા સૈકાના બીજા અર્ધ ભાગથી માંડી ઈ.સ. ૭૫૩માં રાષ્ટ્રકૂટોને હાથે ચાલુક્ય સત્તાનો ધ્વંસ થાય છે, ત્યાં સુધી એક એકને કુદરતી દુશ્મન સમજનારા પલ્લવો અને ચાલુક્યો, સતત સંસર્ગમાં અને સાધારણ રીતે વિગ્રહની સ્થિતિમાં રહેતા હતા, અને પોતાને માટે દક્ષિણહિંદનું પ્રભુત્વ મેળવવા તનતોડ મહેનત કરતા હતા. આશરે એ સૈકાના આ ગાળા દરમિયાન, સિંહવિષ્ણુથી (રાજ્યારોહણ આશરે ઇ.સ. ૫૭૫) માંડી નવ રાજ્યોવાળી પલ્લવ રાજવંશની વંશાવળી, બરાબર નિશ્ચિત થયેલી છે. લંકાના રાજાઓ તથા ત્રણ તામિલ રાજ્યોને પરાજય પમાડયાનો દાવો સિંહવિષ્ણુ કરે છે.

**મહેન્દ્રવર્મા ૧ લો તેના જાહેર કામો**

સિંહવિષ્ણુનો પુત્ર અને વારસ મહેન્દ્રવર્મા પહેલાએ (આશરે ઈ.સ. ૬૦૦થી ૬૨૫) ત્રિચિનોપોલી, ચિંગલપટ, ઉત્તર આર્કોટ તથા દક્ષિણ આર્કોટ જિલ્લાઓમાં ઘણાં ગુફા મંદિરો ખોદાવી પોતાનું નામ અમર કર્યું છે. આર્કોટ અને અર્કોનામ વચ્ચે આવેલા મહેન્દ્રવાડી શહેરનાં ખંડિયેરો તેમજ તેની પાસે આવેલા મહેન્દ્ર સરોવર નામના એક મોટા તળાવથી પણ તેનો યશ કાયમને માટે જીવંત રહ્યો છે. એ તળાવને કિનારે વિષ્ણુને અર્પણ કરેલું એક ગુફામંદિર હજુયે હયાત છે.

**તેનાં યુદ્ધો**

યુદ્ધમાં ચાલુક્ય રાજા પુલકેશી બીજો તેનો જબરો પ્રતિસ્પર્ધી નીવડયો. ઈ.સ. ૬૦૯–૬૧૦ની સાલમાં પલ્લવ રાજાને સખત પરાજય આપવાનાં તે બણગાં ફૂંકતો હતો. એ જ સમયમાં કે તેની આસપાસમાં તે ચાલુક્ય રાજાએ પલ્લવ રાજ્યના ઉત્તર વિભાગરૂપ વેંગિનો પ્રાંત ખાલસા કર્યો અને પૂર્વ ચાલુક્ય વંશના સ્થાપક પોતાના ભાઇને તેનો વહીવટ

સોંપ્યો. સંભવ છે કે વેંગિ ખોવાથી પલ્લવો પોતાનો દક્ષિણ મોખરો આગળ વધારવા પ્રેરાયા અને એ તો નક્કી જ છે કે ત્રિચિનોપોલિ તો મહેન્દ્રને તાબે હતું જ. એ રાજા મૂળે જૈન હતો અને એક જાણીતા તામિલ સાધુને હાથે તે શિવમાર્ગી થયો જણાય છે. ધર્મ ફેર કર્યા બાદ, આ રાજાએ દક્ષિણ આર્કોટમાં પાટલીપુટ્રિરમ આગળ એક મોટા જૈન મઠનો નાશ કર્યો અને તે જ સ્થાને એક શિવ મંદિર ઊભું કર્યું. મદ્રાસની છેક પાસે, જૂના પાટનગરનું નામ ઘણું કરીને જૈનો એ લાવ્યા એ બહુ જાણવા જેવી વાત છે.

**નૃસિંહવર્મા**

મહેન્દ્રવર્માના અનુગામી નૃસિંહવર્મા પહેલાના અમલમાં પલ્લવોનાં સત્તા અને કળા પરાકાષ્ટાએ પહોંચ્યાં હતાં (આશરે ઇ.સ. ૬૨૫ થી ૪૫) ઇ.સ. ૬૪૨માં પોતાના વેરી પુલકેશી બીજાની રાજ્યધાની વાતાપિ કબજે કરવાનો સંતોષ તેને મળ્યો. એમ માની શકાય કે તે સમયે જ તેનો જાન ગયો હશે. એ તો નક્કી જ છે કે આ પરાજય એટલો તો સજ્જડ હતો કે ત્યાર પછીનાં તેર વર્ષ સુધી ચાલુક્ય સત્તાનો અસ્ત થયો અને પલ્લવરાજા કોઈ પણ જાતના પક્ષ વગર દક્ષિણ હિંદમાં સૌથી વધારે લાગવગ ધરાવનાર સમ્રાટ્ થઇ રહ્યો અને મહીસૂર તથા દક્ષિણમાં ઘણે દૂર સુધી તેની સત્તાનો વિસ્તાર થવા પામ્યો. તેના આ સાહસમાં માનવમ્મા નામના લંકાના એક રાજા તરફથી તેને બહુ કાર્યસાધક સહાય મળી હતી. પાછળથી હિંદના રાજાએ તેના ઉપકારના બદલામાં સજ્જ કરી આપેલી સેનાની સહાયથી તે એ દ્વીપનો મુકુટધારી થવા શક્તિવાન થયો હતો.

**કાંચીમાં હ્યુઆન્ત્સાંગ ઇ.સ. ૬૪૦**

હ્યુઆન્ત્સાંગે ઈ.સ. ૬૪૦માં નૃસિંહવર્મા પહેલાના અમલ દરમિયાન કાંચીની મુલાકાત લીધી હતી અને ઘણા લાંબા સમય સુધી તે ત્યાં રહ્યો હતો. કાંચી જેનું પાટનગર હતું એ દેશને તે દ્રવિડ કહે છે અને તેનો પરીઘ આશરે ૧૦૦૦ માઇલ જેટલો હતો એમ તે વર્ણન કરે છે. આ જોતાં તેણે વર્ણવેલો દેશ ઉત્તર પેન્નર તથા

દક્ષિણ વેલ્લારૂ નદીની વચ્ચે આવેલો અને પ્રાચીન પ્રણાલીમાં 'ચોલદેશ'-ના નામથી ઓળખાતો પ્રદેશ જ હોવો જોઇએ. તેની ભૂમિ રસાળ હતી નિયમિત રીતે ખેડાતી હતી અને તેમાં પુષ્કળ ધાન્ય, ફળ તથા ફૂલ પેદા થતાં હતાં. તેનું પાટનગર એક મોટું શહેર હતું અને તેનો ઘેરાવો આશરે ૫–૬ માઇલનો હતો. એ રાજ્યમાં એ યાત્રીએ સો કરતાં વધારે બૌદ્ધ મઠો જોયા હતા અને તેમાં પુષ્કળ સાધુઓ રહેતા હતા. તેણે તેમની સંખ્યા દસ હજાર કરતાં વધારે અડસટેલી છે. લંકાના મોટા ભાગના સાધુ મહાયાનના સ્થવીર સંપ્રદાયના હોય છે, તેમ આ બધા પણ તેજ સંપ્રદાયના હતા. જૈનોનાં તથા હિંદુઓનાં મળી આશરે ચાર કુડી મંદિરો હતાં અને દક્ષિણ હિંદના બીજા ભાગોની પેઠે અહીં પણ દિગંબર જૈન સંપ્રદાયના ઘણા અનુયાયીઓ હતા. એથી પણ વધારે દક્ષિણમાં પાંડ્ય દેશમાં તો બૌદ્ધ સંપ્રદાય લગભગ લુપ્ત જ હતો. હિંદુઓનાં સાત પવિત્ર નગરોમાં જેની ગણના થાય છે એવું કાંચી બૌદ્ધોમાં પણ ખાસ નામના પામેલું હતું, કારણકે નાલંદાના મહાન મઠના અધિપતિની પદ્દી પર હુઆન્‌ત્સાંગ-ના ગુરૂ શીલભદ્રની પહેલાના તે મઠના અધિપતિ ધર્મપાલની તે જન્મભૂમિ હતી.

**ઇમારતો**

માલમપુરમ આગળનાં સાત એક શિલા મંદિરોમાંનું સૌથી પહેલું જે હાલમાં ધર્મરાજરથના નામથી ઓળખાય છે તે નૃસિંહવર્માની કૃતિરૂપ હતું. એ રાજા 'મહામલ્લ'ની ઉપાધિ ધારણ કરતો હતો અને તેની એ ઉપાધિ ઉપરથી જ એ સ્થાનનું નામ પડેલું જણાય છે. એનાં જેવા જ બીજાં મંદિરો નૃસિંહવર્મા તથા તેના પરંપરાગત દુશ્મનોને હાથે કાંચી પડ્યું ત્યાં સુધીના તેની પછી થયેલા રાજાઓની આજ્ઞાનુસાર રચાયેલાં છે. તેમાંનાં કેટલાંક મંદિર અપૂર્ણ રહેલાં છે એ બીનાની સમજૂતી કાંચી પર આવી પડેલી આપત્તિથી મળી જાય છે.

કાંચીમાં કૈલાસનાથના નામથી ઓળખાતું ઉમદા મંદિર તથા

સાત મંદિર આગળનું નટ મંદિર રાજસિંહના નામથી પણ ઓળખાતા નૃસિંહવર્મા બીજાએ સાતમા સૈકાના અંત ભાગમાં બંધાવેલાં છે.

ઇ.સ. ૬૫૫માં કે તે અરસામાં પુલકેશીના પુત્ર વિક્રમાદિત્ય પહેલા નામના ચાલુકયે, પોતાના કુટુંબનું ગએલું ગૌરવ પાછું મેળવ્યું અને પલ્લવોની ગાદીએ આવેલા પરમેશ્વરવર્મા પાસેથી પોતાના પિતાનો મુલક પાછો મેળવ્યો. આ વિગ્રહ દરમિયાન પલ્લવોનું પાટનગર કાંચી, ચાલુક્યોએ લીધું અને કેટલોક સમય પોતાને કબજે રાખ્યું. બીજા હાથ પર પેરૂવલ્લનુર આગળ જીત મેળવવાનો પલ્લવોએ દાવો કર્યો.

**પરમેશ્વરવર્મા**

ત્યારપછીના રાજાઓના અમલ દરમિયાન આ બારે માસનો ઝગડો ચાલુ જ રહ્યો. આશરે ઇ.સ. ૭૪૦ના અરસામાં ચાલુકય વિક્રમાદિત્ય બીજાએ ફરીથી કાંચી કબજે કર્યું અને પલ્લવરાજા નંદીવર્માને એવી તો સખત હાર આપી કે તે બનાવને પલ્લવોની સરસાઈના અંતની શરૂઆત તરીકે ગણી શકાય. પરમેશ્વરવર્મા બીજાની પછી આશરે ઈ.સ. ૭૨૦માં ગાદીએ આવેલો નંદીવર્મા તે રાજાનો દૂરનો સગો હતો અને રાજા સિંહવિષ્ણુના એક ભાઇનો વંશજ હતો. આનુપૂર્વીમાં થયેલો આ ફેરફાર પ્રજાની પસંદગીનું પરિણામ હતું એમ કહેવાય છે. કાંજીવરમ અથવા કાંચીમાં વૈકુંઠ પેરૂમલ મંદિરમાં હજુ પણ ભાંગીતૂટી અવસ્થામાં મળી આવતાં વિચિત્ર તથા અધુરા લેખોવાળી સ્થાપત્ય કૃતિઓની શ્રેણી, એ વંશની પરંપરામાં થયેલા આ મોટા વિપ્લવકારી ફેરફારની સમકાલીન નોંધરૂપ થવા માટે નિર્માણ થઇ હોય એમ જણાય છે.

**નંદીવર્મા**

નંદીવર્માએ આશરે ૬૨ વર્ષ રાજ્ય કર્યું. એની પછી કેટલાય રાજા આવી ગયા. તે સૌમાં છેલ્લો અપરાજીત પલ્લવ હતો. શ્રી પુરંબીયના યુદ્ધમાં તેણે પાંડય રાજા વરગુણ બીજાને હરાવ્યો, પણ નવમા સૈકાના અંત ભાગમાં આદિત્ય ચોલને હાથે તે પોતે હાર પામ્યો. ઇ.સ. ૭૪૦માં ચાલુકય

**અપરાજીત**

જીતોથી હલમલી ગયેલી પલ્લવ સત્તા આ સમયે તદ્દન પરવારી ગઈ અને ચોલોના હાથમાં પસાર થઇ, અને આગળ કહેવામાં આવી ગયું છે તેમ દસમા તથા અગિયારમા સૈકા દરમિયાન ચોલોએ દક્ષિણનાં તમામ રાજ્યોને વધારે ઓછા પ્રમાણમાં પોતાની સત્તા નીચે આણ્યાં.

પોતાની પડતીના સમયમાં પલ્લવ રાજાઓએ કેટલાંક આગવાં યુધ્ધો કરવાની પેરવી કરી. આઠમા સૈકાની અધવચમાં રાષ્ટ્રકૂટોએ ચાલુક્યોની પૂરવણી કરી ત્યારે દક્ષિણમાંની સર્વોપરી સત્તા તથા તેના દાક્ષિણાત્ય વૈરી વચ્ચે પ્રણાલી પ્રાપ્ત વૈરવૃત્તિ જરાયે ઓછી થઇ નહોતી અને નવા રાજ્યકર્તાઓએ પલ્લવો જોડેનો જુનો વિગ્રહ પાછો ચાલુ કર્યો. દંતિદુર્ગનો પિત્રાઇ રાજા ધ્રુવ, જેણે ચાલુક્ય વંશને ઊથલાવી નાખ્યો હતો તેણે ઇ.સ. ૭૭૫ના અરસામાં પલ્લવોને હાર આપી અને તેના પુત્ર ગોવિંદ ત્રીજાએ ઈ.સ. ૮૦૩માં કાંચીના રાજા દંતિગ પાસેથી ખંડણી ઊઘરાવી.

**રાષ્ટ્રકૂટો સાથેના વિગ્રહ**

દસમા સૈકામાં આપણે પલ્લવો તથા ગંગવાડી અથવા મહીસૂરના પ્રાચીન ગંગવંશના રાજાઓ વચ્ચેના વિગ્રહોની વાતો સાંભળીએ છીએ. ગંજામ જિલ્લામાંના હાલમાં મુખલિંગમ નામથી ઓળખાતા પ્રાચીન કલિંગ નગરમ્‌માં પોતાનો દરબાર ભરતા અને પૂર્વમાં કલિંગમાં રાજ્ય કરતા એ જ નામના કુટુંબથી ઓળખવા માટે તેઓ પાશ્ચત્ય ગંગો તરીકે ઓળખાતા હતા. પાશ્ચત્ય ગંગોના વિવિધ શિલાલેખો ખાત્રીપૂર્વક ખરા છે અને લગભગ છેક પાંચમા સૈકા સુધીની સાલના જણાય છે. એ વંશ ઇ.સ ૭૨૫થી૭૭૬ સુધીના શ્રી પુરૂષના અમલમાં તેની સત્તાની શિખરે પહોંચ્યો જણાય છે. એ રાજાનો મુલક 'ધન્ય દેશ' નામથી ઓળખાતો હતો. કલિંગના પૌર્વાત્ય ગંગોનો સૌથી વધારે જાણવા જેવો રાજા અનંતવર્મા સોડ ગંગ હતો. તેણે ઇ.સ. ૧૦૭૬થી૧૧૪૭ સુધી ૭૧ વર્ષ સુધી રાજ્ય કર્યું અને ગંગાથી ગોદાવરી સુધી વિસ્તરતું

**ગંગો**

મોટું રાજ્ય પ્રાપ્ત કર્યું: એણે પુરીમાં જગન્નાથજીનું મંદિર બંધાવ્યું.

**પલ્લવોમાં છેલ્લો**

પાછળના પલ્લવ સરદારો મોટાં રાજ્યોની નોકરી કરતા અમલદાર અથવા આશ્રિત ઉમરાવોના પદે ઊતરી પડ્યા. અને બારમા સૈકાના પ્રારંભમાં તેના ખંડિયા રાજાઓમાં પલ્લવ રાજા પ્રથમ સ્થાન લેતો હતો એમ નોંધાયેલું છે. એ વંશના રાજાઓ છેક તેરમા સૈકા સુધી મર્યાદિત સ્થાનિક સત્તા ભોગવતા આપણે જોઈ શકીએ છીએ; અને સત્તરમા સૈકાના અંત સુધી પલ્લવ ઉમરાવોનો નિર્દેશ થતો જોવામાં આવે છે. ત્યાર બાદ સ્વતંત્ર જાતિ અથવા ગોત્ર તરીકે પલ્લવોનું કાંઇ નામનિશાન મળતું નથી અને હાલ તો કલ્લર, પાલ્લી અને વેલ્લાલ જાતિઓમાં તેમનું લોહી મળી ગયું લાગે છે.

**ધર્મ**

જેની ચોક્કસ સાલ આપી શકાય છે એવા સૌથી પહેલા પલ્લવ રાજા સિંહવર્માએ પાંચમા સૈકામાં અમરાવતીમાં એક મૂર્તિની સ્થાપના કરી અને બુદ્ધના આમ ભક્ત તરીકે તે વર્ણવાયો છે. એ વંશના બીજા આદમીઓ પણ ઘણું કરીને એ જ સંપ્રદાયના હતા. કેટલાક રાજા ખાસ વૈષ્ણવ સંપ્રદાયના હતા. મહેન્દ્રવર્મા તેના જીવનના પ્રારંભમાં જૈન હતો, પણ પાછળથી તેણે શૈવ ધર્મનો સ્વીકાર કર્યો. તે પોતાના પહેલાના સહધર્મીઓનો વિરોધી બન્યો અને તેમના મુખ્ય મઠનો તેણે નાશ કર્યો.

પણ સામાન્યરીતે પ્રતિસ્પર્ધી સંપ્રદાયોના અનુયાયીઓ, એકએક જોડે હળીમળીને રહેતા હતા તથા રાજ્ય તરફથી નિષ્પક્ષપાત રક્ષણ ભોગવતા હતા એમ જણાય છે. હ્યુઆન્ત્સાંગના કથન પરથી એમ અનુમાન થાય છે કે ઇ.સ. ૬૪૦ માં આવી સ્થિતિ હતી. એમ દેખાય છે કે પાછળના બધા પલ્લવ રાજાઓ શિવ ભક્ત હતા અને તેના નંદીને તેમણે પોતાના વંશનાં લાંછન અથવા ચિહ્ન તરીકે સ્વીકાર્યો હતો; એમાંના બે રાજા તો એટલા બધા ધર્મચુસ્ત હતા કે ૬૩ શૈવ સાધુઓમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ડૉ. વિન્સેન્ટ અ. સ્મિથના પુસ્તકની આ ચોથી આવૃત્તિ છે. બીજી આવૃત્તિ ૧૯૦૮માં અને ત્રીજી ૧૯૧૪માં પ્રસિદ્ધ થઇ હતી.

**ઉપસંહાર**

ત્રીજી આવૃત્તિને જનતા આગળ રજુ કરતાં લેખકે લખ્યું હતું કે 'મારૂં કામ—શોધની મહેનત, હવે પૂરૂં થાય છે અને આ પુસ્તક ફરીથી નવા રૂપે અવતરે છે. લેખકને લાગે વળગે છે ત્યાં સુધી તે તેનું આખર સ્વરૂપ હોય એ બનવા જોગ નથી. એની મૂળ યોજના પચીસ વર્ષ પહેલાં થઇ હતી અને ત્યાર પછી સોળ વર્ષે બહુ જ અપૂર્ણ આકારમાં તેણે પહેલી વાર દેખા દીધી. એ દોષપૂર્ણ પહેલો ચીલો પાડનાર યત્નને મળેલા ઉદાર સત્કારથી એવી આશા રાખવાને ઉત્તેજન મળે છે કે આ તેનાથી ઘણી વધારે સુધરેલી આવૃત્તિ હિંદના પ્રાચીન ઇતિહાસનો બહુ પ્રશંસાપાત્ર ઉત્સાહથી અભ્યાસ કરતા હિંદના પુત્રો તેમજ પરદેશી અભ્યાસીઓના અભ્યાસને ઉત્તેજવા તથા દોરવાની હજુ વધારે સેવા કરવા શક્તિવાન થશે.' છેલ્લાં કેટલાક વર્ષો દરમિયાન અભ્યાસીઓએ કરેલી શોધો અને નવી તપાસણીઓના પાયા પર રચાયેલું આ પુસ્તક, હિંદના પ્રાચીન ઇતિહાસના અભ્યાસીઓને આ પુસ્તકની આગલી આવૃત્તિઓ જેટલું જ આવકારદાયક થઈ પડે અને પુનઃસંસ્કરણનું કામ એના સ્વર્ગસ્થ લેખકને તેમજ જે મહાન વિષય જોડે એનું નામ આવું નિકટ અને માનભરી રીતે જોડાયેલું છે તેને શોભા આપે એવી આશાનો પડઘો પુનઃસંસ્કરણ કરનાર માત્ર પાડી શકે.

આ પુસ્તકમાં હિંદુઓના હિંદની એટલેકે બ્રાહ્મણોની ભૂમિનો રાજકીય ઇતિહાસ આપેલો છે. અને ખરૂં હિંદ તે બ્રાહ્મણોની જ ભૂમિ. એ દેશનું ખાસ આકર્ષણ તેની અદ્વિતીય શિષ્ટતાને લીધે જ છે. વિલક્ષણતાનો એ ગુણ, વધારે સહેલથી સમજાય એવી મુસલમાન તથા અંગ્રેજ વિજેતાઓની વાતો કરતાં યુરોપીય કે અમેરિકન સામાન્ય વાંચકને ઓછી આકર્ષક લાગે છે; પણ જે કોઇને હાલના હિંદને બરાબર સમજવાની ઇચ્છા હોય તેણે આધીનતાના લાંબા યુગો

દરમિયાનના પ્રાચીન હિંદનો અભ્યાસ કરવામાં કાંઇક મહેનત કરી સંતોષ મેળવવો જોઇએ.

શહેર કે રાજ્યનાં બંધારણોમાં થતી ઉત્ક્રાંતિઓના ઉદાહરણ રૂપ થતા સાંપ્રત કાળનાં યુરોપ, રોમ કે ગ્રીસની સાથે હિંદનો રાજકીય ઇતિહાસ સ્પર્ધામાં ઊતરી શકે એમ નથી. બીજી એશિયાવાસી પ્રજાઓની પેઠે હિંદીઓ સાદા આપખુદ અમલથી સામાન્ય રીતે સંતુષ્ટ રહ્યા છે અને પરિણામે એક સરકાર તથા બીજી વચ્ચેનો ભેદ, વિવિધ રાજકીય સંસ્થાઓની ક્રમેક્રમે થતી અભિવૃદ્ધિ કરતાં જુદાજુદા આપખુદ રાજ્યકર્તાઓનાં અંગત લક્ષણો અને શક્તિઓ ઉપર આધાર રાખે છે. ચંદ્રગુપ્ત મૌર્ય, અશોક અને અકબર જેવી શક્તિશાલી આપખુદ વ્યક્તિઓએ યોજેલા નિયમો તેમના કર્તાના મરણની સાથે જ મરણ પામેલા છે. હાલ જે રાજ્યબંધારણનું ઘડતર ચાલી રહ્યું છે અને જે હજુ અપૂર્ણ ઘડતરવાળું છે તે પરદેશીઓને હાથે બહારથી આયાત થએલું છે, અને જે લોકોના લાભ માટે તે યોજાએલું છે તે તેને અપૂર્ણ રીતે સમજેલા છે અને સંભવ છે કે કદાચ આ ભૂમિ તેને તદ્દન માફક ન પણ આવે.

હિંદના ઇતિહાસની સૌથી વધારે અગત્યની શાખા તેના ચિંતનોનો ઇતિહાસ છે. દર્શન, ધર્મ, વિજ્ઞાન, કળા અને સાહિત્યના ક્ષેત્રમાં હિંદી ખ્યાલોની કથા યોગ્ય રીતે રજૂ કરવા માટે, તે દેશની રાજકીય ઘટનાઓનો સાલવારી ઇતિહાસ અનિવાર્ય પાયા રૂપ છે. જે વાચકોને એ ઇતિહાસ શુષ્ક અને કોઇકોઈ વાર કંટાળો આપનાર લાગે તેમણે એમ માની મન વાળવું કે તેવો ઇતિહાસ હશે તો સમયના ક્રમને યોગ્ય રીતે અનુસરી વધારે આકર્ષક ચર્ચાની રચના કરવાનું શકય થશે.

# પૂરવણી

'અર્લી હિસ્ટરી ઑફ઼ ઇંડિયા' નામના પુસ્તકની છેલ્લી આવૃત્તિમાં (૧૯૨૪) તેમજ તે પહેલાંની તે પુસ્તકની આવૃત્તિઓમાં ડૉ. વિન્સેન્ટ સ્મિથે જાહેર કર્યું છે કેઃ—

**क** 'પણ એટલું તો સ્પષ્ટ જ છે કે હિંદમાં વિશાળ મુલક ધરાવનાર કુશાન રાજાઓમાં વાસુદેવ છેલ્લો હતો. તેના મરણ પછી ઉત્તર હિંદમાં કોઇ સર્વોપરી સત્તા હયાત હોવાનાં કાંઈ જ ચિહ્ન નથી.' (પૃ. ૨૯૦).

**ख** 'ઘણુંકરીને સંખ્યાબંધ રાજાઓ સ્વતંત્ર થઇ બેઠા હશે અને તેમણે ટૂંકમુદતીઆં રાજ્યો સ્થાપ્યાં હશે. . . . પણ ત્રીજા સૈકાના ઇતિહાસ માટેનાં સાધનોની એટલી બધી ઊણપ છે કે તે કેવાં અને કેટલાં હશે તે કહેવું અશક્ય છે'. (પૃ. ૨૯૦).

**ग** આશરે ઇ.સ. ૨૨૦ કે ૨૩૦ના અરસામાં કુશાન અને આંધ્રવંશનો લોપ થયો અને ત્યાર પછી આશરે એક સૈકા બાદ સામ્રાજ્યસત્તા ભોગવતા ગુપ્તવંશનો ઉદય થયો એ ગાળો હિંદના ઇતિહાસની આખી મર્યાદામાં સૌથી વધારે અંધકારમાં ડૂબેલો છે. (પૃ. ૨૯૨).

પટણાના સુવિખ્યાત વકીલ અને પ્રાચ્ય પુરાતત્ત્વના અઠંગ અભ્યાસી ડૉ. કાશીપ્રસાદ જયસ્વાલ તેમના 'હિસ્ટરી ઑફ઼ ઇંડિયા એ. ડી. ૧૫૦ થી એ. ડી. ૩૫૦' (૧૯૩૩) એ નામના પુસ્તકમાં લખે છે કે 'મળી આવેલાં સાહિત્યોનો ઉપયોગ કરતાં મને જણાય છે કે ઉપર આપેલાં અવતરણોમાંના એકનો પણ સ્વીકાર કરવાની કે ભવિષ્યમાં તેવાં કથનો ફરી કથવાની કાંઇજ જરૂર નથી. આપણે આગળ જોઇશું તેમ તે ગાળાનાં ઇતિહાસ માટેનાં સાધન વિપુલ છે અને એ ગાળાના બે વિભાગ માટે તો પ્રાચીન હિંદુ ઇતિહાસકારોએ તેને આપણે માટે બહુ વૈજ્ઞાનિક રીતે ગોઠવેલાં છે.'

ગુપ્ત સમ્રાટોની પૂર્વે હિંદમાં કોઇ સર્વોપરી સત્તા નહોતી એમ કહેવું તદ્દન અયથાર્થ છે. એવી ટીકા અથવા કથન ઘડીભર પણ ટકી શકે એમ નથી. સામ્રાજ્યસત્તા ભોગવતા ગુપ્ત સમ્રાટોના સમયમાં થએલા હિંદુત્વના પુનરૂત્થાનનો આરંભ ચોથા સૈકામાં અને સમુદ્રગુપ્તના અમલ દરમિયાનજ થયો હતો એમ કહેવું બરાબર નથી; ખરૂં જોતાં હિંદુત્વના એ ઉત્થાનનો આરંભ તેની પહેલાં એક સૈકા પર થઇ ગએલા 'વાકાટક' સમ્રાટો અથવા તેમનાથી પણ અર્ધી સદી વહેલા થઇ ગએલા 'ભારશિવ' મહારાજાના સમયમાં થયો હતો.

વિન્સેન્ટ સ્મિથના આખા પુસ્તકમાં 'વાકાટકવંશ' વિષે એક લીટી સુદ્ધાં નથી અને 'ભારશિવો' વિષે કોઇપણ પાઠ્ય પુસ્તકમાં એક પણ લીટી લખેલી જોવામાં આવતી નથી. 'ભારશિવો' વિષે કોઈ ઐતિહાસિક કે પુરાતત્ત્વના માસિકમાં લખેલો એક પણ લેખ મારા જોવામાં આવ્યો નથી એમ શ્રી. જયસ્વાલ કહે છે. 'ભારશિવ' તથા 'વાકાટક' એ બંને વંશોનો મુખ્ય ઇતિહાસ, સારાં સદ્ધર પ્રમાણરૂપ ગણાતાં તામ્રપત્રો કે શિલાલેખોમાં આવી ગએલો છે તે જોતાં એ બાબતમાં થએલું આ દુર્લક્ષ ખરેખર આશ્ચર્યકારક છે. આનું ખરૂં કારણ એ છે કે એ લેખોના તંત્રી ડૉ. ફ્લીટ અને બીજાઓએ એ લેખો વાંચ્યા, તથા તેનો તરજુમો કર્યો, છતાં પણ તે લેખોમાં આપેલી હકીકત તરફ તેમનું લક્ષ જોઇએ તેટલું દોરાયું નહિ. ડૉ. વિન્સેન્ટ સ્મિથ તથા તેની પછીના બીજા ઇતિહાસકારોએ, પ્રાચીન લેખોના આ અભ્યાસીઓનું નેતૃત્વ સ્વીકારી તેમના મત પર મતું માર્યા કર્યું, અને પરિણામે એ આખા ગાળાને તેમણે ઇતિહાસની દૃષ્ટિએ તદ્દન કોરો અને કોઇપણ જાતની ચોક્કસ માહિતીનાં સાધન વગરનો ગણી કાઢયો. તે લેખોમાં 'પ્રવરસેન' નામના રાજાનું નામ આવે છે. ચાર ચાર અશ્વમેધ યજ્ઞ કરી તેણે પ્રાપ્ત કરેલું 'સમ્રાટ્'પદ પણ તેમાં લખેલું છે; છતાં ડૉ. ફ્લીટ તથા કિલહૉર્ન જેવાની નજરે એ વાત ન ચડી એ કેવું?

આ બે વંશોની હકીકત વિસ્તારથી વિષ્ણુ, વાયુ, બ્રહ્માંડ તથા

ભાગવત વગેરે પુરાણોમાં આપેલી છે, પણ પુરાણોને ગપ્પાં માનનાર પાશ્ચાત્ય લેખકો તેના તરફ દુર્લક્ષ કરે એ સ્વાભાવિક છે. પુરાણોની હકીકત આપણને ન સમજાય એવી અથવા અસંગત લાગે; અથવા તેમાં લખેલી હકીકતોનું સમર્થન કરે એવા લેખ કે સિક્કાના સ્વતંત્ર પુરાવાના અભાવને જ કારણે તે હકીકતો ખોટી અથવા ગપ્પાં રૂપ માની લેવી એ વ્યાજબી નથી. પુરાણોના લખનારા ભાંગ પીને લખવા બેઠા હતા, સમય વીતાવવાનો બીજો કોઇ સુલભ માર્ગ નહિ સુઝવાથી, કલ્પનાને ઘોડે ચડી કપોલકલ્પિત વાતો લખી કાઢવા તે બેઠા હતા એમ માનવાને કાંઇ કારણ નથી. એ લોકોને જૂઠીજૂઠી વાતો કહેવામાં તેમનો કાંઇ સ્વાર્થ નહોતો. આજકાલ થએલી શોધો પરથી જણાય છે કે તેમાં આપેલી વંશાવળીઓ તથા બીજી ઐતિહાસિક માહિતીઓ વિશ્વાસપાત્ર છે. હા, એમની લખવાની પદ્ધતિની માહિતી ન હોવાથી એમણે લખેલી હકીકતોને યથાર્થ ક્રમમાં સમજતાં અડચણ નડે ખરી. પાશ્ચાત્ય ઇતિહાસજ્ઞો, આ ભૂલભરેલી દૃષ્ટિને લીધે, પુરાણોની અંદર આપેલી માહિતીનો ઉપયોગ કરતાં અચકાતા હતા, પણ પુરાણોમાં આપેલી ઐતિહાસિક ઘટનાઓ પર તદ્દન દુર્લક્ષ કરવા કરતાં, બીજા પુરાવાઓ દ્વારા તેના સત્યાસત્યનો નિર્ણય કરી બીજા સ્વતંત્ર પુરાવાઓ દ્વારા જેનું સમર્થન થતું હોય તેવી બાબતોનો સ્વીકાર કરવાની રીત તેમણે અખત્યાર કરી હોત તો ઉપર દર્શાવેલા નિરાશાભર્યા નિર્ણય તેમને કરવા ન પડ્યા હોત અને હિંદના લુપ્ત ઇતિહાસને પાછો મેળવવાનું કાર્ય વેગથી આગળ ધપી શક્યું હોત.

'ભારશિવ' તથા 'વાકાટક' એ બે વંશોની હકીકત એકઠી કરી ક્રમપુરઃસર ગોઠવવામાં શ્રી જયસ્વાલે પુરાણોનો છૂટથી ઉપયોગ કરેલો છે, અને તેમાંથી મળતી માહિતીનું શિલાલેખો, તામ્રપત્રો તથા સિક્કાઓમાંથી મળતા પુરાવાથી સમર્થન કરી, અત્યારસુધીના હિંદના પ્રાચીન ઇતિહાસના અભ્યાસીઓ જેને હિંદના પ્રાચીન ઇતિહાસનો અંધકારભર્યો યુગ કહેતા હતા, તે યુગનો સળંગ અને વિગતોથી ભરેલો ઇતિહાસ

રજૂ કરી શક્યા છે. 'હિંદુત્વના પુનરૂત્થાનની વિધિ સહસા સમુદ્રગુપ્ત અને ત્યાર પછીના ગુપ્ત સમ્રાટોના અમલના ગાળામાં અણચીંતવી ઊભી નહોતી થઈ ગઈ, પણ તે સમયની પહેલાં લગભગ એથી અઢી સૈકાના ગાળામાં આક્રમણકારી પરદેશીઓના, ખાસ કરીને 'કુશાનો'ના પ્રાબલ્યમાં દબાઇ ગએલા હિંદુત્વનું પુનરૂત્થાન, વિંધ્યશકિત તથા તેના વંશજો અને ભારશિવ નાગ મહારાજોના સમયમાં શરૂ થઈ ચૂકયું હતું એટલું જ નહિ, પણ સારી સફળતાથી આગળ ધપી ચૂકયું હતું, એ હકીકત તેઓ શ્રી આપણી આગળ રજૂ કરે છે. તેમણે કરેલી શોધો અત્રે સારરૂપે આપવામાં આવશે.

## ભારશિવો તે કોણ?

ડૉ. ફ્લીટના 'ગુપ્ત ઇન્સ્ક્રીપ્શન્સ' નામના પુસ્તકના પૃ. ૨૩૫-૨૩૬ પર નીચેના તામ્રપટના લેખની નોંધ છે:

अंशभारसंन्नि वेषितशिवलिङगोद्वहन शिव सुपरितुष्ठ राजवंशानां पराक्रमाधिगत भागीरथ्यमलजल मूर्धाभिषिक्तानां दशाश्वमेधावभृथस्नानानां भारशिवानाम् . . .

અર્થ:—શિવના અંશ રૂપ શિવલિંગનો ભાર ખભા પર વહેવાને કારણે સારી રીતે પરિતુષ્ટ થએલા શિવપ્રસાદને પરિણામે ઉત્પન્ન થએલા રાજવંશના અને પોતાના પરાક્રમથી મેળવેલા અમલ ભાગીરથી જલથી જેનો મૂર્ધાભિષેક થયો છે અને દસ અશ્વમેધનું અવભૃથ સ્નાન જેમણે કરેલું છે એવા ભારશિવોનું...

ત્રણ લીટી જેટલી થોડી જગ્યામાં આ તામ્રપટમાં ટૂંકામાં છતાં અર્થસૂચક રીતે કેવો સુંદર અને સંક્ષિપ્ત ઇતિહાસ આપવામાં આવેલો છે!

કુશાનવંશનો છેલ્લો રાજા વાસુદેવ હતો. કુશાન સંવત્ના ૯૮મા વર્ષ સુધી તે રાજ્ય કરતો હતો એમ એપિગ્રાફિયા ઇન્ડિકાના દસમા પુસ્તકની પૂરવણીમાં લ્યુડર્સે આપેલી યાદીમાંના મથુરાના ૭૬સંખ્યાંકવાળા લેખથી સમજાય છે. આ વાસુદેવના અમલનાં છેલ્લાં વર્ષોમાં એટલે આશરે ઈ. સ. ૧૬૫માં અથવા ઇ. સ. ૧૭૬માં તેના મરણ પછી

સર્વોપરી સત્તાધારી કુશાનવંશનો અંત આવ્યો. કુશાનવંશના અંતનો સમય, ભારશિવોના ઉદયકાલની લગોલગ આવી ગએલો છે. તેમનો ઉદય થાય છે, ત્યારે સામ્રાજ્યની સત્તા ભોગવતા કુશાનોની સત્તાનો ધ્વંસ કરવાનું કામ તેમની સામે આવી પડેલું હોય છે.

કુશાન વર્ચસ્વની એક સદી પછી 'ભારશિવ'વંશના રાજા રૂપે એક હિંદુરાજા ભાગીરથીના પવિત્ર જલથી અભિષેક પામી, એક હિંદુ-રાજ્યની ગાદીએ આવ્યો. એ સો વર્ષના ગાળામાં હિંદના ઉત્તર પ્રદેશમાં સત્તા જમાવી બેઠેલા પરદેશીઓ પુરાણોની ભાષામાં नैव मूर्धाभिषिक्तास्ते એટલે વેદોક્ત વિધિથી કરાતી અભિષેક ક્રિયા થયા વગર જ ગાદીએ આવેલા હતા.

આ 'ભારશિવ'વંશના રાજાઓ 'નાગવંશ'ના ક્ષત્રિય રાજાઓ હતા. 'વાકાટકો'ના લેખોમાં એક 'ભારશિવ' રાજાનું નામ આવેલું છે. તે નામ પરથી જણાય છે કે તે 'નાગ' રાજા હતો અને 'ભારશિવ'વંશનો હતો. તેનું નામ હતું મહારાજા શ્રી ભવનાગ. આંધ્ર અને તેમના સમકાલીન તુખાર–મુરૂંડવંશ એટલે કે કુશાનવંશના પતન પછી પુરાણો, કિલ-કિલા નદીને કાંઠે 'વિંધ્યશક્તિ' નામના રાજાના ઉદયની વાત લખે છે. એ વિંધ્યશક્તિના પુત્રના અમલની અગત્યની સમજૂતિ આપતાં પુરાણો 'નાગવંશ'નું વર્ણન કરવા માંડે છે. શુંગવંશના રાજાઓના સુબાઓની નગરી તરીકે સુવિખ્યાત થએલી વિદિશા નગરીમાં નાગવંશની ઉત્પત્તિ થઇ. પુરાણો વિદિશાના એ નાગવંશના બે ભાગ પાડે છે (૧) શુંગવંશના અંત પહેલાં થએલા અને (૨) શુંગવંશના અંત પછી થએલા.

મત્સ્યપુરાણમાં નોંધેલું છે કે:—

सुशर्माणं प्रसह्य तं

शुङ्गानां चैव यच्छेषं क्षपित्वातु बलं तदा.

અર્થ:—(આંધ્ર રાજાએ કાણ્વ રાજા) સુશર્માને કેદ કરીને તથા તે સમયે શુંગસત્તાનું જે કાંઇ બલ રહ્યું હતું તેનો નાશ કરીને.

આ કથનમાં જેનો ઉલ્લેખ કરેલો છે તે તેના પિતૃગત નિવાસ-

સ્થાન વિદિશામાં ટકી રહેલી શુંગસત્તાનો છે. આંધ્ર અથવા સાત વાહન રાજાઓ શુંગસત્તાનો નાશ કરી દક્ષિણાપથના સમ્રાટો હોવા ઉપરાંત આર્યાવર્તના પણ સમ્રાટો થયા તે સમયનો ઉલ્લેખ ઉપલા કથનમાં છે. તે સમય આશરે ઈ.સ. પૂર્વે ૩૧નો હશે. એ અરસામાં શુંગસત્તાનો નાશ થયો. પુરાણોમાં લખેલા શુંગવંશના અંત પહેલાં તથા તેના અંત પછી થએલા વિદિશાના નાગરાજાઓ આ દૃષ્ટિએ જોતાં ઇ.સ. પૂર્વે આશરે ૩૧ની પહેલાં તથા તેની પછી થએલા હોવા જોઇએ.

પુરાણોની નોંધને અનુસરતાં ઇ. સ. પૂર્વે ૩૧ પહેલાના નાગવંશના રાજાઓ નીચે મુજબના છે:—

(૧) શેષ—નાગોનો રાજા, તેના દુશ્મનના પાટનગરનો વિજેતા. બ્રહ્માંડપુરાણ મુજબ તે પાટનગર ‘સુરપુર’ હતું. આ સુરપુર કદાચ ઇંદ્ર-પુર હોય અને બુલંદ શહેર જિલ્લાનું ઇંદોર ખેટ એ ઇંદ્રપુરનું સ્થાન બતાવતું હોય એવો સંભવ છે. ત્યાં મથુરાના કહેવાતા સિક્કાઓ મોટી સંખ્યામાં મળેલા છે.

(૨) ભોગી--શેષનો પુત્ર.

(૩) રામચંદ્ર—ચંદ્રાંશુ—શેષનો પૌત્ર.

(૪) નખવાન અથવા નખયાન એટલે કે નહપાણ. વિષ્ણુપુરાણની યાદીમાં આ નામ મૂકી દેવામાં આવ્યું છે. એનો અર્થ એવો થાય કે નાગવંશની યાદીમાં એ નામ વાંચવાનું નથી.

(૫) ધન અથવા ધર્મવર્ધન.

(૬) વંગાર—એના નામનો નિર્દેશ કર્યા વગર જ વાયુ અને બ્રહ્માંડ-પુરાણ તેને શેષથી ચોથી પેઢીએ આવેલો વર્ણવે છે. ધર્મ ઘણુંકરીને તેની ત્રીજી પેઢીએ થયો હશે.

આટલાં નામની સૂચિ આપ્યા પછી, ત્યાર પછીના રાજાથી પુરાણો સ્પષ્ટ ભેદરેખા દોરે છે. ભાગવતમાં તે પહેલાના રાજાઓનાં નામ આપેલાં જ નથી જ્યારે વાયુ અને બ્રહ્માંડપુરાણોમાં એવું કહેલું છે કે ત્યાર પછીના રાજા શુંગવંશના અંત પછી થયા છે.

भूतनन्दि ततश्चापि वैदेशितु भविष्यति
शुङ्गानां तुं कुलस्यान्ते . . .

એટલે કે નહપાન પર જીત મેળવ્યા પછી સાતવાહનો મધ્ય હિંદમાં આવ્યા અને ત્યાં આવી તેમણે શુંગ અને કાણ્વ રાજાઓ પર જીત મેળવી ત્યાર પછી.

શુંગવંશના અંત પછી થએલા નાગ રાજાઓની યાદી નીચે મુજબ છે:

(૭) ભૂતનંદિ અથવા ભૂતિનંદિ

(૮) શિશુનંદિ

(૯) યશોનંદિ—શિશુનંદિનો નાનો ભાઇ.

બીજા રાજાઓનો નામનિર્દેશ કરવામાં આવ્યો નથી. વાયુપુરાણ આ વિદિશા નાગોને 'વૃષ' અથવા શિવના આખલા અથવા નંદિ કહે છે. શુંગવંશના અંત પછી ગાદીએ આવેલા નાગવંશના આ રાજાઓનાં નામને અંતે નંદિપદ જોડેલું જોવામાં આવે છે.

ઇસ્વીસનના પહેલા સૈકામાં શુંગવંશના અંત પછી શરૂ થએલા નાગવંશના રાજાઓની હયાતીનું સમર્થન કરતો એક લેખ 'પદમપવાયાં' ગામ આગળથી મળી આવ્યો છે. આ હાલનું 'પદમપવાયાં' પ્રાચીન પદ્માવતીના સ્થાન પર આવેલું છે. કોઇ જાહેર સંસ્થાના સભ્યોએ યક્ષ-મણિભદ્રની મૂર્તિની સ્થાપના કરી હતી. તેની પરના સ્થાપના લેખમાં તે સ્થાપના રાજા સ્વામીશિવનંદિના અમલના ચોથા વર્ષમાં થયાનું જણાવેલું છે. લિપિ જોતાં એ લેખ ઇસ્વીસનના પહેલા સૈકામાં મૂકી શકાય. આ જોતાં એમ જણાય છે કે શિવનંદિ—યશોનંદિ પછી થઇ ગએલા તથા પુરાણોમાં જેનાં નામો આપવામાં આવ્યાં નથી તેમાંનો એક રાજા હોવો જોઇએ. પુરાણોમાં આપેલી વંશાવળીઓની બાબતમાં એક વાત લક્ષમાં રાખવા જેવી છે. જ્યારે કોઇ વંશ સ્વતંત્ર મટી જઇ કોઇ બીજા સર્વોપરી સત્તાધારી વંશના રાજાના અમલ નીચે પસાર થાય છે, ત્યારે પુરાણો તે વંશના રાજાઓનાં નામ આપતાં અટકી જાય છે; સંભવ છે કે તેના અમલના ચોથા વર્ષ પછી આ શિવનંદિરાજા કનિષ્કની સત્તા નીચે આવી

ગયો હોય. પુરાણોમાં એ વાતની નોંધ તો છે જ કે પદ્માવતી નગરી કનિષ્કના સુબા મહાક્ષત્રપ વનસ્પારના તાબામાં પસાર થઇ ગઇ.

ત્યારે અત્યાર સુધીના નાગવંશના ઇતિહાસને આપણે નીચે મુજબ ગોઠવી શકીએઃ—

ઈ. સ. પૂર્વે. ૩૧ની સાલની પહેલાં શેષથી વંગાર સુધીના નાગ રાજાઓ થયા. ભાગવતમાં આ રાજાઓનાં નામ આપેલાં નથી તે જોતાં એમ જણાય કે ભૂતનંદિના સમયથી એ વંશની ફરી સ્થાપના થઇ અને તે વંશે પદ્માવતીને પોતાનું પાટનગર બનાવ્યું. આ સ્થળે 'સ્વર્ણબિંદુ' એવા નામના પ્રખ્યાત શિવલિંગની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં પદમપવાયાં આગળ મી. ગર્ડેએ એ સ્વર્ણબિંદુ શંકરના મંદિરનો ઓટલો તથા બીજાં કેટલાંક શિલ્પકામોની શોધ કરી છે. એની સ્થાપના પછી સાત સૈકા જેટલા સમયે કવિ ભવભૂતિના વખતમાં લોકોમાં એવી વાતો ચાલતી હતી કે તે લિંગ સ્વયંભૂ છે.

આ તો પુરાણમાંથી મળતા ઇતિહાસની વાત થઇ. હવે સિક્કાઓ આપણને આ નાગવંશની શી માહિતી આપે છે તે જોઇએ. કેટલાક જૂનાં સિક્કા મથુરાના કહેવાય છે. શ્રી જયસ્વાલ તે સિક્કા નાગવંશના પહેલાના રાજાઓના છે એમ માને છે. બ્રિટિશ સંગ્રહસ્થાનમાં શેષદાત, રામદાત અને શિશુચંદ્રદાતના સિક્કાઓ છે. લિપિ જોતાં શેષદાતના સિક્કા સાૈથી વધારે પ્રાચીન અને ઇસ્વીસનના પહેલા સૈકાના હોય એમ જણાય છે. એ સિક્કાઓ પર જેનાં નામ છે તે ત્રણ રાજાઓ નાગવંશની યાદીમાં આપણે આગળ આપેલા શેષનાગ, રામચંદ્ર તથા શિશુનંદિ હોય એમ જણાય છે. આ ઉપરાંત ઉત્તમદાત, પુરુષદાત, તેમજ કાળદાત, શિવદાત અને ભવદાતના પણ સિક્કાઓ છે. પુરાણોની વંશાવળીમાં આવતાં નાગવંશના રાજાઓનાં નામ, તથા સિક્કાઓ ઉપરથી મળી આવતાં નામો પરથી નાગવંશની વંશાવળી સાલવારી ક્રમમાં ગોઠવીએ તો નીચે પ્રમાણે ગોઠવી શકાયઃ

## વિદિશા નાગોની વંશાવળી

| | |
|---|---|
| શેષ (ઈ. સ. પૂર્વે ૧૧૦ થી ૯૦) | સિક્કા મળ્યા છે. |
| ભોગી (ઈ. સ. પૂર્વે ૯૦ થી ૮૦) | સિક્કા નથી મળ્યા. |
| રામચંદ્ર (ઈ. સ. પૂર્વે ૮૦ થી ૫૦) | ઘણા સિક્કા મળ્યા છે. તેથી જ તેનો અમલ લાંબો હશે એવી ધારણા. |
| ધર્મવર્મા (ઈ. સ. પૂર્વે ૫૦ થી ૪૦) | સિક્કા નથી મળ્યા. |
| વંગાર (ઈ. સ. પૂર્વે ૪૦ થી ૩૧) | સિક્કા નથી મળ્યા. |

આ શુંગવંશના અંત પહેલાના નાગ રાજાઓની યાદી કહી શકાય. મથુરામાં રાજ્ય કરતા શુંગવંશના સુબાઓને ત્યાંથી કાઢવામાં આ પહેલાના નાગરાજાઓએ ભાગ ભજવ્યો હોય એ બનવાજોગ છે; જોકે એ રાજાઓએ મથુરામાં રાજ્ય કર્યું હશે કે કેમ તે આપણે તેમના સિક્કા મથુરામાંથી મળી આવ્યા છે તે ઉપરથી કહી શકીએ નહિ; કારણકે મથુરાં તો મોટું શહેર હતું અને તેની પડોશમાં આવેલાં પદ્માવતી, વિદિશા, અહિચ્છત્ર વગેરે શહેરોના સિક્કા ત્યાં આવતા હતા. ગમે તેમ હોય પણ વિદિશા તથા મથુરાં વચ્ચે ઘણા જૂના સમયથી સંબંધ ચાલુ હોવાનું જણાય છે.

ઈ.સ. પૂર્વે ૩૧ પછીના નાગવંશના રાજાઓની યથા સમય યાદી નીચે મુજબ થાય:—

(૭) આશરે ઇ.સ. પૂર્વે ૨૦ થી ૧૦ સુધી—ભૂતનંદિ સિક્કા મળ્યા નથી.
(૮) ,, ,, ,, ૧૦ થી ૨૫ સુધી—શિશુનંદિ ઘણા સિક્કા મળ્યા છે.
(૯) આશરે ઇ. સ. ૨૫ થી ઇ.સ. ૩૦—યશોનંદિ સિક્કા મળ્યા નથી.

ઉપર આપેલી બંને યાદીઓમાં આવેલા નવે રાજાઓનો એકએક જોડેનો સંબંધ આપણે જાણીએ છીએ. ભૂતનંદિના સમયથી આ નાગરાજાઓ પદ્માવતીમાં રાજ્ય કરતા હશે. યશોનંદિ પછીના રાજાઓનાં નામ પુરાણો આપતાં નથી. શિવનંદિ, જેનું નામ યક્ષમણિભદ્રની પ્રતિમા સ્થાપનના લેખમાં છે તે આશરે ઇ. સ. ૫૦માં થયો હશે અને પુરાણોમાં જેનાં નામનો નિર્દેશ નથી, તે પૈકીનો હશે. ઇ. સ. ૮૦ના અરસાથી ઈ. સ. ૧૫૦ સુધીના ગાળામાં ઉત્તર હિંદમાં કુશાનોની સત્તાની સ્થાપના

થાય છે એટલે નાગરાજાઓ પુરિકા, નાગપુર, નંદિવર્ધનવગેરે મધ્ય હિંદમાં આવેલા પરદેશીઓથી સુરક્ષિત સ્થાનોમાં હટી જાય છે.

ઉપરની બે યાદીઓ ઉપરાંત નીચેના રાજાઓનાં નામ, સિક્કા તથા શિલાલેખો મળી આવ્યાં છેઃ

પુરુષદાત,
ઉત્તમદાત
કામદાત
ભવદાત
શિવનંદિ અથવા શિવદાત

આ બધા રાજાઓ મળી આશરે ઇ. સ. પૂર્વે ૧૧૦ થી માંડી ઇ. સ. ૭૮ સુધીનાં લગભગ ૧૦૦ વર્ષનો ગાળો ઢાંકે છે.

**નાગવંશ અને વાકાટકવંશ**

પુરાણોના કથનાનુસાર નાગવંશની મોટી શાખા લગ્નસંબંધથી વાકાટકવંશમાં ભળી ગઈ. એક વાકાટક શિલાલેખથી આ હકીકતનું સમર્થન થાય છે. પુરાણો કહે છે કે 'યશોનંદિ પછી તેના અથવા વિદિશા નાગવંશમાં રાજાઓ થશે.'

तस्यान्वये भविष्यन्ति राजानस्तत्र यस्तु वै ।
दौहित्रः शिशुको नाम पुरिकायां नृपोऽभवत् ॥

અર્થઃ—તેના વંશમાં રાજાઓ થશે અને તેમાંનો સાધારણરીતે શિશુકના નામથી ઓળખાતો તેનો દૌહિત્ર પુરીકામાં રાજા થયો.

દેખીતી રીતે ઉત્તર હિંદમાં થતા કુશાનની સત્તાના દબાણની અસરથી નાગરાજાઓએ પદ્માવતી છોડયું. પુરાણોમાં એવું સ્પષ્ટ કથન છે કે વિન્વસફાની પદ્માવતીમાં અને છેક મગધ સુધી રાજ્ય કરતો હતો. આ બધી હકીકતો ઉપરથી આપણે એમ માની લઇએ કે આશરે ઈ. સ. ૮૦ થી ઈ. સ. ૧૦૦ ના અરસામાં નાગવંશ વિદિશાથી મથુરાં જતો ધોરી રસ્તો છોડી મધ્ય હિંદનાં દુર્ગમ જંગલ પ્રદેશનો આશરો લે છે.

પુરાણો નાગવંશનો ઇતિહાસ કહેતાંકહેતાં 'શિશુક' આગળ આવી

પહોંચે છે એટલે વળી પાછું વિંધ્યશક્તિના સામાન્ય રીતે પ્રવીર નામથી ઓળખાતા પુત્રનો ઇતિહાસ આપતાં વિંધ્યશક્તિના વંશની કથા કહેવા માંડે છે. વિષ્ણુપુરાણનું એવું સ્પષ્ટ કથન છે કે 'શિશુક' અને 'પ્રવીરે' એકી સાથે રાજ્ય કર્યું. ભાગવતમાં 'શિશુક'નું નામ જ આવતું નથી. એ તો દેખાતું જ છે કે પુરાણના ઇતિહાસકારો આ સ્થળે એમ સૂચવવા માગે છે કે એ 'શિશુક' તેના માતામહ નાગરાજાની ગાદીનો વારસ થયો, અને તે દૌહિત્રને નામે વિંધ્યશક્તિનો પુત્ર રાજ્ય કરતો હતો. વાયુ અને બ્રહ્માંડપુરાણો પ્રવીરનો અમલ ૬૦ વર્ષનો કહે છે અને તે પુરી, કાંચનકામાં અથવા વધારે ખરીરીતે પુરિકા અને ચણકામાં રાજ્ય કરતો હતો એમ કહે છે. શિલાલેખોમાં ભારશિવ અને વાકાટક ઇતિહાસની જે વિગતો આપેલી છે તેની જોડે આ હકીકત મળતી થાય છે એટલું જ નહિ પણ તેનાથી પુરાણમાં આપેલી હકીકતોનું સમર્થન થાય છે:

એક 'વાકાટક' શિલાલેખ નીચે મુજબ છે:—

भारशिवानां महाराज श्रीभवनागदोहित्रस्य गौतमीपुत्रस्य पुत्रस्य वाकाटकानां महाराज श्रीरुद्रसेनस्य . . . . .

આ લેખ પરથી જણાય છે કે 'પ્રવીર' એવાં ઉપનામથી ઓળખાતા મહારાજ પ્રવરસેનનો પુત્ર ગૌતમી પુત્ર તેની પછી ગાદીએ આવ્યો નહોતો પણ મહારાજ પ્રવરસેનનો પૌત્ર તથા ભારશિવ મહારાજ ભવનાગનો દોહિત્ર રુદ્રસેન તેની પછી ગાદીએ આવ્યો હતો. મહારાજ પ્રવરસેનના પૌત્ર કરતાં ભારશિવ મહારાજ ભવનાગના દોહિત્ર તરીકેનું તેનું પદ વધારે ગૌરવભર્યું હતું. એક વાકાટક તામ્રપટ્ટમાં આ રૂદ્રસેનને 'ભારશિવ' તરીકે વર્ણવેલો છે. તેમાં લખેલું છે કે भारशिवानां महाराज श्री रुद्रसेनस्य. વાકાટક શિલાલેખો રુદ્રસેનના મરણ સુધીના ગાળાને પૃથ્વીસેન ૧લાથી શરૂ થતા ત્યાર પછીના વાકાટક ગાળાથી જુદો પાડી નાખે છે. આનું કારણ સ્પષ્ટ છે. સમ્રાટ્ સમુદ્રગુપ્તને હાથે હાર ખાઈ રુદ્રસેન મરણ પામ્યો એટલે વાકાટકવંશ ગુપ્તવંશને આધીન થઈ ગયો. સમ્રાટ્ સમુદ્રગુપ્તે જીતેલા રાજાઓની જે યાદી અલ્લાહાબાદના વિજયસ્તંભના

લેખ પર છે તેમાં એનું નામ આપેલું છે. પૃથ્વીસેન નાગરાજાઓના મુલકનો વારસ થઇ ગાદીએ આવ્યો ત્યારે 'વાકાટક'વંશનો સો વર્ષનો ગાળો પૂરો થયો હતો. એ સો વર્ષનો ગાળો તે વાકાટકોના સ્વતંત્ર રાજ્ય અમલનો ગાળો. એ ગાળાનો ઉલ્લેખ કરતાં લખાયું છે કે **वर्षशतमभिवर्धमान कोशदण्डसाधन.** વાયુ અને બ્રહ્માંડપુરાણમાં વિંધ્યશક્તિનાં વંશનો ગાળો ૯૬ વર્ષનો આપેલો છે. **समाः षण्णवतिं भूत्वा पृथिवी तु गमिष्यति.** એટલે કે '૯૬ વર્ષ પૂરા થતાં એમનો અમલ પૂરો થઇ જશે.'

## 'ભારશિવ' નાગરાજાઓ

ઉપર આપણે જોયું કે વાકાટકવંશના પ્રતાપી મહારાજ પ્રવરસેનનો પુત્ર ગૌતમીપુત્ર 'ભારશિવ' નાગરાજા મહારાજ શ્રી ભગનાગની કુંવરી વેરે પરણ્યો અને તેનાથી તેને થએલો પુત્ર રુદ્રસેન મહારાજ પ્રવરસેન તથા ભવનાગના મુલકોનો વારસ થયો. એ રુદ્રસેનને હરાવી તથા રણમાં હણી સમુદ્રગુપ્ત તેનાં પદ અને સત્તાનો વારસ બન્યો. હવે આ નાગવંશની કાંઇક વધારે વિગતો મેળવીએ.

આગળ આપણે એ પણ જોયું છે કે સૌથી પહેલા નાગવંશના રાજાઓ આશરે ઈ.સ. પૂર્વે ૧૧૦ થી ઇ.સ. પૂર્વે ૩૧ સુધીમાં મથુરાં કે વિદિશામાં રાજ્ય કરતા હતા. એ ગાળામાં પાંચ રાજા અને ચાર પેઢી થયાનું પુરાણો જણાવે છે તથા તેમાંના કેટલાક રાજાઓના હોવાનો સંભવ હોય એવા સિક્કા પણ મળી આવેલા છે. તે સિક્કા કોના તેનો અત્યાર સુધી નિર્ણય કરવામાં આવ્યો નહોતો. ઈ. સ. પૂર્વે ૩૧ ના અરસામાં આંધ્રરાજાઓને હાથે શુંગસત્તાનો ધ્વંસ થયો જણાય છે. એ સીમા પછી થએલા નાગવંશના રાજાઓને પુરાણો તેની પહેલાં થએલા નાગરાજાઓથી જુદા પાડે છે. તેમના નામને છેડે 'નંદિ' પદ લગાડેલું હોય છે. એવા ત્રણ રાજાઓનાં નામ આપી પુરાણો ત્યાર પછીના રાજાઓનાં નામ આપતાં નથી. સંભવ છે કે એ અરસામાં કુશાનવંશનું આધિપત્ય ઉત્તર હિંદમાં સ્થપાયું હોય અને પરિણામે એ નાગવંશના રાજાઓએ, મથુરાથી વિદિશાનો ધોરી માર્ગ છોડી મધ્ય હિંદનાં

જંગલથી ઢંકાએલા પ્રદેશનો આશ્રય લીધો હોય. મહાક્ષત્રપ વિન્વસ્ફાનિ પદ્માવતીમાં સત્તા જમાવી રહેવાનો સ્પષ્ટ ઉલ્લેખ પુરાણોમાં છે.

લગભગ એકસો વર્ષ સુધી ઉત્તર હિંદમાં કુશાનોનું પ્રાબલ્ય રહ્યું. ત્યાર પછી વળી પાછા એક નાગરાજાને આશરે ઇ.સ. ૧૭૫ કે ૧૮૦ માં મથુરામાં હિંદુસત્તા ફરી સ્થાપતો આપણે જોઇએ છીએ. પુરાણો એ નાગકુળને નવનાગ એવે નામે ઓળખે છે. એ નવનાગવંશના રાજાઓની રાજમુદ્રા 'ભારશિવ'ની હતી. સિક્કા તથા પુરાણો ઉપરથી એની શી હકીકત મળે છે તે હવે આપણે જોઇએ.

'કૅટેલોગ ઑફ ધ ઇન્ડિયન મ્યુઝીઅમ' નામના પુસ્તકના પૃ. ૨૦૬ પર ૨૩ સંખ્યાંકની પ્લેટમાં વિન્સેન્ટ સ્મિથે ૧૫ તથા ૧૬ સંખ્યાંકમાં એક સિક્કાની નકલ છાપમાં આપી છે. એના સંબંધમાં એ લખે છે કે 'તે આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતમાં બહુ સાધારણ છે. બહુ મોટા વિસ્તારમાં એ સિક્કો મળી આવે છે તે ઉપરથી એવું અનુમાન થાય છે કે જે રાજાનો એ સિક્કો છે તે ઇતિહાસમાં બહુ અગત્યની વ્યક્તિ હશે.' સિક્કાના અભ્યાસીઓને આ સિક્કો એક કોયડા રૂપ હતો. તેની પર ફેણ માંડી બેઠેલા નાગનું ચિત્ર તથા તાડના ઝાડનું નિશાન છે. તેની પરના શબ્દનું વાંચન વિન્સેન્ટ સ્મિથે **देवस्स** એવું કરેલું. શ્રી જયસ્વાલ એને **नागस्स** વાંચે છે, અને તેમ કરી એ સિક્કા પરનાં અક્ષરને તેની પરના નાગના ચિત્ર જોડે વાંચી એ સિક્કાને નવનાગનો ઠરાવે છે. એ સિક્કા પરના અક્ષર હુવિષ્ક–વાસુદેવના લેખોને મળતા હોવાથી તે રાજા હુવિષ્ક–વાસુદેવનો સમકાલીન હોવો જોઇએ. એટલે તે આશરે ઈ. સ. ૧૪૦ થી ૧૭૦ સુધીમાં થએલો હશે. પુરાણો જેને નવનાગ અથવા નવનાકવંશ કહે છે તેનો એ નવનાગ રાજા મૂળ પુરુષ હશે.

આશરે ઇ.સ. ૧૭૫ માં કે ૧૮૦ માં મથુરામાં એક નાગરાજાએ હિંદુ અમલની પુનઃસ્થાપના કરી. આ રાજા વીરસેન હતો. વીરસેનનો ઉદય, માત્ર નાગવંશના જ નહિ પણ આખા આર્યાવર્તના ઇતિહાસમાં એક નવા પલટાનું પ્રસ્થાન ચિહ્ન છે. તેના સિક્કાઓ ઉત્તર હિંદમાં

લગભગ આખા યુક્ત પ્રાંતમાં તેમજ પંજાબમાં બહુ મોટા પ્રમાણમાં મળી આવે છે. મથુરામાં તો તે બહુ જ સામાન્ય છે. આ ઉપરથી જણાય છે કે મથુરાં તેને કબજે હતું અને આખા આર્યાવર્તના ગંગા જમના–દોઆબ પર તેની આણ વર્તતી હતી. તેના બધા સિક્કાઓ-માંથી બહુ સામાન્ય રીતે મળી આવતો નમૂનો નાના લંબચોરસ-ની આકૃતિનો છે. તેની આગળની બાજુએ તાડના ઝાડની છાપ છે અને પાછળની બાજુ સિંહાસન પર બેઠેલી આકૃતિ છે. તેના સિક્કાના બીજા એક પ્રકારમાં એક મનુષ્યાકૃતિએ ઊભો નાગ પકડેલો હોય છે. ત્રીજા એક પ્રકારમાં છત્રવાળા સિંહાસન પર એક સ્ત્રી બેઠેલી છે, અને તે સિંહાસનના છત્રને પકડી રાખતો હોય એવો એક નાગ તે સિંહાસનના પાયાથી છત્ર સુધી આવી રહેલો હોય છે. સ્ત્રીના જમણા હાથમાં પાણીનો કળશ હોય છે. એની પાછલી બાજુ તાડનું ઝાડ છે. આ બધા પ્રકારોમાં નાગની આકૃતિ નાગવંશ સૂચવે છે. વજન, આકાર તથા સંજ્ઞાની ભાષામાં આ બધા સિક્કા હિંદુ પદ્ધતિના છે. એ ઉપરથી જણાય છે કે વીરસેને કુશાન સિક્કા-ઓનો વપરાશ બંધ કર્યો હશે. આ ઉપરાંત ફરૂકાબાદ જિલ્લાની તીર્વા તહેસીલમાં જાનખાટ ગામ આગળ ભાંગીતૂટી ઈમારતના ટુકડાઓમાં **स्वामींस्स वीरसेनस्स संवत्सरे** ૨૦–૩ એવા અક્ષરોવાળો એક લેખનો ટુકડો મળી આવેલો છે. તે લેખનો બાકીનો ભાગ એટલો બધો તૂટી ગએલો છે કે તેની ઉપરથી એ લેખના હેતુની કાંઇ સમજણ પડતી નથી. કુશાનોના બધા લેખોમાં કુશાન સાલવારી હોય છે, પણ જાનખાટના લેખમાં તો વીરસેનના પોતાના અમલનાં વર્ષ લખેલાં છે અને શિવ-નંદિના લેખની પેઠે આમાં પણ હિંદુ રીતને અનુસરી સત્તાધારી પદસૂચક '**स्वामी**' પદ વાપરેલું છે એટલે વીરસેન એ સ્વતંત્ર હિંદુ રાજા જ હશે, તથા કુશાનોના આધિપત્ય નીચે નહિ હોય એ દેખીતું જ છે. સિક્કાઓનો સમય તથા તેના પરનાં લખાણો કુશાનોના લેખો જોડે સરખાવતાં જણાય છે કે કુશાન વર્ષ ૯૮ પછી થોડા જ સમયમાં નવા

રાજા વીરસેને મથુરા કબજે કર્યું હશે. આ બનાવ આશરે ઈ.સ. ૧૮૦ની ની આસપાસમાં બન્યો હશે. એના કેટલાક સિક્કાઓ પર તેના અમલના ૩૪ મા વર્ષની સંખ્યા છે તે જોતાં તેના અમલનો સમય લાંબો અને લગભગ ૪૦ વર્ષનો હશે. આ બધું જોતાં આપણે તેના અમલનો ગાળો ઈ.સ. ૧૭૦ થી ૨૧૦નો મૂકીએ તો તે વ્યાજબી જ ગણાશે.

એની પહેલાં થઇ ગએલો રાજા નવનાગ, વાસુદેવના સમયમાં યુક્ત પ્રાંતના પૂર્વ ભાગમાં સ્વતંત્ર રાજા હશે. વીરસેનના અમલનું ૧૦મું કે ૧૩મું વર્ષ અને વાસુદેવના અમલનું છેલ્લું વર્ષ એક જ હશે. એટલે વીરસેન ૧૭૦માં ગાદીએ આવ્યો હશે. આ બધું જોતાં પુરાણો જેને નવનાગ કહે છે તથા શિલાલેખો જેને 'ભારશિવનાગ' કહે છે તે વંશનો વીરસેન એક પ્રબળ સત્તાધારી રાજા હશે. લેખો ઉપરથી આપણને એમ પણ જણાય છે કે આ ભારશિવનાગોમાંનો છેલ્લો નાગરાજા ભવનાગ હતો. સિક્કાઓ ઉપરથી જણાય છે કે નવનાગ તથા ભવનાગની વચ્ચે એ જ વંશના બીજા કેટલાક રાજાઓ થઈ ગયા છે. સિક્કાઓના પુરાવા ઉપરથી આપણને સમજાય છે કે નવનાગ અને વીરસેન પછી ૩૦ વર્ષના અમલવાળો હયનાગ, ૩૦ કે તેથી વધારે વર્ષ રાજ્ય કરનાર ચરજનાગ, તથા બર્હિનનાગ અને ત્રયનાગ એવા ચાર રાજાઓ થઇ ગયા હશે.

ભવનાગ વાકાટક મહારાજ પ્રવરસેનનો સમકાલીન હતો અને પ્રવરસેન સમુદ્રગુપ્તનો વયોવૃદ્ધ સમકાલીન હતો એ હકીકત તથા ઉપર આપેલી વીરસેનથી માંડી ભવનાગ સુધીના ચાર નાગરાજાઓની હકીકત એક સાથે મૂકતાં નવનાગની મુખ્ય શાખા અથવા ભારશિવોની વંશાવળીનું ખોખું નીચે મુજબ તૈયાર થઈ શકે છેઃ–

| | | | |
|---|---|---|---|
| આશરે ઈ.સ. ૧૪૦ થી ૧૭૦ | (૧) નવનાગ | સિક્કા મળે છે. | ૨૭ કે વધારે વર્ષ રાજ્ય કર્યું હશે. |
| ,, ,, ૧૭૦ થી ૨૧૦ | (૨) વીરસેન(નાગ) | સિક્કાઓ અને શિલાલેખો મળે છે. | રાજ્યનો અમલ ૩૪ કે તેથી વધારે વર્ષ. |

| | | |
|---|---|---|
| આશરે ઈ.સ. ૨૧૦થી ૨૪૫ (૩) હયનાગ | સિક્કાઓ મળે છે. | ૩૦ કે તેથી વધારે વર્ષ રાજ્ય કર્યું હશે. |
| ,, ,, ૨૪૫ થી ૨૫૦ (૪) ત્રયનાગ | ,, | .... .... |
| ,, ,, ૨૫૮ થી ૨૬૦ (૫) બર્હિનનાગ | ,, | રાજ્યનો અમલ ૭ કે તેથી વધારે વર્ષ. |
| ,, ,, ૨૬૦ થી ૨૯૦ (૬) ચરજનાગ | ,, | ૩૦ કે તેથી વધારે વર્ષ રાજ્ય કર્યું. |
| ,, ,, ૨૯૦ થી ૩૧૫ (૭) ભવનાગ | લેખો મળે છે. | .... .... |

આ વંશાવળી પુરાણો જોડે બરાબર સંમત થાય છે, કારણકે નવનાગવંશની સાત પેઢીઓ થઇ એમ તે નોંધે છે.

કુશાનોએ લગભગ ૧૦૦ વર્ષ સુધી ઉત્તર હિંદમાં રાજ્ય કર્યું. તેમનું પ્રાબલ્ય હતું તે અરસામાં નાગરાજાઓએ મધ્ય હિંદના જંગલ પ્રદેશોનો આશ્રય લીધો હતો. કુશાનરાજા વાસુદેવના અમલના અંત ભાગમાં હોસંગાબાદ અને જબલપુરનાં જંગલોમાંથી નીકળી, 'નવનાગ' એવા ખાસ નામથી પુરાણોમાં ઉલ્લેખાતા, ભારશિવ નાગરાજાઓ બાગેલખંડમાં થઈ ગંગા કિનારે પહોંચે છે. વળી વિષ્ણુપુરાણમાં લખેલું છે કે नवनागाः पद्मावत्यां. कांतिपुर्यां मथुरायाम्. બીજાં પુરાણોમાં 'કાંતિપુરી'નું નામ જોવામાં આવતું નથી. બીજાં પુરાણોના કર્તાઓને નહિ મળેલાં એવાં ઈતિહાસ સાધન વિષ્ણુપુરાણકારને મળેલાં હોવાથી નવનાગોનાં પાટનગર અનુક્રમે પદ્માવતી, કાંતિપુરી અને મથુરાં થયાં એવી તે નોંધ કરે છે. આપણને જાણીતી હકીકતોથી એ નોંધ ખરી જણાય છે.

શેષથી વંગાર સુધીના સૌથી પહેલાના નાગરાજા 'વૈદિશનાગ' કહેવાય છે. તે વિદિશા કે મથુરામાં રાજ્ય કરતા હતા. ભૂતનંદિથી માંડી શિવનંદિના અમલ સુધી અથવા તેથી પણ ૫૦ વર્ષ આગળ

સુધીના નાગરાજા પદ્માવતીમાં રાજ્ય કરતા હતા. તે ગાળામાં તેમનાં નામને અંતે 'નંદિ'પદ જોડવામાં આવતું હતું. તે સમયે અથવા ઈ.સ. ૧૫૦ થી ૧૭૦ સુધીમાં તેમની સત્તાનો ફરી ઉદય થયો ત્યાં સુધી તે 'ભારશિવનાગ' કહેવાતા હતા. ત્યાર પછીના નાગરાજા મથુરામાં રાજ્ય કરતા હતા અને પુરાણોમાં તે 'નવનાગ' એ નામથી ઓળખાતા હતા, પણ તેમનું જાહેર વહીવટી (Official) નામ 'ભારશિવ' હતું. તેમના સિક્કાઓ પર તેમનાં નામને છેડે 'દાત' ને બદલે 'નાગ' પદ જોડવામાં આવે છે. ભાગવતમાં 'નવનાગ' શબ્દનો પ્રયોગ જોવામાં આવતો નથી. તેમાં તો ભૂતનંદિથી પ્રવીરક સુધીના રાજાઓનાં નામ આપેલાં છે.

ભૂતનંદિથી માંડી શિવનંદિ સુધીના ભારશિવ રાજાઓ અથવા તો તેની પછીનાં પચાસ વર્ષ સુધીના રાજાઓ પદ્માવતીમાં રાજ્ય કરતા હતા. કુશાનોનું પ્રાબલ્ય થતાં પદ્માવતી પરદેશીઓના હાથમાં ગયું. સામ્રાજ્યસત્તા ભોગવતા કુશાનોના અમલના પાછલા ભાગમાં એટલે આશરે ઇ.સ. ૧૫૦ના અરસામાં ગંગા કિનારે આવેલી કાંતિપુરી સુધી તે આગળ ધપી આવ્યા હતા. હાલ જ્યાં હિંદુ વિદ્યાપીઠ છે તે 'નગવા' નામથી ઓળખાતા સ્થાને અથવા તો વારાણસીમાં તેમણે તેમના અશ્વમેધ યજ્ઞો કર્યાં, અને ગંગાજળથી મૂર્ધાભિષિક્ત થયા. પછીથી વીરસેનની સરદારી નીચે તેઓ પશ્ચિમ તરફ આગળ ધપે છે અને પદ્માવતી તથા મથુરાં પાછાં મેળવે છે. મથુરાં કે તેની પણ પેલી મેર આગ્રે સુધી પહોંચી, આશરે એક સૈકા પર કુશાનોએ તેમની પાસેથી લઈ લીધેલા પશ્ચિમ બુંદેલખંડના નાગ મુલકોનો તેમણે ફરી કબજો મેળવ્યો.

'ભારશિવ' કે 'વૈદિશક' કે 'વૃષ' નાગ એવા શબ્દને સ્થાને પુરાણો જાણીબુજીને 'નવનાગ' એ શબ્દનો પ્રયોગ કરે છે. કારણકે તે રાજાઓને દર્શાવનાર જૂનો ૩૯ શબ્દ ન વાપરતાં 'નવનાગ' શબ્દ વાપરવાથી એક નવા વંશ તરીકે તેમના પુનરૂત્થાનની વાત

આગળપડતી થઈ જાય છે અને તેમ કરવાનો તેમનો ખાસ ઉદ્દેશ જ હતો. કુશાનોના પ્રાબલ્યથી તેમના અમલમાં પડેલી તૂટ આ રાજાઓએ સાંધી અને કુશાન સત્તા તોડી તેની જગ્યાએ પોતાની સત્તા પહેલાં હતી તેવી પાછી જમાવી એ વાત સ્પષ્ટ રીતે રજૂ કરવાનો પુરાણોનો પ્રધાન ઉદ્દેશ જણાય છે. 'વિંધ્યક' એટલે 'વાકાટકો'ના સામ્રાજ્યનું વર્ણન કર્યા પછી, અને ગુપ્તોની સમ્રાટ્‌શાખાનું વર્ણન શરૂ કરતાં પહેલાં, પુરાણો નવનાગના અમલનો સરવાળો બાંધી તે વંશનું વર્ણન બંધ કરે છે. આ રીતે 'વાકાટક' યુગમાં છેક સમુદ્રગુપ્તના અમલ સુધી એ નાગવંશ ચાલુ રહ્યો. સાલવારી તેમજ મુલક વિસ્તારની દૃષ્ટિએ પુરાણો, નવનાગોનાં સ્થાનનું બહુ ચોક્કસ વર્ણન આપે છે. મગધ અને પદ્માવતીમાં રાજ્ય કરતા કુશાન સુબા વિન્વસફાનિ તથા નવનાગના અમલ દરમિયાન ઉદય પામેલા મગધના ગુપ્તોની વચ્ચેના ગાળામાં પુરાણો નવનાગવંશને મૂકે છે. વાકાટક સામ્રાજ્યના ઇતિહાસ પછી નવા વિભાગ તરીકે શરૂ થએલા મગધના સામાન્ય ઇતિહાસમાં આ નવનાગવંશનો ઇતિહાસ દાખલ કરી દેવામાં આવ્યો છે. આ નવનાગો માત્ર સંયુક્ત પ્રાંતના જ નહિ, પણ પૂર્વ અને પશ્ચિમ બિહારના પણ રાજાઓ હતા. વાયુ અને બ્રહ્માંડ એ બંને પુરાણોની બધી નકલોમાં મથુરાં અને ચંપાને તેમનાં પાટનગર તરીકે વર્ણવવામાં આવ્યાં છે.

## કુશાન અમલ દરમિયાન નાગરાજાઓએ મધ્ય હિંદમાં લીધેલો આશ્રય અને તે દરમિયાન તે ભાગ પર તેમના અમલની થએલી અસર

કુશાનવંશનું પ્રાબલ્ય થતાં, નંદિ–નાગરાજાઓ વિદિશા અને પદ્માવતી છોડી આશરે ઈ.સ. ૮૦માં મધ્ય હિંદમાં જઈ રહ્યા અને લગભગ અર્ધી સદીથી વધારે સમય સુધી, તેમણે તેના પર્વતપ્રદેશોમાં રહી સલામતીભરી રીતે રાજ્ય કર્યું. શાકે ૮૫૨ અથવા ઇ.સ. ૯૪૦–૪૧ની સાલવાળા રાષ્ટ્રકૂટરાજા કૃષ્ણરાજ બીજાના દેઓલી દાનપત્રમાં બક્ષિસ આપેલી જાગીર નાગપુર–નંદિવર્ધન જિલ્લામાં આવેલી જણાવી છે. હવે આ બંને નામોનો 'નંદિનાગ' જોડે સંબંધ છે. પ્રભાવતી ગુપ્તનાં

પૂણાના દાનપત્રોમાં પણ 'નંદિવર્ધન' નામની નોંધ છે. નાગપુરથી ૨૦ માઇલ પર આવેલું હાલનું 'નગર્ધન' તે જ પ્રાચીન 'નંદિવર્ધન' એવો રાય બહાદુર હીરાલાલનો મત છે. પાછળના 'ભારશિવો' તથા 'વાકાટકો'-ના સમયમાં 'નંદિવર્ધન' એ નામ પડવાનો સંભવ નહોતો, કારણકે તે સમયે તો તેમના નામને છેડે અંત્યપદ તરીકે 'નંદિ' લખવાની રીત છોડી દેવામાં આવી હતી; પણ નાગરાજાઓ વિદિશા અને પદ્માવતી છોડીને મધ્ય હિંદ તરફ ગયા તે વખતે તો તેમના વંશની નિશાની તરીકે તેઓ 'નંદિ' પદ ધારણ કરતા હતા.

એમ જણાય છે કે લગભગ અર્ધી સદી જેટલા સમય સુધી નાગરાજાઓ વિંધ્યાની આ મેર આવેલા મધ્ય હિંદને તેમનું આશ્રય-સ્થાન તથા સ્વાધીનતા રક્ષાનું તીર્થ બનાવી રહ્યા હતા. ત્યાં કુશાનો તેમને નડે એમ નહોતું. આર્યાવર્તમાંના એક રાજવંશે મધ્ય હિંદમાં કરેલા આ સ્થાનાંતરની ત્યાર પછીના આર્યાવર્તના ઇતિહાસ પર બહુ ભારે અસર કરી છે. એને પરિણામે ભારશિવોના અને તેમની પછી સત્તામાં આવેલા વાકાટકોના અમલમાં આર્યાવર્તનો દક્ષિણાપથના એક ભાગ જોડે સંયોગ થવા પામ્યો. ઇ. સ. ૧૦૦ થી માંડી ઇ. સ. ૫૫૦ સુધીના સમયમાં મધ્યપ્રાંતો, વિંધ્યાની પાસે આવેલા આર્યાવર્ત જોડે એટલે કે બુંદેલખંડ જોડે વણાઈ એકરૂપ થઈ ગયા. હિંદના એ બંને વિભાગોનો એ ગાઢ સંયોગ છેક આપણા સમય સુધી ચાલ્યો આવેલો છે. બુંદેલ-ખંડનો એક ભાગ તથા પ્રાચીન દક્ષિણાપથનો નાગપુરવાળો ભાગ જાતિ, ભાષા તથા સંસ્કૃતિની બાબતમાં તદ્દન ઉત્તર હિંદની છાયાવાળો હિંદુસ્તાની પ્રાંત બની ગએલો છે. આથી 'આર્યાવર્ત'ની મર્યાદા છેક 'નિર્મલ'ની પર્વતમાળા સુધી લંબાઇ છે. નાગરાજાઓના ૬૦ વર્ષના આર્યાવર્તમાંથી થએલા દેશવટાનો આ વારસો છે. એક બાજુ નાગપુરથી પુરિકા સુધી (હોસંગાબાદ) અને બીજી બાજુએ સીઓની અને જ-બલપુરમાં થઇને તેઓ અનુક્રમે પૂર્વ માળવા અને બાગેલખંડ (રેવા) સાથે પોતાનો સંપર્ક જાળવી રાખતા હતા અને આખરે બાગેલખંડમાં

થઇને જ તેઓ ગંગા કિનારે પહોંચ્યા હતા. ગુપ્તોના સમયમાં આ જ પ્રદેશ 'વાકાટકો'નું બીજું ઘર થઇ પડચો હતો. તેને લીધે જ તે પ્રદેશ અજંટાની કળા સમૃદ્ધિથી સમૃદ્ધ થયો. અજંટાની કળા મુખ્યત્વે નાગર એટલે ભારશિવ અને વાકાટક કળા જ છે. સાતવાહનોના હાથમાંથી ઈ.સ. ૨૫૦ થી ૨૭૫ના અરસામાં, અજંટા ભારશિવ-વાકાટકોના હાથમાં પસાર થયું હતું.

## પદ્માવતી અને મગધમાં કુશાનોનો અમલ આશરે ઈ. સ. ૮૦ થી ઈ. સ. ૧૮૦ સુધી

નવનાગ તથા ગુપ્તોના ઉદય પહેલાંના પદ્માવતી અને મગધનાં ઇતિહાસને પૂરો કરવા, પુરાણો 'વનસ્પાર'નો ઇતિહાસ વચમાં દાખલ કરી દે છે. એપિગ્રાફિયા ઇન્ડિકાના વોલ્યુમ VIIIના પૃ. ૧૭૩ પર આવેલાં બે સારનાથના શિલાલેખો ઉપરથી આપણને જણાય છે કે કનિષ્કના અમલના ત્રીજા વર્ષમાં વારાણસી અથવા કાશી જે પ્રાંતમાં આવેલું હતું તેની પર તેના સુબા તરીકે વનસ્પારનો અધિકાર હતો. આ ઉપરથી ઇ. સ. ૯૦ થી ઈ.સ. ૧૨૦ સુધી એ ભાગમાં કુશાન મહારાજના સુબા તરીકે પહેલાં સાદા ક્ષત્રપ તરીકે અને પછીથી મહા ક્ષત્રપ તરીકે તે રહ્યો હશે એમ જણાય છે. આ જ ગાળામાં વિદિશા નાગોને મધ્ય હિંદના જંગલ છાયાપ્રદેશોમાં રહી પોતાની સલામતી સાધવી પડી હશે. ઉપર જણાવેલા સારનાથના લેખોમાં જેના નામની જોડણી 'વનસ્ફાર' અને 'વનસ્પાર' એવી આપેલી છે તેનો જ પુરાણોમાં 'વિવસ્ફાટિ', 'વિવસ્ફાનિ' 'વિશ્વાસ્ફટિ' (૬) કે 'વિશ્વાસ્ફનિ' એવાં એવાં જુદીજુદી જોડણીવાળાં નામોથી નિર્દેશ કરવામાં આવે છે.

આ વનસ્ફાર એવી તો અગત્યની વ્યક્તિ હતો કે બનાફર નામથી ઓળખાતા તેના વંશજો છેક ચંદેલ સમય સુધી સારા લડવૈયા તરીકે પંકાતા રહ્યા હતા; વળી બુંદેલખંડમાં 'બનાફરી' નામથી ઓળખાતી એક બોલાતી ભાષા તેના નામથી ઓળખાય છે. તેના વંશજ બનાફરો, બહાદુર લડવૈયા હોવા છતાં કુળમાં ઊતરતા ગણાતા હતા અને તેમને

રજપૂત કન્યાઓ મેળવતાં બહુ મુશીબત પડતી. આજે પણ સમાજમાં તેમનું સ્થાન બહુ હલકું છે.

આ વનસ્ફારે પોતાનો મુકામ પદ્માવતીમાં રાખ્યો હતો અને ત્યાંથી માંડી છેક મગધ સુધી તેનો અમલ ચાલતો હતો. પુરાણો કહે છે કે તે બહુ બહાદુર હતો તથા પદ્માવતીથી બિહાર સુધીનાં તમામ મોટાં નગરો તેણે જીતી લીધાં હતાં. યુદ્ધમાં તે વિષ્ણુ જેવો પરાક્રમી હતો, પણ દેખાવમાં તે વ્યંડળ જેવો હતો. મહાન ઇતિહાસકાર ગિબને હૂનોનું વર્ણન કરતાં લખ્યું છે કે 'તેમને દાઢી તો બીલકુલ ઊગતી જ નહિ તેથી યુવાનીની મરદાનગીની છટા કે વૃદ્ધાવસ્થાની આદરપાત્ર છાયા તેઓ કદી ધારણ કરતા નહોતા.' પાછળથી હૂનોનું ગિબને કરેલું આ વર્ણન પુરાણોએ તેનાથી ઘણું વહેલું કરેલું છે. પુરાણોએ તેનું જે વર્ણન કરેલું છે તે ઉપરથી જણાય છે કે તેનો દેખાવ હૂન અથવા મોંગોલ જેવો હશે.

તેની રાજનીતિની ખાસ નોંધ લેવામાં આવી છે. તેણે તેના રાજ્યની વસ્તીને લગભગ અબ્રાહ્મણ કરી નાંખી હતી. તેની પ્રજાનું વર્ણન કરતાં પુરાણો કહે છે કે प्रजाश्चाब्रह्मभूयिष्ठाः ઉંચ વર્ણના હિંદુઓને તેણે હલકા પાડયા અને હલકી વર્ણના લોકોને તથા પરદેશીઓને મોટે મોટે ઓદ્ધે નીમ્યા. જૂની ક્ષત્રિય વર્ણના લોકોને રાજ્યના મોટાં મોટાં અધિકાર પદોથી દૂર રાખી, તેણે તે વર્ણનો લગભગ લોપ કરી નાંખ્યો અને દેશના આદિવતની કૈવર્ત નામની હલકી કોમના લોકોને તથા શૂદ્રો કરતાં પણ અધમ ગણાતા અને અસ્પૃશ્ય એવા પાંચ્કોમાંથી તેણે નવો અમલદાર વર્ગ અથવા નવી ક્ષત્રિય વર્ણ ઊભી કરી અને પંજાબના વતની મદ્રકો તથા યક-પુલિંદો અથવા પુલિંડ-યવુઓને તેણે તેમના મૂળ સ્થાનમાંથી બોલાવી, આ પ્રદેશમાં વસાવ્યા.

કુશાન સુબા વનસ્ફારના અમલના ઉપર આપેલા વર્ણન ઉપરથી હિંદમાં કુશાનોનો અમલ કેવા પ્રકારનો હતો તેનો ખ્યાલ આવે છે. કાશ્મીરના ઇતિહાસ 'રાજતરંગિણી'માં કુશાન અમલ વિષે જે વાંચીએ છીએ તેનાથી પણ ઉપર લખેલી હકીકતનું સમર્થન થાય છે. સનાતની

હિંદુ સમાજ વર્ણવ્યવસ્થાના પાયા પર રચાએલો હતો. તેમાં આ મ્લેચ્છ રાજ્યકર્તાઓ માટે સ્થાન ન હતું. એ સનાતની હિંદુઓને પોતાના ઊંચાપણાનો ભારે ગર્વ હતો અને તેઓ આ પરદેશી મ્લેચ્છ રાજ્યકર્તાઓને બહુ હલકા ગણતા હતા. સનાતની વર્ણવ્યવસ્થાવાળા હિંદુ સમાજનુ પોતા પ્રત્યેનું આવું તિરસ્કારભર્યું વર્તન એ પરદેશીઓને બહુ સાલતું હતું. પોતાને સ્થાન ન આપનાર, વર્ણવ્યવસ્થાવાળી સમાજરચનાને તોડી નાંખવા તેઓ વિવિધ ઉપાયો અજમાવતા હતા.

વિક્રમાદિત્ય શાલિવાહને હરાવી કાઢી મૂકેલા શકોએ શું શું કર્યું હતું તેનું વર્ણન કરતાં ઈસ્વીસનના પહેલા સૈકામાં થઈ ગએલો ગુણાઢ્ય 'કથાસરિત્સાગર'ના પુસ્તક ૧૮માં લખે છે કે આ (મ્લેચ્છો) બ્રાહ્મણોને કતલ કરે છે, તથા યજ્ઞયાગમાં ભંગ પાડે છે. સાધુઓની છોકરીઓને તે ઉઠાવી જાય છે. ખરેખર એ હરામી કયો ગુનો નથી કરતા?

મહાભારતના વન પર્વના અધ્યાય ૧૮૮–૯માં બૌદ્ધ સંપ્રદાયની અસર નીચે આવેલા હિંદને સનાતન હિંદુ પ્રજા કઈ દૃષ્ટિએ જોતી તે સાર રૂપે આપેલું છે.

'પછી આ ભૂમિ પર ઘણા મ્લેચ્છ રાજાએ રાજ્ય કરશે. અસત્યમાં પ્રીતિવાળા આ પાપી રાજાઓ અધર્મને અનુસરી રાજ્ય કરશે. તે મિથ્યાવાદમાં રત રહેશે. પછી આંધ્રો, શકો, પુલિન્દો, યૌનો, કામ્બોજે, બાલ્હીકો અને સુર આભીરો રાજ્ય કરશે. ત્યારે વેદવાણી નિષ્ફળ થશે. શૂદ્રો બ્રાહ્મણોને 'ભો' એવા સરખાપણાના સંબોધનથી બોલાવશે, જ્યારે બ્રાહ્મણો તેમને આદરપદથી સંબોધશે. કરના બોજાની બીકે નાગરિકો ચારિત્રહીન થશે. ઇંદ્રિયભોગને તૃપ્ત કરતા ઐહલૌકિકમાં તેઓ મચ્યા રહેશે આખી દુનિયા મ્લેચ્છમયી થઈ જશે. બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય વર્ણોનો લોપ થશે. એ સમયે બધી વર્ણો મટી એક વર્ણ થઇ જશે. આખી દુનિયા મ્લેચ્છમયી થઈ જશે. શ્રાદ્ધથી કોઈ દેવોને તૃપ્ત નહિ કરે તથા પિતૃઓની પિંડોદક ક્રિયા કોઈ કરશે નહિ. દેવોની પૂજાનો પ્રતિષેધ કરી તેઓ અસ્થિઓને પૂજશે. બ્રાહ્મણોના લત્તામાં તેમ જ મહર્ષિઓના

આશ્રમોમાં દેવસ્થાનોમાં, ચૈત્યોમાં તથા નાગાલયોમાં પૃથ્વી એડુકા-ચિહ્નવાળી થઇ જશે, અને દેવગૃહોથી ભૂષિત નહિ રહે.'

ગર્ગ સંહિતામાં શક અમલ નીચેના હિંદનું જે વર્ણન આપેલું છે; તેમાંના કેટલાક ભાગ આખાને આખા ઉપલા વર્ણનમાં સામેલ કરેલા છે. કોઇ નજરે જોનાર લખતો હોય એવું એ વર્ણન છે. તે વખતે રાજ્ય કરનારી જાતિઓની જે યાદી તેમાં આપેલી છે તે ઉપરથી તે વર્ણન કુશાન અમલના પાછલા ભાગનું હશે એવો નિર્ણય થાય છે: એનો સાર એ છે કે તે અમલ દરમિયાન આખો હિંદુસમાજ મ્લેચ્છતાને પામ્યો હતો. વર્ણવ્યવસ્થાને ઊંચી મૂકવામાં આવી હતી અને ચાર વર્ણને બદલે માત્ર એક જ વર્ણ રહી હતી. શ્રાદ્ધ તથા બીજી વૈદિક વિધિઓનો લોપ થયો હતો તથા હિંદુ દેવોને બદલે લોકો અસ્થિશેષોને પૂજતા થઇ ગયા હતા. જુલમને પરિણામે પ્રજા ચારિત્રહીન થઇ હતી અને ધર્મનો નાશ થયો હતો. એ શક અમલનો હેતુ હિંદુઓની રાષ્ટ્ર-ભાવના તોડવાનો તથા તેની રાષ્ટ્રીય સમાજપદ્ધતિના પાયાનો નાશ કરવાનો હતો. એ શકો ઇરાદાપૂર્વક હિંદની પ્રચલિત સમાજવ્યવસ્થાનું પરિવર્તન કરવાની નીતિ અખત્યાર કરી રહ્યા હતા અને તેથી રાષ્ટ્રીય સંસ્કૃતિના સંરક્ષકો તથા રાષ્ટ્રીય સ્વાતંત્ર્યના ટ્રસ્ટીરૂપ ઉચ્ચ અને ગર્વિષ્ઠ બ્રાહ્મણ તથા ક્ષત્રિઓને હલકા પાડવાના તમામ ઉપાયો તે યોજતા; પદ્ધતિસર દમદાટી તથા ધર્મ પલટાથી તેઓ સામાન્ય પ્રજાને ચારીત્રહીન કરવા મથતા હતા, કારણકે તેમણે જીતેલા હિંદુઓના શસ્ત્રબળ કરતાં તેની સમાજવ્યવસ્થાનો તેમને બહુ ડર હતો. તેઓ ઘણા જ ધનલોભી હતા. આ દેશમાંથી ખૂબ ધન લૂંટી તેઓ તેને પોતાના મૂળ દેશમાં લઈ ગયા હતા એટલું જ નહિ પણ આ દેશમાં ભારે અને ક્રૂર કત્લેઆમ કરી સંખ્યાબંધ સ્ત્રીપુરૂષોને તેઓ પોતાના દેશમાં ઉઠાવી ગયા હતા. ટૂંકામાં વૈદિક ધર્મનો પૂરો લોપ થવા બેઠો હતો અને હિંદુ જાતિનું નામનિશાન નીકળી જાય એવો સમો આવી પહોંચ્યો હતો. આવી ભયંકર રાજકીય તથા સામાજિક આપત્તિમાં પોતાના દેશને

મુક્ત કરવાનું કાર્ય હાથ ધરવાની અનિવાર્ય જરૂર ઊભી થઇ હતી.

આ મહાકાર્ય, આ રાષ્ટ્રીય ઉદ્ધારનું કાર્ય ભારાશિવોએ કર્યું હતું.

**ભારશિવોનું સામ્રાજ્ય તથા તેમણે કરેલી કાર્યસિદ્ધિ**

પરદેશી અને પરધર્મી કુશાનોના જુલમી અમલમાં હિંદુ જાતિ તથા સનાતન વૈદિક ધર્મ તથા વર્ણાશ્રમ વ્યવસ્થાનો સાવ લોપ થવા બેઠો હતો, તે મહાન આપત્તિમાંથી ભારશિવોએ હિંદુ પ્રજાનો બચાવ કર્યો. તેમણે એ કુશાનોની સત્તા તોડી. તેમણે ઉપરાઉપરી દશ અશ્વમેધો કર્યા એ બતાવી આપે છે કે તેમણે ઉપરાઉપરી કુશાન સત્તાને પડકાર કર્યા કર્યો અને પોતાનાં પરાક્રમોથી, ધીમેધીમે તેમના તાબાના મુલકો જીતી લઇ તે તેમને હિંદની પશ્ચિમ સરહદ તરફ હાંકતા ગયા. વીરસેનના ઉદય પછી થોડા જ સમયમાં એ કુશાનો ગંગાની ખીણના પ્રદેશમાંથી છેક સરહિંદ સુધી પાછા હઠી ગએલા જણાય છે. વીરસેનના સિક્કા આખા યુક્ત પ્રાતમાં તેમજ પંજાબમાંથી મળી આવે છે એ હકીકતથી ઉપલી વાતનું સમર્થન થાય છે. વીરસેનના અમલના અંત ભાગમાં તો આ ભારશિવોનું એ પાછા હઠતા કુશાનો પર એટલું બધું દબાણ થાય છે કે ઇ. સ. ૨૩૮ થી ૨૬૯ના ગાળામાં તેઓ સસાનીઅન સમ્રાટ્ શાહપુરનું રક્ષણ શોધતા જાય છે અને પોતાના સિક્કાઓ પર તેની છાપ છાપે છે. સમુદ્રગુપ્તના અમલ પહેલાં તો પંજાબનો પણ ઘણોખરો ભાગ કુશાનોની સત્તાથી મુક્ત થયાનું જણાય છે. સમુદ્રગુપ્તના સમય પહેલાં જ મદ્રકો પોતાના સિક્કા પાડતા થયા હતા અને તેમણે જ તેની જોડે સંધિ કરી તેનુ આધિપત્ય સ્વીકાર્યું હતું. આનો અર્થ એ થયો કે તેના અમલ પહેલાં તેઓ સ્વતંત્ર થઇ ચૂક્યા હતા.

એકસો વર્ષથી આર્યાવર્તમાં પગદંડો જમાવી બેઠેલા આ કુશાનોને દેશમાંથી હાંકી કાઢવાનું કામ કાંઇ જેવીતેવી કાર્યસિદ્ધિ ગણાય નહિ. એ કુશાનોની સત્તા ઓક્ષસ નદીના તીરથી માંડી બંગાળાના ઉપસાગર સુધી, યમુનાથી માંડી નર્મદા સુધી, તથા પશ્ચિમમાં કાશ્મીરથી માંડી, પંજાબ, સિંધ, કાઠિયાવાડ સુધીના વિશાળ પ્રદેશ પર દૃઢ રીતે જામેલી

હતી. મધ્ય એશિયામાં એનું અનામત બળ જમા પડયું હતું અને જ્યાં જરૂર હોય ત્યાં, ત્યાંથી સેનાઓ દોડી પહોંચતી હતી. લોખંડી પંજાથી તેઓ તેમના તાબાના મુલક પર અમલ ચલાવતા હતા. વળી એ કુશાનો કાંઇ દૂર રહ્યા રહ્યા તેમના નામની હાકે રાજ્ય નહોતા કરતા, પણ જાતે પોતે આ દેશમાં વસી રાજ્ય કરતા હતા, એટલે તેમની સત્તાનો ધ્વંસ કરવો એટલે તેના આધિપત્યનો અસ્વીકાર કરવો એટલું જ નહિ, પણ દેશમાં જામેલી બળવાન સત્તા પર આક્રમણ કરી તેનો નાશ કરવો એ હતો. આ પરાક્રમ, રાષ્ટ્ર ઉત્થાનનું આ મહાકાર્ય ભારશિવોએ કર્યું.

કોઇ પણ પ્રજામાં, કોઈ પણ દેશ અને કોઈ પણ યુગમાં આવાં મહાન રાષ્ટ્રોત્થાનનાં કાર્ય થાય છે, ત્યારે તેવાં મહાન કાર્યની સિદ્ધિ કરનારા માનવ સંઘમાં તેમને એ કામ માટે પ્રેરનારી કોઈ ભાવના, કોઇ મહાન આદર્શ હોય છે. એ આદર્શમાં પરમ ભક્તિ અને શ્રદ્ધા રાખવાથી તેવા માનવ સમાજમાં જે અતુલ બળ ઉત્પન્ન થાય છે, તે આખરે પરમસિદ્ધિમાં પરિણમે છે. રાષ્ટ્રોત્થાનનાં કારણરૂપ આવાં રાષ્ટ્રીય આદર્શ અને ભાવનાઓના અભ્યાસ વગર કોઈ ઇતિહાસકાર એ ઉત્થાનની હકીકતો યથાર્થ રીતે સમજી શકે નહિ. પોતે સ્વીકારેલા આદેશરૂપ કાર્યમાં ભારશિવોએ કયા રાષ્ટ્રઆદર્શ પર શ્રદ્ધા રાખી ઝુકાવ્યું તે આપણે જોઇએ. આપણા દેશમાં રાષ્ટ્રસેવા હમેશાં મનુષ્યના ભાવિનો આખર નિર્ણય કરનાર મહાન શક્તિ—જગન્નિયંતાને સર્વાર્પણ કરવાના કાર્યનું અને તે તે સમયના રાષ્ટ્રભાવને અનુકૂલ એવા જગન્નિયંતાના સ્વરૂપની ખાસ ભક્તિનું રૂપ લે છે. ભારશિવોનો ઇષ્ટદેવતા શિવ હતો. યોગમાં મગ્ન થએલા અને અંશતાંડવ નૃત્ય કરતા શિવ તેમના ઇષ્ટદેવતા હતા. ભારશિવો, શિવના ભક્ત હતા. શિવે જ તેમના વંશની અને રાજ્યની સ્થાપના કરી હતી. તે જ તેમનો તથા તેમની પ્રજાનો રક્ષક હતો. પોતાની પ્રજાને મુક્ત થએલી, પોતાનો ધર્મ અબાધિત રીતે પાળવા મુક્ત થએલી તથા તેમની ઇશ્વરદત્ત ભૂમિ આર્યાવર્તમાં તદ્દન સ્વતંત્ર થએલી

જોવા તે જાતે ઉદ્યત થએલ હતા, અને ગંગાની ખીણમાં વસતા તેના લોકો દ્વારા તે તાંડવ નૃત્ય કરવા ઊભા થયા હતા. માનવ ધર્મશાસ્ત્રના સમયથી માંડી છેક મેધાતિથિ અને ત્યાંથી પણ આગળ છેક વિશળદેવના સમય સુધી આપણા દેશનો આદર્શ એ જ હતો કે આર્યાવર્તમાં તો ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, તથા વૈદિક ધર્મને અનુસરવાવાળો રાજા જ તેનો યથાર્થ રાજા હોઇ શકે. આ પવિત્ર સિદ્ધાંતનો ભંગ થયો હતો એટલે જે ખોટું થયું હતું તે શિવને સુધારવું રહ્યું. તેને તો તેની પદ્ધતિએ, વિનાશના તાંડવથી કરવાનું હતું. ભારશિવ નાગ રાજાઓએ સફળતાથી એ રાષ્ટીય તાંડવ નૃત્યનો અમલ કર્યો.

## ભારશિવોની સંસ્કૃતિ

રાષ્ટ્રોથ્થાનના પ્રેરક બળરૂપ ભારશિવોની શિવભક્તિની પ્રબળ છાયા, તેમના સમયની આખી સંસ્કૃતિ પર પડેલી છે. તે સમયનાં ભાષા લિપિ, શિલ્પ એ સૌ પર તેની પ્રબળ છાયા છે. તેમની રાજ્યપદ્ધતિ પણ એ જ કારણે વિલક્ષણ અને વિશિષ્ટ રૂપ ધારણ કરે છે. આપણે હવે એક પછી એક આ મુદ્દાઓની આલોચના કરીશું.

## રાજ્યપદ્ધતિ

ભારશિવોના અમલનું મુખ્ય અને આંખે ચડે એવું લક્ષણ તેની સાદાઇ હતી. તેમણે માથે લીધેલા કઠણ અને કપરા કાર્યની ભવ્યતા સિવાય ગુપ્ત સમ્રાટોના જેવો કોઈ પ્રકારનો ઠાઠમાઠ કે દબદબો તેમના અમલમાં જોવામાં આવતો નથી. તેમના ઇષ્ટદેવતા શિવની પેઠે તેઓ વૈરાગ્યવૃત્તિ સેવતા. તે કોઇને કાંઈ આપવાની વૃત્તિ રાખતા, કોઇનું પડાવી કે પચાવી લેવાની નહિ. તે સમયના સ્વતંત્ર હિંદુગણ રાજ્યોને તેમણે સ્વતંત્ર જ રહેવાં દીધાં અને પોતાના સિક્કા પાડી, પોતાની મરજી માફક જીવન ગાળવાની પૂરી છૂટ તેમણે તેને આપી. શિવની આસપાસ તેના ગણ રેહેતા, તેમ પોતાના રાજ્યની આસપાસ તેમણે સ્વતંત્ર હિંદુગણ રાજ્યો રાખ્યાં હતાં. તેઓ તો માત્ર એ રાજ્યોના સમવાય તત્ર પર પ્રમુખ તરીકે દેખરેખ રાખતા હતા અને સર્વત્ર સ્વાતંત્ર્યની

ભાવના પોષતા હતા. તેમણે અશ્વમેધો કર્યા, પણ સમ્રાટ્પદ ન ધારણ કર્યું. તેમના દેશમાં તે રાજકીય શૈવો તથા આંતરરાષ્ટ્રીય યોગીઓ રહ્યા.

શકોએ હિંદુઓના ચારિત્રને શિથિલ કરી નાંખ્યું હતું એટલે તેને સુધારવા માટે શૈવપતિપણાની જરૂર હતી. કુશાનોના ધનલોભી સામ્રાજ્યવાદનો નાશ તેમને હાથે થયો તથા હિંદની પ્રજામાં પેઠેલો અધર્મ નીકળી ગયો. આ કાર્ય પૂરૂં થયું એટલે ભારશિવો નિવૃત્ત થયા: શિવનું કાર્ય પૂરૂં થયું એટલે આધ્યાત્મિક વિજય પ્રાપ્ત કરી ભારશિવો તેમના ઇષ્ટદેવમાં લીન થયા. તેઓ છેક છેલ્લે સુધી અજીત તથા ઐહલૌકિક સ્વાર્થથી મુક્ત રહ્યા હતા. શિવ તથા તેની પ્રજાના ખરા ભક્ત એ ભારશિવો, તેમનું કાર્ય પૂરૂં થતાં શાંતિથી ઇતિહાસની રંગભૂમિનો તખતો છોડી ચાલ્યા જાય છે.

ભારશિવોએ આર્યાવર્તમાં હિંદુ સામ્રાજ્યની સ્થાપના કરી. રાષ્ટ્રીય સંસ્કૃતિ તથા હિંદુ સામ્રાજ્યની ગાદીની તેમણે પુનઃસ્થાપના કરી અને તેમ કરી દેશને નવું જીવન આપ્યું. ચાર સૈકાની તૂટ પછી તેમણે અશ્વમેધની પ્રથા ફરી ચાલુ કરી. ભગવાન શિવની પ્રિય અને પવિત્ર નદી ભાગીરથીની પવિત્રતાનો ભાવ તેમણે પાછો જાગ્રત કર્યો. ગંગા તથા યમુનાની આસપાસની ભૂમિને પરદેશીઓની સત્તામાંથી મુક્ત કરી. તેમણે તેને અતિ આદરપાત્ર બનાવી અને તે એટલી હદ સુધી કે મંદિરોનાં દ્વારો પર પવિત્રતાની સંજ્ઞા રૂપે તે નદીઓની મૂર્તિઓ કોતરવાની પ્રથા તે સમયના શિલ્પમાં ચાલુ થઈ. આ બધું તેમણે કર્યું, છતાં પોતાનું કાંઈ ખાસ સ્મારક તેમણે પાછળ મૂકયું નથી. પોતાનાં સુકર્મો તેમણે પોતાની પાછળ મૂક્યાં, પણ પોતાની જાતને તેમણે ભૂંસી નાંખી.

નાગ રાજાઓની રાજ્યપદ્ધતિ એક સમવાય તંત્રરૂપ હતી. તેમાં ત્રણ મુખ્ય રાજ્યસત્તા ભોગવતાં કુટુંબો તથા કેટલાંક સ્વતંત્ર ગણરાજ્યોનો સમાવેશ થતો હતો. રાજ્યસત્તા ભોગવતાં નાગ રાજકુટુંબોમાંનું એક ભારશિવોનું હતું અને તે આ આખા સામ્રાજ્યસત્તા ભોગવતા સમવાય તંત્રના નેતાપદે હતું. આ રાજ્યકુટુંબોની સત્તા

નીચે કેટલાંક કુટુંબો હતાં અને તેમના તાબાના મુલકના જુદાજુદા ભાગોની સુબાગીરિઓ તે તે કુટુંબોના નાયકોને હાથ હતી. પદ્માવતી તથા મથુરામાંની રાજ્યસત્તા ભોગવતી નાગ કુટુંબની શાખાઓ તેમની પોતાની સ્વતંત્ર વંશ ઉપાધિ સાથે ભારશિવોએ જ સ્થાપી હતી. પદ્માવતી શાખા તક્કવંશની અને મથુરાની શાખા યદુવંશની હતી.

માળવામાં, ગૂજરાત આખામાં, રજપુતાના તથા પૂર્વ પંજાબના અમુક ભાગોમાં સ્વતંત્ર ગણરાજ્યો આવી ગએલાં હતાં આ રીતે ગંગાની ખીણના પ્રદેશની પશ્ચિમે આવેલા દેશોમાં અનેક સ્વતંત્ર ગણરાજ્યો આવેલાં હતાં. માળવામાં માલવો, ગૂજરાતમાં આભીરો, તથા પૂર્વ પંજાબમાં મદ્ર લોકોનાં એ રાજ્યો હતાં. માળવામાંના રાજ્યોમાં વસતા લોક નાગોને મળતા લોકોથી વસાયેલાં હતાં. વિદિશાની આસપાસનાં રાજ્યોમાં વસતા લોક ઘણા પ્રાચીન કાળથી નાગોનો આદર કરતા આવ્યા હતા. વંશ તથા સંસ્કૃતિની દૃષ્ટિએ નાગલોક તથા આ ગણ-રાજ્યના લોકો વચ્ચે ખૂબ સંબંધ હતો. આ બધાં ગણરાજ્યો તથા બીજાં નાગરાજ્યોએ ભારશિવોનું નેતૃત્વ સ્વીકારી, તેમની સરદારી નીચે લડી હિંદમાંથી કુશાનોને હાંકી કાઢવાના કાર્યમાં સફળતા મેળવી.

## શિલ્પ

ભારશિવોએ અશ્વમેધની પ્રથા ફરી ચાલુ કરી રાજકીય જાગૃતિ આણી તથા હિંદુ રાષ્ટ્રનું પુનરૂત્થાન કર્યું એટલું જ નહિ, પણ તેમણે આખી સનાતન સંસ્કૃતિનું પુનરૂત્થાન કર્યું. પ્રાચીન આર્ય સં-સ્કૃતિનું પુનરૂત્થાન એ તેમના યુગનું વિશિષ્ટ લક્ષણ છે. તેમણે કુશાન સિક્કા પદ્ધતિનો સંપૂર્ણ ત્યાગ કરી, વજન, આકૃતિ તથા છાપ મહોરની બાબતમાં જૂની હિંદુ પદ્ધતિનો સ્વીકાર કરી, તે પાછી ચાલુ કરી. કુશાન સાલવારીનો ઉપયોગ કરવો તેમણે છોડી દીધો. સિક્કાઓ પરની ચિત્ર સંજ્ઞાઓમાં તેમણે ઉપલી દૃષ્ટિએ ફેરફારો કર્યા. શિલ્પમાં 'નાગરઢબ' નામે ઓળખાતી ઢબમાં 'નાગર' એ શબ્દ 'નગર' ઉપરથી નહિ પણ 'નાગ' વંશના નામ ઉપરથી છે. મત્સ્યપુરાણ પોતાનો

ઐતિહાસિક વિભાગ ઇ.સ. ૨૪૩ ની સાલના અરસામાં બંધ કરી દે છે એટલે તેની અંદર આવેલા શિલ્પ વિભાગમાં 'નાગરઢબ' નો નિર્દેશ નથી, પણ ગુપ્તવંશ દરમિયાન કે તેની પછી થએલા માન–સાર નામના શિલ્પ ગ્રંથમાં એ ઢબનો નિર્દેશ છે. ઘણાંખરાં ગુપ્તવંશનાં ચોખંડા મંદિરો 'નાગરઢબ'નાં છે. નચના આગળનું પાર્વતી મંદિર તથા ભૂમરાનું ભારશિવ મંદિર એ ઢબના નમૂના રૂપ છે. ચોખંડા મંદિરો પર ચાર બાજુઓવાળાં શિખરો એ સમયની શિખરોની ખાસ ઢબ બતાવે છે. સરજમાઉ આગળનું નાગ બાબાનું મંદિર તથા ખજૂરાઓ આગળનું ચોસઠ જોગણીનું મંદિર એ બંને આ ઢબના નમૂના છે. 'નાગર શિખર' એ એક ખાસ અથવા નવી તરાહ છે. એ તરાહ ઘણું કરીને નાગ યુગમાં નવી પેદા થઇ. નચનાના ચતુર્મુખ શિવ મંદિરમાં 'નાગર શિખર' જોવામાં આવે છે. ત્યાંનું પાર્વતી મંદિર, પર્વતના અનુકરણરુપ છે. તેમાં ગુફાઓ અને જંગલી પ્રાણીઓના નમૂના જોવામાં આવે છે ભૂમરાનું મંદિર તો ભારશિવ ઢબનું મકાન છે. તે શિવ મંદિર છે. તેની પર વિલક્ષણ તાડવૃક્ષ શોભા માટે ચીતરેલાં છે તે પરથી તેના પરની નાગ યુગની અસર જણાઈ આવે છે. આ લક્ષણ બીજાં કોઇ શિલ્પ નમૂનામાં નજરે ચડતું નથી. કુશાનોએ જ્યાંજ્યાં તેમનાથી બની શક્યું ત્યાંત્યાં જૂના હિંદુ મંદિરોનો નાશ કરેલો જણાય છે, કારણ કે તેમના સમય પહેલાનાં જૂના મંદિરો કે મકાનોના નમૂના કોઈ સ્થળે જોવામાં આવતાં નથી. તેમણે કરેલો નાશ એટલા મોટા વિસ્તારનો હતો કે તેમની પહેલાના યુગમાં હિંદની જૂના સમયથી ચાલી આવતી શિલ્પકળા કેવી હતી તે જાણવા જૂનાં પુરાણ કે શિલ્પનાં પુસ્તકો સિવાય કોઇ સાધન આજે મળી શકે એમ નથી. સદ્‌ભાગ્યે બુંદેલખંડ તથા બાગેલખંડમાં એ જૂની હિંદી શિલ્પકળાના નમૂના કુશાનોને હાથે થએલા નાશમાંથી બચી જવા પામ્યા જણાય છે.

જેવી રીતે શિલ્પમાં લાક્ષણિક 'નાગરઢબ' હતી તેવી જ લાક્ષણિક 'નાગરઢબ' ચિત્રકળામાં પણ હશે જ. અજંટા ઈ.સ. ૨૫૦ના અરસામાં

નાગ સામ્રાજ્યના ભાગ રૂપ બન્યું એટલે અજંટાની ગુફાઓના ભીત્તિચિત્રોમાં 'નાગરઢબ'નું ચિત્રકામ ભવિષ્યમાં કદી મળી આવે તો તેમાં નવાઇ જેવું કાંઇ નથી.

## ભાષા

નાગ રાજાઓએ પ્રાકૃતના ઉપયોગનો વિરોધ કર્યો જણાતો નથી. તેમની કચેરીઓમાં પ્રાકૃત ભાષા વપરાતી હતી. 'વાકાટક'ના સમયના લેખોમાં અક્ષરો ઉપર પેટી જેવા આકારનાં માથાં બાંધેલાં જોવામાં આવે છે તેવાં ચોથા સૈકામાં તેમજ પાંચમા સૈકાના પ્રારંભમાં વપરાતી લિપિમાં હતાં. તે લિપિને 'નાગરી' એવું નામ આપવામાં આવ્યું હશે. એ લિપિ ઉપરથી હાલની નાગરી લિપિ ઇ.સ. ૮૦૦ ના અરસામાં ચાલુ થઇ. તેમાં પેટી આકારનાં માથાંને બદલે માત્ર સાદી લીટીથી અક્ષરોનાં માથાં બાંધવાની પ્રથા ચાલુ થઇ જણાય છે.

મકાનો પર શોભાની કૃતિઓ તરીકે ગંગા તથા યમુનાની આકૃતિઓ અથવા સંજ્ઞાઓ કોતરવાની ઢબ આ નાગ યુગમાં જ નવી ઉદ્ભવી. ત્યાર બાદ એ નવી ઢબ વાકાટકોના યુગમાં ચાલુ રહી એટલું જ નહિ પણ ગુપ્ત શિલ્પમાં ચાલુ રહી આખરે ચંદેલ કલાના યુગ સુધી જીવંત રહી.

## ગાયની પવિત્રતા

બીજી પણ એક સામાજિક બાબતમાં આ નાગ યુગમાં એક નવો મોટો ફેરફાર થયો છે. ગુપ્ત લેખોમાં ગાયો તથા આખલા પવિત્ર પ્રાણી જાહેર થએલાં છે અને તેમને મારવાની મના છે. આ માન્યતા ઘણુંકરીને નાગ યુગમાં ઊભી થઈ હતી. એ ભારશિવોનું પવિત્ર અને પૂજા કરવા જેવું પ્રાણી હતું, કારણ કે તે તેમના ઇષ્ટ દેવ શંકરનાં વાહન હતાં. કુશાનો તો ગાય તથા આખલાને મારી ખાનારા લોક હતા. પણ ભારશિવોની સત્તા સ્થપાતાં, આખલા તથા ગાયના પવિત્રપણાની માન્યતા સાર્વત્રિક થઈ ગઇ.

આ બધી ચર્ચા ઉપરથી જણાય છે કે હાલના હિંદુત્વનો પાયો

નાગ મહારાજાઓએ નાંખ્યો, વાકાટકોએ તેની પર હિંદુત્વની ઈમારત ઊભી કરી અને ગુપ્તોએ તે ઈમારતને ભવ્ય અને સુશોભિત કરી.

## 'વાકાટક'વંશ

તુખારવંશ એટલે કે કુશાનવંશના અંતની નોંધ લીધા પછી પુરાણો તુરતજ 'વિંધ્યકો'ના વંશનો નિર્દેશ કરે છે. તે વંશના સ્થાપનારનું નામ પુરાણો વિંધ્યશક્તિ આપે છે. વિંધ્યશક્તિનો ઉદય વર્ણવતાં પુરાણો કહે છે કે તે કિલકિલા રાજાઓમાંથી ઊભો થયો હતો. હવે એ વાત તો ચોક્કસ છે કે 'કિલકિલા રાજા' તરીકે પુરાણો જેનો નિર્દેશ કરે છે તે વિદિશાના નાગરાજાઓ હોવા જોઇએ. તે સમયે એ રાજાઓ કિલકિલા જોડે બહુ આગળપડતો સંબંધ ધરાવતા હતા અને 'વિદિશા વૃષો' એ નામને બદલે તેઓ 'કિલકિલા વૃષો'ના નામથી ઓળખાય છે. ભાગવત પણ ભૂતનંદિથી શરૂ થતા પાછળથી થએલા નાગરાજાઓને કિલકિલાના રાજા કહે છે. આ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે 'કિલાકિલા નદી' પર અથવા કિલકિલાના પ્રદેશમાં 'વાકાટકવંશ'નો ઉદય થયો હશે. આજ પણ પન્ના શહેરની પાસે 'કિલકિલા' નામની એક નાની નદી છે. એ ઉપરથી જણાય છે કે અજયગઢ—પન્નાના વિસ્તારમાં એટલે કે ગંજ—નચના જિલ્લામાં એ વાકાટકવંશનો ઉદય થયો હશે. જૂનામાં જૂના વાકાટક લેખો આ જ પ્રદેશમાંથી મળી આવેલા છે. વિદિશાનાગોનું તથા પ્રવીરકનું વર્ણન કરતાં ભાગવત એ તમામ રાજાઓના સમૂહને કિલકિલાના રાજાઓ તરીકે વર્ણવે છે એટલે કે વિદિશા અથવા પૂર્વ માળવા તથા કિલકિલાને તે એક પ્રદેશ ગણે છે. આ ઉપરથી વાકાટકવંશનું મૂળ સ્થાન બુંદેલખંડ હતું એ વાતમાં તો આ બધાં પ્રમાણ એકમત થાય છે.

હવે એ વંશનું નામ 'વાકાટક' શા ઉપરથી પડયું તે જોઇએ. 'વાકાટક' શબ્દનો અર્થ એવો થાય કે 'વાકાટ'ના. ત્યારે એ વાકાટ તે કઇ જગા? ઓર્છા રાજ્યના સૌથી ઉત્તરમાં આવેલા પ્રદેશમાં અને ઝાંસીના બ્રિટિશ જિલ્લાના ચિરગામની છ માઈલ પૂર્વે 'બાગાટ' નામનું એક

નાનું ગામ છે. તેની પાસે જ બિર્જોર નામનું એક બીજું નાનું ગામ છે તે ઉપરથી એ બંને ગામ 'બિર્જોર-બાગાટ' એ નામે ઓળખાય છે. એ એક મોટું અને પ્રાચીન બ્રાહ્મણોની વસ્તીવાળું ગામ છે. એ ગામ મૂળ દ્રોણાચાર્યનું ગામ હોવાનું મનાય છે. એમ જણાય છે કે પુરાણો જેને વાટકવંશના મૂળ સ્થાપનાર આદ્યપુરુષ તરીકે વર્ણવે છે તે વિંધ્ય-શક્તિએ પોતાના ગામના નામ ઉપરથી પોતે સ્થાપેલા નવા વંશનું નામ પાડયું હશે. 'વાકાટકો' બ્રાહ્મણ હતા તથા ભારદ્વાજ ગોત્રના વિષ્ણુ-વૃદ્ધ નામના પેટા ગોત્રના હતા. ગુરુ દ્રોણ પણ એ જ ભારદ્વાજ ગોત્રના હતા. દ્રોણાચાર્યના ગામ તરીકે પ્રસિદ્ધ એ ગામમાં તેની ગૌરવાન્વિત પ્રણાલી તે સમય સુધી ચાલુ રહી હોય એ બનવાજોગ છે.

વિંધ્યશક્તિ, કિલકિલા રાજાઓમાંથી ઊભો થયો એ કથનનો એવો અર્થ થાય કે શરૂઆતમાં તે તેમના ખંડિયા તરીકે અથવા તેમના સમવાય તંત્રના એક પૂરા પાકા સભ્ય તરીકે તેણે તેની કારકીર્દિ શરૂ કરી હશે. તે સમયના રાજ્યબંધારણમાં તેનું સ્થાન સ્વતંત્ર રાજ્ય-કર્તાનું નહિ, પણ કોઈ સર્વોપરી સત્તાના તાબેદાર કે ખંડિયા રાજાનું હશે, કારણકે 'વાકાટકો'નાં રાજ્ય દસ્તાવેજોમાં તેનું નામ જોવામાં આવતું નથી. તે લેખો સ્વતંત્ર વાકાટક રાજાઓના વંશની શરૂઆત તેના પુત્ર પ્રવરસેનથી કરે છે. માત્ર અજંટાની ગુફા નં. ૧૬માં એક શિલા-લેખમાં આપેલી ક્ષિતીપાનુપૂર્વીમાં વિંધ્યશક્તિને 'વાકાટક' વંશના સ્થાપનાર તરીકે વર્ણવવામાં આવ્યો છે. તે વર્ણન પરથી જણાય છે કે મોટાં યુદ્ધોમાં જેનું બળ વધતું ગયું, તથા પોતાના બાહુ બળથી રાજ્ય પ્રાપ્ત કરનાર તથા આખી કારકીર્દિ દરમિયાન અણિશુદ્ધ બ્રાહ્મણ રહેનાર આ વિંધ્યશક્તિ શરૂઆતમાં કિલકિલા નૃપોનો સેનાપતિ હશે. પોતાના વંશને તેણે પોતાના ગામનું નામ આપ્યું તે ઉપરથી જણાય છે કે તે મૂળે કોઈ રાજવંશનો નહોતો, પણ એક સાધારણ નાગરિક હતો. આંધ્ર તથા નૈષધ-વિદૂર દેશોમાં તેણે મોટી જીતો કરી હતી એમ જણાય છે.

વાકાટકો બ્રાહ્મણ હતા એ તો નિઃસંદેહ વાત છે. વિંધ્યશક્તિને તો ચોખ્ખીરીતે દ્વિજ કહેવામાં આવ્યો છે. તેમનું 'વિષ્ણુવૃદ્ધ' ગોત્ર માત્ર બ્રાહ્મણોમાં જ હોય છે, અને આજે પણ એ ગોત્રના બ્રાહ્મણો મહારાષ્ટ્રમાં છે. વળી આ રાજાઓએ બૃહસ્પતિ સાવ યજ્ઞો કર્યાં છે અને એ યજ્ઞો તો માત્ર બ્રાહ્મણો જ કરી શકે.

વિંધ્યશક્તિનો પુત્ર પ્રવરસેન હતો. સામાન્ય લોકોમાં તે તેના લોકપ્રિય નામ 'પ્રવીર'થી જાણીતો હતો. તેના સમય પહેલાં પાંચસો વર્ષ પર કેટલાક સૈકાથી બંધ પડી ગએલી અશ્વમેધની પ્રથા શુંગ મહારાજ પુષ્યમિત્રે તથા દક્ષિણાપથના સમ્રાટ્ શ્રી સાતકર્ણી પહેલાએ ચાલુ કરી હતી. તે બંને મહારાજાઓએ બબ્બે અશ્વમેધ કરી 'દ્વિરશ્વમેધયાજી'નું પ્રાચીન સનાતન સમ્રાટોને અપાતું પદ પ્રાપ્ત કર્યું હતું. પ્રવરસેન તો તેમનાથી પણ આગળ વધ્યો હતો, તેણે તો ચાર અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. ભારશિવ રાજાઓની રીતથી જુદા પડી તેણે 'સમ્રાટ્' પદ પણ ધારણ કર્યું હતું. તે એ 'સમ્રાટ્' પદને પૂરો લાયક હતો, કારણકે આર્યાવર્ત ઉપરાંત દક્ષિણાપથના મોટા ભાગને, ખાસ કરીને તેના ઉત્તર ભાગને તેણે પોતાની સત્તા નીચે આણ્યો હતો. મૌર્ય સમ્રાટોના સમય પછી પહેલી જ વાર આવી મહાન કાર્યસિદ્ધિ કરવામાં આવી હતી. તેણે ચાર અશ્વમેધ કર્યા તે ઉપરથી એવું અનુમાન થઇ શકે છે કે તેનો અમલ લાંબો હતો. અને એ વાત ખરી છે. તેનો પુત્ર ગૌતમીપુત્ર તેની પછી ગાદીએ આવી શકયો નહિ. તેના પુત્ર ગૌતમીપુત્રના નામ ઉપરથી જ જણાય છે કે તે બ્રાહ્મણીનો પુત્ર હતો. આમ છતાં પણ બ્રાહ્મણરાજા પ્રવરસેનનો, તેની બ્રાહ્મણ પત્નીથી ઉત્પન્ન થએલો પુત્ર ગૌતમીપુત્ર, ક્ષત્રિય ભારશિવ રાજા ભવનાગની કુંવરી વેરે પરણ્યો હતો. આ લગ્નથી રૂદ્રસેન નામનો પુત્ર થયો હતો. એ રૂદ્રસેન પ્રવરસેનનો પૌત્ર અને ભારશિવ મહારાજ ભવનાગનો દૌહિત્ર થાય. એ રૂદ્રસેનનો પુત્ર પૃથિવીસેન પહેલો હતો. તે ગાદીએ આવ્યો ત્યારે 'વાકાટક' વંશનાં ૧૦૦વર્ષ પૂરાં થયાં હતાં.

પુરાણોમાં આપેલી હકીકતને અનુસરતાં જણાય છે કે કાણ્વોના

પતન પછી મગધ આંધ્રોના હાથમાં ગયું. અલ્લાહબાદ જિલ્લામાં ભીતાગામ આગળનાં ખોદકામમાં સાતવાહનોના સિક્કા જડી આવેલા છે તે ઉપરથી ઉપલી હકીકતનું સમર્થન થાય છે. પણ આ સાતવાહનો મગધમાં પચાસ વર્ષથી વધારે સમય નહિ રહ્યા હોય. ઈ. સં. ૭૫૮ની સાલ ધારણ કરતા લિચ્છવીવંશના જયદેવ બીજાના નેપાલમાંથી મળી આવેલા એક શિલાલેખમાં જણાવેલું છે કે તેના પૂર્વજ જયદેવ પહેલાની પહેલાં ૨૩ પેઢીએ તેનો પૂર્વજ સુપુષ્પલિચ્છવી પુષ્પપુરમાં જન્મ્યો હતો. જયદેવ પહેલાનો સમય ઇ. સ. ૩૩૦ થી ૩૫૦નો હતો એવી ડૉ. ફ્લીટની ગણત્રી છે. એક પેઢીનાં ૧૫ વર્ષ લેખે ગણતાં ૨૩ પેઢીનાં ૩૪૫ વર્ષ થાય, અને એ હિસાબે સુપુષ્પનો જન્મ ઇસ્વીસનના પહેલા સૈકામાં આવે. આનો અર્થ એવો થાય કે એ સમયના અરસામાં સ્વતંત્ર રીતે અથવા સાતવાહન રાજાઓની આજ્ઞાનુસાર તેમણે પાટલીપુત્રનો કબજો લીધો હોવો જોઇએ. વળી એ અરસામાં ઉત્તર હિંદમાં કડફીસીસ તથા વેનકડફીસીસના ઊતરી આવવાથી થએલા ક્ષોભને કારણે સાતવાહન રાજાઓ ત્યાં ગુંચાયા હશે એટલે ઘણાં વર્ષથી જેની પર દાઢ હતી તે પાટલીપુત્રનો કબજો મેળવવાની લિચ્છવીઓને બહુ સારી તક મળી હશે. પણ એ જ સૈકાના અંતમાં કનિષ્કના સુબા વનસ્પારની મગધ પરની ચઢાઇને કારણે તેમને પાટલીપુત્ર છોડવાની ફરજ પડી હશે.

આ બનાવ પછી લગભગ એક સૈકા બાદ ભારશિવોએ ગંગાની ખીણના પ્રદેશને કુશાનોની સત્તામાંથી છોડવ્યો, તે સમયે લિચ્છવીઓને પાટલીપુત્રનો કબજો લેવાનો પોતાને હક્ક છે એમ લાગ્યું હશે; પરંતુ ભારશિવોએ પોતે જીતેલા મુલકની પુનર્વ્યવસ્થા કરી, તે સમયે મગધ અ-બ્રાહ્મણ લિચ્છવીઓના હાથમાં નહિ પણ એક વૈદિક ક્ષત્રિય કુલના હાથમાં હોવાનું જણાય છે. 'કૌમુદી-મહોત્સવ' નામના તે સમયના પ્રસંગો વર્ણવતા એક નાટકમાં તે કુટુંબને 'મગધ કુટુંબ' કહેલું છે. અને સમુદ્રગુપ્તે તેને 'કોટ-કુલ' કહેલું છે. આ ઉપરથી એમ જણાય છે કે એ કુલના સ્થાપનારનું નામ 'કોટ' હશે. એ કોટના વંશના સમુદ્રગુપ્તના

સમકાલીનનું નામ અલ્લાહબાદના શિલાલેખમાં નષ્ટ થએલું છે, પણ તેમાં તેને 'કોટ કુલજ' કહેવામાં આવ્યો છે. મગધના એ કુટુંબના રાજાઓના નામને અંતે 'વર્મા પદ લગાડવામાં આવતું હતું.

'ગુપ્તો' આશરે ઈ.સ. ૨૭૫ના અરસામાં મગધમાં કોઇક સ્થળે દેખા દે છે. પૂણાપ્લેટ એપિગ્રાફિયા ઇંડિકા. XVના પ્રભાવતી ગુપ્તનો લેખ જોતાં પહેલો ગુપ્ત એક ખંડિયા રાજા તરીકે ઊભો થાય છે. આથી ઉપલા લેખમાં તેને 'અધિરાજ પદ લગાડવામાં આવ્યું છે. પાછળથી પહેલાના ગુપ્તોનો સંબંધ પ્રયાગ તથા અયોધ્યા સાથે જોવામાં આવે છે એ ઉપરથી જણાય છે કે મહારાજા ગુપ્તની જાગીર પ્રયાગની આસપાસ કાંઇ હશે એમ જણાય છે. તેનો પુત્ર ઘટોત્કચ હતો. એ ઘટોત્કચના પુત્રે પોતાના પૂર્વજ ગુપ્તના નામ ઉપરથી પોતાના વંશને એ નામ આપવાનો આરંભ કર્યો. ઘટોત્કચના તે પુત્રનું નામ ચંદ્ર હતું. 'કૌમુદી-મહોત્સવ'માં એને એના પ્રાકૃત નામ 'ચણ્ડસેન'થી ઉદ્દેશવામાં આવે છે. તેના વખતમાં પાટલીપુત્રમાં સુંદરવર્મા નામનો મગધકુળનો રાજા રાજ્ય કરતો હતો. રાજા સુંદરવર્મા વૃદ્ધ હતો અને નિઃસંતાન હોવાથી તેણે ચંદ્રને દત્તક લીધો હતો. પાછળથી એ વૃદ્ધ રાજાને તેની એક નાની રાણીથી પુત્ર થયો. દત્તક પુત્ર હોવા છતાં મોટો હોવાને કારણે ચંદ્ર પોતાની જાતને મગધની ગાદીનો વારસ ગણતો હતો. મગધ નગરીના દુશ્મનરૂપ ગણાતી લિચ્છવી જાતિની એક રાજકન્યા જોડે ચંદ્રે લગ્ન સંબંધ બાંધ્યો, અને તેમની સહાયથી પાટલીપુત્રને ઘેરો ઘાલ્યો. આને પરિણામે થએલા યુદ્ધમાં સુંદરવર્મા હણાયો, સુંદરવર્માના નિમકહલાલ મંત્રીઓએ તેના પુત્ર કલ્યાણવર્માને તેની ધાવ જોડે કિષ્કિંધાની ટેકરીઓમાં આવેલા પંપાનગરમાં મોકલી આપ્યો. વિજયી ચંદ્રે એક નવા રાજવંશની સ્થાપના કરી. 'કૌમુદી–મહોત્સવ'ની ક્રુદ્ધ થએલી લેખિકા લિચ્છવીઓને મ્લેચ્છ કહે છે અને ચણ્ડસેનને હલકી 'કારસ્કર' જાતિનો અને તેથી રાજગાદી માટે નાલાયક વર્ણવે છે.

રાજા ચંદ્રની જાત હલકી હતી, તથા મગધના શત્રુ લિચ્છવીઓની

મદદથી તેણે પાટલીપુત્ર જીતી લીધું હતું; અને પોતાને દત્તક લેનાર પિતાતુલ્ય સુંદરવર્માનો ઘાત કર્યો હતો તેથી તેને લોકો પિતૃઘાતી અને બળજબરીએ પારકું રાજ્ય બથાવી પાડનાર ગણતા હતા. વળી તેણે જેની જોડે લગ્ન કર્યાં હતાં તે કન્યા મગધની નહોતી એટલું જ નહિ પણ હિંદુઓની ચાર વર્ણમાંની નહોતી. વળી તે પ્રણાલીબદ્ધ હિંદુ શાસન પદ્ધતિને અનુસરવામાં નિષ્ફળ થયો હતો. મગધના લોકો જોડે તેનું વલણ કડક અને દુશ્મનાવટ ભર્યું હતું. પાટલીપુત્રના અગ્રગણ્ય નાગરિકોને તેણે કેદ કર્યા હતા. આવી રીતે લિચ્છવીઓની સહાયથી પાટલીપુત્ર કબજે કરી મગધની રાજ્યસત્તા પોતાને હાથ કરવામાં તેણે બ્રાહ્મણરાજા વાકાટક પ્રવરસેન પહેલાની સર્વોપરી સત્તા-ની અવગણના કરી હતી. હિંદુઓના ધર્મશાસ્ત્રમાં બંધારણનો એક એવો કાયદો છે કે પિતૃઘાતી અથવા જુલમી રાજાનો પ્રજાએ નાશ કરવો ઘટે. આ કાયદાને અનુસરી લોકોએ માંહોમાંહે મસલત કરી બળવો કર્યો, પંપાસર ગએલા કલ્યાણવર્માને બોલાવી લીધો અને તેનો અભિષેક કર્યો.

ચંદ્રગુપ્ત પહેલાના લિચ્છવીના નામવાળા સિક્કા ઈ.સ. ૩૨૦ માં પાડેલા છે. એ ઉપરથી એમ જણાય છે કે તેણે એ અરસામાં પા-ટલીપુત્રનો કબજો કર્યો હશે. પંપાનગરમાં સલામતી માટે મોકલી દેવામાં આવેલો કુમાર કલ્યાણવર્મા આશરે પાંચેક વર્ષનો હશે. તેને બોલાવી મગધની ગાદી પર તેનો અભિષેક કર્યો ત્યારે તે અભિષેકને યોગ્ય વયનો એટલે ૨૫ વર્ષનો થયો હશે. આ ઉપરથી એમ જણાય છે કે ચંદ્રગુપ્તે પાટલીપુત્રનો કબજો કર્યો ત્યાર પછી લગભગ ૨૦ વર્ષે એટલે કે આશરે ઈ.સ. ૩૪૦ માં આ બનાવ બન્યો હશે. ચંદ્રગુપ્ત પહેલાના લિચ્છવીના નામવાળા સિક્કા નવ વાર પડાયા લાગે છે એ ઉપરથી એમ જણાય કે તેમ થતાં લગભગ વીશ વર્ષ થયાં હશે. આમ આ બંને વાતનો મેળ બેસે છે. 'કૌમુદી—મહોત્સવ' તેમજ સમુદ્રગુપ્તનો લેખ એ બંને ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે સમુદ્રગુપ્તના અમલ પહેલાં તેના ગુપ્તવંશને પાટલીપુત્ર છોડવાની ફરજ પડી હશે. સમુદ્રગુપ્તના 'વ્યાઘ્ર'

છાપવાળા સિક્કા ચંદ્રગુપ્ત પહેલાના સિક્કાઓ જોડે કદી જોવામાં આવતા નથી તે ઉપરથી પણ ઉપલી હકીકતને ટેકો મળે છે. એ ગાળામાં સમુદ્રગુપ્ત એક સાધારણ રાજા તરીકે સાકેતમાં અથવા તો કાશી અને સાકેત વચ્ચે કોઈ સ્થળે રહી રાજ્ય કરતો હશે. એના એ પહેલાના સિક્કાઓની આગલી બાજુ માત્ર 'રાજા સમુદ્રગુપ્ત' એટલું જ લખાણ અને પાછલી બાજુ શિશુમાર પર ઊભેલાં ગંગાજી જોવામાં આવે છે. ગંગા અને યમુના એ વાકાટકોનાં મુદ્રાચિહ્ન હતાં. ભારશિવ રાજાઓ તથા પ્રવરસેનના સિક્કાઓ ઉપર ગંગાજીનું ચિત્ર જોવામાં આવે છે. વાકાટકોના માંડલિક તરીકે સમુદ્રગુપ્તે એ મુદ્રાચિહ્ન લીધેલું હોય એવો સંભવ છે.

આ બધી હકીકત ઉપરથી જણાય છે કે ચંદ્રગુપ્ત પહેલાના ઉદય વખતે મગધમાં રાજ્ય કરતું કુટુંબ, ભારશિવોના સામ્રાજ્યના સભ્ય રૂપ હશે. તે આશરે ઈ.સ. ૨૫૦ના અરસામાં હયાતીમાં આવ્યું હશે અને ચંદ્રગુપ્ત પહેલાએ લિચ્છવીઓની મદદથી તેના હાથમાંથી પાટલીપુત્ર પડાવી લઇ ભારશિવોના આધિપત્યની તેણે અવગણના કરી હશે. આ બનાવ પ્રવરસેન પહેલાના સમયમાં થયો હશે. પ્રવરસેન પહેલાના પ્રાબલ્યના કારણે ચંદ્રગુપ્ત પહેલાની મહત્વાકાંક્ષા બહુ મર્યાદિત થઇ ગઇ હતી એટલુંજ નહિ, પણ વાકાટક રાજ્યના પંપાનગરમાં બાળ રાજા કલ્યાણવર્માએ આશ્રય લીધો હતો અને તેનીજ મદદથી તે ગાદીએ આવી ગયો હતો અને ચંદ્રગુપ્ત પહેલાને પાટલીપુત્ર છોડવાની ફરજ પાડવામાં આવી હતી. કલ્યાણવર્મા ઇ.સ. ૩૪૦ના અરસામાં મગધની ગાદીએ આવ્યો ત્યાર પછી ચારેક વર્ષમાં પ્રવરસેન પહેલાનું મરણ થયું. સમુદ્રગુપ્ત માટે એ ઉત્તમ તક હતી. તેના પિતાની સિદ્ધ થવા નહિ પામેલી આર્યાવર્તના મહારાજાધિરાજ થવાની સંધિ પ્રાપ્ત થએલી તેને લાગી, અને મગધની ગાદી તેણે પાછી મેળવી. વાકાટક તથા ભારશિવોની એકત્ર ગાદીએ આવેલા રૂદ્રસેન તથા તેની કુમકે આવેલા ગણરાજાઓને યુદ્ધમાં હરાવી તેણે આર્યાવર્તમાં પોતાની સત્તાને સર્વોપરી સ્થાપી. તેના પિતા ચંદ્રગુપ્ત પહેલાને હરાવી પાટલીપુત્રમાંથી

હાંકી કાઢવામાં આવ્યો તે અરસામાં જેની મદદથી તેણે મગધની ગાદી મેળવી હતી તે લિચ્છવી જાતિઓનો પરાજય પ્રવરસેનને હાથે થએલો હશે, અને સમુદ્રગુપ્ત સમ્રાટ્ થયો તે પહેલાં લિચ્છવી જાતિનું પ્રાબલ્ય તૂટી ગયું હશે, કારણકે ચંદ્રગુપ્ત પહેલાને પાટલીપુત્ર છોડવાની ફરજ પડી ત્યાર પછીના ગાળામાં સમુદ્રગુપ્તે પાડેલા સિક્કાઓમાં લિચ્છવીનું નામ કે વ્યાઘ્રારૂઢ દેવીનું તેમનું નિશાન જોવામાં આવતું નથી. ઇ.સ. ૩૩૦ થી ૩૫૦ના ગાળામાં લિચ્છવીઓએ નેપાલમાં સ્થાનાંતર કરી ત્યાં રાજ-વંશ સ્થાપ્યો એ તો નક્કી જ છે.

આશરે ઇ.સ. ૩૪૪માં પ્રવરસેન પહેલાનું મરણ થતાં તેનો પૌત્ર અને નાગરાજા ભવનાગનો દૌહિત્ર રૂદ્રસેન ગાદીએ આવ્યો. આ અર-સામાં સમુદ્રગુપ્તે કૌશાંબી આગળ થએલા એક જબરા યુદ્ધમાં અચ્યુત, નાગસેન તથા ગણપતિનાગ એ ત્રણ રાજાઓને હાર આપી. કૌશાંબીના વિજયસ્થંભ પરની પ્રશસ્તિ ઉપરથી આ વાત જાહેર થાય છે. એમ જણાય છે કે તેણે પ્રથમ પાટલીપુત્ર પર હુમલો કર્યો. બહુ સહેલાઇથી એ શહેર તેને હાથ ગયું તથા તેનો 'કોટકુલ'નો રાજા કેદ પકડાયો. બળવાન નાગ યોદ્ધા ગણપતિનાગની સરદારી નીચે, અચ્યુત તથા નાગસેન અને બીજા રાજાઓને અલ્લાહબાદ પાસે સમુદ્રગુપ્તે સજ્જડ હાર આપી હશે. મથુરાનો રાજા કીર્તિસેન જે મગધના કલ્યાણવર્મા-નો સસરો થતો હતો તેનો પુત્ર નાગસેન હશે એમ જણાય છે. અચ્યુત-નંદિ અહિચ્છત્રમાં રાજ્ય કરતો હશે, કારણકે તે સ્થળેથી તેના સિક્કા મળી આવે છે. ગણપતિનાગને ધારાધીશ કહેલો છે એટલે તે માળવાનો રાજા હશે અને ધાર તથા પદ્માવતી એવી એની બે રાજ્યધાનીઓ હશે. મથુરા, અહિચ્છત્ર તથા પદ્માવતીથી મગધરાજની કુમકે જવા, નીકળનારી સેનાઓ કુદરતી રીતે કૌશાંબી આગળ જ એકઠી થાય એ દેખીતું જ છે. આ યુદ્ધને પરિણામે ગંગાની ખીણનો મોટો ભાગ સમુદ્ર-ગુપ્તને હાથ ગયો, અયોધ્યા તો તેનું મથક હતું જ; એટલે એ પાયાંથી એનું રાજ્ય ઉત્તરે હરદ્વાર તથા શિવાલિક પહાડ સુધી વિસ્તરતું હતું

અને પૂર્વમાં અલ્લાહબાદથી આખા બંગાળા પર નહિ તો ભાગલપુર સુધી તો તે વીસ્તરેલું હતું જ. યમુનાની ખીણમાં પોતાની સત્તા જમાવવાનું તે સમયે મોકુફ રાખી સમુદ્રગુપ્તે મગધ દેશમાં પોતાની સત્તા જમાવી અને પછી વાકાટક મહારાજ્યના અગ્નિ ખૂણામાં આવેલા પ્રદેશ પર હુમલો કરવાનો નિર્ધાર કર્યો. વાકાટક સામ્રાજ્યનો એ ભાગ, તેમના પાટનગરથી બહુ દૂર હતો, જ્યારે સમુદ્રગુપ્તને છોટાનાગપુર રસ્તે ત્યાં પહોંચવાનું અંતર એટલું બધું મોટું નહોતું. વાકાટકો એમનાં આ કોસલ-મેકલા પ્રાંતો પર દૂર મધ્ય હિંદમાં રહ્યારહ્યા રાજ્ય કરતા હતા એટલે છોટાનાગપુર રસ્તે જઇ એ બે પ્રાંત તથા આંધ્ર પર હુમલો કરી તે તેમને તદ્દન પાંગળા કરી દે એમ હતું. આર્યાવર્તની પહેલી જીત પછી વાકાટક સત્તાને આ રીતે ફટકો મારવાની નીતિ લશ્કરી દૃષ્ટિએ કેવળ જરૂરી હતી. ગણપતિનાગ, નાગસેન તથા અચ્યુત વગેરે રાજાઓએ ખમેલી હારનું વેર લેવા આંધ્રમાંથી વાકાટકની એક છોટી શાખા તરીકે રાજ્ય કરતા પલ્લવ રાજાઓ બિહાર પર ધસી આવે અને બુંદેલખંડની બાજુએથી પ્રવરસેનનો પુત્ર રૂદ્રદેવ તથા તેના મિત્ર રાજાઓ ધસી આવે તો સમુદ્રગુપ્ત બે દાવાનળની વચ્ચે સપડાય એમ હતું. આમ હોવાથી કૌશાંબીના યુદ્ધ પછી તે છોટાનાગપુર રસ્તે સંભલપુર તથા બસ્તાર થઈ વેંગી પ્રદેશમાં દાખલ થઇ કોલાર સરોવર આગળ પહોંચી ગયો. ત્યાં એકઠા થએલા પલ્લવ તથા બીજા રાજાઓને તેણે નિર્ણયાત્મક હાર આપી. યુદ્ધ પછી ઉદાર વર્તાવથી એ પલ્લવ રાજાઓને પોતાના પક્ષમાં લઇ તે પાછો બિહાર આવી પહોંચ્યો અને ત્યાંથી આખરે બુંદેલખંડ પર ચઢાઈ કરી વાકાટક રાજ્યસત્તાને તેના પોતાના સ્થાનમાં જઈ તેણે તોડી. રૂદ્રદેવ તથા તેના મિત્ર રાજાઓ જોડેનું યુદ્ધ એરન આગળ થયું હશે; કારણકે કુદરતી રીતે તે પ્રદેશમાં તે રણભૂમિ થવા લાયક છે. એ યુદ્ધમાં રૂદ્રદેવ માર્યો ગયો. તે મરણ પામતાં વાકાટક તથા ભારશિવોએ જમાવેલી સામ્રાજ્ય સત્તાનો વારસ સમુદ્રગુપ્ત થયો. આમ વાકાટકો સર્વોપરી સત્તાધીશો મટી ગુપ્ત સત્તાના માંડલિકો

થઇ રહ્યા છતાં પણ બીજા માંડલિક રાજાઓ કરતાં તેમનાં સ્થાન અને સત્તા વધારે મહત્ત્વનાં ગણાતાં રહ્યાં. વિજયી સમુદ્રગુપ્તે, તેમને જીત્યા ખરા, પણ તેમને તદ્દન ઉખેડી નાખી તેમનાં મુલકને પોતાના મુલકમાં ભેળવી ન દેતાં, તેમને તેમના જૂના મુલકમાં કાયમ રાખ્યા. પોતાનું આધિપત્ય સ્વીકારતા માંડલિકો તરીકે આ સમય પછીની ગુપ્તવંશની આખી કારકીર્દિમાં એ જૂના સત્તાધીશ વાકાટકો બહુ આગળપડતું અને અગત્યનું સ્થાન ભોગવતા રહે છે, છતાં એ સમયથી સ્વતંત્ર અને સ્વાધીન સામ્રાજ્યસત્તા ભોગવતું વાકાટક કુળ તો પૂરૂં જ થયું ગણી શકાય. આ કારણે જ પુરાણો રૂદ્રદેવના મરણ વખતે લગભગ સો વર્ષ સુધી આર્યાવર્તમાં સમ્રાટ્સત્તા ભોગવતા વાકાટક વંશની વંશાવળી સંકેલી લે છે, અને પુરાણોની પ્રથાને અનુસરી ગુપ્તવંશના માંડલિકની સ્થિતિને પામેલા એ વંશના રાજાઓનાં નામ તથા અમલનો અવધિ આપવાનું બંધ કરે છે.

આશરે ઇ.સ. ૨૩૮ થી ઇ.સ. ૨૪૩ ના અરસામાં સાતવાહનોનો તથા આશરે ઇ.સ. ૨૪૩ કે ૨૪૭ માં તેમના સમકાલીન મુરૂંડ–તુખાર એટલેકે કુશાનોનો અમલનો અહેવાલ બંધ કરી પુરાણો વિંધ્યક પ્રદેશમાં વિંધ્યશક્તિના ઉદયની વાત શરૂ કરે છે. આ હકીકત જોતાં વિંધ્યશક્તિના ઉદયનો સમય આશરે ઈ.સ. ૨૪૮નો લેખી શકાય. ત્યાર બાદ પુરાણો તથા શિલાલેખ અને સિક્કાઓના પુરાવાનો ઉપયોગ કરતાં વિંધ્યશક્તિએ સ્થાપેલા એ નવા વાકાટકવંશની વંશાવળી નીચે મુજબ ઊભી કરી શકાય છેઃ—

| | |
|---|---|
| ૧ વિંધ્યશક્તિ | ઈ.સ. ૨૪૮ થી ૨૮૪ |
| ૨ પ્રવેરસેન ૧ લો | ઈ.સ ૨૮૪ થી ૩૪૪ |
| ૩ રૂદ્રસેન ૧ લો | ઈ સ. ૩૪૪ થી ૩૪૮ |

આ વખતે સ્વતંત્ર અને સ્વાધીન સત્તા ભોગવતા વાકાટકવંશનો અંત આવ્યો. હવે પછીના રાજા ગુપ્તવંશના ખંડિયા હતા.

| | |
|---|---|
| ૪ પૃથિવીસેન ૧ લો | ઈ.સ. ૩૪૮ થી ૩૭૫ |

| | |
|---|---|
| ૫ રૂદ્રસેન ૨ જો | ઈ.સ. ૩૭૫ થી ૩૯૫ |
| ૬ પ્રભાવતી ગુપ્ત પાલક તરીકે. | |
| દિવાકરસેનના પાલક તરીકે | ઈ.સ. ૩૯૫ થી ૪૦૫ |
| દામોદરસેન-પ્રવરસેન ૨ જાના | |
| પાલક તરીકે | ઈ.સ. ૪૦૫ થી ૪૧૫ |
| ૭ દામોદરસેન-પ્રવરસેન ૨ જો | |
| ઉમરલાયક થતાં. | ઇ.સ. ૪૧૫ થી ૪૩૫ |
| ૮ નરેન્દ્રસેન આઠ વર્ષની વયે | |
| ગાદીએ આવ્યો. | ઇ.સ. ૪૩૫ થી ૪૭૦ |
| ૯ પૃથિવીસેન ૨ જો | ઈ.સ. ૪૭૦ થી ૪૮૫ |
| ૧૦ દેવસેન (ગાદીત્યાગ કર્યો.) | ઈ.સ. ૪૮૫ થી ૪૯૦ |
| ૧૧ હરિસેન | ઈ.સ. ૪૯૦ થી ૫૨૦ |

આમ વાકાટકવંશની કારકીર્દિના ત્રણ ભાગ પડે એમ છે.
પહેલોઃ સામ્રાજ્ય ભોગવતા વાકાટકો ઈ.સ. ૨૪૮ થી ૩૪૮ સુધી.
બીજોઃ ગુપ્તવંશ દરમિયાન તેમના માંડલિક થઈ રહેલા વાકાટકો ઈ.સ. ૩૪૮ થી ૪૭૫ સુધી.
ત્રીજોઃ ગુપ્તોની પછી થએલા વાકાટક નરેન્દ્રસેનથી હરિસેનના અમલ સુધીનો.

## વાકાટકોએ કરેલી કાર્યસિદ્ધિ

ગંગા તથા યમુનાની ખીણોના પવિત્ર પ્રદેશમાંથી ભારશિવોએ પરધર્મી પરદેશીઓને હાંકી કાઢ્યા હતા અને તેમ કરી હિંદની એ બે પવિત્ર નદીઓને પરદેશીઓના અધિકારમાંથી છોડાવી હતી એ વાત ખરી; પણ પરદેશી કુશાનોને હિંદની બહાર હાંકી કાઢવાનો યશ તો શુરવીર પ્રવરસેન પહેલાને ભાગ જાય છે. એ પ્રવરસેન વિંધ્યશક્તિ જેવા મહાન યુદ્ધવીરનો પુત્ર હતો એટલું જ નહિ, પણ જાતે પણ એક મોટો યુદ્ધવીર હતો. તેના સમયમાં કુશાનરાજા માત્ર કાબુલનો જ રાજા થઇ ગયો. હિંદમાંથી તેનો પગ નીકળી ગયો. ઈ.સ. ૨૪૦-૪૫ સુધીમાં તેને ગંગા તથા યમુનાની અંતર વેદિના પ્રદેશમાંથી નીકળી જવાની ફરજ

પડી હતી, પણ તે તદ્દન હિંદની બહાર નીકળી ગયો નહોતો એમ ચીની પુસ્તકો ઉપરથી જણાય છે. તે પુસ્તકમાં એવું લખાણ છે કે ચીનના રાજાએ હિંદના મુરૂંડરાજા પર કેટલાક ઘોગ મોકલ્યા હતા.

વાકાટક સામ્રાજ્યના ત્રણ મોટા ફાળા હતા. ભારશિવોના અમલનાં છેલ્લાં ચાળીશ વર્ષોમાં પ્રવરસેનનો પિતા વિંધ્યશક્તિ તેમનાં યુદ્ધો લડનારો તથા ભારશિવ સામ્રાજ્યનું નિર્માણ કરનારો યુદ્ધવીર હતો. તેનાં ઉત્સાહ અને આદર્શોને વારસામાં મેળવી પ્રવરસેને પોતાના મનમાં એક સ્પષ્ટ રાજકીય આદર્શ કલ્પ્યો. તેનો એ આદર્શ હિંદભરમાં હિંદુ સામ્રાજ્ય સ્થાપવાનો તથા વૈદિક ધર્મને તેના મૂળના પ્રતિષ્ઠિત પદે મૂકવાનો હતો. કુશાનોને હિંદ બહાર હાંકી કાઢી હિંદભરમાં હિંદુ સામ્રાજ્ય સ્થપાવવાના તેના આદર્શમાં તેણે સફળતા મેળવી.

આશરે ઇ.સ. ૨૫૦ના અરસામાં હિંદના સાહિત્યના ક્ષેત્રમાં સંસ્કૃત ભાષા માટેના પક્ષપાતની મોટી હીલચાલ શરૂ થતી જોવામાં આવે છે. પચાસ વર્ષમાં એ હીલચાલ બહુ ઉંચી કક્ષાએ પહોંચી જાય છે અને ત્યાંથી ગુપ્તો તેને ઉંચકી લઇ એથી પણ આગળ લઇ જાય છે. ઈ.સ. ૩૪૦ના અરસામાં વાકાટક સમ્રાટ્ના કોઇ માંડલિકના દરબારમાં એક સ્ત્રી લેખિકાએ કૌમુદી–મહોત્સવ નામનો નાટક સંસ્કૃત ભાષામાં લખેલો છે. એમાં આ સાહિત્ય હીલચાલનું ચિત્રપટ આપણી આગળ રજૂ થાય છે. તે નાટક લખનાર બાઈ કાવ્યના વિષયમાં ભાસ કે કાલિદાસ જેવી જ સિદ્ધ હસ્ત હતી. પ્રાકૃતના જેવી જ સંસ્કૃત તેની નિત્ય વપરાશની ઘરગથ્થુ ભાષા થઇ ગઇ હતી. તે સમયે સંસ્કૃત રાજદરબારોમાં સામાન્યરીતે વપરાતી ભાષા થઈ હતી એમ જણાય છે. વિચારો દર્શાવવાની રીતો તથા વાણી બરાબર પાકાં બંધાઈ ચૂકયાં હતાં અને સરકાર દરબારમાં સૌકોઈ લખાણ તથા વાણીવ્યવહાર સંસ્કૃતમાં જ કરતાં હતાં. પાટનગરમાં અથવા તો તેની પાસેનાં સ્થાનોએથી મળી આવતાં વહેલામાં વહેલાં શિલાલેખો પણ સંસ્કૃત ભાષામાં જ લખેલાં છે. વાકાટક શિલાલેખોમાં જોવામાં આવતી પેઢી દરપેઢી ચાલુ

થતી આવતી પાકી વંશવર્ણનની શૈલી ઉપરથી જણાઇ આવે છે કે પ્રવરસેન પહેલાના સમયમાં તો સંસ્કૃતમાં લેખો તથા દસ્તાવેજો લખવાની શૈલી લાંબી વપરાશથી સ્થિર થઇ હતી. સમુદ્રગુપ્ત તથા તેના અનુગામીઓ એ વાકાટક લેખન શૈલીને જ બરાબર અનુસરે છે.

કૌમુદી-મહોત્સવ વાંચતાં જણાય છે કે આ જ સમયમાં સારીપેઠે સામાજિક પુનરૂજ્જીવન પણ થયું હશે. વર્ણાશ્રમ વ્યવસ્થા પાછી સજીવન કરવામાં આવી. હિંદુઓની ધર્મચુસ્તતા ફરી સજીવન થઇ. કુશાનોના અમલ દરમિયાન હિંદુસમાજમાં પેઠેલા સડાઓને ધોઇ નાંખવા વાકાટકોના સમયનો હિંદુસમાજ ખૂબ મથી રહ્યો હતો. આ હિંદુત્વ શુદ્ધિની હીલચાલને પ્રવરસેને ખૂબ પોષી એટલું જ નહિ, પણ બહુ મોટા પ્રમાણમાં પોતાના આખા સામ્રાજ્યમાં તેનો ફેલાવો કર્યો.

એ જ વાકાટકોના સમયમાં સ્થાપત્યમાં ગંગા અને યમુના રાષ્ટ્રીય ઉત્થાનની સંજ્ઞારૂપ બની ગયાં. સાતવાહનોના સમય સુધીનાં સ્થાપત્યના પાઠોનો સમાવેશ કરતા મત્સ્યપુરાણમાં શિવ, વિષ્ણુ કે બીજા દેવોનાં મંદિરો પર અલંકાર માટે ગંગા કે યમુનાની પ્રતિમાઓ મૂકવાનો કાંઇ જ ઇસારો નથી. કલાકૃતિ તરીકે ગંગા યમુનાની પ્રતિમાને સ્થાન અપાયું તેનું કારણ એની પાછળ રહેલો રાજકીય અર્થ અથવા સંકેત છે. ગંગા તથા યમુનાની એ પૂજામાં ફરીવાર જ્યાં વૈદિક સનાતન ધર્મ ચાલુ થયા એ ગંગા તથા યમુનાની વચ્ચેના આંતરવેદી પ્રદેશની પરદેશીઓના હાથથી થએલી મૂક્તિનું સૂચન છે. ભૂમરા તથા નચના આગળનાં મંદિરોમાં એ બે નદીઓની સૌંદર્યભરી પ્રતિમાઓ નાગ—વાકાટક સંસ્કૃતિના પ્રતિબિંબ રૂપ છે. વાકાટકો ખરેખર બહુ સપ્રમાણ અને સુડોળ આદમીઓ હતા. વાકાટકોના અમલ નીચે પ્રતિમાવિધાન તથા હુબહુ ચિત્રવિધાન બહુ ચેતનવંતાં બન્યાં હતાં. અજંટા તેમના સીધા અમલ નીચે હતું.—જાળીદાર બારી, ગવાક્ષ-છજું, ઉપસતા શિખરનો પ્રકાર, ગુંચળાવળના નાગનો નાગપાસ; કોતરકામ તથા અલંકારવાળી બારસાખો, ચોખંડું મંદિર વગેરે એરન, ઉદયગિરિ, દેવગઢ તથા અજંટામાં પૂરી

અભિવૃદ્ધિ પામતી સ્થાપત્યની વિવિધ પદ્ધતિઓનાં બીજ નચના આગળનાં વાકાટક મંદિરોમાં જોવામાં આવે છે.

સિક્કાઓની બાબતમાં પણ કુશાનોના દેખાવડા સિક્કા પાડવાની પ્રથાનો ત્યાગ કરી તેમણે પહેલાંની હિંદુ ઢબના સિક્કા પાડવાનું શરૂ કર્યું. આથી એમ નથી સમજવાનું કે કુશાનોના જેવા સિક્કા પાડવાની કળા તેમનામાં નહોતી; પણ દેશનાં દુશ્મન રૂપ અને જેને તેઓ અધર્મી મ્લેચ્છ ગણતા હતા તેના સિક્કાઓનું અનુકરણ કરવાનો તેમને અણગમો હતો.

વાકાટકોએ પોતાનું રાજ્યતંત્ર ભારશિવો પાસેથી લીધું હતું અને આગળ જતાં સમુદ્રગુપ્તે એ વાકાટકોનું રાજયતંત્ર જ લીધું હતું. એ બંનેએ મૂળના ભારશિવોના રાજ્યતંત્રમાં કેટલાક ફેરફાર દાખલ કર્યા હતા. વાકાટકતંત્રમાં તેમના સીધા અમલ નીચે એક મોટું મધ્યસ્થ રાજ્ય હતું. તેમાં બે પાટનગરો રહેતાં, તથા તે ઉપરાંત તેમના હાથ નીચે સંખ્યાબંધ પરંપરાપ્રાપ્ત સુબાગીરિઓ ભોગવતા સુબા હતા. આ સુબાઓ મોટે ભાગે સમ્રાટ્‌ના સગા અથવા લગ્નસંબંધથી જોડાએલા સગા હતા. આ ઉપરાંત મધ્યસ્થ અને સામ્રાજ્યસત્તા ભોગવતા રાજ્યનું આધિપત્ય સ્વીકારતાં સ્વતંત્ર ગણરાજ્યોનું મંડળ પણ એ તંત્રના ભાગ રૂપ હતું. ભારશિવોના સમયમાં મધ્યસ્થ રાજ્ય અને ગણરાજ્ય મંડળ એ બે સરખી કક્ષાનાં અંગ હતાં જ્યારે વાકાટકોના સમયમાં મધ્યસ્થ રાજ્ય એ સૌથી વધારે અગત્યનું અને આગળપડતું અંગ બની ગયું હતું.

વાકાટકો ધર્મે ચુસ્ત શૈવ હતા. રૂદ્રસેન બીજાના અમલ દરમિયાન તેની પત્ની પ્રભાવતી ગુપ્ત તથા તેના સસરાના પ્રભાવ નીચે એક પેઢી સુધી વૈષ્ણવ ધર્મ ચાલ્યો, પણ ચંદ્રગુપ્ત બીજાની અસર દૂર થતાં, રાજકુટુંબમાં વળી પાછો મૂળનો જ શૈવધર્મ ચાલુ થયો. વાકાટક સમયનાં મંદિરોનાં ખંડિયેરો સ્પષ્ટરીતે શિવના સંહારક રૂપનાં છે. નાગ–વાકાટકોનું વિશિષ્ટ લક્ષણ તેમની શિવભક્તિ છે જયારે ગુપ્તોનું વિશિષ્ટ લક્ષણ તેમની વિષ્ણુભક્તિ છે.